শিযানা

নেবর্ণা



એશિયાના ભીતરમાં

(મૂ. લે. જોન ગન્થર)

પ્રસંગચિત્રોદ્વારા ચાલુ રાજકારણનાં તાદૃશ શૈલિએ થતાં આલેખનો, સાહિત્યમાં બહુ ઓછાં હોય છે. આપણા સાહિત્યમાં તો એ છે જ નહિ. વિખ્યાત અમેરીકન પત્રકાર જોન ગંથરે યુરોપ અને એશિયાના રાજકારણને અંગ્રેજી સાહિત્યમાં એવી શૈલિએ આલેખીને નવી ભાત પાડી છે. રાજકીય સાહિત્યને વધુ મનોરમ્ય, રોમાંચક ને સ્ફોટક રીતે રજૂ કરવાની એની કળા અદ્‌ભુત છે. ઇનસાઇડ યુરોપ ને એ પછી ઇનસાઇડ એશિયા નામના ગ્રંથોનો અંગ્રેજીમાં થતો ઉપાડ લેખકની શૈલિસિદ્ધિનું દ્યોતક છે.

એશિયાના દીર્ઘકાય ને વિશાળ દેહપટ ઉપર હિંદ, ચીન ને જાપાન અતિ વિસ્તીર્ણ સ્તરુપે પથરાયેલા પડ્યા છે — હિંદ ને ચીન એનાં ક્ષેત્ર ને જનસંખ્યાની દૃષ્ટિએ અને જાપાન એના વક્રમુખી આક્રમણકારી, લશ્કરી ને આર્થિક સામ્રાજ્યવાદના વ્યાપની દૃષ્ટિએ.

આ આખા પુસ્તકમાં ચીન, જાપાન ને હિંદની રાજકીય ચલચિત્રસૃષ્ટિ આપણી સમક્ષ ગંથરે એની જે અનોખી દૃષ્ટિએ રજૂ કરી છે એ ગુજરાતી બાનીમાં વાંચવા મળે છે.

એશિયાના આ ત્રણ મહાકાય દેશો આજે ઉકળતી કઢાઇમાં પડેલા ને વધારે ક્રિયાશીલ Dynamic છે. એ ત્રણે દેશો સ્વકાયાપલટ કરતા

વર્ષ-૧લું ' યુગધર્મ ' ગ્રંથમાળા પુસ્તક-૧લું

જોન ગન્થરકૃત Inside Asiaનું રૂપાન્તર

એશિયાના ભીતરમાં

પ્રયોજક

ચંદ્રભાઈ ભટ્ટ

પ્રકાશક

' યુગધર્મ ' કાર્યાલય

ચાર રસ્તા : ખાડિયા

ફાગણ અમદાવાદ ૧૯૯૬

સંપાદકઃ—

રામભાઈ હીરાભાઈ પટેલ
'યુગધર્મ' કાર્યાલય.
ખાડિયા : ચાર રસ્તા
અમદાવાદ

વાર્ષિક ફાળે	મૂલ્ય	છૂટક
૧-૪-૦ પાકું પૂઠું.		૨-૦-૦ પાકું પૂઠું
૧-૦-૦ કાચું પૂઠું		૧-૧૨-૦ કાચું પૂઠું

પ્રથમ આવૃત્તિ
ફાગણ : ૧૯૯૬
પ્રત : ૧૫૦૦

મુદ્રકઃ—
વિઠ્ઠલભાઈ દેશાઈભાઈ પટેલ
: અશોક પ્રિન્ટરી :
ચાર રસ્તા : અમદાવાદ

નિવેદન

અવિરત વહેતા ઇતિહાસના અરીસામાં અનેક યુગોની અખંડ હારમાળા પોતાની જાતને જોતી પ્રતિબિંબિત થાય છે. દરેક યુગના બળા-બળોની, તેમની પરસ્પર પ્રક્રિયાઓથી બંધાતા સંબંધોની કોઇ ખાસ વિલક્ષણતા, વિશિષ્ટતા, કોઇ ખાસ વિચારણા અને ઓળખી શકાય તેવો કોઈ ખાસ અવાજ હોય છે. એવું યુગ-દર્શન માનવજીવન-ઈતિહાસ દરેક યુગ પાસે ધરે છે.

દરેક યુગને પોતાની જીવનપરિસ્થિતિઓમાંથી પાંગરતી વિચાર સરણી, ધર્મનીતિ ને પરસ્પરનું વ્યવહારસ્વરૂપ તથા તેમાંથી બંધાતી પોતાની જીવનઘટના ને તેની ખાસ મુશ્કેલીઓ તથા મર્યાદાઓ હોય છે.

એવું યુગદર્શન થાય છે ને પસાર થાય છે. ઈતિહાસની ગતિમાં ઈતિહાસ ઉગે છે. એ ઉગમની ગતિને--પ્રગતિશીલતાનાં પરિબળોને અટકાવીને ઊભાં નથી રાખી શકાતાં. જીવનવેગની ગતિ પર પ્રગતિમાન બનવાનો તેમનો સ્વભાવ જ હોય છે ને તેમ કરતાં જીવનપરિસ્થિતિની વ્યવહારઘટનાનાં સ્વરૂપોને પલટવાનો પણ તેમનો સ્વભાવ હોય છે.

જે એ ગતિ, ગતિની પ્રગતિશીલતા, તેની સ્વાભાવિકતા ને નિયમ જોઈ શકે છે, દેખાડી શકે છે ને તેની સાથે અટકીને ઊભા રહી ગએલા જીવનવેગને વહાવી શકે છે, તેવા સાહિત્યનું બધું સર્જન પ્રગતિશીલતાને પૂરવાર કરી શકે છે તથા સાચું યુગદર્શન કરાવી શકે છે. આજે ગુજરાતની ગિરાએ એવાં દર્શનના આવિષ્કારના ઉચ્ચાર આરંભી દીધા છે.

'યુગધર્મ ગ્રંથમાળા' નો ઉગમ અને તેનો વિકાસ એ વિરાટ દર્શન ને તેનો અવાજ તેમાં ઉતારે ત્યારે જ સાર્થક અને તેવા ભાન સાથે અમે આ ગ્રન્થમાળાની શરૂઆત કરીએ છીએ.

અમને ઉમેદ છે કે 'યુગધર્મ ગ્રન્થમાળા' એ પ્રગતિશીલતાનો પક્ષ કરે, પ્રગતિશીલતાને જ દર્પણ ધરે, ને પ્રગતિશીલતાનું સાહિત્ય પ્રગટાવે. 'યુગધર્મ ગ્રન્થમાળા'ના ફાલમાં આજના યુગની મૂંઝવણો ને મંથનો, તથા લાગણીઓ ને વેદનાઓ જીવનની પ્રગતિશીલતાનો પરિપાક બનીને આવિષ્કાર પામે.

પણ એ સૌની સફળતા ગુજરાતી સાહિત્યકારો, પ્રગતિશીલ લેખકો તથા સમસ્ત જનતાના સહકાર પર અવલંબે છે, એવા સહકાર માટે 'યુગધર્મ ગ્રન્થમાળા' યોગ્ય બને તેવી ઇચ્છા સાથે અમે ગૂજરાત પાસે તેવા સહકારની નમ્ર માગણી ધરીએ છીએ.

"એશિયાના ભીતરમાં" એ મૂળ જેન ગન્થરની હકીકતો પર રચાયલું, હિંદ, ચીન અને જાપાનનાં જ ભીતર પર ઊંડતી નજર ફેરવતું અમારું પ્રથમ પ્રકાશન છે. એના પ્રયોજક ભાઇ ચંદ્રભાઇ ભટ્ટનું ઓળખાણ હવે ગૂજરાતની જનતાને આપવાની જરૂર નથી. એમણે આજસુધીમાં વાર્તાઓ, નવલકથા, ઇતિહાસનાં આલેખનો તથા બીજા લેખોદ્વારા પોતાની લોકપ્રિય ને વેગવાન શૈલીનો પરિચય કરાવ્યો છે. આશા છે કે એમનું આ પુસ્તક પણ એવો જ આવકાર જરૂર પામશે.

આ પ્રકાશન પછી 'યુગધર્મ ગ્રન્થમાળા,' ગૂજરાતના જાણીતા સાક્ષર શ્રી રસિકલાલ પરીખની વાર્તાઓનો સંગ્રહ, તથા પ્રગતિશીલ સાહિત્યમંડળના મંત્રી તથા પ્રગતિશીલ લેખક ભાઈ ભોગીલાલ ગાંધીએ અનુવાદ કરેલી એક નવલકથા તથા ભાઇ રામનારાયણ ના. પાઠકની મૌલિક નવલકથા અનુક્રમે આપવા માગે છે.

અંતમાં ' યુગધર્મ ગ્રન્થમાળા 'ની એટલી ઓળખાણ સાથે જણાવીએ છીએ કે એ ગ્રંથમાળામાં વાર્ષિક ચાર રૂપિયાના લવાજમમાં અમે આઠસોથી નવસો પાનનું વાચન ગ્રાહકોને અમારા ટપાલ ખર્ચથી પહોંચાડશું.

' યુગધર્મ ' કાર્યાલય
ચાર રસ્તા : અમદાવાદ
તા. ૧–૪–૪૦

લી.
રતિલાલ એચ. શાહ
સંચાલક
' યુગધર્મ ' ગ્રંથમાળા

અનુક્રમણિકા

હિંદ

જાપાન

ચીન

એશિયાના ભીતરમાં

હિંદ

સુધારો

પા.	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૯	૭	૧૯૨૨	૧૯૧૨
૩૦	૨૪	પચીસમી	પચાસમી
૩૯	૮	૧૯૩૦	૧૯૩૫
૬૨	૯	૧૯૧૯	૧૯૧૪

૧

હિંદ

ઉચ્ચ પર્વતમાળની પેલી પાર એશિયાના મધ્યભાગની પશ્ચિમે ઉપખંડ હોય તેવો યુરોપ પથરાયો છે અને દક્ષિણે હિમાચળના પ્રચંડ પ્રતિબંધની પાછળ જાણે કોઈ બીજો ઉપખંડ જ હોય તેવો જુગજૂના સંસ્કારથી સજેલો કાળની અનેક કરવતીઓને ખુટ્ટી કરીને અખડધ્વજ પથરાયેલો હિંદ પડ્યો છે.

યુરોપના નકશા પર હિંદને ગોઠવી દો. લંડન પર કરાંચીને બેસાડી દો. હિંદની પશ્ચિમ ધાર આટલાંટિક પર પડશે અને એની પૂર્વ કિનારી સોવિયેટ સરકારના પાટનગર મોસ્કોની પૂર્વમાં બસો માઈલ લગભગ પહોંચી જશે. પેશાવર મધ્યમાં રહેશે, મુંબઈ સ્વીટ્ઝર્લેન્ડની સરહદને અડશે, અને જેને જગત પહેલાં ઓસ્ટ્રિયાના નામથી ઓળખતું તે ભૂમધ્યમાં સિસીલી અને ટ્યુનિસની વચ્ચોવચ તરતો થઈ જશે.

એવા ઉપખંડ જેવા હિંદમાં જગતના સૌથી ઊંચા પર્વતો છે, સૌથી મોટાં મેદાનો છે; શેકી નાખે તેવા તાપ છે, મૂશળધાર વર્ષા છે; ભાતભાતનાં હવાપાણી છે ને જાતજાતની આબોહવા છે; જનમનરંજન ઉપવનો છે, ને માનવ મનમોહક શિલ્પકળા છે; ગજબ કરે તેવી રીતભાતો છે ને અજબ કરે તેવી ધર્મ-પ્રણાલિઓ છે.

ત્યાં દુનિયાના પડ પર જીવતી માનવજાતનો પાંચમો ભાગ એટલે પાંત્રીસ કરોડથી વધારે મોટી વસ્તી છે. એ વસ્તીમાં મોટાં દરબારીઓ છે અને દરબારણો છે, મોટા રાજકારણીઓ છે ને બુદ્ધિની પરિસીમા પામેલા પંડિતો ને અધ્યાપકો છે. અને ત્યાં જ ભૂખ ભૂખ કરતાં ભિખારીઓનાં ટોળાં ભટકે છે અને માનવપ્રાણીની પામરતા ને પતનની પરાકાષ્ટાની પ્રતિમાઓ જેવા બાવા—ફકીરો છે.

અને ત્યાં જ સોનાનાં સિંહાસનો પર સર્વભક્ષી પેટ પાથરીને બેઠેલા ચિત્રવિચિત્ર રાજામહારાજાઓ છે, મહેલાતોની મોજમઝાવાળા શ્રીમંતો છે અને ભૂખે મરતા કિસાન લોકો છે તથા જંગલોમાં જંગલી લોક છે. એવા હિંદના કુદરતી અને માનવીના રચેલા જીવનસંજોગો જીવલેણ છે તથા ત્યાં મરણ મકતું મહાલે છે.

અને તો ય એવા અજબ જેવા હિંદમાં અજાણ્યો આકળો થઈ જાય તો ય, ભોમિયા વિનાનો ભૂલો પડી જાય તો ય, બહુરૂપીના બજારમાં દેખાય તેવા ચિત્રવિચિત્ર લોકો હાલતાંચાલતાં હોય તો ય .... તો પણ, પંજાબની ભાષા મહીસૂરી ન સમજે ને મહીસૂરીની ભાષા સિંધી ન સમજે તે છતાં પણ એ સૌ જુદીજુદી ભાષાનો અવાજ એક હિંદી અવાજ છે અને એ અવાજવાળી એકેએક વ્યક્તિ આજે હિંદી છે.

એવા હિંદમાં ઇસુના પણ જન્મ પહેલાં પંદરસો વરસ પર અફઘાન માર્ગો પર થઈને ગોરી ચામડીવાળા આર્ય લોકોનાં રખડતાં ટોળાં ઊતરી પડયાં અને ગંગાના મેદાનો પર પથરાયાં. આર્યોની ગોરી ચામડીને તે સમયના હિંદી વતનીઓની ચામડી કાળી દેખાઈ. કાળી ચામડીવાળા દ્રાવીડિયન લોક ઇજિપ્તમાં વસનારા જેવા હતા. હિંદના એ મૂળ વતનીઓ સાથે આર્ય લોકો ઝઘડયા અને જીત્યા. આર્યલોકોએ વિજેતાઓનો વર્ણાશ્રમ ધર્મ આગળ ધર્યો. જીતાયેલાઓનો વર્ણ કાળો હતો. વિજેતાઓનો વર્ણ ગોરો હતો. ગોરી ચામડીએ કાળી ચામડી પર પ્રતિબંધો પાથરી દીધા. આર્યલોક ઉત્તર તરફ આગળ વધ્યા, મૂળ વતનીઓ દક્ષિણ તરફ પાછા હટયા. આજે પણ એ વિભાગ કાયમ છે.

પછી હિંદ પર બીજાં ધાડાં ઊતરવા માંડયાં. ઈરાનથી ડેરિયસ સિંધુ સુધી પહોંચ્યો, પછી સિકંદર સીધો ધસી આવ્યો, અને ત્યાર પછી હૂણ આવ્યા, તુર્ક આવ્યા, મોંગોલ આવ્યા, અને મુસ્લિમ આવ્યા. હિંદનો ખૂણેખૂણો ખખડી ઊઠયો, હિંદની ધરતી ધણધણી ઊઠી. રાજપુત હિંદુઓએ તરવારો ને ઢાલો ધરીને, શહાદતના શપથ લઈને, કેસરીયા કેર વર્તાવીને, શરીરના ઢગ ખડકીને, અને મરણની મુક્ત મોજ માણીને, પગથી માથા પર્યંત ઝાળ જગાડે તેવો, રોમરોમને સળગાવી મારે તેવો વીરોચિત ઇતિહાસ રચ્યો, અને વર્ણાશ્રમની દિવાલોવાળા હિંદુધર્મનું રક્ષણ કર્યું તથા જનતા પર પોતાનું જ વર્ચસ્વ સાચવી રાખ્યું.

પછી ઇસુના ચૌદમા શતકમાં જંગીઝખાન હિંદ પર ચડયો ને લાહોર કબજે કર્યું અને પછી તૈમૂરે દિલ્હી લીધું અને હોકલી પીતાં પીતાં તેને લોહીલુહાણ કરી નાંખ્યું. એમ હિંદમાં મોંગોલ લોક પેઠા અને મુગલ સામ્રાજ્યનો પાયો નંખાયો. બાબર

પહેલો મુગલ બાદશાહ બન્યો. એમ હિંદુસ્તાનમાં ઘર કરીને મુસ્લિમ નરનારીઓએ સંસાર માંડ્યા.

પછી વેપારી વહાણો ભરીને, સુધારાનો સ્વાંગ સજીને વેપારી વેશ લઈને અંગ્રેજ પરોણા હિંદને કિનારે ઊતર્યા. તે વખતે યુરોપની પ્રજાઓ પછાત પ્રદેશો પર સાહસિકોનાં વહાણો લઈને વેપારી મુરાદો સાથે મચી પડી હતી. ઈ. સ. ૧૭૬૧ સુધીમાં ઈસ્ટ ઇંડિયા કંપનીએ એના ડચ અને ફ્રેંચ હરીફોને હંફાવી નાખ્યા. ઇ. સ. ૧૭૯૮માં બ્રિટિશ લોક હિંદ પર રાજ ચલાવવા ઈસ્ટ ઇંડિયા કંપનીના નામમાં ગવર્નર–જનરલની નિમણુક કરવા જેવા પાવરધા બન્યા. પછી એ લોક મરાઠાઓ અને શીખો સાથે લડાઈઓ લડ્યા, તથા વિજય અપાવે તે બધાં સાધનોને સારાં માની વાપરવા લાગ્યા, ને પથરાયા.

આમ ૧૮૫૭ની સાલ આવી. હિંદના રાષ્ટ્રીય લશ્કરવાદે પહેલી વાર માથું ઊંચક્યું. પરદેશી પચાઉગીરીનો નાશ કરવાનો પહેલો સંગ્રામ ખેલાયો, અને હજારો હિંદીઓ કપાઈ મુવા, હજારોની જીવતી ઘોર ખોદાઈ. કેટલાય દેહ તોપને મોઢે બંધાઈ ગયા અને લોહીમાંસ ને હાડની રાતીધોળી રજકણો હવામાં ઊડી રહી. ફાંસીના માંચડા ખૂટી ગયા ત્યારે ઝાડની ડાળીઓ પર માનવી લટક્યાં. એમ હિંદસ્વાતંત્ર્યનો પહેલો સંગ્રામ પૂરો થયો, અને એટલું જ અધૂરું હોય તેમ, હિંદની ભૂમિ પર દુષ્કાળે માણસના લાખો દેહોને હાડપિંજર બનાવીને સુવાડી દીધા.

એમ શરૂઆત પામેલું શાસન આજે ઈસુના ૧૯૩૯માં વરસમાં પેસી ચૂક્યું છે, ત્યાં સુધીમાં હિંદના ભીતરમાં રંગો બદલાતા રહ્યા છે, ઐતિહાસિક પરિબળોના પ્રાણ ફૂંકાતા રહ્યા છે.

એમ ઈતિહાસની ફૂંકાતી ભઠ્ઠી જોવા હિંદ એવો અજબ જોવો છે કે જ્યાં હોટેલોમાં ઘંટડી હોતી નથી, જ્યાં સોડાના શીશા કાચની લખોટીથી ફોડાય છે, જ્યાં હાથીઓની કિંમત ઘટી ગઈ છે, જ્યાં રાજકારણીઓ રાવ કહેવાય છે, જ્યાં અમેરિકામાં છે તેથી ય અમેરિકન સીગરેટ વધારે મોંઘી છે, જ્યાં સાડીએકત્રીસ કરોડ લોક અભણ છે, જ્યાં સાહેબલોક ચિત્તાનો શિકાર કરે છે, જ્યાં નાળિયેરનાં ઝાડ પવિત્ર મનાય છે, જ્યાં મોટાં શહેરોમાં બજારો સૂનાં માલમ પડે છે અને જ્યાં રાજકારણમાં ધર્મના વહેમો ભેળવાય છે, એવા હિંદના ભીતરમાં આપણે ઊતરવાનું છે.

૨

હિંદી ભીતર

હિંદની ધરતી પર પથરાયેલાં હિંદનાં સાત લાખ ગામડાં છે. સાત લાખ ગામડાંમાં હિંદનાં નાગાંભૂખ્યાં કિસાન લોક વસે છે. કોઈ કોઈ ગામો પાસેથી રેલગાડી દોડે છે, અને સ્ટેશનોએ અટકે છે. ગાડીમાં બેઠેલાંને સ્ટેશનમાં અરધાં ભૂખ્યાં કૂતરાં જોવા મળે છે, ભિખારીઓના લલકારા સંભળાય છે, ભૂખમરાને રોજનો જીવન-વ્યવહાર માની ભગવાનનું નામ લઈને સતત ભરખતા ખેડૂતો દેખાય છે, અને ગામડાંની વસ્તીની વિવિધતા પણ નજરે ચડે છે; કપાળમાં આડાં ઊભાં ટીલાંવાળા બામણો ચોટલી ફરકાવતા દેખાય છે, નાક કાનને કોચી નાખી તેમાં અલંકાર લટકાવેલી સ્ત્રીઓ દેખાય છે. કેવળ કાદવનાં ઘર દેખાય છે, છાજની છાયેલી છાપરીઓ જણાય છે, હરિજનોના વાસ જણાય છે અને આભડછેટ ન પેસી જાય કે ભૂતપલિત ન ઘૂસી જાય તે માટે ગામડાંનાં ઘરોમાં બારીઓ રાખવામાં નથી આવતી.

હિંદ નેવ્યાશી ટકા ગામડું છે. તે પર સાત લાખ ગામ વેરાયાં છે અને તેમાં ત્રીસ કરોડ ગ્રામવાસીઓનાં ઘર છે. એ ઘરવાસીઓ હિંદી જનતા છે. એ જનતા હિંદની ગરીબ બનતી ને ભૂખે મરતી ખરીદશક્તિ છે અને એ જ જનતા જે દુનિયાનો તાત કહેવાય છે તે અનાજના ઢગલા પકવતી હિંદની કિસાન કે ખેડૂત નામની ઉત્પાદક શક્તિ છે. દેશનું એ ખદબદતું જીવન છે, એ જીવન પર જ હિંદનું ભાવિ નિર્ભર છે.

એ કિસાન જનતાના મોલ લૂંટવા કયારેક ઉંદરો ઊતરી પડે છે, કયારેક તીડ, કયારેક ભૂંછરા ભયંકર બને છે. કોઈવાર વર્ષા વચકાઈ પડે ત્યારે એ જનતાના જીવનમાં ધૂળના વંટોળ ઊડે છે અને એ બધા ઉપરાંત શ્રીમંત સરકારની લોખંડી ઘટના "મહેસૂલ ભરો, સાંથ ભરો, ગણોત ભરો, વ્યાજ ભરો," બોલતી આડે પહોર લઇ દંડો ને લટકી રહે છે.

એ કિસાન જનતાની જમીન પર કર લેવાની બે પ્રથાઓ છેઃ એક જમીનદારી પ્રથા છે, ને બીજી રૈયતવારી પ્રથા છે. જમીનદારી કે ઇનામદારી ને તાલુકદારી પ્રથામાં જમીનદારોની મારફત જમીનનો ખેડનારો સરકારને કર પહોંચાડે છે ને રૈયતવારી પ્રથામાં જમીનને ફોડનારો પોતે જ સરકારનું મહેસૂલ ભરે છે. જમીનનો માલિક રૈયતવારીમાં ખેડૂત છે, પછી જમીનદાર છે અને છેવટમાં સરકાર છે. જમીન પર જીવનભર ઝૂઝનાર ખેડૂત જે ઉત્પન્ન કરે છે તેમાંથી અડધું જમીનદાર લઈ જાય છે, બાકીનામાંથી મોટો ભાગ સરકાર લઈ જાય છે, તો ય બાકી રહે તેમાંથી શાહુકાર ઝડપે

છે અને તોપણ જો કંઈ કણ વધી પડે તો, તે પર લાંચરૂશ્વત દાદાગીરી, બામણ, બાવા વગેરે તૂટી પડે છે. પછી રહે છે તે કિસાન ઉતરડાઈ ગયેલા માંસવાળો, ચુંથાઇ ગયેલા ચામવાળો, ને પીવાઇ ગયેલા લોહીવાળો, અકાળ મરણ ન આવે ત્યાં સુધી જીવે છે અને જીવતાં સાંભળે છે કે લોકો એને જગતનો તાત કહે છે, અને માનવદયાવાળા એને દરિદ્રનારાયણ કહે છે. ખરેખર હિંદ આધ્યાત્મિક દેશ છે જ !

એવો હિંદી કિસાન અનેક અગવડોમાં કામ કરે છે. વીજળી એની મદદે આવતી નથી, કૂવાના પાણીને ઉપર ખેંચવાનાં એની પાસે સાધન નથી. ખેતર પર યંત્રો ફરી શકે છે એમ એ કોઈવાર સાંભળે છે ત્યારે અવિશ્વાસથી માથું હલાવે છે. પછી એ મરી જાય છે ત્યારે જો એ હિંદુ હોય તો એને બાળવામાં આવે છે ને મુસલમાન હોય તો દાટવામાં આવે છે. હિંદભૂમિના ભીતરમાં ખભો ધરીને હિંદી જીવનને ટેકવી રાખનાર એ જનતાની કોઇ પૂછપરછ કરતું નથી. જો એને ખાતે જમીન હોય તો તે એના બધા છોકરાઓમાં સરખે ભાગે વહેંચાઇ જાય છે. કારણ કે વારસો મોટા દીકરાને જ મળે એવો હિંદમાં કાયદો નથી. તેથી તો હિંદના ઘણા ભાગ ઉપર ખેડૂતની સરેરાશ જમીનમાલિકી અરધા એકરથી ય ઓછી આવે છે.

એ કિસાનની ગરીબાઈ અકથ્ય છે. ખેતમજૂરની રોજી અત્યંત ઓછી છે એટલે ખેતીનો ધંધો કરનારી જનતાએ જીવવા માટે જ દેવું કરવું પડે છે. એ કિસાન જનતાના માથા પર આજે ૬૫૯,૦૦૦,૦૦૦ પૌંડનું એટલે કરોડો રૂપિયાનું દેવું છે. જેના અસહ્ય ભાર નીચે હિંદી કિસાન જનતાની કેડના અંકોડા તૂટતા જાય છે. સરકારે કોઈપણ જાતની ધીરવણની વ્યવસ્થા ન કરી

હોવાથી ખેડૂત ઘાતકી શાહુકારોના હાથમાં સપડાઈ ગયો છે, અને સોથી બસો ટકા જેટલા વ્યાજના રાક્ષસી દરો આપીને નીચોવાઈ ગયો છે.

એવી ભયંકર ગરીબાઇનાં પરિણામો અનિવાર્ય રીતે આવ્યાં છે. ભૂખમરામાંથી જન્મતા અનેક રોગ હિંદી જનતાને ભરખી રહ્યા છે. દર વરસે લાખો દરદીઓ મેલેરિયાથી મરણ પામે છે અને વરસના વીસ લાખથી વધારેને ક્ષય લાગુ પડે છે. એકલા બંગાળામાં સાડાસાત લાખ જેટલી સંખ્યામાં પંદર વરસ નીચેનાં બાળકોનું દર વરસે મરણ થાય છે, કારણ કે બંગાળ પ્રાંતના કિસાનોને એવા ખોરાક પર જીવવું પડે છે કે જે ખોરાક ખાઈને ઉંદરો પણ જીવી ન શકે. એવી ભયંકર ગરીબાઇને લીધે જ માતાઓનું મરણ પ્રમાણ હિંદમાં એક હજારે ચોવીસ છે જ્યારે ઇંગ્લેંડ અને વેલ્સમાં હજારે ચાર જેટલું જ છે. એટલે જ હિંદી જનતાની સરાસરી જીવવાની ઉંમર પચીસ છે અને ઇંગ્લેંડની પંચાવન છે.

આટલી ભયાનક ભૂખમાં સળગતી રહેતી કિસાન જનતાનો અવાજ હવે રાજકીય સ્વરૂપ ધરતો જાય છે. બિહાર અને સંયુક્ત પ્રાંતના કિસાનોએ શરૂઆત કરી છે. એ જીવનસંજોગોમાંથી જાગેલો પ્રાણનો પાવક ગમે તેવાં ઘોર દમનોથી પણ બુઝાવાનો નથી.

ખેતી હિંદીજીવનનો પાયો છતાં એ પાયા પર રચાયેલી ઔદ્યોગિક ઘટના પણ ઓછી મહત્ત્વની નથી. એક યુગ સુધી લેન્કેશાયરે હિંદના કાચા માલ પર ખાધા કર્યું, પણ વિશ્વયુદ્ધ પછી લેન્કેશાયરની હિંદની પકડ થોડી ચસવા માંડી છે. હિંદમાં મજૂરી સોંઘી હતી તેથી અને બીજાં કારણોને લીધે હિંદમાં મિલો

ઊગવા માંડી. મિલો અને કારખાનાં વધવા સાથે હજારો અને લાખો મજૂરો એક સાથે કામ કરવા લાગ્યાં ને રહેવા લાગ્યાં.

જગતભરની મજૂરચાલોમાં સૌથી ખરાબમાં ખરાબ મજૂર ચાલો રાખવાનું માન હિંદને ઘટે છે. કલકત્તાનાં શણુ—કામદારોનાં ખોરડાં પોલેન્ડની, નેપલ્સની, ગ્લાસગોની અને શાંગહાઈની મજૂર ચાલો કરતાં ભયંકર ખરાબ છે. એ કામદારો નામનાં માનવપ્રાણીઓની ખોલીઓમાં પ્રકાશનું નામનિશાન નથી. ને પાણીની ભારે તંગી છે. એ મજૂરોની ચાલીઓને ફરતી ગંદા પાણીની ગટરો છે. એ ગટરોમાંના જીવડાં, મચ્છરો અને કીડા દુનિયાના ઉત્પાદકોના દિલ પર છૂટથી હરીફરી શકે છે અને એ ચાલીઓમાં—આઠ ફૂટ લાંબી અને છ ફૂટ પહોળી ખોલીઓમાં રહેનારાં નવથી દશ માનવપ્રાણીઓ ભયંકર ગરીબાઈની! ભયંકર યાતનાઓ, દરદો અને પતનોથી ગળા પર્યંત ડૂબી ગયેલાં છે.

હિંદની ઘણી મિલોના નફા ખૂબ મોટા છે પણ મજૂરીના દર દુનિયાભરમાં સૌથી વધારે નીચા છે. યુદ્ધ પછીના લાંબાં વખત સુધી કલકત્તાની શણની મિલોમાં સામાન્ય રીતે પચાસ ટકા ડિવિડન્ડ હતું અને શોલાપુરની મિલોએ સો ટકા ડિવિડન્ડ વહેંચ્યું છે, અને છતાં પણ મજૂરોને અત્યંત ઓછા દર આપ્યા છે. સિદ્ધાંત તરીકે માલિક લોકોએ નવ કલાકનો દિવસ સ્વીકાર્યો છે પણ તે સિદ્ધાંત પૂરતો જ રહ્યો છે. તેવી જ રીતે બાર વરસની નીચેની ઉંમરના બાળકોની મજૂરી પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે તો પણ કેટલાક ઉદ્યોગોમાં પાંચ વરસ ઉપરની ઉંમરનાં બાળકો પાસે દશથી બાર કલાકની મજૂરી લેવામાં આવે છે. બાળકોને દયાજનક ઓછા દર આપવામાં આવે છે. એવા દર લઇને બાળકો પોતાના બાપાનું દેવું વાળવા પ્રયત્ન કરે છે!

મિલઉદ્યોગનું ચિતરી ચઢે તેવું લક્ષણ તો જોબરના વર્તનમાં છે. ચીનના જોબરોને પણ ટપી જાય તેવા જોબરો હિંદમાં છે અને એ જોબરો પ્રાથમિક દશાના મનુષ્યની ઘાતકતાને પણ શરમાવી દે તેવી નીચતા ધારણ કરી શકે છે. હિંદમાં કામદારો અને માલિકને સીધો સંબંધ છે જ નહિ. બધા મજૂરીના સંબંધોની વચમાં જોબર હોય હોય છે. જેના હાથમાં મજૂરોને ભાડે રાખવાની, તેમને મારવાઝૂડવાની, તેમને કામ પરથી ઉતારી દેવાની અને તેમને અનેક રીતે રિબાવવાની સત્તા હોય છે. કોઇ પણ નોકરી માટે જોબરને લાંચ આપવી પડે છે. એ લાંચ કાનપુરમાં વીશ રૂપિયા જેટલી તો હોય છે જ. એ લાગો તો કામ પર ચઢવા પૂરતો થયો. ત્યાર પછી તો જોબરો શાહુકારો પણ બનતા હોય છે તથા મજૂરો પાસે દોઢસોથી બસો ટકા જેટલું વ્યાજ પણ નિચોવતા હોય છે.

૩

ધર્મ વિષે આટલું જ

"Religions are different roads converging to the same goal."

Mr. *Gandhi*

સૌ જાણે છે કે એશિયા દુનિયાના બધા મહાન ધર્મોનું જન્મસ્થાન છે. એ મહાન ધર્મોમાં બે, એક બૌદ્ધધર્મ અને બીજો હિંદુધર્મ હિંદમાં શરૂ થયા. લોકોમાં એવો એક ખોટો ખ્યાલ છે કે, એ બન્ને ધર્મો સરખા છે. પણ એ બન્ને વચ્ચે તો જમીન આકાશનું અંતર છે તથા બૌદ્ધ ધર્મ હિંદમાંથી સૈકાઓ પહેલાં ઉખડી ગયો છે અને ચીન પર પથરાઇ પડ્યો છે તથા હિંદુધર્મ હિંદમાં ઘરમાંડીને રહ્યો છે.

બૌદ્ધધર્મ એક વ્યકિતએ સ્થાપ્યો. એ ધર્મ સડ્યો તે પહેલાં તેમાં પક્ષો નહોતા, ચમત્કારો નહોતા, કે દેવળો ન હોતાં. હિંદુધર્મ તો એ ત્રણેના ખાચડા જેવો જીવે છે. બૌદ્ધધર્મે કોઈ ભગવાનને

સ્વીકાર્યો નથી, જ્યારે હિંદુધર્મમાં તો ભગવાનોનો મોટો રાફડો ફાટેલો છે. એ ભગવાનોમાં હિંદુધર્મ વાંદરોને, ઢોરોને અને પુરુષના લિંગને પણ પૂજે છે. બૌદ્ધધર્મ આચારની પદ્ધતિને રજૂ કરતાં માણસને બુદ્ધિવાદ કે સકારણતા તરફ દોરે છે જ્યારે હિંદુધર્મ કેવળ દંતકથાઓ જ છે.

બુદ્ધનો મુખ્ય અવાજ નિર્વાણની ભાવના શીખવવાનો છે અને નિર્વાણનો અર્થ ચિત્તશાંતિ કરવામાં આવ્યો છે તથા બૌદ્ધ ધર્મ પુનર્જન્મને નકારીને બીજા બધા ધર્મોથી જુદો પડે છે.

હિંદુધર્મ ન વર્ણવી શકાય તેવો ખીચડો છે અને એક પ્રથા છે જેમાં કેવળ સામાજિક ભૂમિકાના વર્ણભેદને ભેળવી દેવામાં આવ્યા છે. એ વર્ણભેદ હિંદના પહેલા વિજેતાઓ આર્યોએ પોતાનું વર્ચસ્વ ટકાવી રાખવા ઊભા કર્યા હતા તથા સાથે સાથે કુદરતની પૂજા શરૂ કરી હતી. ધીમે ધીમે એ શરૂઆત હિંદુધર્મના ફૂટ સ્વરૂપમાં પરિણામ પામી. આજે હિંદુધર્મ પ્રમાણે એક બ્રહ્મા જૂજવાં રૂપો ધરીને જગતમાં અસ્તિત્વ ધરાવે છે અને વસ્તુમાત્રના આત્મારૂપે વાસ કરે છે. હિંદુધર્મ કર્મના કાયદામાં તથા તે કાયદાના અર્થમાં સમાજઘટનાનો અન્યાય ઢાંકવા દુઃખી જનતાને તેમનું દુઃખ તેમનાં પોતાના ખરાબ પાછલાં કર્મને લીધે છે એમ મનાવે છે.

કર્મના એ કાયદાની અસર માલિકલોકના રાજકારણના પક્ષમાં સારી પેઠે થાય છે તથા ગરીબ અને દુઃખી જનતામાં એક જાતનો નસીબવાદ વારસાગત ઊતરે છે તથા વિકાસ પામવાની કે ઊંચે આવવાની તેમની મહેચ્છાનો મૂળમાંથી જ ઘાત કરે છે. એ કર્મના કાયદામાંથી જ આપણને ગાંધીજીએ રજૂ કરેલો અહિંસાનો

સિદ્ધાંત વધારે સ્પષ્ટ થાય છે. એ સિદ્ધાંતમાં ઉતરેલો કર્મનો નસીબવાદી કાયદો અનિષ્ટનો પ્રતિકાર (resistance) કરવાની ના પાડે છે તથા અનિષ્ટ સાથે હાથ મિલાવવાની કે અનિષ્ટને મૂંગે મોઢે સહન કર્યે જવાની વાતને આગળ ધરે છે. એ રીતે ગાંધીજી કટ્ટર હિંદુ છે.

૪

ભૂતકાળની ભૂતાવળ

આખા ઉપખંડ જેવા હિંદમાંથી ખોતરી કાઢ્યો હોય તેવો ત્રણપંચમાંશ ભાગ બ્રિટિશ હિંદ છે તથા એનો બીજો બે પંચમાંશ ભાગ જેને જીતી લેવાનું કે ખાલસા કરવાનું બ્રિટિશશાસકોએ રાજકીય કારણોને લીધે ઠીક નથી ધાર્યું તે બે-પંચમાંશ ભાગ આજે રજવાડી હિંદ તરીકે જાણીતો છે. જેમ અંગ્રેજ લોક બ્રિટિશ હિંદ પર કાબૂ રાખે છે તેવો જ કાબૂ તેમણે રજવાડી હિંદ પર જાળવી રાખ્યો છે. તે રજવાડો પોતાને માલિક ગણતો છતાં પોતાની તળાવડીનાં બંધિયાર પાણીમાં સ્વચ્છંદ લીલા કરી શકે છે.

રજવાડી હિંદના ૫૬૨ ટુકડા છે. દરેક ટુકડાનો એક એક રાજા માલિક છે. એ માલિક લોક પર દિલ્હીનો કાયદો રોજના વ્યવહારમાં અમલ કરતો નથી. એ ૫૬૨ ટુકડા પ્રાંતીય સ્વાયત્તતા નીચે પણ આવતા નથી. એ રજવાડાઓ પાસે પોતાની સરકાર

છે, પોતાનાં લશ્કર છે, પોતાના દીવાનો છે અને અદાલતો છે, પોતાની જ પોલીસ છે, રીતરિવાજો છે અને આગગાડીઓ છે. રજવાડાની પ્રજા બ્રિટિશ પ્રજા નથી પણ તેમને જો હિંદ બહાર જવું હોય તો બ્રિટિશ પાસપોર્ટની જરૂર પડે છે.

આંકડા આ રહ્યા. બ્રિટિશ વિસ્તાર ૮૧૮,૦૦૦ ચોરસ માઇલ છે અને એ વિસ્તારમાં, ૨૫૬,૫૩૪,૦૦૦ લોકોની ૧૯૩૧માં ગણતરી થઈ હતી. એ સંખ્યા યુનાઈટેડ સ્ટેટ્સની વસ્તીથી બે ગણી કરતાં વધારે છે. રજવાડી હિંદ ૬૯૦,૦૦૦ ચોરસ માઇલ પર પથરાયું છે અને તે પર ૮૦,૦૦૦,૦૦૦ લોકો વસે છે.

એ રજવાડી હિંદના દરેક કટકા પર રાજાની આણ વર્તે છે ને રાજા રાજ કરે છે. ભૂતકાળની ભયાનક દંતકથા જેવી એ રજવાડી વાતો હિંદમાં આજે જીવતી જાગતી છે કારણકે બ્રિટિશ શાહીવાદે તેમ ઇચ્છયું છે. આજની નવી થતી દુનિયામાં જોહુકમીની જાળો જેવા ૫૬૨ જાળાં, જોહુકમીનાં, જુલ્માટનાં, પ્રતિક્રાંતિનાં ભયંકર ભૂતકાળની ભરખતી ભૂતાવળોનાં ગોઝારાં સ્થાનકો છે. એ સ્થાનકોમાં આઠ કરોડ જેટલાં માનવીઓ જકડાયેલાં છે, ભૂતકાળની ભૂતાવળો જેવા રાજાઓના હાથમાં એ આઠ કરોડનાં હિત સોંપાયાં છે.

એ રજવાડામાં નાગરિક હકનો એકે (હેબીસ કોરપસ) કાયદો નથી. ૫૬૨માં ચાલીસ પાસે જ હાઈકોર્ટ છે, અને ત્રીસ પાસે જ સલાહ આપી શકવાની સત્તાવાળી નામમાત્રની ધારાસભા છે. કેટલાંક રજવાડાંએ છાપાંઓને દેશનિકાલ કર્યાં છે. ઘણામાં રાજાઓ પ્રજામાંથી કોઇના પણ જીવન સાથે મરણની રમત ખેલી શકે છે, કેટલાંકોમાં લોકોને ગુલામો તરીકે વેચવામાં ને ખરીદવામાં આવે

છે. ઘણુંખરાં રજવાડાંમાં રાજા પંડેજ આખી ય આવક હડપી જાય છે. ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન દેખાય તેવી રીતે આ બધામાં ગણ્યાંગાંઠયાં રજવાડાં જ ઠીક કહેવાય તેવાં છે.

તે એ રજવાડાંના રાજાઓ કેવાક હોય છે વારુ? આવા.

ગઈ સાલ એક આદમી પેરિસમાં મરણ પામ્યો. એનું નામ અલવર હતું. રજવાડી હિંદમાં તો એનું નામ કર્નલ હીઝ હાઇનેસ સવાઈ મહારાજ શ્રી જયસિંહજી, જી. સી. એસ. આઈ., જી. સી. આઈ. ઇ., મહારાજા અલ્વર, એવું મોટું હતું. એ મરેલો માણસ મહારાજા હતો ત્યારે રજપુતાનામાં, દિલ્હી પાસે ૩૧૫૮ ચોરસ માઈલ પર પથરાયેલાં ૭૫૦,૦૦૦ લોકો પર રાજ કરતો હતો, અને વરસે દહાડે ૩,૬૮૦,૦૦૦ રૂપિયાની આવકવાળો હતો. એની પાસે ૧૨૫૦ માણસનું લશ્કર હતું અને ૮૮૩ પોલીસો હતા. એની સલામીમાં પંદર તોપો તતડતી.

એ અલ્વરરાજ થોડોક મહાત્મા જેવો હતો, પણ આત્મદમન કરવાને બદલે પરદમનમાં સાધુતાને શણગારતો હતો; એટલે તો એના ઇરાદા હિંદુ ધર્મ પ્રમાણે અત્યંત પવિત્ર હતા અને એના આચાર હેવાનિયતને ટપી જાય તેવા નૃશંસ અને ક્રરપીણ હતા. જાણે સોળમી સદીનો ઇટાલીનો રાજા હોય, તેવો ગંડુ, ઘાતકી, ચપળ, ગૂઢ, મિથ્યાભિમાની અને અહંકારી ને દુરાચારી પશુ જેવો રજવાડી હિંદમાં અને વીસમા શતકમાં એ રાજા હતો.

એને—રાજાને કોઈ અડી જાય તે દેવના દીધેલા એનાથી કેમ ખમાય! એક દિવસ એ જમવા બેઠો હતો. એના ડાબા હાથ પરની વીંટીમાંનું માણેક એની સાથે જમવા બેઠેલી એક મહેમાન બાઇએ જોવા માગ્યું. રાજાએ વીંટી કાઢીને બાઇને આપી. બાઇએ

વીંટી જોઈને પાછી આપી ત્યારે એણે તે વીંટી એક નોકર તરફ નાખી અને સાધુનાના દમામમાં ફુંફાડો માર્યો, " ધોઈને લઈ આવ ".

એક વખત અલ્વરને બકિંગહામ મહાલમાં જવાનું હતું ત્યારે કંચુકીઓ મૂંઝાઈ પડ્યા હતા, કારણ કે અલ્વર હાથનાં મોજાં કાઢતો જ નહોતો અને બ્રિટનના બાદશાહ જ્યોર્જ પાંચમાને મોજાં પહેરેલો હાથ હલાવવાની ચીડ હતી. છેવટની પળ સુધી અલ્વરે મોજાં પહેરી રાખેલાં. પણ પછી સમયસૂચકતા વાપરીને એક અહંભાવી છણકો કરી જમણા હાથને ખુલ્લો કર્યો હતો.

ઘેલછા સુધી એનું અહં પહોંચી ગયું હતું. એણે એક વખત એક મિત્રને તાર કર્યો કે, " હું મુંબઈમાં નક્કી કર્યા પ્રમાણે તમને મળી શકીશ નહિ કારણ કે હું ટ્રેન નહિ પણ સ્પેશિયલ ટ્રેન ચૂકી ગયો છું." અહંઘેલો અલ્વર માનતો હતો કે સ્પેશિયલ ટ્રેન પણ ચૂકી જવાય. સાચી વાત તો એમ હતી કે એ રાજા સાહેબ પાસે પૈસા ખૂટી ગયા હતા અને રેલવે કંપનીએ એને ઉધાર સ્પેશિયલ ટ્રેન આપવાની ના પાડી હતી !

એણે રાજ્યની આવક લગભગ બધી જ પોતાની દિવ્ય જાત પર ખરચી નાખી હતી, અને શિકારનો શોખ વધાર્યા જ કર્યો હતો. જયપુર અને દિલ્હી વચ્ચે એક પાકો રસ્તો બાંધવાનો બ્રિટિશ સરકારે નિર્ણય કર્યો ત્યારે તેનો સામનો કરતાં એણે કહ્યું કે એથી એના શિકાર કરવાના દીપડા બગડી જશે; અને છતાં પણ જ્યારે એની માગણીની અવગણના થઈ ત્યારે એણે રોજ રાતના એ રસ્તામાં મોટા જબરા ખાડા પાડી દેવાની ખાનગી ગોઠવણ કરી.

એવા અલ્વરના મહારાજા અચૂક નિશાનબાજ હતા. પણ તેથી બાળકોવાળી સ્ત્રીઓને શું ? વાઘ ભરાયો હોય તેની નજદીક વાઘને

બહાર કાઢવા લાલચ તરીકે પોતાના બાળકોને મૂકવાનું સ્ત્રીઓને કહેવામાં આવતું અને આશા આપવામાં આવતી કે મહારાજા સાહેબ અચૂક નિશાનબાજ હોવાથી વાઘ બાળકને ઝડપશે તે પહેલાં જ મહારાજાની ગોળી તેને પાડી દેશે. સાધુ રાજા એ વાત શાંતિથી કહેતો અને જે સ્ત્રીઓનાં બાળકોને લેવામાં આવતાં તેમને ચિંતા કરવાની ના પાડતો. કોઈ વાર તો એ શિકારઘેલો અલ્વર શિકારને સુધારવા ગામનાં ગામ ચીરી નાખતો, ઉજ્જડ કરતો અને ગામોનાં ઘરબાર નાશ કરાવતો. એ રાજાની જેમ કહેતો, "લોકો! લોકોને સાલાંઓને રખડવું હોય ત્યાં રખડવા દો ને! રખડી રખડીને ભૂખ ભૂખ કરતાં મરવા દો." ત્યારેસ્તો જ્યારે પેલી પોલો મેચમાં એ હાર્યો હતો, જ્યારે એનું અભિમાન ઘવાયું હતું, ત્યારે પણ એણે રાજાની જેમ જે ઘોડાએ એને વિજય નહોતો અપાવ્યો તે ઘોડાને ખચ્ચર કહ્યો હતો અને એકાએક ખચ્ચરત્વને પામેલા, પોતાના એક વખતના માલિકને પીઠ પર લઈ પોલો રમનાર ઘોડાને, પેટ્રોલમાં તરબોળ કરી જીવતોને જીવતો સળગાવી મૂકયો હતો. કકળી ઉઠેલી લોક જનતા હાય નાંખતી હતી કે "શાબાશ છે રાજા, તારો કૃપાળુ રખેવાળ જીવે છે ત્યાં સુધી."

પણ છેવટે તો એ ભૂતાવળોના ભયંકર સ્થાનક જેવા અલ્વર રાજાને એના અંગ્રેજ રખેવાળે એ પદભ્રષ્ટ કરવાનું યોગ્ય ધાર્યું. રજવાડી હિંદના અંગ્રેજ દેવો રાજાને પદભ્રષ્ટ કરે છે ખરા પણ તે રાજાના અંગતજીવનને લીધે જ નહિ પણ તેના બ્રિટિશ તરફના રાજકીય જીવનને લીધે જ. રાજા જેવા રાજા અલ્વર પર પણ બ્રિટિશ બાદશાહતનો કોપ ઊતર્યો.

અલ્વરમાંથી દેશવટે નિકળેલો અલ્વર ત્યારે પેરિસના એક દવાખાનામાં મરતો હતો. એના રાજશરીરને મસાલાથી ભરવામાં

આવ્યું, ખૂશબોથી ખરડવામાં આવ્યું અને ક્ષેમકુશળ અલ્વર મોકલવામાં આવ્યું. પાટનગરના રસ્તાઓ પરથી રાજાને લાયક એવા ભપકાથી રાજાના શબને ફેરવવામાં આવ્યું. રાજાના શબને હજુ ય નિશાચરનું મગરૂર મોઢું હતું, હજુ ય એના ભવાં સંકોચાયાં હતાં, હજુ ય એનો રાજવી પોશાક ઝગારા મારતો હતો, એના હીરા માણેક ચમકારી ઊઠયાં હતાં. એની મરેલી આંખો પર ઠંડા કાચવાળા ચશ્મા હતા. રાજાના સરઘસને માનથી જોવા રસ્તા પર રજવાડી નરનારીઓ ટોળે મળ્યાં હતાં, અને કોણ કહે છે કે હિંદની આઠ કરોડ જનતા પર રાજ કરનાર રાજાઓમાંનો એ એક ન હતો!

એ તો એક હતો. એવા તો અનેક છે. કોઈક વડોદરાના અવસાન પામેલા ગાયકવાડ જેવા બુદ્ધિમાન પણ છે અને મૈસૂરના મહારાજા જેવા જવાબદાર રાજતંત્ર માગતી પ્રજા પર બીજો કોઈ ઉપાય ન જડે ત્યારે જ ગોળીબાર કરે તેવા મૈસૂરના નીતિમાન રામરાજાઓ પણ છે. અને થોડાક મહારાજાઓ હિંદુ ધર્મમાં ઉપદેશેલાં ગુણનાં આભૂપણ ખરી પડે ત્યારે પોતાના પગના અંગૂઠા પર વીસ હજાર પૌંડની કિંમતનાં માણેક કે હીરા જડયા હોય તેવા વીંટલાના અલંકાર ધારણ કરનારા પણ છે; અને ઘણા તો મધ્યહિંદની એજન્સીઓમાં અંગ્રેજ બાદશાહતના રક્ષણ નીચે કેવળ માનવભક્ષી હેવાનો જેવા જ થઈ પડયા છે.

મહારાજાઓનાં નામ સાથે જોડાયેલાં ઉપનામો ભયંકર ભૂતકાળમાં ધૂણતી ભૂતાવળોના ભ્રામક શબ્દો જેવાં છે. પતીઆલાના મહારાજાનું નામ હનુમાનના પૂંછડા જેવું લંબાઈ ગએલું છે અને તેમાં 'શ્રી એકસોને આઠ' એમ પણ બોલવું પડે છે. એકસોને

આઠનો એવો ઉપયોગ રજવાડી મનોદશાએ શોધેલી અક્ષરગણિતની યુક્તિ છે. મહારાજા પિતયાલાનું ટૂંકું નામ પણ આવડું તો છે જ, " લેફ્ટેનન્ટ જનરલ હીઝ હાઈનેસ, ફરજંદે ખાસ, દોલત ઇંગલીશિયા, શ્રી એકસોઆઠ મહારાજાધિરાજ મોહીનદર બહાદુર." બહુરૂપીના બજારમાં તાંડવે ચઢયા હોય તેવા હિંદના એ રાજા બહાદુરો ચિત્રવિચિત્ર પ્રાણીઓ છે. એ પ્રાણીઓમાંનાં કેટલાંક જે રાજપુતાનામાં વસે છે તે ચંદ્રવંશી છે, કેટલાંક સૂર્યવંશી છે. એક જેસલમેરનો રાજા કહે છે તે પોતે શ્રીકૃષ્ણભગવાનનો સીધો ફરજંદ છે. એક મહારાજા જે ઔંધ પર રાજ કરે છે તેણે શરીરવિજ્ઞાન પર પુસ્તક લખ્યું છે, બીજો એક રેવાનો રાજા જેની ઉંમર ચોતરીસ વરસની જ છે, તેણે અત્યાર સુધીમાં પાંચસો વાઘનો શિકાર કર્યો છે, અને એક બીજાએ પોતાના વડા ન્યાયાધીશની જ નાચનારી છોકરીઓના નિરીક્ષક તરીકે પણ નિમણૂક કરી છે. કુચબિહારના એક રાજાએ કેંબ્રીજની નિશાળમાં પાઠ ગોખેલા એ વાત સાચી છે પણ કેટલાએ રાજા જેવા રાજાઓએ નિશાળ પણ દેખી નથી હોતી તેય સાચું છે. એક મહારાજા સાત વાર પરણ્યો, બીજો પાંચ વાર પરણ્યો; કહેવાય છે કે એકને એકાવન રખાતો છે અને એકને એકસો ઉપર બાળકો છે. એક રાજપીપલાના મહારાજાએ ૧૯૩૪માં વીંડસર બોય નામના ઘોડા વડે રમતમાં જીત મેળવી હતી, અને એક ઇંદોરના રાજાએ મુમતાઝ બેગમના કિસ્સા પર ગાદી ગુમાવી હતી. એવા ભૂતકાળનાં મસાલો પુરાયેલાં મમી જેવા રાજામહારાજાઓની લીલા અપરંપાર છે. એ પિશાચ લીલામાં લપકારા લેતા એમના કાનના પડદા કાળનો અવાજ સાંભળી શકતા નથી તો કાળ કરાલ ન બને ત્યાં સુધી ભલે જીવતા એ ભડવીરો, એમની માલિક દરિયાની રાણીના આશરા હેઠળ.

૫

રાજકારભાર

અલ્વર તો એક હતો, એવા અનેક છે. એ અનેકોએ એક ટ્રેડ યુનિયન બાંધ્યું છે. મહારાજાઓનું મહાજન મંડળ. એ મંડળને ચેમ્બર ઓફ પ્રિન્સીસ એવું નામ આપ્યું છે. સત્તર તોપોના માનવાળો દરેક રાજા એનો એક મતવાળો દરેક સભાસદ છે. ઓછી તોપોના માનવાળાં બીજાં ૧૨૭ રજવાડાં બધાં મળીને બાર મત ધરાવે છે. મંડળીની ચેન્સેલર પદવી હમણાંના વરસોમાં મહારાજા પતિયાલા અને બિકાનેરને વરતી ફરે છે. એ મંડળીની જમાત અંદર અંદર અદેખાઈવાળી છે, કાયદા ઘડવાની સત્તા વિનાની છે. એના કારભારમાં મસુર અને હૈદરાબાદ બહુ ઓછો ભાગ લે છે.

મહારાજાઓની પ્રાથમિક મનોદશાને તોપોના ધડાકા ઘણા ગમે છે. એમની કોટમાં ચળકાટ મારતા હીરામાણેક ને મોતીની માળાઓથી પણ વધારે, એમને મુજરા કરતા હાથીઓની લંગારથી પણ વધારે, એમનાં રૂપ પર ઓવારી

જવાના ઈસારા કરતા અંતઃપુરથી પણ વધારે, એમને ભૂતકાળનાં ભયંકર ઓળા જેવા, દંતકથાની દાનવી લીલા જેવા મહારાજાઓને તોપોના ધડાકા ઘણા ગમે છે. શાહીવાદે આ ભૂતાવળને ભરમાવવા તોપોના ધડાકાનાં માન સરજ્યાં છે. મહારાજાના માનમાં તોપો ધણધણે છે ને મહારાજાની મૂછો રોમાંચ અનુભવે છે, મહારાજાની સૂર્ય કે ચંદ્રવંશી ઓલાદ ઓપી ઊઠે છે, મહારાજાની ગુલામીથી બેશરમ બનેલી મગરૂર છાતી સ્વમાનની મોજ માણે છે. મહારાજાની હસ્તી 'હાશ' ના હિલોળા ખાય છે. મહારાજાના માનમાં ફૂટતી તોપનો એક જ ધડાકો ઓછો કરો અને સમ્રાટની સરકારના દોરીસંચાર નીચે તરઓળ તાંડવ ખેલતા કોઈ પણ મહારાજાને પોતાનો હાથ કપાઈ ગયો હોય તેવી વેદના થશે.

તોપોનાં માન શું કામ ન ગમે? અને એક પણ ધડાકો ઓછો થાય તો મહારાજાની રાજશ્રીને શું કામ વેદના ન થાય? હિંદનાં રજવાડાંને એ વિના રાજાશાહીનું રૂપક બીજું છે શું તે? જ્યારે રાજાઓની મંડળી (Chamber of Princes) દિલ્હીમાં મળે છે ત્યારે રેલ્વે સ્ટેશન પર પહોંચતાં દરેક રાજાના માનમાં નક્કી કરેલા ધૂમાડા નીકળે છે—ધડાકા થાય છે. એ ધડાકા કાન ફોડી નાખે તેવા કેવા જંગલી રીતે ધણધણે છે! દુનિયાની શાંતિમાં અને દિલ્હીની સ્વસ્થતામાં કેવો વિક્ષેપ કરે છે?...અને...

બસ, બ્રિટનની સરકારે રજવાડાંના માનમાં તે સરજ્યા છે, રાજાસાહેબોનાં ગુલામ હૈયાં તે સાંભળીને આયાના હાથમાં ઓકતા બબલાંઓની જેમ આનંદની ઉલટીઓ કરે છે અને ઉલ્લાસથી ધડકી ઊઠે છે. નિયમ એવો છે કે રવિવારે એવા ધડાકાઓ બંધ રાખવામાં આવતા હોય છે. તેથી તો કેટલાએ રાજાઓ

પોતાની રજવાડી ગાડીઓમાં કમનસીબ રવિવાર જલ્દી પૂરો થઈ જવાની રાહ જોતા સ્ટેશન પાસે પડી રહે છે અને પછી સોમવારની સવારે ધડાકા ને ભડાકાના ગાનમાં દિલ્હીના બજારમાં સંચરે છે. કોઈ તો કહી દે કે નકામી આ શી હૂકાહૂક ! પણ હોય. એ તો રાજા વાજાં ને......આપણાં બાળકો દિવાળીને દિવસે દારૂખાનું ક્યાં નથી ફોડતાં !

પ૬૨ રજવાડાં પકી ૧૪૯ રજવાડાંના માનમાં તોપો ધડાકા કરે છે, પણ શી ખબર શા માટે બિચારાં બીજાંઓ તરફ 'શાન્તં પાપં' સેવાય છે. પાંચ રજવાડાંના માનમાં એકવીસ ધડાકા ધણધણે છે. એવા રજવાડાં હૈદરાબાદ, મૈસૂર, વડોદરા, કાશ્મીર અને ગ્વાલિયર છે. બીજાં છ રજવાડાંને ૧૯ અવાજના મુજરા મળે છે, અને બીજાં બારના માનમાં સત્તર તોપો ફૂટે છે. બીજાં રજવાડાંને મોટરોનાં હોર્ન વગાડતાં ચૂપાચૂપ ચાલ્યા આવવાનું હોય છે. ધડાકા ભડાકાના પણ ખર્ચ થતા હોય છે એટલે જ હશે તો !

ભૂતકાળના ભયંકર ઓળા જેવાં રજવાડાંઓના રાજકારભાર પર દેખરેખ રાખવા બ્રિટિશ સરકારે એક રાજકીય ખાતા (Political Department) ની રચના કરેલી છે. એ ખાતું દિલ્હી સરકારની શાખા છે અને વાયસરોયને સીધું જવાબદાર છે. એ ખાતું એજન્ટ, જનરલો અને રેસિડન્ટોની નિમણૂક કરે છે. દરેક રજવાડાં પર રેસિડન્ટ મૂકવામાં આવે છે એવું નથી. બિકાનેરના મહારાજાને રેસિડન્ટ વિના રાજ ચલાવવાની રજા આપવામાં આવી છે. જયપુર અને જોધપુરની વચમાં એક રેસિડન્ટ છે. નાનાં રજવાડાંઓનાં એજન્સીમાં ઝુમખાં બનાવવામાં આવ્યાં છે, અને એક બ્રિટિશ એજન્ટ–જનરલ એક સાથે ત્રીસથી ચાલીસ નાનાં રજવાડાંને સંભાળી શકે છે.

સામાન્ય રીતે મહારાજા રેસિડન્ટ સાથે સારો સંબંધ જાળવી રાખે છે, અને રેસિડન્ટની આંખમાંથી જ જોવાનો પ્રયત્ન કર્યા કરે છે. બધાં રજવાડાં બ્રિટનશાહીનું સાર્વભૌમપણું સ્વીકારે છે અને રેસિડન્ટ રજવાડાંના સ્વચ્છંદ ને નિરંકુશ રાજકારભારની આંતરવ્યવસ્થામાં બનતા સુધી માથું મારતો નથી. ગંભીર કટોકટીમાં રજવાડાં પર નિમાએલું બ્રિટિશરાજ ગમે તેમ કરી શકે છે.

દરેક મહારાજાને પ્રધાનમંડળ નથી હોતું પણ દરેક પાસે એક દીવાન હોય છે. જ્યાં નામની કાઉન્સિલ હોય છે ત્યાં મહારાજા પોતે કાઉન્સિલના પ્રમુખ અને દીવાન ઉપપ્રમુખ બને છે. આ દીવાનો વિચિત્ર પ્રાણીઓ છે. તેમને હિંદના ગમે તે ભાગમાંથી લાવવામાં આવે છે, અને ગમે તે ધંધામાંથી પસંદ કરવામાં આવે છે. જો કે તેમનો મોટો ભાગ વકીલાતવાળો હોય છે, પણ જે રાજમાં તે લોક દીવાનપદ ભોગવે છે તેના જ તેઓ વતની હોય એવું જરૂરી હોતું નથી. હિંદનાં રજવાડાંમાં લગભગ વીસ જેટલા દીવાનો હિંદી નથી પણ બ્રિટિશ છે. પોલિટિકલ ડીપાર્ટમેન્ટ દરેક મહારાજા માટે જેટલું જાણવું ઘટે તેટલું બધું જ જાણે છે, અને તે વિષેની માહિતીના ખાનગી ચોપડા પણ રાખે છે.

૫ અ

થોડાંક રજવાડાં

હિંદી રજવાડાંમાં નિઝામનું હૈદ્રાબાદ મુખ્ય છે. એ રજવાડું હિંદની મધ્યમાં છે અને ૧૪,૫૦૦,૦૦૦ મનુષ્યો પર તથા ૮૨,૬૯૮ માઈલના (ઇંગ્લેંડ અને વેલ્સ જેટલા) પ્રદેશ પર રાજાશાહીનો ધર્મદંડ ફેરવે છે, તથા વાર્ષિક ૮૫,૦૦૦,૦૦૦ રૂપિયા જેટલા કરવેરા ઉઘરાવે છે.

એનો રાજા નિઝામ, જરાક શરમાળ, જરાક વિચિત્ર, જરાક ધર્માંધ ૧૮૮૬માં જનમ્યો હતો તથા દુનિયામાં સૌથી મોટો પૈસાદાર માણસ છે. એની અંગત વાર્ષિક આવક, ૧૦,૦૦૦,૦૦૦ પૌંડ જેટલી અંકાય છે. એની પાસે, ૫૦,૦૦૦,૦૦૦ પૌંડ જેટલું સોનું છે તથા ૪૦૦,૦૦૦,૦૦૦ પૌંડ જેટલું ઝવેરાત છે. નિઝામરાજા પર્શિયન ભાષામાં કવિતાઓ રચે છે. થોડા વખત પહેલાં એની અંદરથી એક અંગ્રેજ ઉર્મિકાવ્ય પણ ઉભરાઈ ગયું હતું. એ નિઝામના ધર્માંધ કારભાર નીચે નેવું ટકા હિંદુઓ જ વસે છે. નિઝામના બે દીકરાની બે વહુઓમાં એક તુરકીના છેલ્લા સુલતાનની દીકરી છે અને

બીજી ભત્રીજી છે. નિઝામનો દીવાન સર અકબર હૈદરી રાજકારણ માં ઠીક ઠીક પાવરધો છે.

દક્ષિણનાં ઉંડાણમાં વસતું મૈસૂરી રજવાડું બેલ્જીયમ જેટલું મોટું છે અને નમૂનેદાર રાજ તરીકે ઓળખાતું હતું. એમાં બે વિભૂતિઓ વસે છે. એક મૈસૂરનો મહારાજા અને બીજો તેનો દીવાન સર મીરઝા ઇસ્માઇલ. મૈસૂરનો મહારાજા સાધુ જેવો છે કારણ કે એને ખરાબ ટેવો નથી, વ્યસનો નથી, એકાંત રહેવાનું પસંદ છે અને પ્રાર્થના કરવાનું તથા ધ્યાન ધરવાનું ગમે છે. ભગવાનની જેમ કોઇવાર પ્રજા પર ગોળીઓ વરસાવે પણ તેથી એની કે એના મુસ્લિમ દીવાનની મહત્તા ઓછી થતી નથી કે સાધુતા શરમાતી નથી, અને તો ય એ સાધુરાજા પતિયાલા કે અલ્વરની કોટીની સાધુતાવાળો તો નથી જ. એ તેમનામાંથી શાહીમાંથી ચા જુદી પડે તેટલો જુદો પડે છે.

એ બ્રાહ્મણ નથી પણ કટ્ટર હિંદુ તો છે જ. તેથી તો હિંદ છોડતો નથી, દરિયો ખેડતો નથી. માત્ર ૧૯૩૬માં જ એક વાર યુરોપ ગએલો. ભ્રષ્ટ થઈ જવાની બીકથી એ હંમેશાં સ્પેશિયલ ટ્રેનમાં જ હંકારે છે અને બ્રિટિશ રેસિડન્ટ જેવા મહાપુરુષને મળ્યા પછી પણ મ્લેચ્છના સ્પર્શને નિવારવા સ્નાન કરી નાખે છે. હજુ હમણાં જ એ ટિબેટની જાત્રા કરીને પાછો આવ્યો. એનો દીવાન અને ગાંધીજી મિત્રો છે, જો કે જવાહરલાલ એવી મિત્રાચારીમાં નથી માનતા. ૧૯૩૮માં ગાંધીજીના એ મિત્રે મૈસૂરમાં મહાસભાને ગેરકાયદેસર જાહેર કરી, પણ એવું તો ત્રાવણકોરમાં ય થયું હતું. ગાંધીજીએ માનેલા મૈસૂરી રામરાજ્યના રસ્તાઓ પર લોકોના દેખાવોને દાબી દેવા લોહીની રેલમછેલ હમણાં જ કરવામાં આવી હતી.

અને મહાસભા તરફના એના વિરોધ તરફ આંખ મીચી જાય તો ત્રાવણકોર હિંદમાં ઓછું પ્રગતિશીલ છે શું? મૈસૂરની જેમ એમાં પણ એક વખત નેહરૂ સાથે ખભેખભા મિલાવી કામ કરનાર રામસ્વામી આયર નામનો દીવાન છે. પણ પછી એણે મહાસભા છોડી ગોળમેજીમાં ખુરશી શોભાવી, કાશ્મીર માટે રાજબંધારણ ઘડી આપ્યું અને ૧૯૩૬ માં ત્રાવણકોરના જુવાન મહારાજાની ચાકરી સ્વીકારી લીધી, અને ૧૯૩૬ માં હરિજનો માટે મંદિરનાં કમાડ ખોલી નાખી ત્રાવણકોરને ધન્ય બનાવી દીધું. આયરની શાણી સલાહથી જુવાન મહારાજાએ પણ બિચારા અછૂતોને રોટલી ને રહેઠાણની સગવડ આપવાને બદલે મંદિરમાં આવીને ભગવાનને ભજવાની સ્વતંત્રતા આપી દીધી.

અને દૂર દૂર છેક ઉત્તરમાં બાણું ટકા મુસલમાન વસ્તી પર હિંદુ રાજાશાહીવાળું કાશ્મીર પડયું છે. એનો પ્રદેશ હૈદરાબાદ કરતા મોટો છે. કાશ્મીરના મહારાજાએ ૧૮૯૫ માં જન્મ ધરીને રાજસંકટો દીઠાં છે. ૧૯૩૨ માં તો લોકોએ એની સામે બળવો કર્યો. ગ્લેનસીની સરદારી નીચે તપાસપંચ નિમાયું. તપાસપંચે રાજકારભારના અન્યાયો નોંધ્યા ને સુધારા સૂચવ્યા. એ રાજકારભારના અન્યાયમાં મુખ્ય એ હતા કે કાશ્મીરના ૧૯૯૦ ગામોમાં માત્ર ૮૪૨ પ્રાથમિકશાળાઓ રાખવામાં આવી હતી, કાશ્મીરમાં રાજ તરફથી વેઠની પદ્ધતિ ચાલુ હતી, પોલીસ અમલદારો નિરંકુશ અત્યાચાર વરસાવતા હતા, વગેરે વગેરે...મહારાજાનું નામ હરિસિંગ છે. ૧૯૨૫માં હરિસિંગ લંડન ગયા ત્યારે ત્યાં પોતે મી. એ તરીકે ઓળખાયા અને એમના પર ૩૦૦,૦૦૦ પૌંડની નુકસાનીનો કેસ મંડાયો અને ભરી અદાલતમાં જોન સાયમને એને કમનસીબ, લીલીયો, ધ્રૂજતો ધિક્કારયુક્ત જંતુ કહ્યો. બિચારૂં હિંદનું

રાજા નામનું પ્રાણી, ભૂતકાળના ભ્રમ જેવું કેવું તિરસ્કારપાત્ર જીવી રહ્યું છે!

અને તો ય વડોદરા કંઈ એટલું બધું પછાત નહોતું. માનવંતા ગાયકવાડે ત્યાં તેંસઠ વરસ રાજ કર્યું. શરૂઆતમાં બધું ઠીક ઠીક ચાલ્યું પણ ગાયકવાડના ઘડપણમાં રાજમાં અંધેર એકઠું થવા લાગ્યું છે. ઘરડો ગાયકવાડ ૧૯૩૯ માં મરણ પામ્યો. ૧૯૨૨ માં સમ્રાટ જ્યોર્જ પાંચમાને નીચા નમી જઈ ને નહિ નમવા માટે ગાયકવાડને જરાક મુશ્કેલી આવી પડી હતી. મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ કરનાર એ પહેલો રાજા કહેવાય. એની પાસે ૨૪૦,૦૦૦ પૌંડની કિંમતની એક હિરાજડિત તરવાર હતી.

પણ સૌથી વધારે ભયંકર અને સૌથી વધારે પછાત એવું રજવાડું તો પતિયાલા. પતિયાલાના ઘરડા રાજાનું અંતઃપુર અતિશય વિશાળ હતું, અને એ અંતઃપુરને એ જુવાન સ્ત્રીઓને ઝડપી લાવીને શણગાર્યાં કરતો. ૧૯૩૦ માં રાજસ્થાન પ્રજા પરિષદે પતિયાલારાજની ઘાતકી ભીતરો તપાસવા એક પંચ નીમ્યું. પંચના અહેવાલે રાજાશાહી પર અનેક અપરાધોની શોધ કરી છે તથા રાજાના માથા પર તોળાતા એ અપરાધોમાં મુખ્ય વ્યભિચાર અને ખૂનના છે. એ રાજા આવકના સાઠ ટકા પોતાના પર ખરચતો અને પોતાના અંગત ૩૫૦૦ ચાકરો રાખતો. એ ઘરડા પ્રાણીનો ખાસ ઈલ્કાબ હતો, "બ્રિટિશ શહેનશાહતનો માનીતો દીકરો." પણ એ દીકરો પિતૃકુલે પેશ કરેલી ફેડરેશનની યોજનાથી ડરતો હતો અને તેથી તે ઉપર અભિપ્રાય આપવા એક ભૂલાભાઈ દેશાઈ નામના વકીલને રોક્યા હતા. શ્રી દેશાઇએ ઘરડાને કહ્યું કે એને માટે ફેડરેશન એ સારામાં સારી વસ્તુ હતી. ઘરડો રાજા ૧૯૩૮માં અવસાન પામ્યો.

એવા પતિયાલા રાજમાં મુખ્ય વસ્તી શીખ લોકની છે. પતિયાલા રાજની ૧,૬૨૫,૫૨૦ વસ્તીમાં પુરુષલોક કદી વાળ કે દાઢી કપાવતા નથી. વિલિયમ બાર્ટને રજુ કરેલી હકીકત પ્રમાણે પતિયાલાના પાટનગરમાં શ્વાનગૃહો અસાધારણ એવાં ભવ્ય છે. રાજાના ૯૫ કુતરાઓ માટે ત્રણ અંગ્રેજોની ભારે પગારે નિમણુક કરવામાં આવી છે. કુતરાઓ માટે ખાસ હોસ્પિટલ છે જેમાં ત્રણ વોર્ડ છે અને એક ઓપરેટીંગ થિયેટર છે. એવી વૈદકીય જોગવાઈ હિંદના બીજા કોઈ પણ ભાગમાં, લશ્કરી હોસ્પિટલ્સમાં પણ નથી.

અને આગાખાન પણ અંગ્રેજે દીધેલા નામથી કહેવાય છે તો હાઈનેસ, પણ તેથી ભૂલાવામાં પડવાની જરૂર નથી. આગાખાન તો ખોજા લોક જે ઇસ્માઇલી તરીકે ઓળખાય છે તેમના ગુરૂ છે. હિંદમાં આગાખાનના શિષ્યોની સંખ્યા ૧૦,૦૦૦,૦૦૦ છે. એ ચેલાઓએ હિંદુ મુસ્લિમના ધાર્મિક રિવાજોનો ખીચડો જાળવી રાખ્યો છે તથા આગાખાનને ભગવાનની મૂર્તિ તરીકે સ્વીકારી લીધો છે.

તે આગાખાન દુનિયામાંના સૌથી વધારે શ્રીમંત એવા ચાર જણમાંનો એક છે. એની આવક જમીનવેરામાંથી નથી આવતી પણ એના અનુયાયીઓની અર્ચામાંથી આવે છે. એકેએક ઇસ્માઇલી પોતાની આવકનો દશમો ભાગ આ ગુરૂદેવને ચરણે ધરે છે. દરેક શહેરમાં જ્યાં ઇસ્માઇલી લોક રહે છે ત્યાં જમાતખાના હોય છે. ત્યાં આગાખાનને આરાધવામાં આવે છે. દિવસમાં બે વાર પ્રાર્થના થાય છે. દરેક જમાતખાનાની મિલ્કતના માલિક આગાખાન પોતે હોય છે.

એવા શ્રીમંત આગાખાનની પચીસમી જ્યુબિલી વખતે એને સોનાથી તોળવામાં આવ્યો હતો. મહાકાય આગાખાનના વજનનું

સોનું, ૩૦૦,૦૦૦ રૂપિયાની કિંમતનું થયું હતું. પછી આગાખાનનો સ્નાનવિધિ થયેલો તથા સ્નાનમાં વપરાયેલો પ્રવાહી ભાવિકોને મોટી કિંમતે વેચવામાં આવ્યો હતો.

વિશ્વયુદ્ધ વખતે આગાખાન હાઇનેસ બન્યો કારણ કે બ્રિટનને એણે મદદ આપી. તર્કી સાથે સહાનુભૂતિ નહિ બતાવતા એણે અંગ્રેજોનો પક્ષ લીધો. એ પક્ષ લેવાના બદલામાં વફાદાર આગાખાનને અંગ્રેજોએ હાઇનેસની પદવી આપી. આગાખાને નાનકડું રજવાડું રચી શકાય તે માટે જમીનની માગણી પણ કરી હતી પરન્તુ તેની જોગવાઈ હજુ સુધી થઈ શકી નથી!

એવો આગાખાન કોઈ પણ માણસના જેવો સામાન્ય માણસ છે. એની માતાની કૂખે એ જન્મ્યો હતો. પછી એ ત્રણ વાર પરણ્યો છે. એની છેલ્લી સ્ત્રી ફ્રેંચ છે, જેને એક દીકરો સાંપડ્યો છે. એનો વારસદાર અલીખાન હૈદ્રાબાદમાં એક જુવાન અમલદાર છે અને એક વખતની મિસીસ લોએલ ગીનીસ સાથે ઘર માંડીને રહ્યો છે, એટલે અલીખાનનું ફરજંદ થશે તે ત્રીજુ વારસદાર ગણાશે અને ત્યારે તે વારસ ચોથા ભાગ જેટલું જ હિંદી હશે.

એવો આગાખાન ખાણાંનો ખૂબ રસિયો છે અને તેમાં ય કેરી પર તો ફીદા છે. એ દેશપરદેશની સફર કરે છે ત્યારે હંમેશાં કેરીના કંડિયા એના રસાલામાં હોય છે જ. એ પોતે તો ધર્માંધ પણ નથી. એને દારૂ પીવો ખૂબ ગમે છે અને મુસલમાનો માટે તે નિષેધાયેલો હોય તેની એને પરવા નથી. કોઈએ એને એક વખત દારૂ વિષે સવાલ કર્યો અને એણે હાજર–જવાબ આપ્યો. "ઓહ! મારા મોઢાને અડકે છે કે દારૂ પાણી બની જાય છે તે વાતની તમને ખબર નથી?" ખરેખર, આવા કેવળ સંસારી અને વિલાસી આદમીને લોકો પૂજતા હોય તે નાજૂબ કરે તેવી વાત છે.

૬

એ ઘટમાળ

" As India must be bled, the lance should be directed to the parts where the blood is congested..."

લોર્ડ સેલિસબરી

અંગ્રેજી જોનબૂલના હિંદી પ્રતિનિધિ જેવી એક જ વ્યક્તિથી ખેંચાતી ઘટમાળની જેમ હિંદની ધરતી પર સ્થપાયેલી અંગ્રેજ સરકારની ઘટમાળમાં સૌથી પહેલો વાયસરોય હોય છે. પણ એ ઘટમાળના ચક્કર ગોળ ફરતા અંકોડા તો હિંદી સિવિલ સર્વિસ છે. એ સિવિલ સર્વિસમાં નથાએલા કુલની સંખ્યા ૧૧૦૭ જેટલી છે અને તેમાં ૫૯૧ અંગ્રેજ છે. ૧૯૪૦ ની સાલ પછી તેમાં હિંદીઓની સંખ્યા અરધોઅરધ થશે.

અંગ્રેજી ઘટમાળના આ અગિયારસો ને સાત અંકોડાને હિંદને સાંકળી રાખવામાં જોડવાની બનાવટ શુદ્ધ અંગ્રેજી અને અજોડ છે. એ જ રીતે દરેક ગુલામ પ્રજામાંથી અંગ્રેજ શાહીવાદે પોતાની શાહીવાદી મુરાદો બર લાવવા માટે પોતાના બુદ્ધિમાન

ને મળતીયા માનવીઓ શોધી લીધા છે. હિંદમાં હિંદી સરકારને શોધનારે એવા ૧૧૦૭ ને દેખવા પડે છે. એ અગીઆરસો ને સાતમાં ૪૧૬ હિંદીઓ છે. નવું બંધારણ અમલમાં આવતાં હિંદી સંખ્યા બરાબર પચાસ ટકા જેટલી થશે. એમાં મોખરાના સિવિલિયનો પાંત્રીસ વરસની સેવા પછી જ્યારે સિધાવે છે ત્યારે તેમને વરસનું એક હજાર પૌંડનું પેન્શન અપાય છે.

બ્રિટિશ શાહીવાદી સંચાઓ એમની સેવાઓથી ફરતા રહે છે. સરકારી તંત્રના એ આવશ્યક અંકોડાઓ છે. એમની પાછળ ગતિમાન રહેતું સરકારી તંત્ર છે. પરાધીન પ્રદેશમાંથી જ તંત્ર-વાહકોને નિપજાવવાનો એ અંગ્રેજી તરીકો છે. હિંદી બુદ્ધિજીવીઓ-માંથી પ્રથમ શ્રેણીના પાસે એ તંત્રમાં સેવા સ્વીકારવા માટે સારામાં સારી ને ઊંચામાં ઊંચી એવી પદવીઓ ધરાય છે. રૂપિયાના ઢગલા પગારમાં વહેંચાય છે ને વાહવાહ કહેવાય છે. નેહરૂ ને બોઝ જેવા પણ એક દિવસ સિવિલિયનો થઈ જવાને તૈયાર થઈ ગયા હતા.

કહેવાય છે એમ કે એ રીતે અંગ્રેજ શાસકો હિંદીઓને સરકારી જવાબદારીઓમાં કેળવવા માગે છે. પણ પરિણામે તો એ રીતે હિંદી બુદ્ધિવાન વર્ગમાંથી વિશિષ્ટતાને ખરીદી લેવાય છે અને સરકાર સામેની જીભને સોનાની સાંકળથી બાંધી દેવાય છે, સરકાર સામેના અસંતોષ પર સોનાની સીલ મરાય છે. છેવટે તો તોપો વાપરવા કરતાં સોનું વાપરવું જ સોંઘું પડતું હોય છે ના! શાહી-વાદના તંત્રસંચલનના ઇતિહાસમાં શોધાયેલી ને યોજાયેલી યુક્તિ-ઓમાં આ સૌથી વધારે સફળ છે.

એ ઉપરાંત સરકારી તંત્રમાં નિયોજાયલા હિંદીઓની સંખ્યા દરેક વર્ગમાંથી ને નાતજાતમાંથી હજારોની છે. એ વિશાળ હિંદી

સમુદાય, માસ્તરો છે, મહેતાજીઓ છે, કારકુનો છે, નાનામોટા અમલદારો છે, સરકારી તંત્રનાં વિધાનોના એ કાર્યવાહકો છે. જેવી સિવિલ સરવીસ વિશાળ ને વિશિષ્ટ છે તેવાં આ હજારોની સંખ્યા નોકરશાહીનો વિશાળ ને વિશિષ્ટ ભાગ બની રહે છે. એક અનિ-વાર્યતાની જેમ, અખંડ આવશ્યકતાની જેમ, હિંદની જનતા પર ગોઠવાયલા એક નસીબની જેમ આ બધાનું બનેલું આખું તંત્ર એકની જેમ ગતિમાન થાય છે ત્યારે લાગે છે કે સૃષ્ટિના ક્રમ સાથે એ બધું ચાલ્યું આવે છે, અને ચાલ્યું આવે છે તેમ ચાલતું રહે છે.

હિંદી સિવિલ સરવીસ હિંદમાં તો શું પણ દુનિયા આખીમાં અજોડ છે. વ્યક્તિના નામની પાછળ આઇ. સી. એસ. આવે એટલે એની કિંમતી પી. એચ. ડી. કરતાં પણ ઘણી જ અધિક બની જાય છે. તો આઈ-સી-એસ. શું માનવ જાતનાં વિકાસમાં સાંપડેલી કોઇ સવિશેષ માનવ વિશિષ્ટતા છે ? એવું એકવાર પૂછાતું હતું. "ના ના, એવું કંઇ જ નથી." એવો જવાબ દેવાયો હતો.

આઇ-સી-એસ. નો અર્થ માત્ર એટલો જ થાય છે કે એ બિરુદધારી વ્યક્તિ જો હિંદી હોય તો સમાજના ઉપલા થરમાં ને ઊંચા કુટુંબમાં જન્મેલી છે, ઠીક કેળવણી પામેલી છે ને સરકારી તંત્ર ચલાવી દેવાના શિસ્તથી યુકત છે. પણ જો એ જ વ્યકિત અંગ્રેજ હોય તો તેણે ઓકસફોર્ડ ને કેંબ્રીજ જેવી કોઈ જાહેર શાળાનું શિક્ષણ લીધું હોય છે, સખત હરિફાઈમાં પરીક્ષા પસાર કરી છે, એકાદ હિંદી ભાષાનો અભ્યાસ કર્યો છે તથા અંગ્રેજ સરકારના હિંદી તંત્રમાં આસેહણ કરવા માટે સીડી ચઢવાની શરૂઆત ડેપ્યુટી કમિશનર કે કલેકટર બનીને કરી હોય છે, અને પછી તે પોતે કોઈ મેજીસ્ટ્રેટ, કોઈ (એડમિનિસ્ટ્રેટર) નિયામક કે કોઈ કાર્યવાહક (એકઝીક્યુટીવ) હોઈ શકે છે. એમ હોનાર કોઇ

ત્રીસ જ વરસનો છોકરો જ ભલે રહ્યો ને ! એના સલામત હાથમાં ચાર લાખ લોકોનાં નસીબ મૂકી શકાય છે. પ્રાંતિક સ્વાયત્તતા પછી પ્રાંતોના આઇ. સી. એસોને સૈદ્ધાંતિક રીતે જ હિંદી સરકારોની હકુમત નીચે મૂકવામાં આવ્યા છે.

આઇ. સી. એસના શિખર પર ગવર્નરનું પદ હોય છે, વાયસરોયની કાર્યવાહીનું સભ્યપદ હોય છે, અને પછી એ પદવી પરથી પરવારનાર માટે જંગી પેનશન હોય છે. ઇંગ્લેંડને આંગણે મનરંજન જીવન હોય છે. એશઆરામી વડપણ હોય છે અને ફરજંદ માટે ખાસો મઝાનો વારસો મૂકતા જવાનું હોય છે. સોનું પામવાની વ્યવસ્થા હોય છે એટલે એ વાનપ્રસ્થ દશામાં આપમેળે જ જીવનની બધી સૌરભ સાથી બને છે.

કહે છે કે સિવિલ સરવીસ સાંકડી હોય છે. એમાં હરનારા ફરનારા માથામાંથી મુસ્તાક હોય છે. એમાંના ઘણાઓ અક્કડ ડોક રાખે છે, ને નેકટાઈ તાણી બાંધે છે. એમાંના ઘણા સેવા પૂરી કરીને પરવારતા હોય છે ત્યારે પણ હિંદમાં કયા પ્રવાહો ચાલી રહ્યા છે તેની ગતાગમ પામતા નથી અને કેટલાક તો જીવનભર એક જ પ્રાંતમાં રહેતા હોઈ, અખિલ હિંદ ભાનદશાને પામતા જ નથી. પચીસ પચીસ વરસ હિંદમાં રહ્યા પછી પણ જેમણે મદ્રાસ કે લાહોર ન દીઠાં હોય તેવા નમુના પણ મોજુદ છે.

એવા આઈ. સી. એસના સંઘ પાછળ વરસે દહાડે પચીસ લાખ રૂપિયા ખરચાય છે. ૮૬૮ ચોરસ માઇલ પર એક આઈ. સી. એસ. નીમાય છે તથા અઢી લાખ હિંદી જનતા પર સરેરાશ એક આઈ. સી. એસની નિમણુંક લદાય છે.

એવી હિંદી સરકારની આઈ. સી. એસ નામધારી નોકરશાહીની પાછળ શસ્ત્રસજ્જ લશ્કર છે. આઈ. સી. એસમાં નીમાયલા અંગ્રેજો તો ઘણા જ થોડા છે પણ હિંદી લશ્કરમાં છપ્પન હજાર અંગ્રેજ સિપાઈઓ છે. એ બે વર્ગમાં વહેંચાયલા છે, એક અમલદાર વર્ગ તથા બીજો સૈનિક વર્ગ. આખા લશ્કરમાં નોન–કમીશન્ડ અમલદારો હિંદીઓ છે, બીજા બધા અમલદારો અંગ્રેજો છે. અહિં પણ અક્કલબાજ અંગ્રેજશાહી ગલીચ કામ કરવા માટે હિંદીઓની નિમણુંક કરે છે. બીજી સંસ્થાન પરની સત્તાઓએ પણ એનું અનુકરણ કરવા માંડયું છે. ફ્રેંચ સત્તા સેનેગેલીસ ટૂકડીઓ વાપરે છે, ઈટાલિયન શાહીવાદ અરકારી ટૂકડીઓ રાખે છે તથા મંચુકોમાં જાપાન સરકાર ચીનાઓને યોજે છે બ્રિટિશને ખાત્રી છે કે તેમની હિંદી ટૂકડીઓ વફાદાર છે. તેમને તેમણે મશીનગન વાપરવાની તાલીમ પણ આપી છે. નોરમન એંગેલે ઠીક કહ્યું છે કે, " હિંદે આપેલા હિંદી હાથ વડે અંગ્રેજોએ હિંદને જીત્યો છે*" એવું સાંભળીને કોઇ રાષ્ટ્રવાદી હિંદીને મરચાં લાગતાં હોય તો ભલે લાગે.

આઈ. સી. એસમાં તો પચાસ ટકા હિંદી તત્ત્વ ભલે ભળે પણ લશ્કરમાં એવું ન થાય તેની તકેદારી બ્રિટિશ સરકાર ઠીક રાખે છે. હિંદીઓને માટે લશ્કરી અમલદારની તાલીમ આપનારી શાળા ડહેરાડુનમાં છે. ત્યાંથી તાલીમ પામ્યા પછીનો હિંદી ફીલ્ડ-પાર્શલ થઈ શકે છે અને મેજર પદ સુધી જ પહોંચી શકે છે. અને દર વરસે અંગ્રેજી સૈનિકોના અમલદાર બનવા માટે દશ હિંદી અમલદારોને જ ચૂંટવામાં આવે છે. વિમાની લશ્કરમાં હિંદી જૂજ છે તથા ટેંક ચલાવવામાં તો એકે હિંદી નથી.

* India was conquered by Britain with man power supplied by Indians. "

એવી હિંદી ઘટમાળના સરકારી શિખર પર છેક મથાળે વાયસરોય હોય છે. શાહી તાજના એ પોતે એક જ પ્રતિનિધિ છે. એમની નિમણૂક આઈ. સી. એસમાંથી થતી નથી પણ પાંચ વરસ માટે ઈંગ્લેંડમાંથી કોઈ ઉમરાવજાદાને, કોઈ રાજકારણી પુરૂષને બ્રિટિશ સરકાર મોકલી આપે છે.

હિંદમાં આવીને વાયસરોય પોતાની કાર્યવાહીને મળે છે. કાર્યવાહીના દરેક સભ્યની નિમણુક પણ પાંચ વરસ પૂરતી જ હોય છે. પરંતુ તે નિમણૂક કરનાર વાયસરોય નથી તથા વાયસરોયના પાંચ વરસ પૂરાં થતાં સભાસદોનાં પણ થાય છે તેવું પણ નથી. આજે સાત સભાસદો પૈકી ચાર આઈ. સી. એસ છે તથા ત્રણ હિંદીઓ છે. ફેડરેશન સાથે જ આ પ્રમાણે નિમણૂક પામતી કાર્યવાહી ખતમ થશે તથા કેબીનેટ પર વડા પ્રધાન હશે તથા ફીડરલ ધારાસભામાં જે રાજકીય પક્ષ બહુમતી ધરાવશે તેમાંથી પશ્ચિમની પાર્લામેન્ટરી પદ્ધતિએ ચુંટાશે. કદાચ આજે છે તે કાર્યવાહી છેલ્લી હશે તથા હવે પછીની કાર્યવાહી સિવિલ સરવીસનું યંત્ર નહિં પણ રાજકીય પક્ષનું વાદ્ય બની રહેશે.

દુનિયાભરમાં જો કોઈ એક જ આદમીના હાથમાં અમર્યાદ સત્તા મૂકાયલી હોય તો તેનો દાખલો હિંદી વાયસરોય છે. જો કટોકટી આવે તો વાયસરોયના હાથમાં જગતના પાંચમા ભાગની વસ્તીનું નસીબ નચવવાની સત્તા છે. ફેડરેશન પછી વાયસરોય શબ્દને બદલે ગવર્નર—જનરલ ના નામનો ઉપયોગ થશે.

આજે છે તે વાયસરોય મહાશય જાતે સ્કોટ છે. અડતાલીશ વરસની વયના અને વિકટર એલેકઝેન્ડર જોનહોપ, એવા નામવાળા છે. એ નામ સાથે મહા માનવંતા મારકવીસ ઓફ લીનલી-

થગો, પી. સી. કે. ટી જી. સી. આઇ. ઈ. એ. બી. ઇ. એવાં બિરુદ લાગેલાં છે. એ પોતે ધંધે બેંકર હતા અને હિંદના વાયસરોયોમાં સૌથી વધારે કેળવણી પામેલા છે. વરસો સુધી એમણે હિંદનો અભ્યાસ કર્યો છે. હિંદી ખેતીવાડી પર નીમાયલા રોયલ કમિશનના પ્રમુખ તરીકે એમણે ત્રણ વરસ કામ કર્યું છે. બાલ્ડવીને એમને વાઇસરોય બનાવ્યા તથા બાલ્ડવીનની જેમ પોતે મધ્યમમાર્ગી વલણ વાળા છે. જ્યારે એ દિલ્હી આવ્યા ત્યારે એમણે રેડિયો પર પ્રજાને પ્રવચન આપ્યું હતું. તરત જ ગાંધીજીની મુલાકાત માગી હતી. એમને ફેડરેશનના પહેલા વાયસરોય બનવાની તિવ્ર ઉમેદ છે પણ ૧૯૪૧માં તો એમની સેવાની સનંદ ખલાસ થાય છે.

૭

ઘટમાળનાં ઘર્ષણ

બ્રિટને હિંદ પર શાહીવાદી સત્તા મેળવી, શાહીવાદના વેપારના નિકાસ માટે ઑસ્ટ્રેલિયાનો માર્ગ મેળવ્યો અને હિંદમાં જ બ્રિટનના શાહીવાદે પૂર્વમાં મોટી જંગી સેના રાખવાનું મથક મેળવ્યું. બ્રિટિશ શાહીવાદે હિંદમાં પોતાને ત્યાંના રાજકારણીઓ માટે શેતરંજ ખેલવાની રંગભૂમિ મેળવી, સિપાઈઓ માટે અનુભવ પામવાની સમરભૂમિ સંપાદન કરી. હિંદમાં જ અંગ્રેજ જુવાનોને નોકરીઓ માટે ને વેપારીઓને લખલૂટ નફા માટે મોકળાશ મળી. ૧૯૩૦ના અરસામાં ૨૫૦,૦૦૦,૦૦૦ પૌંડનું સોનું હિંદમાંથી ઇંગ્લેંડમાં પહોંચી ગયું. એમાંનો મોટો ભાગ શ્રીમંતો અને મહારાજાઓનો હતો. એમાંનો બીજો ભાગ મૂંગાં ને ભૂખ્યાઓનાં ગામડાંઓમાંથી આવ્યો હતો અને તેથી પીડિત સુવર્ણ હતું.

બ્રિટને ૮૫૦,૦૦૦,૦૦૦ પૌંડ હિંદમાં રોકયા છે જેમાં ૩૬૫,૦૦૦,૦૦૦ પૌંડ હિંદ પર લાદેલું કરજ છે. અને બાકીની રકમ બ્રિટને કારખાનામાં, વહાણવટામાં અને રેલવે તથા વીમાઓમાં રોકી છે. એ બધાંમાંથી વ્યાજના નફાના ઢગ રચાય છે.

એ બહીને નહિ દેખનાર કોઈ કોઇ શાહીવાદી હિંદમાં કાયદેસર થએલી સરકારે કરેલા અનેક ઉપકારો ગણાવે છે. ગણવા પૂરતા એ ઘણા સરસ શબ્દો છે. એક તો શાહીવાદે, હિંદને ઐક્ય આપ્યું, બીજું શાંતિ આપી, ત્રીજી વ્યવસ્થા આપી, ચોથો કાયદો આપ્યો, બ્રિટનનો ન્યાય આપ્યો, જાહેર સલામતી આપી, અને આઈ. સી. એસ. આપ્યા. એવું એવું ઘણું આપ્યા છતાં, હિંદમાં ભૂખ ભભડી ઊઠી. હિંદે ન્યાયનો પ્રચંડ પુકાર ઉઠાવ્યો, હિંદે સ્મશાન શાંતિને પડકાર કર્યો, અને કાયદેસર સ્થપાએલી અને શાહીવાદી વ્યવસ્થા જાળવવા જ જીવતી સરકાર સામે મહાસભા—હિંદી મહાસભાના નાગમાં માથું ઊંચકયું અને ઉચ્ચાર્યું કે :

કોઈ પણ પ્રજાનો સ્વતંત્ર થવાનો અને આત્મનિર્ણયનો હક્ક છે. હિંદનો એ હક્ક બ્રિટને રૂંધ્યો છે હિંદના એ યોગ્ય વિકાસ પર બ્રિટને ઘા કર્યો છે. બ્રિટનના શાહીવાદી શાસકો કહે છે કે હિંદ પોતાનું શાસન કરવાને લાયક નથી તે વાતનો હિંદી મહાસભા જોરશોરથી ઇન્કાર કરે છે. હિંદી મહાસભા વતી ગાંધીજીએ ત્રણ વાત કરી હતી કે:—

બ્રિટને હિંદની કરોડોની જનતા પર ભૂખમરો ઉતાર્યો છે, રાજકીય ગુલામી સ્થાપી છે, હિંદી સંસ્કૃતિને સૂકવી નાખી છે અને હિંદનું આધ્યાત્મિક પતન નિપજાવ્યું છે અને અંગ્રેજશાહીએ પરાધીન હિંદ પર ત્રાસ ને દમનનું ભયંકર રાજ ગોઠવી દીધું છે. ફતવા કાઢવાની સત્તાથી ન્યાયની તુલાને તોડી નાખી છે અને અપરાધની સાબિતી વિના કે કામ ચલાવ્યા વિના કોઈને પણ પકડવાની સત્તા હાથ ધરી છે.

અને એક બીજી વાતને પણ હિંદી મહાસભા ધિક્કારે છે. એ વાત શોષણની છે. શોષણનો શુદ્ધ અર્થ કરીએ તો નફો કે લૂંટ એવો થાય છે.

બ્રિટને માંડેલી એ લૂંટના પાયામાં બ્રિટનની ટેરીફ પોલિસી છે. બ્રિટનની ટેરીફ નીતિ (વેપારી જકાત પદ્ધતિ) હિંદની જનતાની પાંગળી કમાણીમાંથી પણ દર વરસે ૩૦૦,૦૦૦,૦૦૦ રૂપિયા પડાવી લે છે. એ લૂંટનો બીજો હિસ્સો બ્રિટને મૂકેલા અમલદારો હજમ કરી જાય છે. દાખલા તરીકે સૌથી વડો અમલદાર વાયસરોય રહેવા કરવાની ઉમદા સગવડો અને ભથ્થાં ભાડાં ઉપરાંત એકલા પગાર પેટે વરસના ૨૫૬,૦૦૦ રૂપિયા લે છે, અને ગવર્નર વરસના ૧૨૦,૦૦૦ રૂપિયા પગાર લે છે તથા વાયસરોયની કારોબારીના દરેક સભ્યને ૮૦,૦૦૦ રૂપિયાનો પગાર મળે છે. હિંદી જનતાનું એ બધું શોષણ છે. હિંદી મહાસભા એ શોષણને ભયંકર કહે છે. હિંદી જનતાનું એટલું ય શોષણ જાણે ઓછું હોય તેમ બ્રિટનનું લશ્કરી ખાતું કરોડો રૂપિયા હજમ કરી જાય છે. અને તો ય હિંદ પાસે સાચું લશ્કર છે જ નહિ એવી સ્થિતિ જાળવવામાં આવે છે, અને લશ્કરને હિંદની જરૂરિયાતને માટે નહિ પણ કેવળ શાહીવાદી હિતો માટે જ સાચવવામાં અને વાપરવામાં આવે છે. એવા લશ્કરનો વરસ દહાડાનો ખરચ ૫૦૩,૮૧૯,૦૦૦ રૂપિયાનો છે.

એ શોષણને નિભાવી રાખવા બ્રિટન હિંદમાં શિક્ષણને સૂકવી નાખે છે. શાહીવાદી સરકાર લાખો પૌંડ શાહીવાદના બચાવ માટે ખરચે છે પણ હિંદી બાળકને ભણાવવા પાછળ થોડીક પાઈઓ જ વાપરે છે. એ પાઈઓ વાપરવા પાછળ પણ અંગ્રેજી રાજની ઘટમાળના અંકોડામાં તેલ પૂર્યા કરે તેવા કારકુનો નિપજાવવાની એક માત્ર અંગ્રેજી મુરાદ છે. સ્ત્રીઓના શિક્ષણ કે વેપારઉદ્યોગના શિક્ષણ માટે સરકારને કશી જ દરકાર નથી.

શોષણનું બીજું પરિણામ વૈદકીય મદદની ભયંકર અછત અને પરિણામે ફેલાતા અનેક રોગચાળા અને ભયાનક મરણપ્રમાણ છે. હિંદમાં દર વરસે એક કરોડ ઉપરાંત ને મેલેરિયા લાગુ પડે છે અને તેમાં દશ ટકા જેટલા દરદીઓ પણ ઇસ્પિતાલની સારવાર કે કવીનીનની ટીકડી પામતાં નથી.

એ જ પ્રમાણે સામાજિક સુધારણામાં બ્રિટનનો ફાળો નહિ જેવો જ છે. હિંદમાં પથરાયેલો બ્રિટિશ શાહીવાદ એવા સુધારામાં પડતો નથી, કારણ કે સુધારો માણસાઇ અને સ્વમાનનું ખમીર લાવતો હોય છે. તેથી તો ડાહીડમરી બ્રિટનની બાદશાહી બોલે છે કે આપણે હિંદમાં ધર્મની અને સામાજિક રિવાજની સ્વતંત્રતાને અડવા માગતા નથી.

એવા બ્રિટનના શાહીવાદે દાઝ્યા પર ડામ જેવો ઇંડિયા એક્ટ ઘડયો છે. એ પોકળ ધારામાં હિંદ પાસે પરદેશનીતિનો જરા જેટલો પણ કાબુ નથી. રસિક વાત તો એ છે કે દિલ્હીમાં રાજકીય થાણું રાખવામાં જ નથી આવ્યાં. પરદેશી સત્તાઓના કોનસલોને દરિયાકિનારા પર જ વસવાની પરવાનગી આપવામાં આવી છે. વાયસરોય અને ગવર્નરોની ખાસ સત્તાઓ હિંદમાં સ્વાતંત્ર્યની ઠેકડી કરતી હોય છે.

અને તેથી તો હિંદી જનતાની રાજકીય જાગૃતિના પ્રતીક જેવી હિંદી મહાસભા છે અને તે હિંદી મહાસભાનો ભડકે બળતો પુણ્યપ્રકોપ બોલે છે કે બ્રિટને હિંદભરમાં ગરીબાઈ સરજી છે અને તે ગરીબાઈ પણ લોહી ઉકાળે તેવી છે.

હિંદી મહાસભા

૧૮૮૫ની સાલમાં એલન ઓકટેવિયન હ્યુમે હિંદમાં ત્રીસ વરસ સુધી નોકરી કર્યા પછી હિંદી મહાસભાની સ્થાપના કરવામાં આગળ પડતો ભાગ લીધો. મહાસભાની શરૂઆતના દૃષ્ટાઓને દેખાયું તેમ મહાસભાની ઘટનામાં જનકલ્યાણના અને રાજકીયને બદલે સામાજિક કાર્યક્રમને જ ઘટાવવામાં આવ્યો. એ ઘટનાને ગજવામાં ઘાલી હ્યુમ મહાશય તે સમયના વાયસરોય ડફરીનના આશીર્વાદ લેવા પહોંચ્યા. ડફરીન મહાશયે સમજાવ્યું કે મહાસભાનો પાયો રાજકીય રાખો, કારણ કે આપણી સરકારને સહુ સરકારોની જેમ વિનિત અને વફાદાર એવા સામનાની પણ જરૂર છે.

૧૮૮૫ના ડિસેંબરની ૨૮મી તારીખે પહેલી મહાસભા મુંબઈમાં મળી અને તેમાં બોતેર પ્રતિનિધિઓએ હાજરી આપી. થોડાં જ વરસોમાં એણે એટલો તો શોરબકોર મચાવી મૂકયો કે ડફરીનને

એને તિરસ્કૃત લઘુમતિ કહીને બરતરફ કરવાનું મન થઈ ગયું. પણ તો ય લાંબા વખત સુધી મહાસભાએ સરકાર તરફની વફાદારી જાળવી રાખી અને ૧૯૦૪ તથા ૧૯૧૦માં અંગ્રેજ પ્રમુખોને પધરાવ્યા. ૧૯૧૪ના વિશ્વયુદ્ધ વખતે એમાં ઉત્તેજના પામેલો રાષ્ટ્રવાદ ભભૂકી ઊઠયો અને મહાત્મા ગાંધીએ મહાસભાનો કબજો મેળવ્યો. પછી ૧૯૨૯માં તો મહાસભાનો વિકાસ ખુલ્લી રીતે સંપૂર્ણ સ્વાતંત્ર્યનો પડકાર કરવા જેટલી પુખ્ત ઉંમરે પહોંચ્યો.

હિંદી મહાસભા કોઈ રાજકીય પક્ષ નથી પણ સમસ્ત હિંદી જનતાના હેતુઓ અને આત્મનિર્ણયનો યોજનાબદ્ધ આવિષ્કાર છે. હિંદી મહાસભામાં શ્રીમંત ઉદ્યોગપતિઓ છે, અને ભૂખે મરતાં કામદારો પણ છે, જાજરમાન જમીનદારો છે અને નાગાંભૂખ્યાં ખેતમજૂરો પણ છે. હિંદી મહાસભામાં મોળા છાણ જેવા મવાળો પણ છે અને અતિશય ઉગ્ર એવા ઉદ્દામો છે. અને હિંદી મહાસભામાં હિંદુઓ છે અને મુસ્લિમો તથા ક્રિશ્ચનો પણ છે, અને રાજસ્થાનોના ચળવળિયા તથા આઠ પ્રાંતોના પ્રધાનો અને સમાજવાદીઓ, તથા સામ્યવાદીઓ પણ છે. વરસના ચાર આના ભરીને કોઈને પણ મહાસભાના સભ્યપદે પહોંચવાનો હક્ક છે. પણ એટલી રકમ પણ હિંદી કિસાનો માટે ઘણી ભારે છે અને તો ય તે બાળકોના મોંઢામાંથી ચાર દિવસનો રોટલો કાઢીને ય મહાસભાએ પુકારેલા સંપૂર્ણ સ્વાતંત્ર્યના ઠરાવને વરવા પોતાની જાત મહાસભાને ચોપડે નોંધાવે છે. અત્યારે મહાસભાના કુલ સભ્યો ૩,૧૦૨,૧૧૩ જેટલા છે. એ આંકડો બ્રિટિશરાજ સામે મોરચો માંડીને બેઠેલી હિંદી જનશક્તિનો લશ્કરી આંક બતાવે છે.

મહાસભાની ઘટના આવી છે.

સૌથી પહેલાં ચાર આના ભરીને બનનારા સભ્યો છે. એ ચાર આનામાંથી ત્રણ આના સ્થાનિક મહાસભા સંસ્થાઓને જાય છે અને એક આનો અલ્હાબાદમાં રહેતી મહાસભાની મધ્યસ્થ સેક્રેટેરીયટને પહોચાડવામાં આવે છે. સામાન્ય સભાસદો પ્રાંતીય મહાસભા સમિતિના પ્રતિનિધિઓની ચૂંટણી કરે છે. પ્રાંતીય સમિતિઓ અખિલ હિંદ મહાસભા સમિતિની ચૂંટણી કરે છે જે મહાસમિતિ એક જાતની પાર્લામેન્ટ બની રહે છે, તથા પ્રમુખને ચૂંટે છે. દર વરસે પ્રમુખ પોતાની કેબિનેટની નિમણૂક કરે છે. એવી નિમણૂકમાં પ્રમુખ પોતાના જ અભિપ્રાયો ધરાવતા એકપક્ષી આગેવાનોને નહિ પણ જુદા જુદા પક્ષના નેતાઓને પસંદ કરે એવો ત્રિપુરીમાં ગાંધીજીના નવા વટ હુકમ પહેલાં રિવાજ હતો. પ્રમુખ અને તેની કેબિનેટ કારોબારી કહેવાય છે તથા તે મહાસભાના મથાળા પર હોય છે.

મહાસભા દેશની સૌથી વધારે વ્યવસ્થિત અને શક્તિમાન એવી રાષ્ટ્રસંસ્થા છે; તથા મુસ્લિમ પંજાબ, નોર્થ-વેસ્ટ ફ્રન્ટિયર અને સિંધ સિવાયના દરેક પ્રાંતમાં જબ્બર બહુમતિ ધરાવે છે. મદ્રાસમાં મહાસભાની ૧૫૯ બેઠક છે, જ્યારે બીજા સૌથી મોટા પક્ષની ૨૧ જ છે. સયુકત પ્રાંતમાં મહાસભાની ૧૩૪ બેઠક છે જ્યારે બીજા પક્ષની ૨૯ છે. મુંબઈ ઇલાકામાં મહાસભાની બેઠકો ૮૫ છે, જ્યારે બીજા પક્ષની ૧૯ છે. મહાસભાનું દર વરસે વિશાળ અધિવેશન ભરાય છે, જ્યાં લાખ ઉપરાંત માણસો એકઠાં થાય છે તથા એક વખત જોયા પછી ન ભૂલાય તેવું દર્શન બની રહે છે.

મહાસભાને એનો પોષાક ખાદીનો અને ગાંધી ટોપીવાળો છે. મહાસભાનું સ્વયંસેવકદળ તેનું લશ્કર છે. જો કે એ લશ્કરને

હથિયાર ધારણ કરવાની છૂટ નથી. મહાસભા પાસે પોતાનું પરદેશખાતું અને પ્રચારખાતું પણ છે. મહાસભાને પોતાનો રાષ્ટ્રધ્વજ છે અને મહાસભાનો પોતાનો જાન્યુઆરીનો ૨૬મો દિવસ છે. એ દિવસે હિંદીજનતા ૧૯૨૯ના સંપૂર્ણ સ્વાતંત્ર્યના ઠરાવને જોરશોરથી યાદ કરે છે અને એ ધ્યેયને વરવા માટે મરીફિટવાના શપથ લે છે.

૧૯૩૪માં જ્યારે મહાત્માએ સવિનયભંગની સત્યાગ્રહી ચળવળને સમેટી લીધી ત્યારથી મહાસભામાં જૂના ઉદ્દામો જૂના થઈ જતાં એક નવો ઉદ્દામ પક્ષ પરિસ્થિતિમાંથી ઉગવા માંડયો. એ જ સમયે જવાહરલાલ નહેરૂ અને બીજા લોકનાયકોની અસરથી તથા બદલાયેલી પરિસ્થિતિમાંથી હિંદમાં સમાજવાદી વહેણો વહેવા લાગ્યાં. અત્યાર સુધી કેવળ રાષ્ટ્રવાદના જ કાબુ નીચે રહેલી મહાસભામાં સમાજવાદ ઊગી નીકળ્યો. મવાળોએ સમાજવાદ તરફ નાકનું ટીચકું ચઢાવી કે નજર વંકાવી તેનો પ્રતિકાર કરવા માંડયો અને એ રીતે મહાસભાની અંદર એક જાતના આંતર-કલહની શરૂઆત થઈ ગઈ.

પછી ૧૯૩૭ની સાલમાં ઈંડિયા એકટના નવા બંધારણ પ્રમાણે બ્રિટિશ હિંદના અગિયાર પ્રાંતોમાં ચૂંટણી થઈ. મહાસભાએ પોતાના ઉમેદવારો ઊભા કર્યા અને અગિયાર પ્રાંતો પૈકી સાત પ્રાંતમાં જીત મેળવી. એ રીતે મહાસભા—તે જ મહાસભા જેણે બ્રિટિશરાજ સામે જંગ માંડયો હતો તે બ્રિટિશ રાજની ઘટનામાં જ ગોઠવાઈ ગઈ. હોદ્દા સ્વીકારનો તે સમયે નહેરૂ અને બીજા ઉદ્દામોએ સખત વિરોધ કર્યો અને સમજાવ્યું કે સરકાર સાથેનું આ સમાધાન વિનાશક નીવડવાનું છે. એ રીતે ૧૯૩૪માં શરૂ થએલો ઉદ્દામો અને મવાળો વચ્ચેનો કલહ

ચાર માસ ચાલ્યો; પણ ગાંધીજીના મવાલપક્ષનો આખરે વિજય થયો. મહાસભાએ હોદ્દા સ્વીકાર્યો. સાત પ્રાંતોમાં મહાસભા સરકારની સ્થાપના થઈ, અને વાયસરોયે મહાન કટોકટીના પ્રસંગ વિના પોતાનો ' વેટો પાવર ' ન વાપરવો તેવી મોઢાની સમજૂતી કરી.

મોટા નેતાઓએ અને મહાસભા કારોબારીના કોઈ પણ સભાસદે હોદ્દા પર ન બેસવું પણ મહાસભાના સુકાન નીચે બીજાઓને ઊભા કરવા એમ જવાહરલાલની સૂચનાનો સ્વીકાર થયો, અને મહાસભાવાદીઓના મવાળ પક્ષની બીજી હરોળમાંથી પ્રધાનો ઊભા કરવામાં આવ્યા. એ પ્રધાનો પાછળ રહીને મહાસભા કારોબારીએ દોરીસંચાર કરવાનું નક્કી કર્યું. એ રીતે બીજા વર્ગના મહાસભાવાદી મવાલ નેતાઓ પ્રધાનો બન્યા.

પછી થોડીક મૂંઝવણો ઊભી થઈ. મહાસભાની કારોબારી ને મહાસભાવાદી સરકારો વચ્ચે ક્યાંક ક્યાંક અથડામણ આવી. એ વખતે કારોબારીએ ચાબુક વિંઝવા માંડી. ડૉ. ખરે નામના એક મધ્ય પ્રાંતના વડા પ્રધાનને આજ્ઞાધારક નહિ રહેવાના આરોપસર જાહેરમાં બરતરફ કરવામાં આવ્યા. કારોબારી માટે આ વર્તાવ કઢંગો હતો. આવી બાબતમાં ખૂબ હળવી અને નાજુક રીતે ડૉ. ખરે સાથે કામ લેવું જોઈતું હતું.

નવા બંધારણમાં પ્રધાનો બનાવ્યા પછી મહાસભામાં બે ભય ઊભા થયા. એક એ કે સત્તા પર આવ્યા પછી સત્તાની લોલુપતા મહાસભાના મવાલપક્ષને મીઠી લાગવા માંડી અને તેમણે શુદ્ધ રાષ્ટ્રવાદને પોતાની સત્તાના ચોકઠામાં જકડી દેવા માંડયો. સરકાર ચલાવવાના સકંજામાં મહાસભાનો ઉદ્દેશ ભૂલાયો, મવાળતા વધારે

મોળી થઈ અને આ દશાને હિંદનો ઉદ્દામવાદ શાહીવાદની સાગરીત દશા તરીકે ગણાવવા લાગ્યો.

પ્રાંતીય સ્વાયત્તતા એ બ્રિટન શાહીવાદી નટીનો મોહક મુજરો હતો. એ મુજરાની કુશળતાનો વિજય થયો અને ક્રાન્તિકારી મહાસભા સંસ્થા સરકારી જવાબદારીઓ અદા કરવામાં અટવાઈ પડી. મહાસભાએ મવાળ નેતાગીરીની સલાહથી કાંટાવાળો તાજ પહેરી લીધા અને તાજવાળા પણ સત્તા વિનાના મહાસભાવાદી શાસકો વાયસરોયની ધુંસરીમાં હિંદી જનતાની ધૂરા હાંકવા લાગ્યા. ભારવાહી પ્રધાનોના ખભા પર બોજો જ માત્ર આવ્યો અને 'વેટો-પાવર', રક્ષણખાતું તથા પરદેશખાતું અને ફીડરલ ફાયનેન્સ બ્રિટનનો શાહીવાદ સર્વ હક્ક સ્વાધીન બનાવીને સંભાળી રહ્યો.

મહાસભા સરકારના પ્રધાનો બધા જ મવાળો હોઈ તથા મહાસભાનું સંચાલન મવાળ પક્ષના હાથમાં હોવાથી મહાસભા સરકારોમાં ખાસ કરીને મુંબઈ, સંયુક્ત પ્રાંત તથા બિહાર અને મદ્રાસની સરકારોને ઉદ્દામવાદી મૂંઝવણ મૂંઝવવા લાગી. ઘણાં વરસો સુધી મહાસભાએ જનતાને આપેલાં વચનોને ફરી બોલીને એ પ્રાંતોમાં મહાસભા સરકારે લોકોના મત મેળવ્યા. પછી સરકાર ચલાવવામાં ચૂંટણી-જાહેરનામાં ચવાઈ ગયાં અને મૂંઝવણ વધી. ખાસ કરીને મુંબઈની મહાસભા સરકારના પ્રધાન મિ. મુનશી જેમણે એક વખત પોલીસરાજ સામે સત્યાગ્રહ માંડયો હતો, તેમને પોલીસખાતાના વ્યવસ્થા રાખનારા પ્રધાન તરીકે કામદારો પર ગોળીબાર કરવાનો હુકમ આપવો પડયો, અને રાજગોપાલાચારીને પણ મહાસભાની છબીમાંથી મોઢું બદલીને એવાં જ પગલાં લેવાં પડયાં. સરકારના જૂના અને લોકનિંદિત ત્રાસજનક પોલીસ

કાયદાને પવિત્ર બનાવવો પડયો. કેટલાંયે મહાસભા પ્રધાનમંડળોને ઉદ્દામવાદીઓ કે સામ્યવાદીઓ ઉપરાંત કેવળ મહાસભાવાદીઓને પણ રાજદ્રોહના ગુના સર ગિરફતાર કરવા પડયા. પણ છેલ્લાં ચોવીસ વરસ સુધી એ જ કાયદાને મહાસભાએ હલાહલ જેવો ઝેરી માની ધિક્કાર્યો હતો તેનું શું ?

ઉદ્દામવાદીઓ પૂછે છે કે મહાસભાનું મૂળ જે પૂર્ણ સ્વાતંત્ર્ય પર ઊભું છે તથા મહાસભાનું ધ્યેય જે બ્રિટિશરાજ સાથેનો બધો સંબંધ તોડી નાખવામાં માને છે તેનું શું ? એવા અનેક સવાલો મહાસભાવાદી મવાળ નેતાગીરીને મૂંઝવે છે. અને તોપણ બાટલીવાલા નામના એક મહાસભાવાદી અને સામ્યવાદી નેતાને લડાઈ વિરોધી ભાષણ કરવા માટે છ માસની સખત મજૂરીની જેલ એક મહાસભા સરકારે એનાયત કરી છે અને શાહીવાદ તરફની એ વફાદારીની આગેકૂચ શરૂ થઈ ચૂકી છે. એ ઉપરાંત મહાસભા સરકારને કામદારો અને કિસાનોના નાગરિક સ્વાતંત્ર્ય પર તરાપ મારતા કાયદાઓ કરવા પડે છે, મામલતદારોને લોક હિલચાલ સામે ઉગ્ર પગલાં લેવાના ઈસારા કરવા પડે છે. અમદાવાદ, સોલાપુર અને કાનપુરમાં કામદારો સામે એવા કોરડા વિંઝાઈ રહ્યા છે અને તેથી સામાન્ય મહાસભાવાદીઓનો પ્રકોપ પણ મહાસભાની મવાળ નેતાગીરી સામે પ્રજળી રહ્યો છે. પણ આ બધામાંથી સરકાર ચલાવવાનો અનુભવ મહાસભાને મળશે જ, જેની તેને ખૂબ જરૂર હતી.

૧૯૩૮ના ફેબ્રુઆરીના મહાસભાના ત્રિપુરી અધિવેશનમાં ઉદ્દામો અને મવાળો વચ્ચેનો કલહ જરાક ઊંચો થયો. ૧૯૩૮ના પ્રમુખ શ્રી. સુભાષચંદ્ર બોઝે બીજા વરસ માટે ફરીવાર ઉમેદવારી નોંધાવી. મહાસભાના ચાર આનાના પણ સભ્ય નહિ છતાં અંદરખાનેથી સમુખત્યાર જેવા બનેલા ગાંધીજીએ સુભાષ સામે પટ્ટાભિને

ઊભા કર્યો અને પોતાના મવાળપક્ષને ચૂંટણી જંગમાં ઝૂકી પડવાની હાકલ કરી. સુભાષે પણ મહાત્મા સામે ઉદ્દામદળોને પોતાને માટે અપીલ કરી. ઉદ્દામોના બળની આ કસોટી હતી. હિંદમાં પહેલી વાર ડાબી જમણી પાંખો પોત પોતાના પ્રમુખ માટે ફફડી રહી. જવાહરલાલ પણ ગાંધીજીની સોડમાં જઈને ભરાયા. એક તરફ ગાંધી–પટેલનો મજબૂત મોરચો બંધાયો. બીજી બાજુ સુભાષ બોઝ ઉદ્દામોના પક્ષ સાથે ઝઝૂમી રહ્યા. પરિણામ આવ્યું. બોઝનો વિજય થયો. "બોઝનો વિજય થયો તેમાં મારો પરાજય થયો છે." ગાંધીજીએ કબૂલાત કરી. એ પરાજયમાં ગાંધીજીના ખોળામાં બેઠેલા જવાહરલાલે પણ પરાજય અનુભવ્યો.



ગાંધીજી

કરાડીની પર્ણકુટિમાં : વાઇસરૉયને બીજો પત્ર લખતા.

૯

મિસ્ટર ગાંધી

"I am not a visionary. I claim to be a practical man."

M. K. Gandhi.

તમારા વડવાની વડવાઈ, ભગવાન ઈસુનો પ્રેમધરમ અને મૂડીવાદનું માનરૂપ–બધાનું ભેળસ્વરૂપ તે મિસ્ટર ગાંધી છે, અને તે બુદ્ધ પછીના બીજા મહાપુરૂષ છે.

જુવો જુવો ને ચાલ્યું જાય – દેખો દેખોને સટકી જાય, સમજાય છતાં ન સમજાય તેવું, કળાય તો ય અકળ રહે એવું ગાંધીનું રૂપ એક સાથે અનેક છે. કોણ કહે છે કે એ સાધુ નથી? અને તો ય એ રાજકારણપટુ પણ છે જ છે. અને તો ય એ નંબર એકના તકવાદી છે અને તેથી તો કહીએ છીએ કે સામાન્ય રેખાઓ મિસ્ટર ગાંધીનું ચરિત્ર દોરી શકતી નથી.

દાખલા તરીકે, હિંદને ગાંધીજીએ ધરેલી ભેટ—અહિંસા અથવા સત્યાગ્રહના આચાર—વિચારની છે. અને તો ય અહિંસાની સાથોસાથ એ પોતે બ્રિટનને ગયા વિશ્વવિગ્રહમાં મદદ કરતા હતા. બીજી વાત અપવાસની છે. નૈતિક કારણોથી જ એ અપવાસ કરે છે અને તો ય તેમાંથી વ્યવહારૂ સગવડતા સંભાળી શકે છે. કારણ કે જ્યારે એ જેલમાં અપવાસ કરે છે ત્યારે બ્રિટિશ સરકાર તેમને જેલમાંથી મુકિત આપે છે. જાણે આકાશ તત્ત્વના બનતા હોય તેવા ગાંધીજી અપવાસ કરીને હલકા થઈ શકે છે ને હલકા થઈ ને કારાગારનાં કમાડ ખોલાવી શકે છે. જો કે જેલની બહાર આવવાના સાધન તરીકે અપવાસને વાપરવાનો એમનો પોતાનો ઈરાદો કદી હોતો નથી. એમનો છેલ્લો અપવાસ રાજકોટના રાજાનો હૃદયપલટો કરાવવા ૧૯૩૯માં આવ્યો અને હૃદયપલટા વિના જ બે દિવસમાં ખતમ થઈ ગયો અને અપવાસ વિશેની ગેબી ગૂઢતાને ગુંજારતો ગયો.

એમ જોતાં તો મિસ્ટર ગાંધીના વ્યાઘાતો ઉડીને આંખે વળગે તેવા છે. ત્યારે ગાંધીજી બળવાખોર હતા; પછી એમણે સ્વરાજનું સત્ય (substance) માગ્યું. હવે ગાંધીજીએ નવા બંધારણમાં બ્રિટિશરાજ સાથે હાથ મિલાવ્યો છે. હવે પોતે એમ કહે છે કે સ્વાતંત્ર્ય સત્યાગ્રહથી નહિ પણ બ્રિટિશરાજ સાથેના બંધારણીય સહકારથી મળશે અને તેથી હવે અસહકાર ખતમ થઈ જાય છે. મિસ્ટર ગાંધી જેણે સત્યાગ્રહના સંગ્રામથી બ્રિટિશરાજને થંભાવી દીધું હતું તે જ આજે ઈ. સ. ૧૯૩૯માં બ્રિટિશ શાહીવાદના મહાન હિંદી મિત્ર બની પડ્યા છે.

ગાંધીજીનો બીજો વ્યાઘાત એમનું અસ્પૃશ્યો તરફનું અને વર્ણાશ્રમ ધર્મ તરફનું વલણ છે. મિસ્ટર ગાંધી અસ્પૃશ્યોને આગળ

લાવવામાં પોતાની શકિતનો મોટો ભાગ ખરચે છે. અને તોપણ તેમને હિંદુધર્મમાંથી અળગા કરવાની વાતનો પ્રતિકાર કરે છે. હિંદુધર્મે જ જેમને અસ્પૃશ્ય રાખ્યા છે તેમાંથી તેમને જવા દેવા ઉપરાંતની બીજી બધી આરાધના કરવા ગાંધીજી તૈયાર છે. ગાંધીજીને મન અસ્પૃશ્યો હરિજન હિંદુઓ છે.

એ ઉપરાંતના ગાંધીજીના વ્યાઘાતોમાં તેમનું વિજ્ઞાન તરફનું વલણ છે. ગાંધીજીને મન આજનું વિજ્ઞાન એક અભિશાપ રૂપ છે અને તોપણ પોતે ચશ્મા વાપરી શકે છે અને થર્મોમિટર રાખી શકે છે. ગાંધીજી હિંદુ–મુસ્લિમ ઐકયની વકીલાત કરી શકે છે; પણ કોઈ હિંદુ મુસ્લિમ ધર્મ ધારણ કરે તો નારાજ બની જાય છે. ગાંધીજી આજે હિંદી મહાસભાની આંખો, કરોડ અને આત્મા બની શકયા છે અને તો ય એ મહાત્મા સરમુખત્યાર મહાસભાના ચાર આનાના સભાસદ પણ નથી. એમની પોતાની બધી વસ્તુ તરફની દષ્ટિ ધાર્મિક છે અને તો ય હિંદુધર્મને બાદ કરીએ તો એમનો ધર્મ શો છે તે કહેવું મુસ્કેલ પડી જાય.

એ બધું ભલે રહ્યું. પણ મિસ્ટર ગાંધીનો જીવનઇતિહાસ ખરેખર સાચો રીતે વીરતાથી ભરેલો છે. ગાંધીજીએ લડત કરી જાણી છે અને જીતી જાણી છે. એ લંગોટ મારેલો ને સુકલકડી સરખો નાનકડો માણસ, જે રેંટચક્ર પાસે માલમ પડે છે, જેનું વજન ફકત ૧૧૨ રતલ છે, તેણે હજુ ગઈ કાલે જ દુનિયાએ નહિ દીઠેલા એવા મહાન સામ્રાજ્યને ભીડાવ્યું હતું અને હાર આપી હતી. ત્યાં સુધી હિંદ પરનું બ્રિટિશરાજ એ હિંદનું માઠું નસીબ હતું. એણે એ માઠા નસીબને શિકસ્ત આપી છે.

કેટલાક જુવાન ઉદ્દામ રાષ્ટ્રવાદીઓ ગાંધીજીની આજની મૂઢતાથી ગૂંગળાઈને અધીરા થઈ રહ્યા છે અને બ્રિટિશરાજ

સાથેની ગાંધીજીની દોસ્તી હદ વટાવી જતી હોય તેમ તેમને લાગે છે. લોકો આજે વિચાર કરતા થઇ ગયા છે. વીસ વરસની ઉજળી કારકીર્દિ છતાં ગાંધીજી હવે વધારે પડતા મવાળ થતા જાય છે. ને તેમનું વજન હિંદમાંથી ઘટવા માંડયું છે.

અને તો ય હકીકત છે કે મિસ્ટર ગાંધી હિંદીઓમાં સૌથી મોટી અગત્ય ધરાવે છે. એ પોતે એક ચોક્કસ જાતના સરમુખત્યાર છે.........અને આજે, આજે પણ એ જ આદમીની તાકાત છે કે એક શબ્દના ઉચ્ચાર સાથે, એક નાનકડી આંગળીને ઉંચકવા સાથે રાષ્ટ્રવિપ્લવ પ્રગટાવી શકે છે અને માનવજાતના પાંચમા ભાગમાં—હિંદનાં પાંત્રીસ કરોડમાં સત્યાગ્રહનો રણનાદ જગવીને સંગ્રામને સરજી શકે છે.

૧૦

ગાંધીજીની જીવનકથા

૧૮૬૯ના ઑક્ટોબરના બીજા દિવસે મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ કાઠિયાવાડના પોરબંદર રાજ્યમાં થયો. આજે એમની ઉમર સિત્તેર વરસની છે, જે હિંદમાં ઘડપણ ગણાય છે ને જાપાનમાં પુખ્ત વય કહેવાય છે. ગાંધીજીનું કુળ વૈશ્ય જાતનું અને રૂઢ અમલદાર વર્ગનું છે. ગાંધીજીના બાપા તથા દાદા બન્ને દીવાન હતા. એમના બાપ જેમને ગાંધીજી બહાદુર અને પતનમુકત તરીકે વર્ણવે છે તે ચાર વાર પરણ્યા હતા તથા ગાંધીજી તેમની ચોથી સ્ત્રીનું છેલ્લું ફરજંદ છે. ગાંધીજી પર તેમની ધાર્મિક વિધિવિધાનમાં લત રહેતી ભક્ત માતાની અસર છે. જે અસર ગાંધીજી પોતાની આત્મકથામાં નીચેના શબ્દોમાં વર્ણવે છે :

"મારી યાદ પર માતાની સાધુતાની અસર તાજી છે. માતા ખૂબ જ ધાર્મિક હતી, અને રોજની પ્રાર્થના વિના અન્ન લેતી

નહિ. એણે કોઇ વખત ચાતુર્માસ જતા કર્યાં નથી. એક સાથે બેત્રણ અપવાસો તો અવારનવાર કર્યાં જ કરતી, અને કોઇ ચાતુર્માસ તે એક ટાણું કરતી તો બીજા ચાતુર્માસમાં સૂર્યદર્શન કર્યાં વિના જમતી નહિ. તે દિવસોમાં અમે છોકરાંઓ આકાશ સામે તાકી રહેતાં અને સૂરજ જણાતાં બાને બૂમ પાડતાં. બા સૂરજને દેખવા દોડી આવતી, પણ ઘણી વાર રખડું સૂરજ એ આવે તે પહેલાં ભાગી જતો અને એનું ખાણું પડાવી લેતો. 'કાંઈ નહિ, ભગવાનની ઇચ્છા હું આજે ન ખાઉં એવી છે' બા આનંદથી મન મનાવતી."

નિશાળમાં ભણતા ગાંધીજીને એક મિત્રએ કહ્યું કે, "હિંદીઓ માંસાહાર નહિ કરતા હોવાની નબળા છે અને અંગ્રેજો આપણા પર રાજ કરે છે કારણ તે માંસ ખાય છે."

ગાંધીજીને રાજકર્તા જેવા બળવાન થવાની કળ જડી ગઈ. એમણે નિષેધાયેલો આહાર લેવાનો નિશ્ચય કર્યો અને બકરીનું માંસ ખાધું. પણ પછી? ગાંધીજીની અંદરની આંખો આગળ મરણ પામતું બકરૂં ચિત્કાર કરી રહ્યું. એક વખત એ જીવતું હતું. પછી વધેરાઈ ગયું અને એનું માંસ ગાંધીજીના જઠરમાં જમા થયું હતું. ગાંધીજીની સહૃદય કલ્પના એટલેથી અટકી નહિ. જાણે જઠરમાં બકરું જીવતું થયું હતું. જાણે અંદર ઊભું થઇ જઈને ચિચિયારી કરતું હતું. ગાંધીજીએ કાન દબાવ્યા, આંખો મીંચી, થડકી ઊઠેલા માથાને શાંત કર્યું અને ફરી કોઈવાર માંસાહાર ન કરવાના શપથ લીધા. એ વિષે ગાંધીજી લખે છે કે, "હું દુરાચારના દાવમાં અંધ અને મૂંગો બની ગયો

હતો. હું પાપમાં પટકાઇ પડયો. પણ પ્રભુએ પોતાની અનંત કૃપા વડે મને બચાવી લીધો."

પછી તેર વરસની ઉંમરે મોહનદાસનાં લગ્ન લેવાયાં. તેર વરસ પહેલાં તો ત્રણવાર વિવાહ થઇ ચૂકયા હતા. પણ મોહન-દાસને વરાવેલી છોકરીઓ લગ્ન પહેલાં જ અવસાની ગઈ હતી. તેર વરસના મોહનદાસ ૧૦ વરસનાં કસ્તુરબાઈ સાથે ફેરા ફર્યાં ને પતિ બન્યા. લગ્નોત્સવીયાં ધામધૂમ કરીને વિખરાયાં ત્યારે મોહનદાસ પરણી પરવાર્યાં હતા. એ વિષે ઉલ્લેખ કરતાં ગાંધીજી જણાવે છે કેઃ

"લગનવેળાએ તો હું પરણી જવા માટે આતુર બની રહ્યો હતો અને ત્યારે મને બધું યોગ્ય, આનંદી અને ઉચિત દેખાતું હતું. ત્યારે મને ખ્યાલ નહોતો કે મારું બાળલગ્ન કરી દેવા માટે હું એક દિવસ બાપાને સખત ઠપકો આપીશ........પણ પછી ? મને ધણીપણું ધારણ કરતાં વધારે વખત લાગ્યો નહિ."

લગ્નજીવન વિષે ગાંધીજી લખે છે કેઃ

"કસ્તુરબાઇ નિરક્ષર હતાં. હું તેમને ભણાવવાને ઘણો ઉત્સુક હતો પણ કામવાસનામાંથી સમય બચતો જ નહિ. પરિણામે કસ્તુરબા આજે અરધા સૈકા પછી પણ કેવળ અક્ષરો જ ઉકેલી શકે છે. મને ખાતરી છે કે અમારા પ્રેમમાં કામવિકાર ન હોત તો આજે કસ્તુરબા એક વિદ્વાન સ્ત્રી જરૂર હોત."

જ્યારે મોહનદાસ પંદર વરસના થયા ત્યારે કસ્તુરબાઈને પહેલું બાળક સાંપડયું, અને તે જ અરસામાં મોહનદાસના બાપા મરણ પામ્યા. જ્યારે બાપા મરણપથારી પર હતા ત્યારે

મોહનદાસ પત્ની સાથે વિષયલોલુપ સેજમાં સૂતા હતા. આ પ્રસંગ ગાંધીજીએ આત્મકથામાં પોતાની શરમ તરીકે વર્ણવ્યો છે તથા કહ્યું છે કે, "એ ડાઘને હું કદી વિસરી શકીશ નહિ કે નિવારી શકીશ નહિ."

ગાંધીજીની આખી આત્મકથામાં જાતીય વેગ ખૂબજ મજબૂત દેખાય છે. પાને પાને ગાંધીજીએ પોતાની પાર્થિવ ઇચ્છાઓ અને વિષયવાસના વિષે લખ્યું છે. ૧૯૩૩માં પણ એમણે કહ્યું કે, 'હજુ મેં મારાં કામવિકાર પર છેવટનો વિજય મેળવ્યો નથી.' ચાર ચાર વાર વેશ્યાગૃહ પર જતાં એમને ભગવાને બચાવી લીધા હતા. એમનું પહેલું અને જોરદાર મનોમંથન જાતીય હતું અને દુનિયાની જરૂરિયાતોના ત્યાગની એમની ભાવના પણ જાતીય વેગને અનુલક્ષીને ઉચ્ચારાઈ છે. એમના આજ સુધીના એકે એક ખોરાક સાથેના પ્રયોગો અને બકરીના દૂધની છેલ્લી પસંદગી પણ જાતીય આવેગના વેગને ઓછો કરી દેવાના ઉદ્દેશથી જ છે. ઈ. સ. ૧૯૦૦થી એકત્રીસ વરસની ઉંમરથી એમણે સંભોગનો ત્યાગ કર્યો, ૧૯૦૬માં એમણે અખંડ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી. આત્મસંયમનું ગાંધીજીને મન એ પહેલું પગથિયું છે, અને અહિંસાને માટે પણ તે પહેલું જરૂરી પગલું લેખાયું છે.

હિંદમાં અભ્યાસ પૂરો કર્યા પછી કાયદાનો અભ્યાસ કરવા ગાંધીજીએ લંડન જવાની તૈયારી કરી. તે દિવસોમાં દરિયા પાર જવું એ ધાર્મિક દૃષ્ટિએ અગવડભર્યું હતું. ગાંધીજીએ પરદેશગમન માટે કાકાની મંજૂરી માગી અને કાકાએ કચવાતે મને મંજૂરી આપી. મોહનદાસને સમુદ્રગમન કરવા માટે જ્ઞાતિ બહાર મૂકવામાં આવ્યા પણ એમણે લંડન જવાની વાત પડતી મૂકી નહિ, અને

પરદેશના ખરચ માટે પત્નીનાં ઘરેણાં વેચીને એમણે તૈયારી કરી દીધી. કદી પણ માંસાહાર નહિ કરવાની, દારૂ નહિ પીવાની અને પરસ્ત્રીસંગ નહિ કરવાની પ્રતિજ્ઞા લેવડાવી તેમની ધાર્મિક માતાએ તેમને રજા આપી. મોહનદાસ જુવાન વયે લંડનની ટિકિટ કઢાવી ઊપડયા. એમના માથામાં એક જ મહેચ્છા હતી; બાપાની જેમ દીવાન થવાની.' ૧૮૮૮ના સપ્ટેંબરમાં ગાધીજી ઈંગ્લેન્ડને કિનારે ઊતર્યાં. લંડનમાં આવીને જુવાન મોહનદાસ આ વિચિત્ર ટાપુના રહેવાસીઓ જે પોતાના દેશને ગુલામીમાં રાખતા હતા તેમને જોતા ફરવા લાગ્યા. ત્યારે એક ભાઈબંધ મોહનદાસને શિખામણ દેતો હતો. "બીજાની વસ્તુને તેની રજા વિના અડકવું નહિ; ગોરાઓના આ મુલકમાં પહેલી ઓળખાણે પ્રશ્નો પૂછવા માંડવા નહિ; મોટેથી વાત કરવી નહિ."

જુવાન ગાંધીએ એ શિખામણો ગોખી લીધી અને પછી ૧૦ પૌંડની કિંમતનો પોશાક ખરીદ્યો અને ફ્રેંચ તથા લેટિન ભાષા શીખવા માંડી, નાચ કરવાના પાઠ લેવા માંડયા અને શુદ્ધ નિરામિષ ખોરાક શોધવા ભટકવા માંડયું. લંડનમાંના હિંદી કોલોનીમાં જુવાન મોહનદાસને મિત્રો મળ્યા અને નિરામિષ સંસ્થાની કાર્યવાહીમાં જોડાયા. શરમાળ ગાંધીજી નીચેથી ઊંચું જોઈ શકતા નહિ. એમણે પહેલું ભાષણ આપ્યું તે કાગળ પર લખેલું વાંચ્યું, અને તે પણ મહા મુશ્કેલીથી.

એમ લંડનનું ભણતર ભણાયું અને ગાંધીજી હિંદ પાછા આવ્યા. પાછા આવીને એ નવા બૅરિસ્ટરે મુંબઈમાં પ્રેકટીસ શરૂ કરી. બૅરિસ્ટર મોહનદાસે વકીલાત શરૂ કરી. પહેલા કેસમાં પોતે સામા પક્ષના એક સાક્ષીને સવાલ પૂછવા ઊભા થયા. પણ ત્યાં તો

ઘણા વખતથી પકડી રાખેલો સવાલ સટકી નાંડો અને ગાંધીજીને કંઈ જ પૂછ્યા વિના બેસી જવું પડ્યું.

૧૮૯૩ની સાલમાં બૅરિસ્ટર મોહનદાસ હિંદમાં કંઈ વકીલાતનું કામ ન ચાલવાથી આફ્રિકા જવાની તૈયારી કરી રહ્યા. શરૂઆતમાં બ્રિટિશ સામ્રાજ્યવાદના વફાદાર નાગરિક તરીકે ગાંધીજીનું વર્તન રહ્યું પણ પછી ગોખલે અને બીજા હિંદી નેતાઓની હોમરૂલની ચળવળમાં એમણે રસ લેવા માંડ્યો.

પછી બોર વિગ્રહ અને ઝૂલુ બળવો ફાટી નીકળ્યા. એ બન્નેમાં બ્રિટિશ શાહીવાદના મળતિયા તરીકે ગાંધીજીએ સરકારને ઘણી મદદ કરી અને સરકારી અભિનંદનો મેળવ્યાં, અને ૧૯૧૪ના યુદ્ધ વખતે તો શાહીવાદને મદદ કરવા દોડી ગયા હતા.

આફ્રિકાના વાસ દરમિયાન ગાંધીજીને ગુલામ હિંદી જાતિના હોઈ ડગલે ને પગલે પોતાની પરાધીનતાનો ખ્યાલ આપનારાં માનભંગ, અપમાન અને ધોલધપાટ તથા લાતપાટુ પણ મળ્યાં અને તેમને એક કૂલીની જેમ ગણવામાં આવ્યા. એમને માટે હોટેલમાં જગા નહોતી, કારણ કે તે પરાધીન મુલકના વતની હતા.

એ બધા જીવનસંજોગોમાં ગાંધીજીના જીવનમાંથી બે પ્રવાહો ફૂટ્યા. એક તરફ ઉગ્ર થતા હિંદી રાષ્ટ્રવાદમાં એમને રસ પડતો ગયો; બીજી રસ્કિન અને ટૉલ્સ્ટૉયની અહિંસાની વિચારસરણી પર એ વિચાર કરતા થયા. ધીમે ધીમે વકીલાતમાં અહિંસા આવતાં તે ધીકતી ગઈ અને વાર્ષિક વીસ હજાર રૂપિયાની પેદાશ સુધી પહોંચી. એ પેદાશને સમેટીને એમણે એક ગરીબાઈને વરેલું કોલોની સ્થાપ્યું તથા દક્ષિણ આફ્રિકાના હિંદીઓ તરફથી 'ઈંડિયન ઓપીનિયન' નામનું એક છાપું શરૂ કર્યું તેમજ હિંદમાં ચાલતી

શાહીવાદ સામેની લડતને આલેખતું એક 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક લખ્યું. દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓના હવે બૅરિસ્ટર મોહનદાસ એકના એક નેતા બની રહ્યા તથા એક પછી બીજા સત્યાગ્રહો ખેલી રહ્યા, તથા ત્રણ વાર જેલમાં જઈ આવ્યા. એ લડતની સાથેસાથ ગાંધીજીએ પોતાની જાત સાથેની લડત પણ શરૂ કરી દીધી હતી. ખાણાપીણા સાથેના અવનવા અખતરા આદર્યા હતા; માંસ, ચા તથા સૂર્યાસ્ત પછીનાં ખાણાંનો ત્યાગ કર્યો હતો અને સોમવારને મૌનદિન બનાવ્યો હતો. બ્રહ્મચર્યને માટે બકરીના દૂધને પસંદ કર્યું હતું, પણ દૂધ તો કેવળ શાકાહાર ન કહેવાય તેનું શું ? એવી એવી અનેક મથામણો પર તળે ઉપર થતા બૅરિસ્ટર મોહનદાસ હવે ગાંધીજી બની ચૂક્યા હતા તથા પીસતાળીસ વરસની ઉંમરે ૧૯૧૪ની સાલમાં હિંદ પાછા આવવા ઊપડી ચૂક્યા હતા.

૧૧

દરિયાપારથી જાદુગર આવ્યો

Out of South Africa there came a wizard across the seas.

Mrs. Sarojini Naidu.

ત્યારે ય જાદુગરો જ આવ્યા'તા, ચમચા લાવ્યા'તા ને ચાટલાં લાવ્યા'તા, વેપારીઓ થઈને આવ્યા'તા ને ગોરાં મોઢાં મલકાવી સુધારાની વાતો કરતા હિંદની ધરતી પર જામી પડ્યા હતા. ત્યારે તેમની જમાવટની જંજીરોને જોઈ તેમને હિંદના દાદા દાદાભાઇ નવરોજીએ શાપ આપ્યો. એ શાપને સાચો કરવા જાણે દરિયા પારથી દોડી આવતો હોય તેવો એક આવ્યો ને ૧૯૧૫ની સાલમાં હિંદને કિનારે ઊતર્યો.

જાદુગર જેવો જ તે હતો. બટાકા સરખું ને સુકલકડી શરીર હતું. અંગરખાની કાંસો તાણી બાંધી હતી. ટૂંકી પોતડી પહેરી હતી. ને માથે મોટી કાઠિયાવાડી પાઘડી ઓઢી હતી ને બોલતો

હતો કે આફ્રિકાથી આવ્યો છું ને સત્યાગ્રહ લાવ્યો છું. એ સાંભળીને હિંદની ગોરી સરકાર ઘડીભર ગોટાળભર થઈ રહી. કારણ કે એ શાહીવાદી સરકારને ગાંધીજીના એ સત્યાગ્રહનો પરચો આફ્રિકામાં પડયો હતો. સરકાર તેને સંભાળી રહી. પાછો જાદુગર બોલ્યો, 'અને અહિંસા લાવ્યો છું.' ત્યારે ય સરકાર સળવળતી.

એમ જાદુગર આવ્યો ને એણે આખું ૧૯૧૪નું વરસ હિંદની ધરતી સુંઘવામાં વિતાવ્યું અને ૧૯૧૫ની સાલમાં અમદાવાદમાં કોચરબ–પાલડીના રસ્તા પર એક બંગલો ભાડે લઈ ત્યાં આશ્રમ નાખ્યો. એ આશ્રમમાં એણે ગરીબોને આણ્યા, ઢેડને આણ્યા, સત્યાગ્રહ અને અહિંસાના ઉપાસકોને આણ્યા. આફ્રિકામાં હતો તેવો આ આશ્રમ – ગાંધી આશ્રમ – દરિદ્રનારાયણની પૂજા કરવા પ્રેમનો નિયમ સમજાવી રહ્યો.

જાણે પ્રેમના નિયમની ઘાતકી ઠેકડી કરતો હોય તેવો શાહીવાદનો ઘાતકી નિયમ ખૂનામરકીની રચના યુરોપમાં પુકારતો હતો.

ઉતાવળાં રમખાણ, ઉતાવળા ગોળીબાર, ઉતાવળા હત્યાકાંડ બધું કરપીણ કાળની ખૂની ગતિ વધારતું દોડતું હતું ને ઉતાવળું ફફનાતું હતું. ફાટી ગએલી ખોપરીઓ, વછૂટી ગએલાં અંગ, લટકી પડેલાં આંતરડાં, હવાને બદલે લોહીથી ભરાઈ ગએલાં ફેફસાં, એવું બધું યુરોપને આંગણે ઉભરાતું હતું. શાહીવાદી રાજતંત્રો ચરી ખાવાની દુનિયા વહેંચવા માટે બાથે પડયા હતા.

ત્યારે સૌથી વડી રાજ-સત્તા ને બ્રિટનનો સૌથી મોટો શાહીવાદ અવળ વાણી ઉચ્ચારતો હતો, અવળ ઠમકો ઠમકાવતો કહેતો હતોઃ "અમે તમને સ્વરાજ આપશું." અમદાવાદમાં સત્ય ને અહિંસાની ઉપાસનામાંથી ગાંધીજી પણ મોહાયા ને શાહીવાદના સાથમાં સામેલ

થઈને સાક્ષાત રણભૂમિ પર કવાયત કરતા થઈ ગયા. હિંદે સંતની સલાહથી, ૧,૨૧૫,૦૦૦ કિસાન કામદારોને ઝખ્મે થવા મોકલી આપ્યા, જેમાંથી ૧,૦૦૦,૦૦૦ સંહાર પામ્યા ને યુરોપનાં સમરાંગણ પર હંમેશને માટે સૂઈ ગયા.

પછી યુદ્ધ પૂરું થયું ત્યારે ૧૯૧૭ની સાલ આવી હતી. મહાત્મા બનેલા ગાંધીજીને આપેલા વચનનો વિજેતા શાહીવાદે ફેંકડી કરીને ભંગ કર્યો હતો. હિંદનું રાજકીય વાતાવરણ ખદબદી ઊઠયું હતું. હિંદ પર વિંઝાતા શાહીવાદી કોરડાને વચમાંથી ચીરીને તેની બે ફણાઓ કરવામાં આવી હતી. તેની સામે ડૉ. બિસેન્ટે હોમ–રુલની જેહાદ જગાવી હતી.

ગાંધીજીનો ભરમ ભાંગીને ભૂક્કા થયો. એમણે શાહીવાદે સેવાના બદલામાં આપેલો કૈસરે–હિંદ ચાંદ ફેંકી દીધો. વધારામાં 'કાળો–કાયદો' આપીને શાહીવાદે તેમની ઘાતકી મશ્કરી કરી. ગાંધીજીએ તેના વિરોધમાં હિંદભરમાં હડતાલ પુકારી. ૧૯૧૯ના એપ્રિલમાં સરકારે અમૃતસરમાં જલિયાંવાલા બાગની લોહીલુહાણ રચના કરી. બાગ પર સેંકડો શબ સૂઈ ગયાં ને સેંકડો ઘવાયલાં સડતાં થયાં. આ કત્લેઆમ પછીનો જુલ્મ વધારે જહાંગીરી હતો. શાહીવાદ જૂઠ હતો ને શાહીવાદ સંહાર પર જ નભતો હતો, તે સત્ય ગાંધીજીએ જોયું, સૌને દેખાઈ ગયું. જલિયાંવાલા પર સૂતેલાં મડદાંએ પ્રાણની ધમણ ધીખવી, જલિયાંવાલા પર થીજેલાં લોહીએ હિંદનાં ખમીર ઉકળતાં કર્યાં. હિંદ આખાએ આળસ મરડી આવાહન આપ્યું. એ ગર્જના હતી પણ સંહારની નહિ; સત્યાગ્રહની. ગાંધીજી સત્યાગ્રહના સરદાર બન્યા.

સત્યાગ્રહના રણલલકારે હિંદી નસોમાં લાવા રેલાવ્યો, સત્યાગ્રહની રણખંજરીએ હિંદી પ્રાણમાં ઝંઝાવાત જગવ્યો, સત્યાગ્રહનો

મંત્ર હિંદી જનતા ગળથુથીમાંથી પામેલી હોઇને સમજી ગઈ. સમજી ગઈ ને સળવળી ઊઠી. જાણે કેશવાળી ખંખેરતો વનરાજ વિફરે તેમ હિંદ સત્યાગ્રહના શપથ લેતો બેઠો થઈ ગયો.

ગાંધીજીએ વાઈસરૉયને તત્કાલ પુકારતો પત્ર પાઠવ્યો.

"હું દુઃખ સાથે આપ નામદારની સરકાર પાસેથી દક્ષિણ આફ્રિકામાં મળેલો કૈસરે-હિંદનો સુવર્ણ ચંદ્રક, ઝૂલુ લોકોના બળવા સામે આપ નામદારની સરકારને કરેલી મદદ બદલ મળેલો ચાંદ અને બોર લોકોએ કરેલા બળવા સામે પણ આપ નામદારની સરકારને મદદ કરવા બદલ પણ મને મળેલો ચાંદ પાછો મોકલું છું. હું હવે જે સરકાર એક જુહાણા પછી બીજા જુહાણાનો આશરો લે છે તેવી સરકારને માટે માન કે પ્રેમ રાખી શકતો નથી.

"તેથી મેં અસહકારનો આશરો લીધો છે તથા મેં તે હથિયારથી સરકાર સાથેનો સહકાર અહિંસક રહીને છોડી દેવાનો આગ્રહ રાખ્યો છે. એથી સરકારને પાછા હઠવાની અને અનિષ્ટો સમેટી લેવાની ફરજ પડશે."

પણ મહાત્મા ખોટા હતા. સરકાર તેથી પાછી હઠી નહિ પણ યુદ્ધે ચઢી. હિંદ પર જંગ ખેલાયો. મહાસભાએ યોગ્ય અને શાંતિમય સાધનોથી સ્વરાજ મેળવવાનો પોતાનો નિરધાર ચોખ્ખો કર્યો અને ગાંધીજીની સરદારી નીચે આખો વ્યવહારુ કાર્યક્રમ ઘડી કાઢ્યો. ગાંધીજી મહાસભાના સરમુખત્યાર બન્યા. હિંદ રાષ્ટ્રે બ્રિટિશ માલનો બહિષ્કાર પોકાર્યો, પોતાનાં બાળકોને સરકારી શાળામાંથી ઉઠાડી લીધા, સરકારી અદાલતો ખાલી કરી, સરકારી નોકરીઓ છોડવા માંડી, માન ચાંદ પાછા કાઢ્યા ને ખાદીનો પોશાક ધારણ

કર્યો. પ્રજાજાગૃત્તિનું મોજું હિંદનાં ગામેગામ ફરી વળ્યું. ગામેગામ રેંટિયાનાં ચક્રો ફરતાં થઇ ગયાં. મહાસભાને આપમેળે પોતાનો પહેરવેશ મળી ગયો. ખાદી રાષ્ટ્રપોશાક બની.

પછી ૧૯૨૧ની સાલ આવી, અને ચૌરીચૌરાનો બનાવ લાવી. જાગ્રત થએલી જનતા જમીનદારો સામે પણ જેહાદ માગતી હતી અને શાહીવાદ સામે બળવો પુકારતી હતી. ઉશ્કેરાયેલા લોકોએ આક્રમણ કર્યું. થોડાક પોલીસો ઘવાયા. લશ્કરે ગોળીબાર ચલાવ્યો. લોહી રેડાયું.

એકાએક ને અચાનક ચમકી ઉઠેલા ગાંધીજીએ આખી લડતને સમેટી લીધી અને કહ્યું કે "ચૌરીચૌરાએ દેખાડી આપ્યું છે કે દેશ સત્યાગ્રહ માટે તૈયાર નથી. પોતે લડત શરૂ કરવામાં કરેલી હિમાલય જેવડી ભૂલ માટે પસ્તાવો કરતા ગાંધીજીએ લોકોને વખોડી કાઢયા અને ફાટી નીકળેલી હિંસા માટે પોતે જવાબદાર છે એમ કહી પોતાની જાતને શુદ્ધ કરવા બેસી ગયા.

૧૯૨૨માં ગાંધીજી ગિરફતાર થયા. સંગ્રામ સમેટીને બેઠેલા હિંદના એ જાદુગરે સરકાર જોગ નીચેના શબ્દો ઉચ્ચાર્યા.

> "મને ગિરફતાર કરવામાં સરકારનો શો ઇરાદો હશે? સરકાર મારી દુશ્મન નથી. તેની સામે મારા દિલમાં દુશ્મનાવટનો એક કણ પણ નથી. પણ તેઓ માને છે કે આ બધી ઉશ્કરણીનો હું પ્રાણ છું અને મને ગિરફતાર કરવાથી સરકાર અને હિંદી પ્રજા વચ્ચે શાંતિ થઈ જશે........
>
> "......તેથી મને ગિરફતાર કરવાનો એક જ માર્ગ તેમની પાસે રહે છે. હું ઇચ્છું છું કે લોકો સંપૂર્ણ સંયમ જાળવી રાખે તથા મારી ગિરફતારીને આનંદથી વધાવી લે."

પછી અદાલતમાં યાદગાર કેસ ચાલ્યો. ગાંધીજીએ પ્રોસીક્યુટરને કહ્યું કે, 'મારા ગુનાઓ આપ કહો છો તેથી પણ ઘણા મોટા છે.' ગાંધીજીએ ન્યાયાધીશને પોતાને વધારેમાં વધારે શિક્ષા આપવા વિનંતિ કરી. ન્યાયાધીશે ગાંધીજીને છ વરસનું કારાગાર ફરમાવ્યું. "આપનો આભાર." ગાંધીજીએ આભાર માન્યો. પણ પછી ૧૯૨૪માં ગાંધીજીને છોડવામાં આવ્યા. પછી બીજે જ વરસે કોહટમાં હિંદુ–મુસ્લિમ રમખાણ થયું. રમખાણનું પાપ ધોવા ગાંધીજીએ એકવીસ દિવસના અપવાસ જાહેર કર્યા અને જણાવી દીધું, "મારા અપવાસ મારી અને ભગવાન વચ્ચેની બાબત છે. ......"

આખો દેશ શ્વાસ અટકાવી અપવાસના સમાચાર સાંભળી રહ્યો. એકવીસ દિવસે આખા દેશનું વાતાવરણ એક વ્યક્તિના નામથી ઉભરાવી દીધું. એકવીસમે દિવસે ગાંધીજી મહાત્મા બની ચૂક્યા હતા. અને નારંગીના રસનું આચમન કરતા પારણું કરતા હતા ત્યારે તેમનામાં બોલવાની ય શક્તિ નહોતી.

પછી પાંચ વરસો વહી ગયાં અને ૧૯૩૦માં મહાસભાએ સંપૂર્ણ સ્વાતંત્ર્યની ઘોષણા કરી અને તે જ વખતે ઇરવીને હિંદના ભાવિમાં ડોમિનિયન સ્ટેટ્સથી વધારે કંઈ જ નક્કી થયું નથી તે વાત સંભળાવી દીધી.

ફરી પાછાં દુંદુભિ વાગ્યાં, ફરીવાર પાછી રણખંજરી ખખડી ઉઠી, એકવાર ફરીથી પાછા કેસરિયા વાગા ફફડી ઊઠયા. ફરીથી પાછા મોરચા મંડાયા. ગાંધીજીએ ઇરવીનને પત્ર લખ્યો કે હિંદને માટે બ્રિટિશ હકુમત એક શાપ સમાન છે. ગાંધીજીએ ઇરવીન પાસે પોતાની માગણીઓ મૂકી અને સ્પષ્ટ કર્યું કે સરકારની શયતાનિયતનો નાશ શ્વાસે શ્વાસે ઇચ્છી રહ્યા છે.

ગાંધીજીની માગણીઓ નકારઇ અને જવાબમાં ૧૯૩૦નો સત્યાગ્રહ શરૂ થયો.

દાંડી પરની લૂણકૂચ શરૂ થઈ. દુનિયાએ એ કૂચને ચીનના લાલ લશ્કરની કૂચ જેવી અસાધારણ આલેખી છે. પગપાળા સત્યાગ્રહીઓની એ કૂચે હિંદને એક છેડેથી બીજે છેડે આગ લગાડી. છેવટે સત્યાગ્રહીસેના દાંડીકિનારે પહોંચી. મહાત્મા સાગરકાંઠે નીચા નમ્યા અને સરકારી કાનુન તોડી મીઠાની મૂઠી ભરી. હાથમાં હિંદની ભૂમિ પરનું મીઠું રાખી મહાત્માએ શપથ લીધા.

"હું કૂતરાને મોતે મરીશ, મારાં હાડકાં ભલે કૂતરાં ચાટતાં, પણ હું હાર પામીને પાછો ફરીશ નહિ" *

પણ ગાંધીજી હાર પામ્યા હતા, અને ૧૯૩૦ ની મહાન રાષ્ટ્રીય હિલચાલ ૧૯૩૬ સુધીમાં શમી ગઈ હતી. સરકારે દમનરાજ માંડી દીધું હતું. લાખો લોકો કારગારમાં સડયાં હતાં, સેંકડો મરણ પામ્યાં હતાં, ગોળીબાર થયા હતા. લાઠીમાર, એ સરકારી દારૂણ દમનની દરરોજની વાત બની ગઈ હતી.

એક તરફ દમન દાખવતી સરકાર બીજી બાજુ બંધારણની જાળ રચતી હતી. ગોળમેજી ભરીને બ્રિટનના શાહીવાદે ભૂલભૂલામણી જેવા નવા તંત્રની ભેટ તૈયાર કરી હતી.

અને પછીનાં વરસો દરમ્યાન ગાંધીજીની સરદારી નીચે મહાસભાએ પણ બંધારણમાં બંધાવાની મુરાદ સેવવા માંડી હતી. એ

* I would rather die a dog's death and have my bones, licked by dogs than that I should return broken. "

રીતે શાહીવાદ સામેના સત્યાગ્રહના પરિણામમાં શાહીવાદ સાથેનો બંધારણીય સહકાર દેખાઈ રહ્યો.

આજે ગાંધીજીની સરદારી નીચે મહાસભાએ નવા બંધારણમાં હોદ્દાઓ સ્વીકાર્યાં છે અને જે સરકારનો સામનો કરી સંપૂર્ણ સ્વાતંત્ર્યનો જંગ જગાવ્યો હતો તે જ સરકારના સંચાઓમાં તેલ પૂરવા માંડ્યું છે.

મહાત્મા ગાંધીજીનું ૧૯૩૧ થી ૧૯૩૯ સુધીનું વર્તન કોઈને પણ અનેક મૂંઝવણોમાં નાખી દે તેવું છે. થોડોક સમય જેલમાં રહ્યા પછી તરત જ એમણે ૧૯૩૧ માં ઈર્વીન સાથે સંધિ કરી અને તે પછી મહાસભાના એક પ્રતિનિધિ તરીકે ગોળમેજીમાં બેઠા. હિંદમાં આવ્યા પછી તરત જ પાછા જેલમાં ગયા. પછી તરત જ તેમણે હરિજનો માટે આમરણાન્ત ઉપવાસ આરંભ્યા. પછી જેલમાંથી બહાર નીકળી સત્યાગ્રહને એકાએક સમેટી લીધો અને સત્યાગ્રહને પાછો ખેંચવાના કારણમાં એક મામૂલી વ્યકિતગત કારણ રજુ કર્યું. ૧૯૩૪ માં મહાત્મા ગાંધી ગામડાંમાં જવા માટે મહાસભાના ચાર આનાના સભાસદ પણ મટી ગયા અને તો ય પાછલે બારણેથી મહાસભાની સરમુખત્યારી પોતાના જ હાથમાં સાચવી રાખી, અને મહાસભા સરકારોની પ્રવૃત્તિઓ પર અહિંસાની સીટી મારે રાખી, તથા ખેડૂત મજૂરોના વર્ગીય હિલચાલમાં હિંસા ફાટી નીકળવાની બીક સેવ્યા કરી.

એવા મહાત્મા આજે હિંદી રાજકારણમાં વિનિત બળ બની રહ્યા છે. એમણે જાતે ત્રિપુરીમાં ઉદ્દામ લાગવગ પર ફટકો માર્યો. મહાત્મા મિત્રોને કહે છે કે મિથ્યાભિમાનની પળોમાં પોતે એમ માને છે કે પોતે હિંદને શાહીવાદમાંથી મુકત કરવા નિર્માયા છે. પણ સાચી વાત તો એ છે કે ગાંધીજી જીવશે ત્યાં સુધી બ્રિટિશ

શાહીવાદની હસ્તી જોખમાશે નહિ પણ તેમના મરણ પછી હિંદમાં રાષ્ટ્રવાદનાં ઉદ્દામ પરિબળો છૂટ્ટાં મૂકાશે. બ્રિટિશ રાજને માટે ગાંધીજીનું મરણ મોટી કટોકટી બનશે.

અને તોપણ કેવું ભવ્ય અને ઝાકઝમાળ એ જીવન છે! ગાંધીજીએ દેશને નવો પ્રાણ આપ્યો છે અને તેમાં તેની સફળતા છે. જ્યારે મહાત્મા જશે ત્યારે તેનો ભગવાન ગમે તેવો હશે તો ય તેના પર ભાવમય વર્તાવ કરશે.

૧૨

મહાત્માની જીવનચર્યા

હમણાં હમણાંના મહાત્મા વર્ધા પાસેના સેંગાવ ગામમાં રહે છે. એ હિંદનાં પછાત ગામોમાં નમૂનારૂપ છે તથા તેમાં હરિજનો વસે છે.

જાણે કોઈ હોડકાનો સઢ ખુલી ગયો હોય, જાણે કોઈ પંખીની પાંખમાં પવન ભરાયો હોય તેવા મહાત્મા, હાથમાં લાકડી લઈને, કેડ પર કચ્છ મારીને, વહેલી પ્રભાતે દોડતા હોય તેમ ચાલે છે અને ત્યારે તાજામાજા દેશી કે યુરોપિયન મહેમાનો પણ મહામહેનતે એની ચાલ સાથે પોતાનાં પગલાં રાખી શકે છે.

પણ સૌથી વધારે અગત્યની પ્રાર્થના છે. દરરોજની કસરત કરતાં ય તે વધારે મહાત્મ્ય ધરાવે છે. સવારમાં અને સાયંકાળે બે વાર પ્રાર્થના થાય છે. સાંજની પ્રાર્થના જાહેર કાર્યક્રમ જેવી

હોય છે અને તેમાં આખો આશ્રમ તથા ગ્રામવાસીઓ પણ ભેગાં મળે છે.

મહાત્માજી માંસ ખાતા નથી જ, પણ રાંધેલો ખોરાક પણ ઘણા ઓછા પ્રમાણમાં લે છે. પરન્તુ તે પોતે ખોરાક ઘણો જ થોડો ખાય છે તેમ કહેવું તે સાચું નથી. મહાત્મા ખજુર ખાય છે, બકરીનું દૂધ પીએ છે, નાળિયેર ખાય છે, એક મોટો ચમચો ભરીને મધ ખાય છે, વાડકો ભરીને તાજું શાક ખાય છે, જોઈએ તેટલાં ફળ ખાય છે અને નારંગી, પાઈનેપલ્સ, પીચ, તથા કેરી તો ખુબ ખાય છે.

એમને ખુબ સખત કામ રહે છે. જ્યાં એ જાય છે ત્યાં મુલાકાતો ઉભરાય છે. જ્યાં એ વાસ કરે છે ત્યાં જાણે હિંદનું પાટનગર સરજાઈ જાય છે. એમની સાથેની વાતચીતો પછી 'હરિજન'માં બહાર પડે છે. એ મોટો પત્રવ્યવહાર જાળવી રાખે છે તથા પછી ચાલીસ મિનિટ સુધી ગરમ પાણીમાં સ્નાન કરીને સરસ આરામ મેળવી શકે છે. ટબમાં પડયા પડયા વાંચે છે ખરા, અને સ્નાનમાંથી પરવારીને સુઈ જાય છે.

મહાત્મા પાસે પાંચ જાતનો ગામડાં માટેનો કાર્યક્રમ છે. એક ગામડામાં રેંટિયો ફરતો કરવો, ગામડાંના શિક્ષણને ધંધાદારી-વાળું બનાવવું, જનસુખાકારીમાં સુધારો કરવો અને હરિજનોને પાછા સમાજમાં લાવવા. એ બધા ઉપરાંત ગ્રામ ઉદ્યોગોને ઉત્તેજવા.

ગાંધીજીને પોતાના અંગતખર્ચ માટે ઘણા ઓછાં નાણાંની જરૂર પડે છે. ગાંધીજીની આસપાસ શ્રીમંત લોકોનાં મંડળ ફરતાં જ રહે છે. ગાંધીજીએ જુવાન સમાજવાદીઓને પોતાની આર્થિક વિચારણાથી નિરાશ કરી નાખ્યા છે. હમણાં જ એમણે એક જુવાન

સમાજવાદીને કહ્યું હતું કે પોતે બંન્નેમાં માને છે, ખાનગી મિલકતની અંગત માલિકીમાં અને રાષ્ટ્રવાદમાં. એ વાતની સ્પષ્ટતા મહાત્માએ નીચેના શબ્દોમાં કરી છે, "દાખલા તરીકે હું એક મીલ ખરીદી લઉં અને પછી મજૂરોને હું સારી રોજી આપું; તે જ સમાજવાદ છે," *

નજદીકના અને મિત્રો તેમને 'બાપુ' કહે છે. શરૂઆતના દિવસોમાં તે 'ભાઈ' કહેવાતા. ઘણા લોકો એમને ગાંધીજી કહીને સંબોધે છે. કોઈવાર બાપુજી અને મહાત્માજી પણ કહેવાય છે. આજકાલ તો તેઓ મહાસભાના 'હાઈ કમાન્ડ' (High Command) કહેવાય છે.

શરીરે તો સાજા તાજા છે જ પણ કોઈ કોઇ વાર લોહીના દબાણથી પીડા પામે છે. અપવાસ કરવાની આદતથી તે શરીર પરનો કાબુ ઠીક મેળવી શકયા છે. કોઈવાર એ કહે છે કે હું જરાક પચીસ મિનિટ ઊંઘી લઉં. પછી એ આડે પડખે થાય છે ને તરતજ ઘસઘસાટ ઊંઘવા માંડે છે અને બરાબર પચીસ મિનિટે જાગે છે. જ્યારે એ ગાડીમાં મુસાફરી કરે છે ત્યારે સૂતા પછી તરતજ ત્રીસ પળમાં જ ઊંઘવા માંડે છે એમ એમના સાથીદારો કહે છે. એક વખત એ પંડિત મોતીલાલ નેહરૂને ઘેર જતી મોટરકારમાં ઊંઘતા હતા. રસ્તામાં મોટરકાર ખટકાઈ, અને અને અંદર બેઠેલા બહાર ઉછળી પડયાં. ગાંધીજી પણ પડયા હતા પણ પાછા રસ્તા પર જ ઊંઘવા માંડયા હતા.

એવા મહાત્મા કોઈ મૂંઝવે તેવી ગંભીર વ્યક્તિ હશે એમ ધારી લેવાય. પણ તેમને તો હસવાનું ખૂબ જ ગમે છે. વાતવાતમાં

* "I purchase a mill, for example, then I give the people good wages; that is socialism."

હાસ્ય ખખડી ઊઠે છે. એક વખત એ કહેતા હતા કે જો હું ખુશ મિજાજી ન હોત તો મેં આપઘાત કર્યો હોત!

ગાંધીજી એમનાં સ્ત્રી કસ્તુરબાના સદ્‌ગુણોને બહુમાનથી વખાણે છે. કસ્તુરબાનો સૌથી મોટો સદ્‌ગુણ તો ગાંધીજીને મન એ છે કે, ઇચ્છા કે અનિચ્છાથી, જાણતાં કે અજાણતાં, તે ગાંધીજીને પગલે ચાલવામાં પોતાને ધન્ય સમજે છે અને ગાંધીજીના સંયમી જીવનમાં કદિ આડે નથી આવતાં. ગાંધીજી લખે છે:

> "જેમ હિંદુધર્મની મારી લાગણીઓ તેમજ મારી પત્ની તરફની મારી લાગણીઓ હું વર્ણવી શકતો નથી. દુનિયાભરમાં બીજી કોઈ પણ સ્ત્રી ન કરી શકે તેવી અસર તેણે મને કરી છે. હું એમ નથી કહેવા માગતો કે તેનામાં દોષો જ નથી. કદાચ હું જોઈ શકું તેથી ય ઘણા વધારે હશે પણ અમારા બેની વચમાં અવિભાજ્ય બંધનની લાગણી છે."

મહાત્માને ચાર દીકરા છે. તેમાંનો એક તો મોટી નિરાશા છે, બીજા બે પત્રકારિત્વમાં પડયા છે. ચોથો દિકરો રાજગોપાલાચારીની દીકરી સાથે પરણ્યો છે.

એવા મહાત્મા ગાંધીજીના બળનું એક કારણ ગામડાંઓ વિષેનું તેમનું જ્ઞાન છે. હિંદનાં સાત લાખ ગામડાંઓ પૈકી ગાંધીજીએ ઘણાં જાતે જોયાં છે. ગાંધીજીની મુસાફરી રેલ્વેના ત્રીજા વર્ગમાં હોય છે. ગાંધીજી દરિદ્રોને આરાધે છે અને તે રીતે ગરીબાઈની પૂજાથી અકિંચનોનો અસંતોષ ઓછો કરવા માગે છે. ગાંધીજીને જીવનમાં સંતોષ ને શાંતિ જોઈએ છે તેથી જ તે ધ્યેયની પ્રાપ્તિ માટે પણ શાંતિ અને સંતોષને વર્ગવિગ્રહનો સામનો કરવા ધરે છે તથા વર્ગમેળને પ્રબોધે છે. એમને મન સાધન અને સાધ્ય એક જ છે.*

જ્યારે ૧૯૩૪માં ગાંધીજીએ મહાસભાના સભ્યપદનો ત્યાગ કર્યો ત્યારે નિષ્પક્ષ અને પ્રમાણિક રહેવાના ઉદ્દેશથી કર્યો હશે. જ્યારે ગાંધીજીના દોષો વિષે હિંદમાં લોકો વાત કરે છે ત્યારે ગાંધીજીનો પહેલો દોષ તેમની સરમુખત્યારશાહીને કહે છે. એમણે કહ્યું હતું, "તમારે મારી સરદારીનો ખપ હોય તો મારી જ શરતો સ્વીકારવી જોઈ શે." ગાંધીજી એકલા ગોળમેજીમાં ગયા અને પછી ભૂલભૂલામણીમાં ભરાઈ પડયા.

ગાંધીજીનો બીજો દોષ તેમની મધ્યકાલિનતા (medievalism) છે. ધર્મનાં પ્રતીકોનો એમનો ઉપયોગ એમના કેટલાક ઘણા જ અંગત મિત્રોને પણ વાંધાભર્યો લાગે છે. ૧૯૩૪માં બિહારમાં મોટો ધરતીકંપ થયો અને સત્તરમી સદીના કોઈ પોપની જેમ ગાંધીજીએ જાહેર કર્યું કે એ ધરતીકંપનું કારણ હિંદુ જાતિનું અસ્પૃશ્યતાનું પાપ છે. જવાહરલાલ નહેરૂને પણ આ કથને ભારે આઘાત પહોંચાડયો હતો.

ગાંધીજીનો ત્રીજો દોષ આત્મદમનનો છે. લોકહિલચાલને અંધારામાં ફેંકી દઈ પોતે આત્મદમન પર ઉતરી પડે છે અને એ રીતે હંમેશાં તે બ્રિટિશના હાથમાં રમ્યા છે અને લડતને નકારી છે. રાજકોટ તેનો તાજો દાખલો છે. એમના કેટલાક અપવાસોથી તો મિત્રો પણ કંટાળી ગયા હતા. એમણે એ વખત સમસ્ત રાષ્ટ્રની સત્યાગ્રહી ચળવળને શમાવી દીધી અને તેના કારણમાં અશુદ્ધિ અને હિંસાના છૂટાછવાયા કેસો ધર્યા.

મહાત્માનો સૌથી મોટો દોષ તો સમજૂતી (compromise) કરવાનો તેમનો પુરાણો પ્રેમ છે. ગાંધીજી લડાયક જરૂર છે પણ તે

* Means and Ends are convertible terms in my philosophy of life."

હંમેશાં લડતને બદલે સમજૂતી પસંદ કરે છે. ત્રિપુરી સુધી તો તે સમાજવાદીઓ સાથે પણ સમજૂતી કરવા ચાહતા હતા પણ હવે તો એમની જૂની ને જાણીતી સમજૂતી જમીનદારો સાથે, મીલમાલિકો સાથે, રાજાઓ સાથે, દિલ્હીમાં તાજ સાથે વધી પડી છે.

એવી સમજૂતીઓના સ્વભાવવાળા મહાત્માને સચોટ અને સખત વ્યાખ્યાઓ પસંદ પડતી નથી. ગોળમેજીમાં તેમણે મુસલમાનોને કોરો ચેક આપવાનું વચન આપ્યું, જો મુસ્લિમો સ્વાતંત્ર્યની લડતમાં મહાસભાને સાથ આપે તો. પણ તરત જ મુસ્લિમનેતા જીનાએ, મહાત્માને તેમણે સ્વાતંત્ર્યની જુદી જુદી વેળાએ કહેલી સાત વ્યાખ્યાઓ ટાંકી બતાવી ને સ્વાતંત્ર્યની લડત કઈ વ્યાખ્યા પ્રમાણે હશે તેમ પૂછી મૂંઝવી નાખ્યા. મહાત્માને મન ડોમિનિયન સ્ટેટ્સ અને સંપૂર્ણ સ્વાતંત્ર્ય વચ્ચે શો ફરક છે તે હિંદમાં કોઈ જાણતું નથી. એક વખતે ટાઈમ્સ ઓફ ઈન્ડિયાનો ખબરપત્રી ગાંધીજી પાસે આવ્યો અને પ્રોવિનશીઅલ ઓટોનોમી પર તેમનું કથન માગ્યું. ગાંધીજીએ ચાર વાકયો લખાવી નાખ્યાં. એ ચારે વાકયો દરેક જુદી જુદી રીતે જુદા જુદા અર્થો થઈ શકે તેવાં હતાં.

એજ રીતે અસહકારની એમની ભાવનામાં પણ અગત્યનાં અનેક અન્તરો છે. દાખલા તરીકે મહાસભા–સરકારના શાસનમાં મીલને દરવાજે પિકેટીંગ કરવામાં હિંસા છે વગેરે. એ પોતે હિંસાને ધિક્કારે છે પણ બીજી કેટલીક બાબતોને હિંસા કરતાં વધારે ખરાબ માને છે, જેવી કે, કાયરતા. એમને પોતાને સત્યાગ્રહના લક્ષણ તરીકેનો નિષ્ક્રિય પ્રતિકાર (Passive resistance) પણ પસંદ નથી કારણ કે એમને લાગે છે કે સત્યાગ્રહ નિષ્ક્રિય હોઈ શકે નહિ. એ સત્યાગ્રહનો અર્થ અહિંસક પ્રતિકાર (non–violent resistance) એવો કરે છે. એમની વિચારસરણીમાં મધ્યકાલિન અને વિજ્ઞાન

વિરોધી છતાં ગાંધીજી એક રીતે વૈજ્ઞાનિક છે જ. એમણે શોધી કાઢેલું નવું વિજ્ઞાન "મહાત્માટીક" છે. (કદાચ એ શબ્દની યોજના ગન્થરને ગણિતશાસ્ત્ર "મેથેમેટીક" પરથી સૂઝી હશે).

૧૯૩૧માં ગાંધીજીને જ મહાસભાની કાર્યવાહીએ લોર્ડ ઈરવીન અને ગાંધીજી સાથે થએલી વાટાઘાટો ભાંગી નાખવા માટે મોકલ્યા, કારણ કે બ્રિટિશની માગણીઓ ઘણી મોટી હતી. ઈરવીનને તેમ કહેવા માટે મહાત્મા ગયા, અને અઢી વાગે પાછા આવ્યા. પાછા આવીને તેમની રાહ જોઈ રહેલા સાથીદારોને તેમણે કહ્યું કે પોતે ઈરવીનની માગણીઓ કબૂલ રાખી છે. પોતે કબૂલ થયા કારણ કે ઇરવીન જાતે ઉભા થઇને બોલ્યા કે, "મી. ગાંધી, તમારે મારી સહૃદયતામાં શું કામ અવિશ્વાસ રાખવો? જેમ હું તમારા શબ્દો સ્વીકારું છું તેમ તમારે મારા શું કામ ન સ્વીકારવા જોઈએ?" ઈરવીનને એમ બોલતા સાંભળીને મહાત્માને લાગ્યું કે નૈતિક દૃષ્ટિએ ઈરવીનના શબ્દો નહિ સ્વીકારવાનું ગાંધીજી પાસે જ કશું જ કારણ નથી. ગાંધીજી કબૂલ મંજૂર થયા. આ સાંભળતા સાથીદારોએ બોચી ખંજવાળતાં, તેરી બી ચૂપ તો મેરી બી ચૂપ વિચારતા શાંત થઈ ગયા.

જેવો યુદ્ધને આવકારતો ફકરો હિટલર અને મુસોલીનીએ યુદ્ધ માટે લખ્યો છે તેવો જ, તેવા ભાવવાળો ફકરો મહાત્માએ દુઃખને આવકારતો ને દુઃખને મહાન બનાવતો લખ્યો છે:

"દુઃખ એ માનવજાતનું માનવી લક્ષણ છે. દુઃખ એક અનંત નિયમ છે. બાળકને જીવાડવા માટે માતા પણ કયાં દુઃખી થતી નથી? જીવન મૃત્યુમાંથી જ ઊગતું હોય છે. ઘઊંનું કણસલું ઊગે તેથી નિયમ એવો છે કે ઘઊંના બીજ બનેલા કણે

નાશ પામવું જોઈએ. દુઃખના અગ્નિમાં શુદ્ધ થયા વિના કોઈપણ દેશની પ્રગતિ થઈ નથી. દુઃખના નિયમને ભૂસી નાખવો એ અશક્ય છે એટલું જ નહિ પણ દુઃખનો નિયમ તો જીવનની અનિવાર્ય જરૂરિયાત છે. જેટલું દુઃખ વધારે શુદ્ધ તેટલી પ્રગતિ વધારે"

સ્વરાજ શબ્દનો પ્રયોગ હિંદીઓએ સ્વતંત્રતાનો અર્થ સૂચવવા કર્યો છે, જ્યારે મહાત્માએ સ્વરાજને બદલે રામરાજ્ય શબ્દનો ઉપયોગ કર્યો છે કારણ કે તેમને મન રાજારામનો અર્થ ભગવાન થાય છે.

૧૩

જુવાન જવાહરલાલ

૧૮૮૯ ની સાલના નવેંબરના ૧૪ મા દિવસે અલ્હાબાદમાં મોતીલાલ નેહરૂના અતિ શ્રીમંત ઘરમાં સ્વરૂપરાણીએ જવાહરલાલને જન્માવ્યા. નેહરૂકુટુંબ સૌથી પહેલાં કાશ્મીરની ટેકરીઓમાં વસતું પછી દિલ્હીમાં આવ્યું અને ત્યાંથી અલ્હાબાદમાં.

જુવાન જવાહરલાલને બચપણમાંથી એક અંગ્રેજ શિક્ષક ભણાવતો હતો. પછી ૧૯૦૫ ની સાલમાં ૧૬ વરસના જવાહરલાલ હેરો અને કેંબ્રીજમાં અભ્યાસ કરવા ઇંગ્લેંડ પહોંચ્યા અને બાર માટે વાંચવા લાગ્યા. ત્યારના જવાહર એકાંતપ્રિય હતા, શરમાળ હતા, અને પડચા પડયા પેટર અને વાઇલ્ડને વાંચતા હતા.

૧૯૧૨ માં નવા જુવાન જવાહર પાછા હિંદ આવ્યા ત્યારે તેમણે બાપાને રાજકારણમાં મશગુલ જોયા. એમના ઘરમાં થતી

વાટાઘાટોના રાજકીય ધ્વનિ સાંભળ્યા અને એ રાજકારણથી વિમુખ રહી શકયા નહિ. જવાહરલાલ ગાંધીજીને મળ્યા. સાંભળ્યું તો ઘણું હતું કે આફ્રિકાથી સત્યાગ્રહની લડત લડીને એ લડવૈયો આવ્યો છે. જુવાન જવાહર પહેલી મુલાકાતે ઉત્તેજના ન પામી શકયા. પહેલી નજરે એને ચાહી પડવાનું મન ન થયું. અંગ્રેજોના મુલકમાંથી તાજા આવેલા જુવાનની નજરમાં ગાંધીજીનું ચિત્ર, ખૂબ દૂર દૂરનું, ને અરાજકીય દેખાયું.

જવાહરલાલ પહેલી વાર સભામાં બોલવા ઉભા થયા ત્યારે એમના પગ ધ્રૂજતા હતા, અંગ્રેજી ભણીને આવેલા એ જુવાનની જીભ લથડતી હતી. તેજ બહાદુર સપ્રુએ આ સંકટમાં એમને સહાય કરી ને વ્યાસપીઠ પર આવી બેઠી પડયા ને જુવાનને કળ વળી.

પણ પછી રોલેટ બીલનો ફાંસો બ્રિટનશાહીએ હિંદના કંઠમાં પહેરાવ્યો અને અમૃતસરમાં સ્ત્રી પુરુષો અને બાળકોની એકધારી કતલ બોલાવી. મોતીલાલ નેહરૂના દીકરે ફાંસો દીઠો અને નરી આંખે હિંદી ખૂન ભાળ્યું. એનું અંતર વલોવાઇ ગયું. એને પહેલી વાર પરતંત્રતા સમજાઈ.

ત્યારે જવાહરલાલ અમૃતસરથી દિલ્હી જતા હતા. ત્યારે ૧૯૧૯ ના છેલ્લા દિવસોમાં તે જ ગાડીમાં તે જ ડબ્બામાં થોડાક અમલદારો બેઠા હતા. એમાંનો એક વડો અમલદાર ડાયર નામનો હતો. ડબ્બામાં આંખો મીચી પડેલા જવાહરને જલીયાંવાળા બાગના જલ્લાદ ડાયરનો અવાજ સંભળાતો હતો. ડાયર એના સાથીદારોને મગરૂરીથી કહેતો હતો:—

"અને પછી જલીયાંવાલામાં ખૂનના ઝરણાં વહેતાં કર્યાં, અને પછી આખા નગરનાં આંગણાં પર આપણી ચાબુકો સમસમી

ઉઠી. મારાં સાલ્લાંઓ, શાં ચિચિયારી કરી ઉઠયાં'તાં ! નાગાં કરી કરીને ફટકાર્યાં ને ફટકારી ફટકારી તપેલી રેતીમાં આળોટવા ફટકાવ્યાં, થાર પર ચલાવ્યાં, સળગતા તાપમાં બાંધી રાખ્યાં. થુ કરીને એમના ચહેરા પર આપણા સોલ્જરો થુંકતા ત્યારે તે.........ને એમને મુતર પાતા ત્યારે પણ.........હવે ફરીવાર સ્વરાજ માગવાનું ભૂલી જવાનાં છે. એ બધાનો ......'' બોલતો ડાયર ભયંકર પશુની જેમ હસી પડયો ને જુવાન જવાહરને બ્રિટિશશાહી સમજાઈ, ગુલામી સાલી.

દિલ્હીનું સ્ટેશન આવ્યું ત્યારે એ શરમમાં ને ગુલામીના દુઃખમાં, ચિમળાઈ ગએલો પાયજામો પહેરેલો ને પટીયાં પાડેલો સ્ટેશનમાં જતો હતો. એને નહિ ઓળખતાં પેલા શાહીવાદીઓ એના અંતરમાં પ્રજળી ઉઠેલો અગ્નિ દેખી શકતા નહોતા.

પછી જવાહરલાલ પોતાની સ્ત્રી કમળા અને માતાને લઈને મસુરી હવા ખાવા ગયા. ત્યારે ૧૯૧૯ની અફઘાન લડાઈ પછી વાટાઘાટ કરવા આવેલું અફઘાન પ્રતિનિધિ મંડળ પણ જ્યાં જવાહરલાલ ઉતર્યો હતા તે જ હોટેલમાં મુકામ કરીને રહ્યું હતું.

એટલે ત્યાંથી પોલીસે જવાહરલાલને ફરમાન આપ્યું, ''તમારે અફઘાન મહેમાનો સાથે વાતચીતનો કે બીજો કશો સંબંધ રાખવો નહિ.

"કારણ કે હું મારા દેશમાં ગુલામ છું." જવાહરલાલને ખાત્રી થઈ. એણે એ ફરમાનને માનવાની ના પાડી દીધી. જવાહરલાલને મસુરીમાંથી વિદાય કરવામાં આવ્યા. મસુરીમાંથી હવા ખાધા વિના અપમાનીત થએલા જવાહર વધારે ગંભીર બનીને કિસાનોમાં ફરવા

લાગ્યા, તેમનાં દુઃખદરદ જોવા લાગ્યા. એણે કિસાનોનાં ઝૂંપડાં જોયાં, તેમનાં ખાણુંપીણું દીઠાં. પછી જુવાન જવાહરલાલે કિસાનોની મોટી મોટી સભાઓ સંબોધવા માંડી. ભૂખમાં બેહાલ બનેલાં કિસાનોએ એક વાર જમીનદારોને લૂંટયા. સત્યાગ્રહથી ભરેલા અને સમાજવાદી બનવા માંડતા આ જુવાને જે કિસાનોએ લૂંટ કરી હોય તેમણે જાતે પોલીસને હવાલે થઈ જવાનો એમને હુકમ કર્યો. કાયદાને વ્યવસ્થામાં સામેલ થવાના જવાહરના આગ્રહને નહિ સમજતાં છતાં કિસાનો સ્વેચ્છાએ પોલીસને હવાલે થઈ ગયા. તે સમયનું ત્યાંનાં કિસાનોનું ચિત્ર જવાહરના અંતરમાં કોતરાઈ રહ્યું હતું, એ ચિત્ર આવું હતું.

"કિસાનો અમારા પર પ્રેમ નીતરતી કરૂણ નજરે દેખતાં હતાં. અમે એમને માટે કોઈ શુભ સમાચાર લઈને પહોંચી ગયા છીએ અને તેમને કોઈ શોષણ વિનાના પ્રદેશ પર પહોંચાડવાના છીએ એમ માનતાં કિસાનો અમારા પર આશાની મીટ માંડી રહેતાં. તેમના તરફ જોતો હું અમારા ખરચાળ અને આરામી જીવન માટે શરમાતો અને શહેરના કોઈ ખુણામાં રાજકારણના વિતંડાવાદ ખેલવામાં આ ધરતીનાં અરધાં ને નાગાં ને ભૂખ્યાં સાચાં સંતાનોને કેવળ અવગણીએ છીએ તેમ સમજતો દુઃખી થતો હતો. મને તેમનામાં હિંદી ધરતીનું દુઃખ, ભૂખમરો, ગુલામીનું પતન અને ભયંકર ગરીબાઈ મૂર્તિમાન થએલાં દેખાતાં. એ ચિત્રએ મને સાચા હિંદનું નવું ચિત્ર બતાવ્યું."

પહેલી વીસીમાં જ પેઠેલો નવજુવાન સમાજવાદની અસર નીચે આવતો હતો અને ઉદ્દામવાદ તરફ ઝૂકતો હતો, અને બળવાના વિચાર સેવતો હતો. મોતીલાલે દીકરાના માથામાં શરૂ થએલાં

તોફાન દીઠાં ને ચિંતાતુર બન્યા. સ્વરાજ તો મોતીલાલને ય જોઈતું હતું પણ જવાહરને સંપૂર્ણ સ્વાતંત્ર્યના ને તે માટેની લડતનાં સ્વપ્નો આવતાં હતાં.

" મારે ચીલેથી ચળીશ ના. " મોતીલાલને કહેવાનું મન થતું હતું. એક દી' મવાળ બાપાએ એક નિબંધ લખ્યો ને જહાલ બનેલા જુવાન દીકરે તે વાંચીને વખોડી નાખ્યો, " આ તમારો લેખ તો બ્રિટીશ શાહીવાદને ખૂબ ગમી જશે. " જવાહરલાલે બાપાને સંભાળાવ્યું. બાપા રાતા પીળા થઇ ગયા. સ્વરાજ તો એમને ય જોઈતું હતું, પણ એમના જીવનની કારકીર્દિ લડતમાં નહોતી, બ્રિટિશ પોલિસી તથા શાંતિ પર અવલંબી હતી અને જવાહરલાલ એવી શાંતિનો નાશ માગતો હતો. બાપબેટા જાણે વૈમનસ્ય અનુભવી રહ્યા, અબોલા લઈ રહ્યા, એક બીજા તરફની મમતાવાળાં અંતર જાણે ઝઘડી રહ્યાં.

એમ એક વરસ વીતી ગયું અને બાપાની હાર થઈ હતી, જુવાન જવાહરલાલની જીત થઈ હતી.

બાપા સંપૂર્ણ રીતે જવાહરલાલ તરફ ઢળતા હતા અને જવાહર જેલમાં જશે ને જમીન પર સૂશે તો તેને કેવુંક થશે તે પિછાણવા મોતીલાલ ભોંયતળિયા પર અવારનવાર કોઈ ન જાણે તેમ સૂતા હતા. જવાહરલાલ ગાંધીજી સાથે અસહકારના સંગ્રામમાં જોડાયા, અને મોતીલાલજી પણ જુવાન દીકરાની પડખે અસહકારમાં આવી ઉભા. અલ્હાબાદનો મોટો મહાલય ગયો તો ભલે ગયો, ધીખતી કમાણી શમી ગઈ તો ભલે શમી, જૂના મિત્રો ખિજવાઈ પડયા ને વાંકા થયા તો ભલે થયા, પણ આજે સાઠમે વરસે મોતીલાલને જુવાની સાંપડી હતી. આજે સાઠમે વરસે મોતીલાલે

જુવાન દીકરાના ઇન્કીલાબને સાથ દીધો હતો. બાપા હાર્યાં હતા. દીકરાનો આઝાદીનો વેગ વિજય પામ્યો હતો. થોડાજ વખતમાં જવાહરલાલ અને મોતીલાલ બન્ને કારાગ્રહમાં જકડાઇને બેસી ગયા હતા.

જવાહરલાલ ૧૯૨૧માં પહેલીવાર જેલ ગયા. ૧૯૨૧ની સાલે હિંદભરમાં અસહકાર ને સત્યાગ્રહનું પ્રચંડ મોજું જગવ્યું હતું. સેંકડો હિંદીઓ જેલમાં જવાના અધિકાર માટે પડાપડી કરતા. પછી નાભાના રાજમાં પદભ્રષ્ટ થએલા રાજાની ગાદી પર જ્યાં અંગ્રેજ અમલદાર રાજ્ય ચલાવતો હતો ત્યાં જવાહરલાલને બીજી વારની જેલ મળી. જવાહરલાલ ત્યાંની પરિસ્થિતિની તપાસ માટે રાજ્યની હદમાં પેઠા કે તરતજ તેમને ગિરફતાર કરી, બેડીઓ પહેરાવી એક ગંધાતા ને ગંદા કારાગારમાં ધકેલી દેવામાં આવ્યા. ઇતિહાસની દંતકથા જેવી પણ હિંદમાં સાચવી રખાયલી રાજાશાહીની એ જેલમાં જવાહરના શરીર પર ઉખડી ગએલા લીંપણમાંથી ચાંચડો ઉડતા હતા ને ઉંદરો રમત કરતા દોડતા હતા.

બે અઠવાડિયા પછી જવાહરલાલને જે અંગ્રેજી કે હિંદુસ્તાની કશું જ નહોતો જાણતો તેવા એક ન્યયાધીશ પાસે અદાલતમાં ઉભા કરવામાં આવ્યા. પરવાનગી લીધા વિના પોતાની રાજની હદમાં પેસી જવાના ગુના માટે જુવાન જવાહરને અઢી વરસની સજા ફરમાવવામાં આવી. પણ પછી ગંદુ પાણી પીવાથી અને ખરાબ ખોરાકથી ટાઇફ્સ તાવમાં સપડાવાથી જવાહરલાલનો વહેલો છૂટકારો થયો. એમ આજ સુધીમાં જવાહરલાલ સાતવાર જેલમાં ગયા છે તથા બધાં મળીને સાડાપાંચ વરસ જેલમાં ગાળ્યાં છે. જવાહરલાલને છેલ્લી જેલ ૧૯૩૪માં મળી અને તે પહેલાં એમણે પોતાની જાત

પર લાઠીઓ ઝીલી છે, પોતાના માથામાંથી લોહી નીકળતું દીઠું છે, પોતાની જ આંખો સામે માતાના માથા પર નેતરની સોટીઓ ફટકારાતી નિહાળી છે. એ બધું જોયા પછી અને દુનિયાનાં રાજકારણ દેખ્યા પછી જવાહરલાલને ખાત્રી થઇ ચૂકી કે;

“બ્રિટિશ શાહીવાદ જે મૂડીવાદી વિકાસનું શોષક સ્વરૂપ છે તે હિંદનો ખરો દુશ્મન છે અને તેથી એ શાહીવાદ સામે સમાજવાદી અને રાષ્ટ્રવાદી બન્ને દૃષ્ટિબિંદુથી લડવું જોઈશે. બ્રિટિશ શાહીવાદ મૂડીવાદી શોષણ પર અને રાજકીય સત્તા પર નભે છે અને તેથી એ શાહીવાદનો સામનો કરનારે માત્ર રાષ્ટ્રવાદી બન્યે નહિ ચાલે પણ સમાજવાદી ય થવું જોઈશે.”

૧૪

સમાજવાદી પંડિતજી

ધીમે ધીમે પંડિત જવાહરલાલજી ગાંધીજી પછીના મહાન નેતા થવા લાગ્યા. દશ વરસ સુધી જવાહરલાલ કાં તો મહાસભાના મુખ્ય મંત્રી કે પ્રમુખ બન્યા. ૧૯૨૯ની લાહોર મહાસભામાં ગાંધીજીને પૂર્ણ સ્વરાજનું આચમન કરાવનાર પંડિતજી જ હતા અને ત્યાર પછી કરાંચીની મહાસભામાં થોડાક અસ્પષ્ટ અને સાવધાની-ભર્યાં પણ સમાજવાદી સ્વરૂપવાળા ખરડા કાર્યવાહી પાસે સ્વીકારાવનાર પણ પંડિતજી હતા. ૧૯૩૬માં પંડિતજી મહાસભાના હોદ્દાસ્વીકારની વિરૂદ્ધ પડયા હતા પણ જ્યારે એમનો વિરોધ ચાલ્યો નહિ ત્યારે ચૂંટણી જંગમાં ઝૂકી પડનાર અને સાત પ્રાંતોમાં મહાસભાને જીત અપાવનાર પણ પંડિતજી જ હતા.

આજે ઓગણપચાસ વરસની વય વીતી ગઈ છતાં પંડિતજી જ્યારે ગાંધીટોપી પહેરે છે ત્યારે ખરેખર ફૂટડા લાગે છે. ખાદીનો

પોશાક પહેરે છે અને થાક ભૂલીને પર્યટનો કર્યા કરતા હોય છે. તે નિયમિત કસરત કરે છે, શિયાળામાં રમતો રમે છે અને શોખથી તરે છે.

પોતે આનંદભવનમાં રહે છે. પણ મોતીલાલજીએ આનંદભવનનું નામ સ્વરાજભવન રાખી જ્યારે તે દેશને હવાલે કર્યું ત્યારે કુટુંબને રહેવા માટે એક 'કોટેજ' બનાવવાનું નક્કી કર્યું. મોતીલાલજી જેવા અસાધારણ શ્રીમંત અને ખરચાળ આદમીની કોટેજ તૈયાર થઈ ત્યારે આનંદભવન જેવડી જ બની ગઈ. અત્યારે તે ઘર પણ મહાસભાગૃહ બની ગયું છે તથા તેના એક ભાગમાં દવાખાનું ચાલે છે. આજે પંડિતજીનું ઘર તો રેલ્વે ટ્રેનનો ત્રીજા વર્ગનો ડબ્બો જ બની ગયો છે કારણ કે તેમને મુસાફરીમાં જ રહેવાનો શોખ લાગુ પડયો છે.

૧૯૩૬ની સાલમાં જવાહરલાલનાં પત્ની કમલાનું મરણ થયું. જવાહરલાલની જેમ કમળાનું વતન પણ કાશ્મીર હતું. સ્વીટ્ઝરલેન્ડમાં કમળા મરણપથારી પર પડી હતી. જવાહરલાલે તેને છેલ્લી વાર મળી લેવા પોતાને છોડવાની માગણી કરી.

"કારાવાસના નક્કી થએલા સમય સુધી બહાર રહીને રાજકારણથી વેગળા રહો તો." સરકારે માગણી મૂકી. કમળા અને જવાહર બંનેએ તેને નકારી. કમળાનું મરણ જવાહરને ઝંખી રહ્યું હતું, પણ એ બેના ગેરકાયદેસર અંતિમ મિલનની વચ્ચે કાયદેસર બનેલી સરકાર ઉભી હતી.

જવાહરલાલ હિટલર ને મુસોલીનીની જેમ લોકલાગણીને ઉશ્કેરનાર નથી. અમેરિકન છાપાંઓએ એને સળગતો કહ્યો હતો પણ તે ખોટું હતું. કોઈ કોઈ વાર એના સ્વભાવમાં ભડકો દેખાઈ

આવે છે એટલું જ. એવા ભડકા તો દેખાય તે પહેલાં જ શમી જાય છે અને મોટેરાંનો પીઠ પર હાથ ફરતાં જ જવાહરલાલ પિગળી જાય છે. ઘણીવાર તો એ ભાષણો આપે છે ત્યારે ઓક્સફર્ડના અધ્યાપક જેવા લાગે છે. એ અંધશ્રદ્ધાળુ નથી પણ એમના નિર્ણયો અસ્થિર ને ચંચલ હોય છે. એ પોતાના આંતર કલહની વાત કરી શકે છે. પોતાના ઉપાજ્ઞાત (Sub-conscious) ઉંડાણોમાં વહેતા પ્રવાહ પારખી શકે છે. એક વખતે જવાહરલાલે લખ્યું હતું, " હું પૂર્વ અને પશ્ચિમનું વિચિત્ર મિશ્રણ બન્યો છું અને તેથી દરેક જગાએ પદભ્રષ્ટ લાગું છું. સ્વદેશમાં મારું કશું જ સ્થાન નથી."

એમને વિધિવિધાનો તરફ ધિક્કાર છે. એ ગૂઢવાદને તિરસ્કારે છે. ધર્મને એ એક જાતની ઉદાસીનતા કે દમન માને છે, અને કહે છે કે મેં ધર્મને વારંવાર ધિક્કાર્યો છે અને મારું ચાલે તો તેને ભૂસી નાખું.

આવો તે હિંદી નેતા હોઇ શકે, જે ધર્મને ધિક્કારે ? કેટલાક કહે છે કે એનાં એવાં મંતવ્યોથી હિંદ એને – નિરીશ્વરવાદીને લાંબો કાળ પોતાના નેતા તરીકે રહેવા દેશે નહિ. સો એ સો ટકા ભગવાનના માણસનો એને આશરો છે ત્યાં સુધી ઠીક છે.

એને મહાત્માની જેમ એકે ધૂન નથી. એણે બાળપણથી માંસ ખાધું હતું પણ મહાત્માના સંગમાં છોડી દીધું છે. એ કોઇ કોઇ વાર ફુંકે છે, અને હિંદની બહાર થોડોક દારૂ પણ લે છે. મોતીલાલજી તો દારૂ પીતા જ હતા. એની તંદુરસ્તી એવી તો સરસ છે કે કદી ઊંઘ નથી આવતી એવું બનતું જ નથી. એને મહાસભા તરફથી કશો જ પગાર મળતો નથી અને હતી તે મિલ્કત બધી જ દેશ માટે હોમાઈ ગઇ છે. હવે પોતાનો નિર્વાહ લખાણમાંથી કરે છે.

એની એક નબળાઈ લોકો કહે છે તે એની અતિશય વિનયશિલતા ને મુલાયમતા છે; અને તેથી એક રાજકરણી પુરૂષ તરીકે તે નિષ્ફળ છે. એ ઘણો જ વિવેકી સદ્‌ગૃહસ્થ છે અને તેમાંય તે અંગ્રેજ જેન્ટલમેન જેવો છે. એ મુલાયમતા જ્યારે ઓછી હતી ત્યારના જવાહરલાલ આજના પંડિતજી કરતાં જરાક જુદા હતા. ત્યારે એ પોતાના રસ્તામાં જરાક વધારે સ્થિર હતા, સમજૂતીઓના તરફદાર નહોતા અને ગાંધીજીની જેમ દરેક લપસણી જગાએ સરી પડતા નહોતા. ૧૯૨૮માં કલકત્તા મહાસભામાં એક કટોકટી વાળો મત આવ્યો. એક નેહરૂ–રિપોર્ટ નામનું ખત જે મોતીલાલજી એ તૈયાર કર્યું હતું તે મહાસભાએ સ્વીકારવું એમ મોતીલાલજી અને ગાંધીજી માનતા હતા. જવાહરલાલ અને તેમના મિત્રો તેથી વિરૂદ્ધ હતા. તે વખતે જવાહરલાલ સ્વાતંત્ર્યસંઘના નેતા હતા તથા મહાસભાના મંત્રી હતા. મતગણતરી થઈ. જવાહરલાલનો પક્ષ જીત્યો, બાપા અને બાપુજીના હાથ હેઠા પડ્યા. પણ ત્યારે અંગ્રેજ જેન્ટલમેનની જેમ જવાહરલાલ ઉભા થયા અને મહાસભાના મંત્રી તરીકે બોલ્યા કે મત ગણતરીમાં કોઇ ટેકનીકલ ભૂલ થઈ છે. એમને ખબર હતી કે બીજીવારની મત ગણતરીમાં પોતે હારી જશે પણ તેથી શું થઇ ગયું?

એવા પંડિતજી ઘણીએ વાર પોતાની જાતથી જુદા પડીને તેને જેવી દેખાય તેવી જોવાનો પ્રયત્ન કરી શકે છે. એમણે તાજેતરમાંજ મોડર્ન રીવ્યુમાં પોતાની જાતે પોતાનું રાષ્ટ્રપતિ તરીકેનું રેખાચિત્ર દોર્યું હતું અને તેને લેખકનું નામ આપ્યા વિના પ્રગટ કર્યું હતું. એ રેખાચિત્ર જવાહરલાલકી જય ના પોકાર સાથે શરૂ થાય છે અને પછી રાષ્ટ્રપતિના રોષભર્યા વર્તાવની વિગતો આવે છે.

" અને પછી ઉંચી ડોકે દર્શન તકાસી રહેલી જનતાને ચીરીને ઝડપભેર પસાર થતા રાષ્ટ્રપતિએ ઉંચુ જોયું અને તેનો ફિક્કો ને સખત ચહેરો સ્મિતથી ચળકી ઉઠ્યો...સ્મિત પસાર થઇ ગયું ને ચહેરાએ પાછી સખ્તાઈને ઉદાસીનતા ધરી. જાણે પેલો અભિનય અને સ્મિત ઝાંઝવાની ઝળક જેવાં મિથ્યા માલુમ પડયાં હતાં. પોતે જેનો લાડીલો બની ચૂક્યો હતો તેવી જનતાના જીગરને ઝોલે ચઢવવાની રાષ્ટ્રપતિના ધંધાની કરામત હતી શું?...... જુવો રાષ્ટ્રપતિને ફરીવાર જુવો...આ જાય......

જાહેરમાં કામ કરતા નેતાઓની બુદ્ધિપૂર્વકની વિચારી કાઢેલી કરામત હશે કે આવો વર્તાવ સાવ સ્વાભાવિક હશે? કદાચ તે બન્ને હશે અને ટેવથી સ્વાભાવિકતા લાગતી હશે. સૌથી વધારે અસરકારક અભિનય તે છે કે જેમાં અસ્વાભાવિકતા ઓછામાં ઓછી લાગે છે પણ તે છેવટે તો અભિનયનો જ ઠમકો છે અને જવાહરલાલ તેવો અભિનય નટલોકના 'પેઇન્ટ અને પાઉડર' સિવાય કરી શકે છે. પણ આવાં નાટક એને અને દેશને કયાં ઘસડી જશે? ઇરાદાના આવિષ્કાર વિનાની દેખાતી એની મુરાદનું શું સ્વરૂપ હશે?

" આજે બે વરસથી એ મહાસભાના પ્રમુખ છે. સ્થિરતાથી, ખંતથી તે પોતાની આબરૂ અને અસર વધારતા જાય છે. જાણે વિજેતા સીઝર હોય તેમ એ દૂર ઉત્તરમાંથી કેપ–કોમોરીન સુધી ઘૂમ્યા છે. અને ઘૂમતા ઘૂમતા એ યશ અને દંતકથાઓ પાથરતા રહ્યા છે. એ તે છે શું? એના પોતાના આનંદ માટેનો ગેલ માત્ર છે કે પછી સત્તાની ઇચ્છાશક્તિ એને એક લોકગણ તરફથી બીજા પર ધકેલે છે અને ત્યારે એના અંતરમાં ખાનગી વાત ઉચ્ચારાવે છે કેઃ

'મેં મારા પંજામાં લોકોનાં ઘોડાપૂર ઉભરાવ્યાં છે અને મારો નિર્ણય આકાશને કોરીને ગ્રહનક્ષત્રોમાં આલેખ્યો છે.'*

"અને શી ખબર! એ તરંગી ઘોડો આમ મરડાઈ પડે તો!......એ પોતાની જાતને સચ્ચાઈપૂર્વક આજે તો લોકશાસનવાદી અને સમાજવાદી કહેવડાવે છે અને પ્રજા સત્તાકવાદી તથા સમાજવાદી ભાષામાં વાતો કરે છે પણ વળાંક આવે ત્યાં...... આજ સુધી સમાજવાદની ભાષા વાપરી પછી ફાસીઝમનો ફાંસો પાથરી દેતા ફાસીસ્ટોની જેમ એ સરમુખત્યાર બની બેસે તો......?"

"પણ જવાહરલાલ ફાસીસ્ટ બની જ ન શકે. ફાસીઝમની ગલીચતા અને હેવાનિયતને ન અડે તેવો તે 'એરીસ્ટોક્રેટ' છે. એનો ચહેરો ને અવાજ તે વાતની ખાતરી આપે છે........."

એક શિષ્યનો ગુરૂ તરફ હોય તેથી જરાક જુદો ને ગુંચવણભર્યો સંબંધ પંડિતજીનો મહાત્માજી સાથે છે. માનસિક અને લાગણીની દ્રષ્ટિએ બન્ને વચ્ચે ન પૂરી શકાય તેવું અંતર છે છતાં તેમને એક બીજા માટે ભક્તિભાવ હોય તેવું દેખાય છે, અને તેઓ એક બીજાને અભિનંદનો આપે છે. પંડિતજીને ગાંધીજીની જરૂર છે કારણ કે ગાંધીજીની જનતામાં લાગવગ છે અને ગાંધીજીને પંડિતજીની જરૂર છે કારણ કે હિંદભરમાં એનું સ્થાન બીજું છે.


જ્યારે પંડિતજી પહેલી વાર મહાત્માજીના પરિચયમાં આવ્યા ત્યારે તેમને એવો ભ્રમ થએલો કે ગાંધીજી સમાજવાદ તરફ ઢળશે પણ વરસો પસાર થઈ ગયાં અને જવાહરલાલનો ભ્રમ ભાંગી ગયો. પોતાનો પ્રિય ભ્રમ ભાંગી જતાં તેમને ખુબ જ દુઃખ થયું.

* "I drew these tides of men into my hands and wrote my will across the sky in stars."

ગાંધીજીમાં વ્યાઘાત જોતા પંડિતજીને મહાત્માજીના ગરીબો માટેનો પ્રેમ છતાં, તે જ મહાત્માજી ગરીબોનાં ખૂન ચૂસતી અને તેમને કચડતી મૂડીવાદી ઘટનાના જ રક્ષક અને પોષક બની રહે તે વાત અતિશય દુઃખદ લાગી છે. ગાંધીજીની વાલીપણાની વાતો પણ એમને અત્યંત વસમી લાગી છે તથા હિંસા અને ખૂન પર નભતી મૂડીવાદી પદ્ધતિને ટેકો આપવાના અહિંસામાં માનતા ગાંધીજીના વર્તાવ જવાહરલાલને અસહ્ય માલમ પડયા છે; અને ગાંધીજીનો મૂડીવાદી તરફદારીનો વ્યાધિ અસાધ્ય ગણીને પંડિતજીએ હવે તો હાથ ધોઈ નાખ્યા છે.

અને તો ય આજે પંડિતજી મહાસભામાં ઉદ્દામોના નેતા નથી. પંડિતજી કરતાં વધારે મોટા ઉદ્દામો દેશમાં છે. જવાહરલાલ તો મહાસભા સમાજવાદી પક્ષના સભ્ય પણ નથી. જેમ ગાંધીજી કરતાં વધારે વિનિત એવા બીજા છે તેમ જવાહરલાલ કરતાં વધારે જહાલ એવા ઘણા છે. પણ જેમ મવાળોનું મધ્યબિંદુ મહાત્માજી સાચવી રહ્યા છે તેમ જહાલોનું મધ્યબિંદુ પંડિતજી સાચવી રહ્યા છે. જેમ લેનીનની રચના સામે ટ્રોટસ્કી નીકળ્યો તેમ ગાંધીજીની રચના સામે જવાહરલાલ ઝૂકાવે એમ થોડાક જુવાનો માને છે. જવાહરલાલે પોતે એક વાર ગંભીરપણે કહ્યું હતું કે મહાસભાવાદીઓ પોતે તેને ફાંસીએ લટકાવી દેશે.

અને જતાં જતાં પણ પંડિતજી જોરશોરથી ગાંધીજીનો બચાવ કરતાં કહે છે કે, " પ્રતિક્રાન્તિવાદી કે ક્રાન્તિકાર, ગાંધીજી ગમે તેવા હોય પણ એણે જ હિંદની કાયાપલટ કરી છે, પામર મજાને પ્રાણ આપ્યો છે, અને જનતામાં જાગૃતિ અને બળ પેદા કરી હિંદના સવાલને જગત ભરનો સવાલ બનાવ્યો છે.



સુભાષચંદ્ર બોઝ

પ્રગતિપક્ષ (ફોરવર્ડ બ્લોક) ના નેતા.

૧૫

બોઝ અને બીજા

૧૯૩૯માં ફરી વાર મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટાઈને મવાળોને હાર આપી ઉદ્દામવાદની જીત બતાવનાર સુભાષચંદ્ર બોઝ શરૂઆતમાં ગુઢવાદી હતા. પછી રાજકરણમાં પેઠા. હિંદના રાજ-કારણની લડતમાં સૌથી વધારે સહન કરનાર એ એકલા જ છે. જવાહરલાલે પણ એટલું સહન નથી કર્યું. બોઝ દશ વાર કારાગાર પાછળ જઈ આવ્યા છે. એમનો છેલ્લો છૂટકારો ૧૯૩૭માં થયો.

કટકના મધ્યમવર્ગી એક કુટુંબમાં ૧૮૯૭ની સાલમાં બોઝનો જન્મ થયો. બોઝના બાપા વકીલ હતા. સોળ વરસના જુવાન બોઝને આખરી સત્ય સમજવાનું મન થઈ આવ્યું. સોળ વરસના જુવાન બોઝને દુનિયાનાં દુઃખ સાલ્યાં ને સંસારના રોગનું નિદાન કરી કોઈ આધ્યાત્મિક જડીબુટ્ટીની શોધ કરવા હિમાલય તરફ ભાગી ગયા. બોઝને સોળમે વરસે સિદ્ધાર્થની સાન સાંપડી હતી.

બુદ્ધની જેમ ઘર ત્યાગીને, કુટુંબ છોડીને, આનંદો ને ઉપભોગ છોડીને બોઝ હિમાલયની ગિરિકંદરાઓમાં શોધી રહ્યા, પલાંઠી વાળીને આસન માંડી રહ્યા, ધ્યાન ધરીને ધીખી રહ્યા પણ કંઈ દેખાયું નહિ, કંઈ હાથ લાગ્યું નહિ. એક વરસ સુધી હિમાલયમાં જે જડયું નહિ તેની શોધ તેમણે પાછી બનારસ જેવાં યાત્રાધામોમાં માંડી. બનારસમાં દુનિયાનાં દુઃખોથી દમન કરતા, ને સંસારના તાપથી પોતાની જાત શેકતા એ જુવાનને ટાયફસ તાવ આવ્યો.

જુવાનનાં અંગ પ્રત્યંગ ધીખી ઉઠયાં હતાં. નાકમાં ગરમ પ્રાણની ધમણો ધમતી હતી, કપાળ પર તપેલી નસો તરી આવી હતી. ત્યારેય એ જુવાનને જંપ નહોતો. એનું તમ અંતર ઉકળાટમાં લવારે ચઢયું હતું.

ત્યારે કોઈએ નીચા નમીને એને ઓળખ્યો, એના માથા પર પાણીનું પોતું મૂકયું અને સારવારથી એ ભાગી ગએલા જુવાનને કટક ભેગો કરી, ઝૂરતાં બાબાપાને સોંપ્યો. ચાલી નીકળેલા જુવાન દીકરાને ફરી દાખવતાં બાબાપા આનંદી ઊઠયાં.

બોઝે અભ્યાસ કરવાનું સ્વીકાર્યું. બાબાપાને લાગ્યું કે દીકરાને દુનિયાદારીનું ડહાપણ આવ્યું છે. બોઝે અભ્યાસકાળનાં તોફાની વરસો શરૂ કર્યાં. કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાં આવ્યા ત્યારે બોઝે ભાઈબંધોની એક ટોળી જમાવી. એક વાર એ રાષ્ટ્રવાદી ટોળીએ હિંદીઓનું અપમાન કરવામાં માનનાર એક અપ્રિય બનેલા અંગ્રેજ પ્રોફેસરને ભિડાવ્યો ને સારી પેઠે ફટકાવ્યો. બોઝને કૉલેજમાંથી રજા આપી દેવામાં આવી. પછી ઈંગ્લેંડમાં જઈને બોઝે પાછો અભ્યાસ શરૂ કર્યો.

સ્કોટીશ ચર્ચ કોલેજે એને બી. એ. ની ઉપાધિ આપી. બોઝ બી. એ.માં તત્ત્વચિંતનનો વિષય લઈ ફર્સ્ટ ક્લાસ ઓનર્સ લઇ પાસ થયા. પછી કેંબ્રીજની પરીક્ષા પસાર કરી અને ત્યાર પછી તરત જ ઇન્ડિયન સીવીલ સર્વીસની પરીક્ષાઓ ચોથે નંબરે પસાર કરી.

ત્યારે યુરોપમાં મૂડીવાદી ખૂનામરકી એ છૂટો મૂકેલો શાહીવાદી શિકાર–સમારંભ જેવો વિશ્વ–વિગ્રહ ફાટી ચૂકયો હતો. જેમ જવાહરે તેમ બોઝે પણ પોતાની બધી ડીગ્રીઓ ને માનચાંદ ફગાવી દઈ રાજકારણમાં ઝંપલાવ્યું અને સ્વરાજપક્ષમાં જોડાયા ત્યારથી આજ સુધી એક ધારૂં સતત કામ અને કારાગારવાસ એ સુભાષચંદ્ર બોઝનો કાર્યક્રમ બની રહ્યો છે. હિંદી નેતાઓમાં ખૂબ તોફાની એવો બોઝ બ્રિટનને જરાપણ ગમતો નથી કારણ કે તે હંમેશાં શાહીવાદ સામે લડાઈની જ વાત કરે છે. ૧૯૨૮માં બોઝે જવાહરલાલ સાથે ઇન્ડિપેન્ડસ લીગની સ્થાપના કરી અને ૧૯૨૯ થી ૩૧ સુધી બોઝ અખિલ હિંદ ટ્રેડ યુનિયન કોંગ્રેસના પ્રમુખ તરીકે રહ્યા. પછી એમની તબિયત કેટલીએ વાર ગંભીર રીતે બગડી ગઈ અને બોઝ યુરોપમાં માવજત માટે ગયા. ૧૯૩૦માં બ્રહ્મદેશની એક જેલમાં જકડાયલા બોઝ કલકત્તાના મેયર તરીકે ચૂટાયા હતા.

બોઝથી સરકાર બીતી રહે છે કારણ કે તે જહાલ છે અને જહાલોના નેતા છે. તેથી જ 'ઇન્ડિયન સ્ટ્રગલ' નામનું બોઝનું લખેલું પુસ્તક હિંદમાં જપ્ત છે. એક વખત બોઝ જ્યારે બરમામાં 'ઇન્ટર્ન' થયા હતા ત્યારે તેમણે કલકત્તાના એક છાપામાં એવું લખાણ જોયું કે બોઝ ટેરોરીસ્ટ હિલચાલના સંચાલક હતા. બોઝે

તે છાપા પર નુકસાનીનો કેસ માંડયો અને બોઝ ટેરોરીસ્ટ હતા એવી સાબિતી ન મળતાં છાપાના સંચાલકે નુકસાની ભરી દેવી પડી.

બોઝને એક જ વાતની ધૂન છે. એ સંપૂર્ણ સ્વાતંત્ર્યના ધ્યેયમાંથી જરા પણ ચસવા નથી માગતા. બ્રિટન સાથેના સંબંધનો સંપૂર્ણ છૂટકારો એ માગે છે અને હરિપુરામાં મહાસભાના પ્રમુખપદેથી ૧૯૩૮માં એમણે એ જ ઘોષણા કરી હતી. ફેડેરેશનને અંગે તે ઈન્ડિયા એકટનો કટ્ટો વિરોધ કરનારા છે, અને જરૂર પડે તેટલા માટે સત્યાગ્રહની લડત શરૂ કરવાના મક્કમ નિર્ણયવાળા છે.

આજે સરકાર ઉપરાંત મવાળોના આટઆટલા વિપરીત વિરોધ પછી પણ અને માંદગીનાં આકરા આક્રમણ પછી પણ બોઝ જેવા ને તેવા ધીર ગંભીર બનીને એક તસુ પણ ચસ્યા વિના બધા પ્રતિક્રાન્તિવાદીઓની સામે ખડા છે. ખુશ મિજાજથી વાતો કરી શકે છે, પ્રચારકની ધૂન સાચવી શકે છે, કટ્ટર રાષ્ટ્રવાદીપણું જાળવીને પોતાનો જાજરમાન દેહ ગમે ત્યારે હિંદની આઝાદીની લડતમાં પાડી દેવા તૈયાર રહી શકે છે. રાષ્ટ્રવાદીઓમાં એ જ એક સંપૂર્ણ આઝાદીનો અણનમ યોદ્ધો છે.

બોઝ પરણ્યા નથી. ૧૯૩૯ના ત્રિપુરી અધિવેશનમાં જ્યારે ગાંધીજી એમના વિરોધી બની ગયા અને જ્યારે એની ગંભીર માંદગી વખતે એમને પદભ્રષ્ટ કરવા પોતાના બાર શિષ્યોને ગાંધીજીએ મહાસભામાં ભાગલા પાડવા મોકલી આપ્યા ત્યારે પણ તેમણે બતાવેલો વર્તાવ સોએ સો ટકા રાજકારણી પુરૂષના સ્વાસ્થ્યને શોભે તેવો હતો. ૧૯૩૯ના મેમાં બોઝે રાજીનામું આપી દઈ મહાસભાનું પ્રમુખપદ મવાળો માટે ખાલી કર્યું.

બોઝના ગયા પછી ગાંધીજીની સૂત્રધારી નીચે ત્રણની મવાળ ત્રિપુટી એક આદમીની જેમ કામ કરી રહી. એ ત્રણે નામ

પશ્ચિમના લોકોને ઉચ્ચાર કરવા અઘરાં પડે તેવાં ને તદ્દન અજાણ્યાં છે અને તો ય એ ત્રણે નામો ગાંધીજી અને નેહરૂની હરોળમાં હિંદી રાજકારણની મવાળ વિભૂતિઓમાં અત્યંત અગત્યનાં છે.

એ ત્રણેમાં મોખરાનું નામ સરદાર પટેલનું છે અને મહાસભાની તે મુખ્ય મવાળ વિભૂતિ છે તથા મવાળપક્ષના અગ્રગણ્ય નેતા છે. એ પોતે પક્ષના 'જીમ—ફેરલી' નિષ્ઠુર વ્યવસ્થાપક છે. એક વખત, સૌ મવાળોના એક માત્ર સરદાર ગાંધીજી એક ઇસારો કરે કે તરત જ ત્રિપુરીમાં બન્યું તેમ તેનો અમલ કરવાનાં યંત્રો ગતિમાન કરી દે છે. એ મવાળ યંત્ર સરદારને સાંપડયું છે અને પોતે જ તેના--આઠે મહાસભા સરકારોના નિયામક છે.

આજે સરદાર પટેલની ઉંમર એકસઠ વરસની થઈ છે. મોટી તાલ પડી ગએલી ખોપરીવાળા સરદાર મજબૂત બાંધાના છે, અને ભૂતકાળના રોમન શહેનશાહ જેવા દેખાતા છતાં પોતાને ખેડૂત તરીકે ખોટી રીતે ઓળખાવે છે. અલબત, એ પોતે ખેતરમાં જનમ્યા હોય અને કોઈએ કહ્યું તેમ એમની સંસ્કારિતા (culture) કદાચ 'એગ્રીકલ્ચર' જ હોય. જવાહરલાલની મોહકતા કે બુદ્ધિની તિક્ષ્ણતા તથા રાજગોપાલાચારીનાં રંગબેરંગી માનસિક વલણો એમનામાં નથી. એમનામાં ગાંધીજીનો ધાર્મિક વેગ પણ નથી. કેવળ હાથમાંના કામ પર તડામાર મચી પડવાની ક્રિયાશક્તિ જ છે. સરદાર પટેલ ક્રિયાશીલ વ્યવહારૂ માણસ છે અને તેથી જ તે ગાંધીજીના સૌથી વધારે નજદીકના સાથીદાર છે.

ગૂજરાતના ખેડા જીલ્લામાં એમનો જન્મ થયો. ૧૮૫૭ના બળવા વખતે સરદારના બાપા બ્રિટન સામે લડેલા, તથા સરદાર ઉપરાંત સરદારના મોટાભાઈ વિઠ્ઠલભાઈ પટેલ, જે મહાન રાજકારણી

પુરૂષ તથા મહાન મહાસભાવાદી હતા તેમને પણ પોતાની પાછળ મૂકી ગએલા. સરદારે વકીલ થવાનું નક્કી કર્યું અને પછી પોતાની જાતને ક્રીમીનલ વિષયના કાયદાકાનુનોમાં પારંગત કરી. અને ખાસ કરીને ખૂનના કેસોમાં તો બચાવપક્ષની સરદારની હોશિયારી જાણીતી હતી. જ્યારે ગાંધીજી પહેલી વાર અમદાવાદ આવ્યા ત્યારે તે અમદાવાદ કલબમાં ત્યાંના સભ્યોપર અહિંસાની છાપ પાડવા અવારનવાર જતા. ત્યારે એક ખૂણામાં અહિંસા સામે ભવા ચઢાવતા વલ્લભભાઈ પટેલ બેસતા, પત્તા રમતા સીગરેટ ફૂંકતા ને બેદરકારીથી હસતા હતા. પછી ધીમે ધીમે તે ગાંધીજીના પ્રશંસક બન્યા અને જ્યારે મહાત્માએ અસહકારની લડત શરૂ કરી ત્યારે પટેલે ધીકતી વકીલાત છોડીને ઝંપલાવ્યું.

એક વખત લડતમાં જોડાતા પહેલાં અદાલતમાં ઉભા રહીને પટેલ કેસ લડતા હતા ત્યારે પટેલનાં પત્નીના અવસાનનો તાર આવ્યો. પટેલે તે ફોડયો, વાંચ્યો, અને જરાપણ મનોભાવ બદલ્યા વિના ગજવામાં મૂકી પોતે જે કેસની ચર્ચા કરતા હતા તે આગળ ચલાવી. ઘણા લોકો એમ માને છે કે ગાંધીજી પછી સરદાર સરમુખત્યાર થાય ત્યારે જવાહરલાલને ટ્રોટસ્કી બનવું પડશે. જો ડાબા જમણી તડ એક બીજાથી તદ્દન વિખૂટાં પડી જાય તો સરદાર પટેલ મવાળ પક્ષના હરીફ વિનાના મુખી જરૂર છે.

એ ત્રિપુટીમાં સરદાર પછીનું બીજું મુખ મૌલાના અબુલનું છે. મૌલાનાની ઉંમર પચાસ વરસની છે. પોતે સારા એવા ધર્મ-શાસ્ત્રી અને ઈસ્લામી ચિંતક છે. એ પૂર્વના વિદ્વાન પુરૂષ છે તથા કુરાનના સૌથી સારા ટીકાકાર છે.

મૌલાના અબુલ કલામ આઝાદ ૧૮૮૮ ની સાલમાં મક્કામાં જનમ્યા હતા અને પંદર વરસની ઉંમરે પરશીયન અરેબીક અને

મુસ્લિમ ધર્મશાસ્ત્રના સારા એવા અભ્યાસી બન્યા હતા. પછી હિંદમાં બાપા પાસે મૌલાના આવ્યા અને ૧૯૧૨માં આલહિલાલ નામના એક ઉર્દૂ છાપાના તંત્રી બન્યા. એમણે આજ સુધી મુસ્લિમોને રાષ્ટ્રીય હિલચાલમાં લાવવાનો પ્રયત્ન કર્યો છે. ૧૯૧૬માં અબુલને 'ઈન્ટર્ન' કરવામાં આવ્યા હતા અને પછી ૧૯૨૦માં છોડવામાં આવ્યા. છૂટકારા પછી તરત જ તે સત્યાગ્રહની લડતમાં જોડાયા. ૧૯૨૩માં પોતે મહાસભાના પ્રમુખ બન્યા.

હવે અબુલ કલકત્તામાં રહે છે. ૧૯૩૯માં ગાંધીજીએ અબુલને મહાસભાના પ્રમુખ બનવા—સુભાષની હરિફાઈ કરવા કહ્યું હતું પણ તેમણે ના પાડેલી. જો સરદાર પટેલ મહાસભાની ઉગામાયલી ખોપરી અને મવાળ મુઠ્ઠી છે તો અબુલ તેની બુદ્ધિ અને આધ્યાત્મિકતા છે અને બાબુ રાજેન્દ્રપ્રસાદ એ મવાળ ત્રિપુટીમાં મહાસભાનું મવાળ હૃદય છે.

બાબુ રાજેન્દ્રપ્રસાદ ૧૮૮૪ની સાલમાં જનમ્યા અને પછી કલકત્તા યુનિવરસીટીમાં પ્રથમ પંક્તિમાં હંમેશાં વિશેષતા મેળવતા અભ્યાસ કરવા લાગ્યા. પછી રાજેન્દ્રબાબુ શિક્ષક અને ત્યાર પછી વિદ્યાપીઠના અધ્યાપક બન્યા અને પછીથી એમનું ધ્યાન કાયદા તરફ દોરાયું. કાયદામાં પસાર થયા પછી રાજેન્દ્રબાબુ જબરી કમાણી વાળા વકીલ બન્યા અને પછી ૧૯૨૦માં તેમણે ગાંધીજીની સત્યાગ્રહી ચળવળમાં ઝંપલાવ્યું. ત્યારથી રાજેન્દ્રબાબુ ગાંધીજીના પરમ મિત્ર અને શિષ્ય બની રહ્યા છે. ૧૯૧૨થી રાજેન્દ્રબાબુ અખિલ હિંદ મહાસભા સમિતિના સભ્ય છે તથા છેલ્લાં સત્તર વરસથી કાર્યવાહીમાં છે. ૧૯૩૪માં તે મહાસભાના પ્રમુખ થયા હતા.

૧૬

દૂરની સરહદો

અફગાનિસ્તાન ને તૂર્કસ્તાનને હિંદથી વિખુટા પાડતી જાણે જમીન બની ગએલી મહાસાગર જેવી ઉતરતા ચડતા ડુંગરાના કરાડોની ભયંકર ગિરિમાળા ઉભી છે. હિંદની સરહદનો એ જાજરમાન બુરજ છે. એની કરાલ કિનારીઓની વચમાં વચમાં પાતાળી કન્દરાઓનાં અંધારાં અટવાયલાં પડયાં છે. એના પર સિકંદરની સેનાના પડછાયા પડ્યા'તા. એના જ પર જંઘીસખાનનાં લશ્કરી ધાડાંના ઓળા ઉતર્યા હતા. ઉત્તર પશ્ચિમની સરહદનો એ હિંદનો સરહદી પ્રાંત છે અને બ્રિટિશ કહે છે કે એ સર્વોત્તમ પ્રાંત છે.

ભૂખરા ને ભયંકર ખડકો અને અંધારી ગહ્વરોથી ગહન સ્વરૂપો રચતી એ ગિરિમાળામાં ભૂલભૂલામણી જેવા રસ્તાઓ છે, ઊંટોને સફર કરવાનો, મોટરને હંકારવાનો માર્ગ છે, વચમાં છૂટાં છવાયાં ખેતરો છે ને ખેતરોમાં બળદો પણ દેખાય છે. વરસાદ પડે

ત્યારે નહિ સહી શકાય તેવો કાદવ જામે છે ને વરસાદ ન પડતો હોય ત્યારે અસહ્ય એવી ધૂળ ઉડે છે, અને શિયાળામાં ઠારી દે તેવી ટાઢ વાય છે.

ત્યાં નાનાં નગરો છે, ને ગામડાંનાં જૂથ છે. ત્યાં ખાઈબર માર્ગને કિનારે કોઈ શહેરના બજારમાં અંદર ભીતરમાં વસતી ટોળાંઓનાં માણસો રંગબેરંગી પાઘડીઓ પહેરીને પોતાનાં માટીનાં ઘરની પીળી દિવાલોમાંથી બહાર આવે છે ને ખરીદી કરે છે ને આમ તેમ ટહેલે છે. આવું ખાઇબરઘાટ ને વઝીરીસ્તાનમાં ચાલે છે.

એવાં સરહદનાં વતનીઓ સુન્ની ઇસ્લામીઓ છે, જાતે અફ્ઘાન છે, અને પુસ્તુ ભાષા બોલે છે. ત્યાં ય આજ તક મહાસભા સરકાર હતી અને ત્યાં ય જાગેલી કિસાન જનતાની તરફદારી કરનાર દીકરાને વડાપ્રધાને જેલના સળીઆ પાછળ જકડાવી જમીનદારોની જમાતમાં કીર્તિ સંપાદન કરી હતી. ત્યાંના વતનીનું નામ પઠાણ છે. ત્યાંના પઠાણોના નાના મોટા ભાગ રીગાહ, વઝીર અને આફ્રીદીના નામે ઓળખાય છે. પઠાણની સ્ત્રીજાત પડદા પાછળ ઢંકાયલી રહે છે. પઠાણો પાસે બધી મળીને છ લાખ રાઇફલો તો હશે જ.

આફ્રીદી વર્ગમાં રાજકીય ભાન જબરૂં જાગતું જાય છે. નવીનતા માગતી જુવાનીને વડિલોની સ્થિતિચૂસ્તતા નાપસંદ છે. નાનાં ગામોમાં વહેંચાયલી ટોળીઓનો સંઘ છૂટક છૂટક ગામોનાં જૂથ કરીને પોતાનું શાસન પશ્ચિમની પદ્ધતિએ કરે છે. ત્યાંના જુવાનો લાલ ખમીસવાળાં બનતાં જાય છે અને તેઓ ટોળીઓની તથા રજવાડાશાહીની સીમાઓ ઉલ્લંઘીને સરહદના ગાંધી ખાન

અબ્દુલ ગફારખાનની સરદારી નીચે હિંદી મહાસભામાં જોડાતાં જાય છે.

જૂની માનવતાના સંગ્રહસ્થાન જેવો કોકેશસ પર્વત પણ અજબ જેવો છે. ત્યાં કેટલાક તો બહારવટાના ધંધા પર જ જીવે છે. ત્યાંની કેટલીક ટોળીઓમાં તરતનાં જન્મેલાંઓને જનેતા હોશિયાર ચોર બનવાની ગળથૂથીઓ પાય છે. બહારવટું એ જ ત્યાંના વ્યવહારનો એક સંસ્કારી વ્યવસાય છે. એ વ્યવસ્થામાં સરહદના માર્ગો સરહદી પ્રાંતની ધોરી નસો જેવા છે. એ રસ્તાઓ સોના સરખા ગણાય છે. એ રસ્તા પર કોઈને વીંધી નાખવું એ અવિનયી ગણાય છે. અંદરની ટેકરીઓમાં શરીર પરનું માથું અસલામત બન્ને થાય પણ રસ્તા પર તે સલામત લેખાય છે. ખાઈબર ઘાટના કિનારા પરનાં ગામોએ મોટા રસ્તા પર પહોંચવાની જમીનની અંદરની કેડીઓ ખોદાવી છે અને ત્યાંથી જનારાં પણ સલામત લેખાય છે. પરંતુ બધા રસ્તાઓ પરની ચાલ સૂરજ આથમતાં ઉતાવળી બને છે, અને સંધ્યા પછી તો બધી સ્ત્રીઓ અને બધાં ઢોર કોટ પાછળ પૂરાઈ જાય છે.

જ્યાં ટોળીઓનું શાસન છે એવા સરહદી પ્રદેશના કોહટ શહેરમાં એક હથિયારો બનાવવાનું કારખાનું છે. તેમાં ચાલીસ કામદારો રાઈફલો બનાવવામાં રોકાઈ ગયા છે. એ કારખાનું દરેકની પચાસ રૂપિયા કિંમત ઉપજે એવી પચાસ રાઈફલો દર માસે નિપજાવી શકે છે. આ કારખાનું બ્રિટિશ લોકની જાણ બહાર નથી પણ તેઓ તેના તરફ આંખમીચામણાં કરતા પોતાને જ વિંધવાની રાઈફલોને બનવા દે છે. તેઓ એમ પણ ધારે છે કે એ લોકને જો આવી ખરાબ રાઈફલો પણ બનાવતાં અટકાવવામાં આવશે તો તે અફગાનિસ્તાનમાંથી વધારે સારી રાઈફલો ખરીદી લાવશે. એ

કારખાનામાં તોપો બનતી નથી પણ બનવા માંડે તો તેને જરૂર દબાવી દેવામાં પણ આવે. અને પઠાણોને તોપો પસંદ પણ નથી. એમને તો બગલમાં રખાય એવી અને ઘોડો દાબતાં ફૂટે તેવી બંદૂકો જ પસંદ છે.

બીજી એક બહુ રસીક બાબત તો એ છે કે ત્યાં બે સરહદો છે. એ બે સરહદોની એક ડુરાન્ડ હદ છે, જેને બ્રિટિશલોક એમના નકશાઓમાં બરાબર ચિતરી બીજી હદને દબાવી રાખે છે. તે હદ તો રાજકીય હદથી ત્રીસ માઈલ સુધી પૂર્વ તરફ દોડે છે. અને ડુરાન્ડ હદની સાથે જ એવી એક જમીનની પટી છે તેને બ્રિટિશલોક બ્રિટિશ હિન્દ તરીકે નકશામાં ઓળખાવે છે. પણ તે વાત સાવ ગલત છે. એ પટી તો નધણિયાતો પ્રદેશ છે, જે પર જો બ્રિટિશની હકુમત હોય તો તે બ્રિટિશનો કોઈ કાયદાથી સ્થપાયલી નથી. લંડનમાં અંગ્રેજી પારલામેન્ટ કે દિલ્હીમાં હિંદી સરકાર કોઇપણ એ પ્રદેશ માટે એકે કાયદો કરતું નથી. ત્યાં તો ત્યાંના વતનીઓની કાઉન્સીલો જે જીરગા નામથી ઓળખાય છે તે પોતાના મન પસંદ કાયદાઓ કરી લે છે.

આ વાતનું કારણ ઐતિહાસિક છે. એનો સાથે જ અફગાનિસ્તાનને સંબંધ છે, અને શાહીવાદી અંગ્રેજ કવિ કીપલીંગે ગાયું હતું તેમ રશિયન રીંછ ત્યાં આંટા મારે છે. એ રીંછ કોઈ દી હિંદનાં કમાડ ખખડાવી બેસે તો? તો તેને રક્ષવાંજ જોઈએના! અને ત્યાં વસતી ટોળીઓ તો વંટોળ જેવી અવારનવાર સિંધુનાં મેદનો પર ઉતરી જ પડતી હતી. સવાલ એ હતો કે એ ટોળીઓનું કરવું શું? હિંદમાં ૧૮૫૭નો બળવો થયો ત્યાર પછી પચાસ વરસ સુધી લોર્ડ કર્ઝનની સરકાર સુધી એ સવાલે બ્રિટિશ

મુત્સદ્દીઓને મૂંઝવ્યા. એ મૂંઝવણ એ હતી કે એ ટોળીઓને પાછી તો હટાવવી પણ ક્યાં સુધી? એ મૂંઝવણના બે બ્રિટિશ જવાબો હતા. એક જવાબ કહેતો હતો કે ઠેઠ અફઘાન હદ સુધીમાંની એ ટોળીઓનું એક સામટું દહાડો જોઇને કાસળ કાઢી નાખવું. પણ કાસળ કાઢવા તો કરોડો સોનામહોરો જોઈએ ને મોટી મારકણી લડાઇ લડવી પડે તેનું શું?

'તો એમ કરો' બીજો જવાબ બોલતો હતો, "આપણે પર્વતમાળામાંથી પાછા જ આવતા રહો અને સિંધુને આપણી લાઇનદોરી બનાવી દો."

બન્ને જવાબો બ્રિટિશરાજને પથ્ય ન પડયા. લોર્ડ કર્ઝને ત્રીજો રસ્તો કાઢયો. એ રસ્તા પ્રમાણે સરહદી પ્રદેશના બે ભાગ કરવામાં આવ્યા. એક ભાગમાં બ્રિટિશે સંપૂર્ણ હકુમત સ્થાપી દીધી. બીજા ભાગમાં હકુમતને હળવી બનાવી દીધી અને ત્યાંના વતનીઓને સ્વતંત્ર રહેવા દીધાં. એથી એક ફાયદો થયો. જો અફગાનિસ્તાન દુશ્મન બની બેસે તો પેલો બફર પ્રદેશ દમ ખાવા જેટલો દિલાસો તો દે ને! અને જો અફગાનિસ્તાન સાથે દોસ્તી ટકે તો ત્યાં સુધી બફરમાં વસતી ટોળીઓને રંજાડવામાં આવે તો ય અફઘાનિસ્તાનમાં ધકેલી દેવાની ફરજ ન પડે. એ ટોળીઓને બ્રિટિશ સરકાર હથિયાર કરતાં લાંચ આપીને વધારે વશ રાખે છે. એ લોક શાંતિ જાળવી રાખે એટલા જ માટે તેમને સાલિયાણાં બાંધી આપવામાં આવ્યાં છે. એ દર વરસની પહેરામણી પાંચ લાખ પૌંડ જેટલી થાય છે. અને પછી, એમ અનુક્રમમાં અફગાનિસ્તાન આવી લાગે છે. જાણે ઇરાન, સોવિયટ રશિયા અને ચીનના પશ્ચિમ તરફના ટેરવે ટેકવાઈ રહ્યા હોય તેવો અફગાનિસ્તાન હિંદની સરહદને અડે છે. સૌ સુધરેલાઓની વચમાં ગોઠવાયલો એ દેશ, ૨૫૦,૦૦૦ ચોરસ

માઇલના વિસ્તારવાળો તથા બાર મિલિયન લોકની વસ્તીવાળો છે. ત્યાંનું પાટનગર કાબુલ છે. કાબુલમાં બ્રિટનને રશિયાની શેતરંજ ખેલાય છે, બ્રિટન ને રશિયાની જાસુસી રચાય છે.

ત્યાં અફગાનિસ્તાનમાં ત્યારે અમાનુલ્લ નો બાપ રાજ કરતો. પછી ૧૯૧૯ની સાલમાં અમાનુલ્લા ગાદી પર આવ્યો, અને ૧૮૮૦થી બ્રિટન સાથે થએલી સંધિ એણે તપાસી. એ સંધિ પ્રમાણે બ્રિટન અફગાનિસ્તાનને વરસ દહાડે ૧૨૦,૦૦૦ પૌંડનું સાલિયાણું ભરતું ને બદલામાં અફગાનિસ્તાને બ્રિટનને પોતાની સરહદોનું રક્ષણ કરવાની અને પોતાના પરદેશ સંબંધો પર લાગવગ ધરાવવાની રજા આપી હતી.

અમાનુલ્લાના સ્વમાનને તે ખૂંચ્યું, ને તેણે બ્રિટન સાથે તકરાર બાંધી. બ્રિટને ચાલાકી વાપરી અમાનુલ્લાને પાછળથી થપાટ મારી અને પોતાની લાગવગ ખેંચી લીધી અને સાલિયાણું ખેંચી લીધું. પણ અફઘાનિસ્તાનની દોરી મજબૂત હાથે પકડી રાખી. અમાનુલ્લાને પોતી સ્વતંત્રતાનો સંતોષ મળ્યો પણ સાલિયાણું ગયું. પછી રીસમાંને રીસમાં અમાનુલ્લાએ અફગાનિસ્તાનને સુધારી નાખવાનું સાહસ ખેડયું. એણે એક પછી એક સુધારા સખત બનીને મૂકવા માંડયા. મુલ્લાંની સત્તાને ટુંપી નાખવા માંડી, એણે વડવાઓના પોતાની દીકરીને પોતાની ઇચ્છા પ્રમાણે ફાવે તેને પરણાવવાના હક્કને ગેરકાયદેસર કરી છોકરીની ઈચ્છા અને પસંદગી ને કાયદેસર કરી. ૧૯૨૩માં છોકરીના બાપાએ બળવો કર્યો, મુલ્લાંઓએ અમાનુલ્લા સામે બાંગ પૂકારી. અફગાનિસ્તાનમાં આંતર યુદ્ધ થયું. અમાનુલ્લા ગાદી છોડીને નાઠો અને રોમમાં જઈ ને રહ્યો. પછી અમાનુલ્લાની ગાદી પર એક બચ્ચા સાકુ બેસી પડયો પણ

તેને ઠેકાણે કરી અમાનુલ્લાનો એક પિત્રાઈ ભાઈ નાદીર નામે ગાદીનશીન થયો. નાદીરનું શાસન પ્રતાપી દેખાયું પણ ૧૯૩૩માં તેનું ખૂન થઈ ગયું. પછી નાદીરનો દીકરો ગાદી પર બેઠો અને તેની આસપાસ તેના ત્રણ કાકાઓએ રાજસત્તા રચી. આ બધી લીલા નિહાળતી બ્રિટનશાહી પોતાના દોરીસંચાર પર મલકાતી હતી.

સૌનું માથું ઠરી જાય છે તે ટિબેટ અજોડ છે. ટિબેટમાં જ રાજકારણ ને ધર્મના રંગો એક બની જાય છે. ટિબેટમાં લામા (બૌદ્ધ ધર્મગુરૂ) રાજ કરે છે. એક ટેશુલામા છે અને બીજા ધર્મરાજ દલાઈ લામા છે.

લામાઓ વારસાગત નથી પણ બન્ને લામા પુનર્જન્મના સિદ્ધાંત પ્રમાણે ચૂંટાય છે. જ્યારે લામા મરે છે ત્યારે તેનો આત્મા તે જ સમયે જન્મેલા કોઈ બાળકમાં પ્રવેશ કરે છે એમ મનાય છે. એમ પ્રવેશ કરાયલું બાળક જીવતા લામા વડે, મુખ્ય પ્રધાન વડે કે બીજા અધિકારીઓ વડે શોધી કઢાય છે ને પછી તેને લામા બનાવાય છે.

આજે ૧૯૩૯માં સ્થિતિ એવી છે કે ટિબેટમાં ટેશુલામા નથી છેલ્લો ઘરડો ટેશુલામા ગઇ સાલ ચીનમાં દેશવટે મરણ પામ્યો. એ વૃદ્ધ ટેશુલામાએ કેટલાંક રાજકારણીય કારણોને લીધે ટિબેટ છોડયું ત્યારે સૌને આઘાત થયો હતો. આજે એનો આત્મા ચીનથી આવીને તે સમયે જ જન્મેલા કયા બાળકમાં પેઠો હશે તે કળાયું નથી. પણ દલાઈ લામાના મરણ પછી તેના આત્માને ૧૯૩૮માં એક બાળકમાં શોધી કઢાયો હતો. આજે એમ શોધી કઢાયલો દલાઇ લામા ચાર વરસનો જ છે.

પણ સરકાર ચાલે છે. સરકાર ચલાવનાર સાધુ સમુદાય હોય છે. દરેક કુટુંબમાંથી એક છોકરો તો સાધુ થતો જ હોય છે. ટિબેટની કુલ વસ્તીના એક પંચમાંશ જેટલા સાધુઓ છે.

મુખ્ય લામાઓ પાટનગર લાશામાં દફનાય છે. મુખ્ય લામાઓના શરીર પર મંદિરો રચાય છે. હમણાં છેલ્લા મરણ પામેલા દલાઈ લામાના દેહ પર રચાયલા દેવળનું છાપરું દશ લાખ પૌંડની કિંમતના સોનાથી મઢાયલું છે.

એવું ટિબેટ ચીનનો એક ભાગ છે, પણ ચીની સરકાર ટિબેટના પાટનગર લાશામાં કોઈ રાજકીય ભાગ ભજવતી નથી. ૧૯૦૨ થી બ્રિટિશશાહીએ ટિબેટમાં પ્રવેશ કર્યો અને હિંદની એ હદ પર પોતાનો અધિકાર સ્થાપી દીધો. ટિબેટમાં બ્રિટનના દંડુકાની અણિ જેવું સીકીમરાજ છે. બ્રિટિશ હિન્દ અને સીકીમ વચ્ચેની હદ પર સખત ચોકી પહેરો મૂકવામાં આવ્યો છે. સીકીમની મુલાકાત લેનારાંઓ પાસે ટિબેટની અંદર નહિ જવાનું ખત કરી લેવાય છે. સીકીમનો મહારાજા શરમાળ અને હસમુખો બૌદ્ધ છે. તે લાંબો ચોટલો રાખે છે અને પીળો ઝભ્ભો ઓઢે છે, અને બેઠો બેઠો લંડનનો રેડિયો સાંભળતો એની બૈરીછોકરાં સાથે રાચે છે.

વળી હિમાલયમાં ટિબેટ અને બ્રિટિશ હિન્દની વચ્ચે એક નેપાલ રાજ્ય છે. બ્રિટન તેને વરસ દહાડે ૭૪,૦૦૦ પૌંડનું સાલિયાણું આપે છે, અને નેપાલમાંથી ગુરખાઓને લશ્કરમાં ભરે છે. નેપાલનો રાજા બુદ્ધ છે અને ગાયના ખૂનને દેહાંત દંડની શિક્ષાવાળું ગણે છે.

નેપાળ સાથે ભુતાન રાજ્ય છે. નેપાલની જેમ એ પણ પહેલાં ચીનનો એક ભાગ હતું. નેપાળની જેમ ત્યાં પણ બુદ્ધ ધર્મ

પ્રવર્તે છે. ભૂતાનને પણ બ્રિટનશાહી વર્ષાસન આપે છે અને તેના પરદેશ સંબંધો પર પોતાની હકુમત રાખે છે.

બાજુ પર મનરંજન બ્રહ્મદેશ છે. તેનો વિસ્તાર પહેલાંના ઓસ્ટ્રિયા હંગેરી જેટલો ૨૬૧,૦૦૦ ચોરસ માઈલનો છે. બ્રહ્મદેશની ધરતીમાં કિમતી ધાતુઓ, પેટ્રોલ અને દુનિયાભરમાં સૌથી વધારે ચોખા પાકે છે. બ્રહ્મદેશના ચહેરા પર સ્મિત ફરકે છે પણ શાહીવાદી શોષણમાં બ્રહ્મદેશના પેટમાં ભયંકર ભૂખ સળગે છે. મંચુ શહેનશાહતના મૃત દેહમાંથી બ્રિટિશ શાહીવાદે બ્રહ્મદેશનો ટૂકડો લઈ લીધો અને ત્યારથી ૧૮૬૦ થી તેનું એક ધારૂં શોષણ ચલાવે રાખે છે. ૧૯૩૫ ના ‘ કાયદા પ્રમાણે તેણે બ્રહ્મદેશને હિંદથી વિખુટો પાડ્યો. બ્રિટનને એવી આશા છે કે હિંદ પર ગોઠવેલો એનો પંઝો ઉઠાવવો પડે તો ત્યારે બ્રહ્મદેશ પર એ બન્ને પગ ગોઠવી શકે.

જાપાન

૧૭

જાપાનીસ શહેનશાહત

જાપાનનો શહેનશાહ પણ માનવપ્રાણી છે. એ પ્રાણીને બીજા માણસોની જેમ ઉંઘ આવે છે, ભૂખ લાગે છે ...... અને એ પ જેમ જનમ્યો છે તેમ જીવે છે અને એ પણ એક દી મરવાનો છે.

પણ તેથી શું? જાપાનનો શહેનશાહ, ત્યાં મનાય છે કે મનુષ્ય હોવા છતાં મોટો ભગવાન છે. એ ભગવાન દૈવી હોવાથી સરકારનો ઉપરી છતાં કંઈક વિશેષ છે, જાણે શહેનશાહ પોતે જ આખી સરકાર છે. શહેનશાહત સરકારના તંત્રમાં નહિ પણ શહેનશાહના શરીરમાં વસતી મનાય છે.

જો કે વાત તો એવી છે કે બધા જેપલોક પોતાની જાતને દૈવી માને છે પણ એવી દિવ્ય ઓલાદવાળા જેપલોક જેપ શહેનશાહની દિવ્યતાને તો ન જ પહોંચી શકે. જાપાનનો શહેનશાહ શાસન કરતો દેવ છે. એની દિવ્યતામાં સરકાર વાસ કરે છે, લોકો જીવે છે.

એવા જાપાનીસ દેવના ગુણવિશેષોની ગણના થઈ શકે તેવાં તે નાના સૂના નથી. એવી ગણના કરવા છતાં ગૂઢતામાં ગરકી પડાય તેમ છે. અને એમ કરતાં જેપલોકમાં કોઈ ચિડાઈ જાય તો ? કારણ તેમને મન જાપાનીસ શહેનશાહ, ગણના ન થઈ શકે તેવો, નામ ન લઇ શકાય તેવો, વર્ણન ન કરી શકાય તેવો દેવતાઈ છે.

જાપાનના મોટાભાગના લોકોને શહેનશાહ તરફ મોટું માન છે. એ લોક શહેનશાહને ભજે છે પણ તેમાંના જૂજ લોકોએ જ તેને નજરોનજર દીઠો હોય છે. રિવાજ એવો છે કે કોઈ મોટા સમારંભમાં શહેનશાહ પોતે પધારે ત્યારે ત્યાં એકઠાં થએલાં લોકો પોતાનાં પોપચાં નીચાં ઢાળી દે છે. આંખેઆંખ એની સામે નહિ દેખાવાનો જાણે નિયમ થઈ ગયો છે. જો કે થોડાંક એને જોઈ લેવાની નજરચોરી કરવાની હિંમત કરે છે. આ રિવાજના પાયામાં પથરાયલી માન્યતા તો એવી છે કે ભગવાનના સીધા દીકરા શહેનશાહને સામસામે જોનાર આંધળું થઈ જાય.

અને શહેનશાહની છબીઓ ? ઘણી થોડી છે. તેમાંય શહેનશાહનો ચહેરો સીલ્કફોનના તંતુઓના આવરણથી ઢંકાયલો હોય છે. જ્યારે શહેનશાહ સફર કરે છે ત્યારે સેંકડો માઈલ સુધી શહેનશાહની ગાડીના પડદા પડેલા રહે છે. અને એક પ્રતિબંધ છે, કોઈએ પણ શહેનશાહ પર ઉંચાઇએથી દેખવું નહિ. ટોકયોના પોલીસ થાણાનો મિનારો અધવચથી અટકી ગયો છે, કારણ કે પછી એમ માલમ પડયું કે એ જો પૂરો ચણાય તો તેની બારીમાંથી શહેનશાહના શાહીબગીચાનું ભિતર દેખાઈ જાય. જો કે બદલાતા જમાનાની કેટલીક અનિવાર્યતાઓએ આમાં ય અપવાદ આણ્યા છે; જેવા કે, જ્યારે શહેનશાહ રાજસભા ખુલ્લી મૂકે ત્યારે છાપાંના

પ્રતિનિધિઓ તેમને—દેવતાઈને ગેલેરીઓમાં બેસીને ઉંચાઈએથી જોઈ શકે છે.

એવા શહેનશાહના શાસનમાં જેપલોકોમાં કોઈ પણ ભયંકર કે રાજાશાહી તરફના અવમાની વિચારો પેસી ન જાય તેની તકેદારી શહેનશાહની પોલીસ ઠીક રાખે છે. ઈ. સ. ૧૯૩૯ના ફેબ્રુઆરીમાં જેપ પોલીસે હેમલેટના ચિત્ર પર પ્રતિબંધ મૂકયો અને તેને દેખાતું બંધ કરી દીધું, કારણ કે તેમાંના ભયંકર વિચારો રખેને રાજાશાહીનો માનસિક પણ, માનભંગ કરી દે તો? ૧૯૩૬માં 'ટાઈમ' નામના એક સામયિકે શહેનશાહની છબી મુખપૃષ્ઠ પર છાપી પણ તરતજ ફરમાન નીકળ્યું કે વાંચકોએ એ સામયિકને ઊંધું ઝાલવું નહિ કે એ સામયિકની નકલ પર બીજી કોઈ વસ્તુ મૂકવી નહિ. વિલિયમ ગ્રોપર નામનો એક કાર્ટુનીસ્ટે એક વખત 'વેનીટી ફેર'માં શહેનશાહને દોર્યો અને તરત જ વોશીંગટનમાં જેપ પ્રતિનિધિ મંડળે સરકારી રીતે ફરિયાદ નોંધાવી. 'ફોરચ્યુન' નામના એક જાપાનીસ અખબારે અંદરનું લખાણ રાજભક્તિવાળું છતાં પૂઠા પર રાજાશાહીનું એક રૂપક ભૂલથી છાપી માર્યું અને તરતજ તે અખબારને બંધ કરી દેવામાં આવ્યું.

એક જાણીતા પરદેશી પ્રતિનિધિએ એક જાણીતા સરકારી જેપ મંત્રીને એક શાહી સમારંભ પછી શહેનશાહના ચહેરા વિષે પૂછ્યું. જાપાનીસ મંત્રીએ કશો જ જવાબ દીધો નહિ અને ચૂપચાપ જણાવ્યું કે શહેનશાહના દેવતાઇ ચહેરા વિષે વાત કરવામાં ધર્મનિન્દા જેવું પાતક લાગે છે. એક વખત એક રસ્તા પર વ્યવસ્થા જાળવનાર પોલીસના માણસે શહેનશાહનું સરઘસ ભૂલથી બીજે રસ્તે વાળ્યું. અને એને પાછળથી એવો તો પસ્તાવો શરૂ થયો કે એણે શરમમાં પોતાની જાતે પોતાના પેટમાં ખંજર ખોસી દીધું.

એ તો ઠીક પણ ડૉકટરોને શહેનશાહનું દેવતાઈ શરીર માંદું પડે તો ય તેને અડવાનો રિવાજ નહોતો. પણ પછી એવા દિવ્ય દેહને અડવા માટે ડૉકટરોએ હાથ પર રેશમી મોજાં પહેરી દેવાં તેમ ઠર્યું. દરજી પણ શહેનશાહની ડગલી સીવવાનું માપ લેતો ત્યારે દૂરથી જ શહેનશાહના દિલને અડયા વિના લેતો. એવા શહેનશાહ સરકારી તંત્રનું એક અંગ માત્ર છે એમ વીસ વરસ પહેલાં લખવા માટે ટોકયોની શાહી વિદ્યાપીઠમાં એક સાથે ત્રીસ વરસ સુધી સેવા કરનાર એક ડૉ. મીનોબી નામના વિદ્વાન પર આફત ઉતરી પડી અને તે માંડ માંડ નોકરી છોડીને જીવ બચાવવા નાસી ગયો. શહેનશાહની દિવ્યતાની આવી વાતો તો અનેક છે. એ એકેએક વાતમાં શહેનશાહના દિવ્ય દેહની આસપાસ તેજના અંબાર ઉછળતા દેખાડવામાં આવે છે તથા શહેનશાહમાં રાજાશાહીના રૂપકને અને તેની હકુમતને દિવ્ય દેહે મૂર્તિમાન કરી રક્ષવામાં આવે છે.

૧૮

નામદાર શહેનશાહ હીરોહીટો

જાપાનીસ સૂર્યવંશી રાજાશાહીના એક સો ને ચોવીસમા મણકા જેવો નામદાર શહેનશાહ હીરોહીટો ૧૯૦૧ના એપ્રિલની ૨૯મીની રાતના દશવાગે જનમ્યો અને ૧૯૨૬માં તાજપોષી પામ્યો. ૧૯૨૪માં શહેનશાહે નાગાકો કુની સાથે લગ્ન કર્યું અને દિવ્ય એવા એ શહેનશાહને પોતાની સ્ત્રીથી છ બાળકો સાંપડયાં છે.

જાપાનની રાજાશાહી ૨,૫૯૯ વરસ જેટલી જૂની છે એટલાં વરસમાં એક જ રાજવંશનો વેલો અખંડ રહ્યો છે. આજના શહેનશાહ હીરોહીટોનો અર્થ મહાન એવો થાય છે. જાપાનભરમાં કોઇ બીજું પોતાના નામ સાથે હીરો લગાડી ન શકે એવો નિયમ છે. એક વાર એક અજાણ ખેડૂતે ભૂલથી પોતાના દીકરાનું નામ હીરોહીટો પાડયું પણ પછી શહેનશાહનું નામ પોતાના દીકરાને આપવા માટે એ પ્રશ્ચાતાપમાં પોતાના આખા કુટુંબને મારી નાખ્યું, દીકરાને દૂધ પીતો કરી દીધો અને એક માઠી સવારે પોતાની જાતનો ઘાત કરી હારાકીરી* ઉજવી.

* આપઘાત કરવાની જાપાનીસ પ્રથા.

એટલું જ નહિ પણ જાપાનમાં કોઈ પણ શહેનશાહનું નામ મોઢેથી બોલી શકતું નથી. એમ કરવું તે મોટું ધાર્મિક પાતક લેખાય છે. જ્યારે ન છૂટકે શહેનશાહની વાત અનિવાર્ય બને છે ત્યારે શહેનશાહના નામને બદલે તાજ અથવા " હીકા ડેંકા " (નામદાર શહેનશાહ) બોલવાનો રિવાજ છે. મીકાડો શબ્દ જાપાનમાં વધારે પ્રચલિત નથી. મીકાડોનો અર્થ દરવાજો એવો થાય છે. જ્યારે જાપાનમાં શહેનશાહને માટે કોઈ મીકાડો શબ્દનો ઉપયોગ કરે છે ત્યારે તેનો અર્થ સ્વર્ગમાં પહોંચવાનો દરવાજો એવો સૂચિત હોય છે.

૧૮૬૮ સુધી શહેનશાહ પોતે પોતાના નામની સહી કરવા જેવું પણ કેવળ માનવ પ્રાણીને લાયક એવું કામ કરતા નહિ પણ હવે નામદાર હીરોહીટો પોતાની સહી જાપાનીસ ભાષામાં કરે છે. એ શહેનશાહનો દાદો મેજી (મુત્સુ હીટો) શોગુનોની સરમુખત્યારી-માંથી છૂટયો અને એના જ કાળમાં જાપાને દુનિયાના બજારમાં જોરશોરથી પેસવાનું શરૂ કરી દીધું. પછી આજના શહેનશાહનો બાપ યોશી હીટો નામે થયો.

પણ એ રાજાનો વંશ તો ઈ. સ. પૂર્વે ૬૬૦ વરસ પર જ્યારે જીમુ રાજાએ રાજવંશ સ્થાપ્યો ત્યાં સુધી લંબાયલો પડયો છે, અને દંતકથાઓના કલરવમાં તેથી ય આગળ સૂરજદેવી સુધી પહોંચે છે. સૂરજદેવી જાપાનની દેવી છે. દંતકથા એમ કહે છે કે સાક્ષાત સૂરજદેવીએ જીમુને જન્માવી જાપાનમાં દિવ્ય એવી પ્રજા પર શહેનશાહત સ્થાપવા મોકલ્યો. જો કે ઈતિહાસ તો એમ કહે છે કે જાપાનમાં ઈસુ પછીનાં પાંચસો વરસ સુધી તો ઇતિહાસમાં નોંધવા જેવું કશું જ નહોતું. પણ એવી વાત જાપાનમાં ઉચ્ચારવી અઘરી છે.

જાપાનનો શહેનશાહ તાજ પહેરતો નથી કારણકે બીજે હોય છે તેવો રાજમુગુટ જાપાનમાં નથી. જાપાનમાં નવો શહેનશાહ ગાદીનશીન થાય ત્યારે ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવે છે અને શહેનશાહની આસપાસ ધર્મનો ગૂઢ બુરખો ધરવામાં આવે છે, અને નવા શહેનશાહને રાષ્ટ્રવાદની દિવ્યતાનો દેવ બનાવી આખા દેશની નસોમાં રાષ્ટ્રવાદનો નશો વહેતો મૂકવામાં આવે છે.

૧૯૨૬ની સાલમાં હીરોહીટો શહેનશાહ થતો હતો. મોટા દમદમા સાથે, નવો શહેનશાહ શીન્ટો નામના દેવળમાં પેઠો અને પૂર્વજોના આત્માઓ સાથે વાતચીત કરી ગાદીપર ચઢયો. પછી મુખ્ય પ્રધાને નવા શહેનશાહની જાહેરાત કરી. છેવટમાં નામદાર હીરોહીટોએ દેવોને બલિદાનો આપ્યાં અને એક ઝૂંપડીમાં પેસીને દેવોની જમાત સાથે મસલત કરી.

એના અંગ સાથે શહેનશાહતનાં ત્રણ રૂપક જોડાઈ ગયાં. એક અરીસો, બીજી મોતીની માળા અને ત્રીજી સૂરજદેવીએ આપેલી તરવાર. માળા અને તરવાર ટોકયોમાં રાખવામાં આવે છે અને અરીસો ઈસીના (સૂરજદેવોના) મંદિરમાં સાચવી રાખવામાં આવે છે. ઈસીનું મંદિર જાપાનમાં નાગોવા નજીક છે તથા મોટું યાત્રાધામ છે.

મોટાં પર્વ પર હીરોહીટો ઈસીના દેવળમાં જાય છે અને ત્યાં કહે છે કે સાક્ષાતદેવી સાથે મસલત કરે છે. હીરોહીટો ઈસીમાતાના દેવળમાં એના બાપાના મરણ પછી ગએલો, ત્યાર પછી એ યુરોપથી આવ્યો. ત્યારે માતાજીને મળેલો અને લગ્ન પછી પણ એણે મંદિરની મુલાકાત લીધેલી. કહેવાય છે કે દેવીની પ્રતિમા હીરોહીટો સાથે વાતચીત કરતી હશે! જો જાપાન કોઈ શિકાર પર તરાપ મારવા

તરવાર ખેંચે તો ય શહેનશાહ ઈશ્વી માતાને નમે છે અને પ્રધાનમંડળ પણ ઘૂંટણીએ પડે છે. જાપાનના શાસક રાષ્ટ્રવાદની ટોળકીમાં સૂરજદેવી પણ મળેલી છે. જાપાનની દેવી જ્યાં સુધી દેવતાઈ છે ત્યાં સુધી જાપાનનો શહેનશાહ દૈવી છે અને ત્યાં સુધી એ એના નામમાં જાપાનનો શાસકવાદ જગતના પછાત પ્રદેશો પર જેટલા અત્યાચારો ઉતારે તેટલા દૈવી છે જ.

એવી દિવ્યતામાં દટાયલો જાપાનનો શાહ હીરોહીટો ટોકયોના મધ્યમાં આવેલા કયુજો મહાલયના ભીતરમાં વાસ કરે છે. કયુજો મહાલ દુનિયાની ભયાનક ઇમારતોમાં સૌથી વધારે ભયાનક છે. સૈકાઓ સુધી એ મહાલય શોગુનોનો કિલ્લો હતો. ૧૮૬૮ થી રાજકુટુંબ તેમાં વસવાટ કરવા લાગ્યું. એ વાસમાં ગૂઢ પ્રતાપ અને ભયંકર જાહોજલાલી મૂર્તિમાન બને છે. કિલ્લાને ફરતી લોખંડી દિવાલોની ચારેકોર બુરજોથી વંકાતી લીલા પાણીવાળી ખાઇ વિંટળાયલી છે. વાંકાચૂકા ગોળ વિસ્તાર વાળી કેટલાએ માઈલ લાંબી દિવાલમાંથી ચાલીસ પ્રચંડ દરવાજા ડોકાય છે. આખી ય દિવાલ ધરતીકંપથી બચી શકે તેવી છે. દિવાલની અંદર મહાલય ઉપરાંત વાટિકાઓ, ફૂવારાઓ, ગોંદરીઓ વગેરે અનેક શાહી વિલાસની સમૃદ્ધિઓ છે.

શહેનશાહ યાસાકુની દેવળમાં જ્યાં જાપાનનાં લશ્કરી અમલદારોનાં મડદાં રક્ષાય છે ને પૂજાય છે ત્યાં એ વખત પ્રાર્થના કરવા જાય છે. શહેનશાહ ડાયટના વાર્ષિક પ્રારંભમાં હાજરી આપે છે. મુખ્યપ્રધાન અને લશ્કરી વડાઓ શહેનશાહની સલાહ સાંભળે છે. શહેનશાહ પરદેશી પ્રતિનિધિઓને મુલાકાત આપે છે. નવો પરદેશી પ્રતિનિધિ જ્યારે શહેનશાહને મળે છે ત્યારે ત્રણ નમન કરે છે પછી પોતાનો પત્ર વાંચે છે. પછી શહેનશાહ જવાબ વાંચે છે.

વરસમાં બે વાર, એક નવેમ્બરમાં અને બીજી એપ્રિલમાં હીરોહીટો શાહી મિજબાનીમાં સાત હજાર મહેમાનોને આમંત્રે છે. આમંત્રણના ફરમાન પ્રમાણે મહેમાનોનો સમારંભ થાય છે અને પછી શાહી રંગ મંડપમાંથી ધીમી ચાલે હીરોહીટો તેની શહેનશાહ બાનુ સાથે પધારે છે. ૧૯૩૭ અને ૧૯૩૮માં ચીન સાથેના બનાવને લીધે મીજબાનીઓ બંધ રહી હતી.

શહેનશાહ ટેનીસ અને ગોલ્ફ રમે છે. શહેનશાહને જીવન વિજ્ઞાનનો પણ શોખ છે. શહેનશાહનો બીજો શોખ ફોટોગ્રાફીનો છે. શહેનશાહનો શીરાયુકી નામનો સફેદ રંગનો ઘોડો છે ને તેના પર પોતે સ્વારી કરે છે. શહેનશાહ વહેલા સૂવે છે ને વહેલા ઉઠે છે અને પીતા નથી નં ફૂંકતા પણ નથી. નાજુક તબિયત છતાં તન્દુરસ્ત છે, પણ જરાક 'શોર્ટ સાઈટેડ' છે. શહેનશાહના દિલ પર પહેરાયલું કપડું બદલાય છે તે ફરીવાર કામ લાગતું નથી હોતું. દરરોજ એવાં ઉતરેલાં કપડાંનો ઉપજીવીઓને ઉપાહાર ધરાય છે. એવા શહેનશાહને રક્ષવા અનેક ઉપાયો યોજાય છે, રસ્તાઓ પર ચોકીઓ ગોઠવાય છે, ઘરબારોની અંદર બહાર ઝડતીઓ લેવાય છે, કારણ કે, એવા હીરોહીટોની આસપાસ સંસ્થાનોના શિકાર સપડાય છે, એવા ઢીંગલા જેવા પણ દેવ બનેલા માનવ પ્રાણીની આસપાસ અજવાળાના ઓઘ રચી લશ્કરી મૂડીવાદ સંહારનાં તાંડવ ખેલી શકે છે.

શહેનશાહ હીરોહીટો કોઈ વાર પૈસાને અડતો નથી અને તો ય બેશક જાપાનનો શહેનશાહ દુનિયામાં સૌથી વધારે શ્રીમંત છે. શહેનશાહની પોતાની ઘણી મોટી એવી અંગત મિલ્કત છે. શહેનશાહને પોતાને વરસના ૨૬૦,૦૦૦ પૌંડનો પગાર છે. શહેનશાહના નામ પર શાહીહોટેલનું મકાન છે. દક્ષિણ મંચુરિયા રેલ્વેમાં શાહે

ગંજાવર મૂડીનું રોકાણ કરેલું છે અને એન. વાય. કે. વહાણવટામાં પણ શહેનશાહની મૂડી રોકાઈ છે.

પણ એવો જાપાનનો શહેનશાહ જાપાન પર રાજ કરતો નથી, શહેનશાહત રાજ કરે છે. શહેનશાહ સૌથી મોટો ગણાતો માનવી અને દેવતાઈ ભલે રહ્યો પણ તે તો સૈકાજૂની શોષણ પૂજાઓ અને શોષણ પ્રથાઓમાં રચ્યાપચ્યા રહેતા એક ગબ્બર માલિકવર્ગે જમાવેલી નીતિરીતિઓનું રૂપક માત્ર છે. એ કોઈ મહાન પીટર નથી, કોઈ મુસોલીની કે હિટલર નથી, એ કોઈ ક્રોમવેલ કે સ્ટેલીન નથી, એ શહેનશાહતનો પડછાયો છે, ને પડછાયો લશ્કરવાદનાં તાંડવી સંચાર પ્રમાણે સંચલન કરે છે. એવો જાપાનનો શહેનશાહ ઇતિહાસની ગતિમાં ખરી પડેલું પણ સંઘરી રખાયલું મમી * છે.

* ઇજીપ્તના પિરામીડોમાં જૂના વખતનાં સંઘરી રખાયલા મુડદાં.

૧૯

અને એ કોણ છે?

અને એમણે એમ નિરધાર કર્યો છે, અને એમનો નિર્ણય ન ફેરવી શકાય તેવો હોય છે. એ કહે છે કે લડાઇને પૂરેપૂરી લડી લેવાના છે અને એઓનો નિશ્ચય છે કે જાપાને આમ જ કરવું જોઈએ અને તેમ નહિ. અને એઓએ રાષ્ટ્રની સરકારના સુયોગ્ય સંચલન માટે પ્રીન્સ કોનોયની નિમણૂક મુખ્ય પ્રધાન તરીકે કરવી ધારી છે કારણ કે તેઓ તેના વર્તનથી સંતોષ પામ્યા છે અને યોગ્ય રીતે સંતોષ પામ્યા છે.

"પણ એઓ છે કોણ!" જ્યાં શહેનશાહ મોટો દેવ છે તેવા દેશમાં એ કોણ છે, એવો સવાલ કોઇને પૂછવો પડતો નથી, કારણ સૌ તેમને, તેમની હકુમતને ઓળખે છે.

તેઓ લોખંડ જેવા પણ વહેવાની ટેવવાળા છે. તેઓ બદલાતા છતાં તેમનું શાસન એકધારૂં હોય છે. તેઓ અજાણ્યા રહેતા છતાં,

તેમનું માનસ સમજી શકાય તેવા એક જ રંગવાળું હોય છે. તેમના મુજરા અનેક છતાં, તેમનો એક ઠમકો લશ્કરવાદનો હોય છે અને તેઓ અવિચળ ગણુાય છે.

૧૧૮૫થી ૧૮૬૮ સુધી તેઓ દૈવી બનાવેલી વારસાગત શહેનશાહની પાછળ શોગુન નામધારી હતા. શોગુનો જુલ્મી સર-મુખત્યારો જેવા હતા, લશ્કરી વડાઓ હતા. તેઓ એટલે એક બે આદમીઓ નહિ; તેઓ એટલે જાપાનનું લશ્કર અને તેઓ એટલે જાપાનનો લશ્કરવાદ.

એવો લશ્કરવાદ જાપાનમાં અનેરો ને અજોડ છે. એ લશ્કર-વાદને જાપાનના શહેનશાહ સાથે નિકટનું જોડાણ છે. એ લશ્કર-વાદમાં રજવાડાશાહી અને મૂડીવાદી નિયંત્રણનું વિચિત્ર લગ્ન છે. એ લશ્કરવાદમાં રાષ્ટ્રવાદી સામાજિક વેગ અને ઉમેદોમાં ધર્મતત્ત્વ સેળભેળ થાય છે. એ લશ્કરવાદની ખૂનામરકીમાં ખેલવા જતાં જાપાનીસ સૈનિક પોતાના સાથીદારોને કહે છે કે “હું તમને યાસાકુની દેવળમાં મળીશ.” એ એક દેવળ છે જ્યાં મૂડીવાદની નફાશાહી સાચવવામાં મુરખ બનેલો કોઈ વધેરાય છે તો તેની રાખને એ દેવળના આંગણામાં દેવતાઈ બનાવવામાં આવે છે.

એવા લશ્કરવાદમાં એક વખત દાખલ થયા પછી કોઈપણ સૈનિક એમના વિના કોઇને સાંભળી શકતો નથી, બીજું કંઈ સમજી શકતો નથી, માની શકતો નથી. એવા એમણે રચેલા સૈકા-જૂના લશ્કરવાદના ખૂનખાર આચારોનાં આટલાં જ કારણો ગોખાવવામાં આવે છે :

કારણ કે, એવી શહેનશાહની ઇચ્છા છે.

કારણ કે, ચીનાઓએ આપણી સાથેની સલાહનો ભંગ કર્યો છે.

કારણ કે, જાપાનની વસ્તી ઘણી વધી ગઈ છે.

કારણ કે, ચીનાઓએ આપણા પર હલ્લો કર્યો છે.

કારણ કે, જાપાનનું માન જોખમમાં છે.

કારણ કે, આપણે ચીનમાં સુવ્યવસ્થા અને કાયદો લાવવા માગીએ છીએ.

કારણ કે, કેસરિયાં કરવાનું શાહી ફરમાન છે.

અને કારણ કે.........અને કારણ કે.........! એવા લશ્કરવાદના વડાઓમાં શહેનશાહથી બીજો ગણાતો યુદ્ધ ખાતાનો પ્રધાન ઈટાગાકી જાપાનમાં સૌથી વધારે અગત્યની વ્યક્તિ છે. ઈટાગાકી જાપાનની ઉત્તરના પ્રદેશમાં એક ખેડૂત ઘરમાં ૧૮૮૫ની સાલમાં જન્મ્યો. ઓગણીસ વરસની ઉંમરે ઈટાગાકી લશ્કરમાં જોડાયો અને ૧૯૩૨માં સેનાપતિ બન્યો. ૧૯૩૮માં જ્યારે ઈટાગાકી યુદ્ધખાતાનો પ્રધાન બન્યો ત્યારે તે જાપાનનાં પચીસ હજાર જાણવા જેવાં (who's who) નામોમાં નહોતો. બધાં લશ્કરોમાં હોય છે તેમ જાપાનના લશ્કરમાં પણ ટોળકીઓ છે. મંચુકોમાં રોકાયલા કવાનટુંગ લશ્કરના અમલદારોની ટોળીમાં ઈટાગાકી આગેવાન છે. કવાનટુંગ મંચુકોનો એક વિભાગ છે. જાપાને તેના પર ચોત્રીસ વરસથી ચોકી ગોઠવી છે અને ત્યારથી કવાનટુંગમાં રહેલા જાપાનીસ લશ્કરના અફસરો જાપાનના લશ્કરવાદ પર સરદારી ધરાવે છે.

સેનાની ઈટાગાકી અને તેની કવાનટુંગની ટોળી ૧૯૩૧ના મુકડેન બનાવની સર્જક હતી. એ બનાવે મંચુરીઆ પરની ચઢાઈને રસ્તો કરી આપ્યો અને જાપાનીસ શાહીવાદના આજના ઇતિહાસનાં

કમાડ ખોલી દીધાં. ઈટાગાકીના બે મુખ્ય સાથીદારો છે, જે ક્વાનટુંગ લશ્કરમાં કર્નલો છે. તે કર્નલ ડોઈહારા અને કર્નલ ઇશીહારા નામના છે.

સેનાની ઈટાગાકી લોકપ્રિય છે કારણકે તે ઓછાબોલો અને વધારે કામ કરનારો છે અને જાપાનના લશ્કરમાં સૌથી વધારે બુદ્ધિમાન છે. મંચુકોનો એ જ શોધક, સર્જક અને વિધાતા છે. એણે મંચુરિયા–મંચુકોને મૂડીવાદી સરમુખત્યારીના પ્રયોગનું વિધેય બનાવવું ધાર્યું છે.

ઈટાગાકીથી બીજી કક્ષામાં આવતો જાપાનનો સેનાની કાનજી ઈશીહારા નામનો છે. ઈશીહારા ૧૮૮૯માં યામાગાટા–કેનમાં જન્મ્યો અને સુડતાલીસ વરસની ઉમરે સેનાપતિ બન્યો. એ ઘણોજ ધાર્મિક માણસ ગણાય છે. સોવિયટ યુનિયન સામેના વિગ્રહના વ્યૂહની રચના કરનાર ઇશીહારા છે. એ જાપાનનું ઈનરમોંગોલિયાનું સાહસ સફળ બનાવી, તે રીતે ચીનને સોવિયટ યુનિયનથી વિખુટું પાડવા ધારે છે.

મંચુરિયાના લોરેન્સ તરીકે ઓળખાતો જાપાનની બહારનો જાપાનીસ સેનાની લેફ્ટેનન્ટ જનરલ કેંજી ડોઈહારા છે. ૧૮૮૩ની સાલમાં ઓકાયામામાં એનો જન્મ થયો, અને ઓગણ પચાસ વરસની વયે એ સેનાપતિ બન્યો.

ડોઇહારાએ શરૂઆતનાં કેટલાંક વરસો ચીનમાં ગાળ્યાં અને ચીનની ભાષાઓ શીખ્યો તથા ચીનની કેટલીક રાજકીય વ્યક્તિઓ સાથે ભાઈબંધી બાંધી. એ વ્યક્તિઓમાંની મુખ્ય એક આનફુ નામની ટોળી હતી. ડોઈહારાનો એ ટોળીને ટેકો હતો. એ ટેકા પર

આનફુ ટોળી પેકીંગ પર રાજ્ય ચલાવતી અને જાપનને હક્કો વેચતી. જ્યારે આનફુ ટોળી ભાગી ગઈ ત્યારે તેના નાયકને ડોઈહારા એક ટોપલામાં બેસાડીને સલામત જગાએ ઉપાડી ગયો. પછી ડોઈહારાએ લડાઇખોરો સાથે પ્રેમ કરવા માંડયો, સેનાપતિઓને ખરીદી લેવા માંડયા. ૧૯૩૧ ના મુકડેનના બનાવ પછી ડોઈહારા તે બનાવનો બીજો રિપોર્ટ કરવા જાપાનીસ યુદ્ધખાતામાં ગયો, અને પછી તરતજ એમુકડેનનો મેયર બન્યો. થોડાક માસ પછી ડોઇહારા હારબીનમાં જાપાનીસ લશ્કરી મિશનના વડા તરીકે દેખાયો. ડોઈહારાએ હારબીન અને શીંકોમાં જાપાનીસ લશ્કર ગોઠવી દીધું.

પછી એક રસીક બનાવ બન્યો. ચીના સેનાપતિઓને ફોડવામાં અને ખરીદી લેવામાં પાવરધો બનેલો ડોઈહારા વારંવાર ખોટકાઈ પડતો હતો. શાંગશોન નામના ચાંગ કાઈ–શેકના એક સરદારને ફોડવા માટે ડોઈહારાએ ખાનગી મુલાકાત ગોઠવી હતી પણ શાંગશોન માંદગીનું કારણ આપી મુલાકાત લેતો નહોતો ને ડોઇહારાની પૂંછડી કાપતો જતો હતો. છેવટે બની ગએલો ડોઈહારા બરાડી ઉઠયો, "એની માંદગીની મને ખબર છે, એને તો 'સ્ટવ પોઈઝનીંગ' થયું છે. એ લાંબા સમય સુધી ધીખતા ચૂલા પાસે બેસી રહ્યો છે." આખું ચીન ડઘાઈ ગયેલા ડોઇહારાનો અવાજ સાંભળી પેટ પકડીને હસ્યું, એકલો ડોઈહારા હસતો નહોતો. બીજીવાર શાનટુંગના એક વિગ્રહખોર (war lord)ને પોતાના પક્ષમાં લેવા એણે મસલતો શરૂ કરી. હાન–ફુ–ચુ સીનાનમાં આવેલા ડોઇહારાના એક ખાનગી આવાસમાં મુલાકાતે આવ્યો પણ મુલાકાતને અંતે એણે ડોઈહારાની માગણીઓ નકારી. ડોઈહારાએ ગુસ્સામાં દાંતપીસીને પરખાવી દીધું કે, 'હાન જીવતો પાછો જઈ શકશે નહિ.' એ સાંભળી હાન હરખાઈ પડયો ને ગજવામાંથી

ઘડિયાળ તરફ જોતો બોલ્યો, "કેવી મઝા ! સવા અગીઆર તો થઈ ગયા છે અને મધરાત સુધીમાં જો હું મારા વાસમાં સાજો સમો ન પહોંચી જાઉં તો શહેરમાંના એકેએક જાપાનીસની કતલ કરી નાખવાનું મેં ફરમાન આપી દીધું છે." ડોઈહિરા હાવકો થઈને ઊભો થઇ ગયો અને હાનને સલામ કરી છૂટો કર્યો.

ડોઈહિરાનું મુખ્ય કામ ઉત્તર ચીનને ખોતરી ખાવાનું રહ્યું છે. ઉત્તરના પાંચ પ્રાંતોને ચાંગ–કાઈ–શેક પાસેથી પડાવી લેવાનું એનું સ્વપ્ન પૂરેપૂરું નહિ તોય ફળ્યું છે ખરું. એની એક રીત કાવતરું કરી માણસોને ખરીદી લેવાની છે, જે એને ફાવી ગઈ છે.

બીજો એક જૂનો અફસર જીરો મીનામી નામનો છે. એ એક વખત ક્વાનટુંગ લશ્કરનો સેનાપતિ હતો અને કોરિયાનો ગવર્નર જનરલ હતો; તથા એક વખત યુદ્ધખાતાનો પ્રધાન પણ હતો. કયુશુ નામના ગામડામાં જન્મીને તે નાનો છોકરો હતો ત્યારે ચૌદ વરસની ઉમરે જીવારો શોધવા ટોકયોના રસ્તાઓ પર રખડવા આવી ચઢેલો, અને એ રખડુ સોગન ખાઈને કહેતો હતો કે, પોતે એક દિવસ જાપાનના લશ્કરનો સેનાપતિ થશે જ. ત્યારે એના બીજા રખડુ સોબતીઓ હસતા હતા અને બંદૂકની ગોળી જેવા એના ગોળ મટોળ માથાની મજાક કરતા હતા. પછી મીનામી મોટો થયો અને લશ્કરમાં જોડાયો. એની લોખંડી ઇચ્છાશક્તિએ એને માટે આગળ વધવાનો માર્ગ મોકળો કર્યો.

ક્વાનટુંગના લશ્કરી વડાઓમાં બીજો એક અગત્યનો કુની-આકી કોઈસો નામનો છે. કુનીઆકીનો જન્મ ૧૮૮૦માં થયો તથા મુકડેન બનાવ વખતે એણે ઈટાગાકીની અડોઅડ રહીને કામ

બજાવ્યું. પછી કુનીઆકી કોરિયાનો મહાસેનાની બન્યો. આજે કુની-આકીનું સ્થાન જાપાનની કેબીનેટના એક પ્રધાન તરીકેનું છે.

૧૯૩૯ના એપ્રિલમાં જાપાનના લશ્કરવાહનાં ચાર લશ્કરો ચીન ચરવા માટે ઉતરી પડયાં. એક કવાનટુંગ લશ્કર મહાન દિવાલ પર મોંગોલિયા પર ઉતર્યું, બીજું ઉત્તર ચીન પર પેકીંગ અને ટીનસીન પર પથરાયું. અને ત્રીજા લશ્કરે હેંકો પર પડાવ નાખી યાંગત્ઝી પર આળોટવા માંડ્યું, અને બીજા એક નાના લશ્કરે દક્ષિણમાં કેન્ટનને ઘેરી લીધું. આ ચારે લશ્કરો સ્વયંસંચલિત છે તથા સીધાં ટોકયોથી જ ઈટાગાકીનાં ફરમાનો મેળવે છે.

૨૦

જાપાનના જાણવા જેવા

હીરાનુમાને જાપાનનો હિટલર કહેવાય છે. પરન્તુ ફાસીસ્ટ છતાં હીરાનુમાનું વ્યક્તિત્વ હિટલર સાથે હોડમાં ઉતરી શકે તેવું નથી. હીરાનુમામાં તો કેટલાક જાપાનીસ સદ્‌ગુણો મૂર્તિમાન બન્યા છે. હીરાનુમા વકીલ હતો અને આજે ય એનું માનસ, કાયદેસરની વાતો કરે છે. હીરાનુમા ચાર કલાક જ ઊંઘે છે, જ્યારે હિટલર તો બપોર સુધી ઘોરતો હોય છે. એક નેવું મિનિટની પરિષદમાં એણે મુખ્ય ભાગ ભજવેલો અને તો ય તેટલા કામમાં એ એક જ શબ્દ “ના” બોલ્યો. ખંતીલા અને ઉદ્યોગી હીરાનુમાને બાણુવિદ્યા અને તરવારના પટા ખેલવા ખૂબ પસંદ છે. હિટલરની જેમ એ પરણ્યો નથી અને હિટલરની જેમ એ શાકાહારી છે એ વાત સાચી.

૧૯૩૬માં હીરાનુમા પ્રીવી કાઉન્સિલનો પ્રમુખ બન્યો અને પછી ૧૯૩૭ના જાન્યુઆરીમાં એ વડો પ્રધાન બને એવું આમંત્રણ

આવ્યું. એ ભારે જવાબદારીને ધારણ કરવાની હીરાનુમાએ ના પાડી પણ પછી બે વરસે તેણે તે સ્વીકારવી પડી, અને પછી એ વડો પ્રધાન ધરતીકંપ અને ખૂનીના હુમલામાંથી બચી શકે તેવા ઘરમાં રહેવા ગયો. એ ઘર કંપના આંચકામાં ઝૂલી શકે તેવા તરતા પાયા પર બંધાયેલું છે અને અંદરમાં ભૂલભૂલામણી જેવા રસ્તાઓવાળું તથા ખાનગી કમાડો અને ગુપ્તમાર્ગોવાળું ભેદી કમઠાણ છે. રાતના સૂતો સૂતો જ વડો પ્રધાન બટન દબાવે તો આખી પથારી સાથે જ કોઇ ભોંયરામાં ઉતરી જઇ શકે તેવી ત્યાં કરામત છે. તેથી તો એક વડા પ્રધાન જનરલ હૈયાસીએ કહ્યું હતું કે એ ભેદી મહેલમાં પોતે ક્યાં સુતો છે તે તેની પત્નીને પણ ખબર પડી શકે તેમ નથી.

એવો ફાસીસ્ટ ગણાતો હીરાનુમા આવું મઝાનું બોલી શકે છે:

" એવી અફવા ફેલાઇ છે કે જાપાનની રાષ્ટ્રનીતિ શાહીવાદી અને આક્રમણકારી છે. આવી અફવાઓ ફેલાવા પામે તે જાપાનના ખરા ઇરાદાઓનું અજ્ઞાન જ સૂચવે છે. જાપાનના ઇતિહાસનો કોઇપણ અભ્યાસી યાદ લાવી શકશે કે રાષ્ટ્રની શરૂઆતથી અમારૂં એક જ ધ્યેય શાંતિ અને સલામતીનું રહ્યું છે. જાપાનની રાષ્ટ્રનીતિ બધાના વિકાસ પ્રત્યે સદ્ભાવની એટલે સર્વોદયની રહી છે. અમે અમારી એ ભાવનાનો વિકાસ સૌથી પહેલાં અમારે ત્યાં પછી દૂર પૂર્વમાં અને આખી દુનિયામાં માગીએ છીએ. "

હીરાનુમાએ આજ સુધી લશ્કરવાદ અને ઉદ્યોગવાદની વચ્ચે મધ્યમ માર્ગ જોડણ શોધ્યા કર્યું છે. એણે કહ્યું છે કે મૂડીવાદ એ

અનિષ્ટ છે જ નહિ પણ મૂડીવાદે આખા સમાજને લાભકર્તા થવું જોઇએ, અને અંગત નફાનું જ સાધન ન બનવું જોઈએ. ઘણા જાપાનીસોની જેમ હીરાનુમાનો એક આદર્શ જૂની સમાજઘટનાનો નાશ કર્યા વિના નવી સમાજઘટનાની રચના કરવાનો છે.

એવો બીજો જાપાનમાં આગળ પડતો માણસ કુમીમારો કોનોયી છે. કોનોયી ૧૯૩૭થી ૧૯૩૯માં વડો પ્રધાન રહ્યો. એ જેપને ન શોભે તેટલી છ ફીટની ઉંચાઈવાળો છે અને તેથી પાતળો સુંદર અને વાંકડીયા વાળવાળો છતાં જાપાનીસ રેલ્વેના નાના ડબ્બા એને માટે બસ ન હોઈ મુસાફરીથી કંટાળે છે. એવો કોનોયી ૪૬ વરસની ઉંમરે વડો પ્રધાન થયો.

એના ભરાવદાર હાથની આંગળીઓ આઠ ઇંચ લાંબી છે. એની ઉંચી ડોકવાળી બધી રીતભાતો ઓછાબોલી છે. એની લાંબી પાંપણો નીચેની નજર ભારે ઘમંડી છે. શી ખબર એનો રાજકારણપટુ શેતરંજ ખેલવાનો વેગ અંદરથી સુકાતો જતો પણ હોય. એ દરેક વાકયે નિઃસાસો નાખીને શ્વાસ ખેંચે છે અને તો ય એની ચાલાકી અને નમનતાઈ અજોડ રહ્યાં છે.

એના મિત્રો એમ કહે છે કે થકાવટ એની એક ફેશન બની ગઇ છે. અગીઆર વાગતા પહેલાં એ ભાગ્યે જ મુલાકાત આપે છે અને એની અનિયમિતતા એના મંત્રીઓની નિરાશા બની ગઈ છે. એક વખત ડાયટમાં (જાપાનીસ પાર્લામેન્ટ) 'નેશનલ મોબીલીઝેશન લૉ' પર ચર્ચા ચાલતી હતી અને એ ધીમેથી પથારીવશ બની ગયો. "બોલો કે બિમાર છું" એમ એણે એક અઠવાડિયા સુધી કહાવી દીધું. ટોકયોના ખબરપત્રીઓએ એ અઠવાડિયાને 'સૂઈ જાય' સત્યાગ્રહ કહ્યો છે.

જાપાનના એક મહાન કુટુંબમાં એ જન્મ પામ્યો છે. એનું લોહી એવું તો ઊંચી જાતનું છે કે જાપાનના એક વૈજ્ઞાનિકે કોનોયને છે તેવું—એ જાતનું લોહી જેનામાં હોય તેને જ સરકારી નોકરી આપવાની પહેલી રહેમ બતાવવી એમ ભલામણ કરી હતી. દરબારી પાંચ કુટુંબોમાંના એકમાં એનો જન્મ થયો. એ પાંચ કુટુંબો ફુજી-વારા તરીકે ઓળખાય છે તથા તેમાંથી શહેનશાહબાનુ પસંદ કરાય છે.

એવા કુટુંબમાં કોનોય ૧૮૯૧માં પ્રીન્સ આત્સુમારોના વડા દીકરા તરીકે જનમ્યો, અને એના જન્મ પછી આઠમે દિવસે મા મરણ પામી અને બાપાએ બે કવિતાઓ બનાવી નાખી. એક પોતાની સ્ત્રી માટે શોક કરતી અને બીજી પોતાના બાળક માટે વિલાપ કરતી. પછી કોનોયને આયાઓએ ઉછેર્યો અને એકતાલીસ વરસની ઉમરે બાપા પણ મરણ પામ્યા એટલે ૧૯૦૪ની સાલથી કોનોય અનાથ બન્યો. કહેવાય છે કે બા, બાપા વિનાનો દીકરો એકલો પડયો અને એ એકલવાયો નિરાશ અને કડવો બનીને સામાજીક અન્યાય પર ચિંતન કરતો માકર્સવાદને ગટકાવવા માંડયો.

ટોકયોની વિદ્યાપીઠ છોડીને કોનોય માકર્સવાદી અધ્યાપક કાવાકામીને સાંભળવા કયોટોની વિદ્યાપીઠમાં પહોંચ્યો. પછી એ ટોલસ્ટોલની અસર નીચે આવ્યો અને ભરયુવાનીયાં સામાજિક ન્યાય પર લખવા બેઠો. એક વખત તો એણે પોતાના બધા ઇલ્કાબો છોડીને અમેરિકા ચાલ્યા જવાનો વિચાર કરેલો.

પછી તો એ બધું ઓગળી ગયું અને માકર્સવાદને ભૂલીને કોનોય અમીરોની સભામાં બેસી ગયો તથા ૧૯૩૩માં તે સભાનો પ્રમુખ બન્યો. બાપા પણ પ્રમુખ જ હતા ને! એને બાપાનો વિયોગ

ઓછો સાલ્યો. પછી ૧૯૩૭માં આનાકાની કરવા છતાં પણ એણે વડા પ્રધાનની જવાબદારી ભરેલી પદવી સ્વીકારી.

વડો પ્રધાન કોનોય શહેનશાહનો માનીતો હતો અને લશ્કર-વાદનો માનવંતો હતો અને રાજકારણમાં સ્વતંત્ર હતો. એટલે એને દુશ્મનો હતા નહિ. એને મહત્વાકાંક્ષા ઘણી ઓછી હતી. એણે વડા પ્રધાનની પદવી લેવાની ના પાડી હતી, કારણ કે એ પદ વધારે જવાબદારીવાળું અને ઓછી સત્તાવાળું હોય છે. એણે કેટલીએ વાર રાજીનામું આપવાનો પ્રયત્ન કર્યો, પણ રહી જવું પડયું. એનો મુખ્ય ખ્યાલ ચીનમાં વહેલી તકે વિજય પામવાનો હતો. ૧૯૩૮માં જ્યારે હિટલરે સુડેટન લેન્ડનો કબજો લીધો ત્યારે તે નાઝી નેતા પર આવેલા અભિનંદનના અવાજોમાં એનો સાદ સૌથી મોખરે અને સૌથી પહેલો હતો.

અને જાપાનની પરદેશ ખાતાની કચેરી તો ઘણી જ અગત્યની અને તેમાં પરદેશમંત્રી ઘણી વધારે અગત્યવાળી વ્યક્તિ હોય છે.

ચાર ફૂટ પાંચ ઈંચ ઉંચા અને ઠીક ઠીક પહોળા એવા શરીરવાળો જનરલ કાસુનારી યુગાકી ૧૯૩૮ સુધી પરદેશમંત્રી હતો. એના લાલ ચહેરામાં ચમકતી આંખો, ચપળ ભવાં, બંદૂકની ગોળી ગોઠવાઈ ગઇ હોય એવું માથું, જાણે ત્રીસમું જ બેઠું હોય તેવો જોરદાર જીવનવેગ અને બોલવાની ચપળતા અને વેધકતા એ બધું ધ્યાન ખેંચે તેવું છે.

એ મધ્યમમાર્ગી વિનિતને કોનોયે લશ્કરવાદ અને દીવાની શાસન વચ્ચે પાળરૂપ થવા નીમ્યો. પણ તે લશ્કરનો પોતાનો છતાં લશ્કરે એને ધિક્કાર્યો, કારણકે ૧૯૨૪માં એણે જાપાનીસ લશ્કરમાં

પચાસ હજાર જેટલાં માણસો ઓછાં કરી નાખ્યાં હતાં. એટલે બીજે જ વરસે લશ્કરી અમલદારોએ એને પરદેશ કચેરીમાંથી હાંકી કાઢયો.

ચિત્રમાં ચીતરી કાઢયો હોય તેવો યુગાકી ઓકાયાગામાં ૧૮૬૮ની સાલમાં જનમ્યો. ઉમરાવ હીરાનુમાની જેમ એ ઓકાયામા પક્ષનો છે. બાળક હતો ત્યારે એણે ગરીબાઈ દેખી છે. જુવાનીમાં એણે માસિક છ યેનનો પગાર લઈને નિશાળ ભણાવી છે. પછી એ લશ્કરમાં જોડાયો અને આગળ વધ્યો અને સાત વરસ સુધી કોરિયાનો ગવર્નર બન્યો. એને પીવાનો શોખ છે.

મીસ્ટર કોકી હીરોટા પરદેશ ખાતામાં જનરલ યુગાકીની જગા પર હતો, અને તે પહેલાં તે વડોપ્રધાન હતો. એના મિત્રો કહે છે કે એકવાર સર્વોપરિ બન્યા પછી નાની જગા સ્વીકારવામાં એણે ભૂલ કરી છે. અને એના દુશ્મનોનું કહેવું એમ છે કે કોઈપણ જગા સ્વીકારી લે એવો એ તકવાદી છે.

હીરોટા ૧૮૭૮માં જનમ્યો. એ નાનો હતો ત્યારે ગરીબ હતો અને બાપ પત્થર ફોડનારો હતો. હીરોટામાં ઉમરાવ કે સેમુરાઈ લોહી નથી. એ ભણતો ત્યારે રાષ્ટ્રવાદી ચિંતક ટોયામાની અસર નીચે આવ્યો. ૧૯૦૬માં એણે રાજકારણમાં પ્રવેશ કર્યો.

જાપાન પર પ્લેગ જેવી ફેલાયલી રાષ્ટ્રવાદ ને લશ્કરવાદની બધી મળીને બસો જેટલી ટોળકીઓ છે, જેમાંની એક 'બ્લેક ડ્રેગુન' નામની ટોળીમાં હીરોટાનું સ્થાન છે. એ બ્લેક ડ્રેગુનમાં લશ્કરના અમલદારો છે, તકવાદીઓ ને ત્રાસવાદીઓ છે, ગુંડાઓ ને રખડતાઓ છે અને સાથે પ્રધાનમંડળમાંના પણ છે. બ્લેક ડ્રેગુન અને આમુર

નદી બન્ને એ ટોળીને મન એક છે, કારણકે આમુર નદી સોવિયટ યુનિયન અને મંચુકો વચ્ચેની સરહદ છે. એ નદી પર જાપાનની શાહીવાદી આશાઓ ખદબદતી રહે છે. હીરોટાની નીતિ પણ એટલી જ ઉગ્ર અને સ્પષ્ટ હોય છે. એણે પરદેશમંત્રી તરીકે સાફ સાફ જણાવી દીધેલું કે ચીનના મહાસેનાની ચાંગ–કાઇ–શેક જો પકડાશે તો તાબડતોબ તેનો શિરચ્છેદ કરવો પડશે. અને એણે જાપાની શાહીવાદના શિકારી ઇરાદા પણ એટલા જ સ્પષ્ટ ઉચ્ચાર્યા હતા કે:

"યુનાઇટેડ સ્ટેટે, દૂર પૂર્વના શિકાર પરથી પોતાનો પંજો ઉઠાવી લેવો જોઇશે અને એશિયામાં શાંતિ અને વ્યવસ્થા (!) જાળવવા માટે જાપાનમાં જ બધો વિશ્વાસ મૂકવો જોઇશે. આખી દુનિયાના ત્રણ ભાગલા પડવા જોઇએ, એક ભાગ પર અમેરિકાની અસર રહે, બીજા પર યુરોપની અને ત્રીજા ભાગ પર — એશિયા પર જાપાન રાજ કરે ..."

સામુરાઈ કુટુંબનાં ૧૮૭૭માં જન્મ પામેલો સાડાઓ આરાકી જાપાનના દીવાની અફસરોમાં જડબાતોડ લશ્કરવાદી છે, અને સાથે સાથે થોડોક ગૂઢ જેવો અને ચિંતક જેવો પણ છે. આરાકી પરદેશ મંત્રી અને વડા પ્રધાન થઇ ચૂકેલો છે, અને એના ગરમ સ્વભાવ અને તીખી જીભ માટે મશહુર છે. જ્યારે રશિયાની વાત આવે છે ત્યારે એના દાંત કકડી ઉઠે છે. હમણાં જ એણે એસોસીએટેડ પ્રેસના પ્રતિનિધિને મુલાકાત આપતાં કહ્યું હતું કે, "રશિયા અને જાપાન વચ્ચેનો વિગ્રહ અનિવાર્ય છે એટલું જ નહિ પણ જરૂરી છે." એ સાંભળીને રશિયાના લશ્કરી અમલદારોનાં ભવાં સંકોચાઇ ગયાં અને એ. પી. ને પૂછ્યું કે તમારી મુલાકાત સત્તાવાર હતી કે કેમ તેનો જવાબ આપો. "ભલે રશિયનો એગનો વાંધો મારી પાસે જ નોંધાવે" વચ્ચમાંથી આરાકી તડૂકી ઊઠયો.

એવા આરાકી મહાશય ઘણીવાર તો રૂપકો અને દ્રષ્ટાન્તોમાં વાતો કરે છે, અને તેથી ન સમજી શકાય તેવા બની જાય છે, અને કોઈવાર એમના મોઢામાંથી તોફાની શબ્દોની જોરદાર ઉલટી થઈ જાય છે. એ વાત કરતી વેળા લખે છે પણ ખરા અને વિધિ-પૂર્વકની સહી કરીને પોતાનું લખેલું ઘણીવાર મુલાકાત લેવા આવનારને આપી દે છે. આરાકી કોઈવાર વાઘનાં ચિત્રો દોરે છે તો કોઇવાર મંચુકોનો નકશો ચિતરે છે અને કયારેક ન સમજી શકાય તેવાં રૂપકોના આકાર ઉતારે છે. એના ખંડમાં મસાલા પૂરેલું ગીધ અને કાચબો છે, અને આરાકી મહાશય દર સવારે રોબોટ સામે તરવારના પટ્ટા ખેલે છે. પણ એક વાત જરાક ખાનગી છે. જ્યારે જાપાને મંચુરિયા લીધું ત્યારે તે શાંતિપૂર્વક લીધું હતું એવા આરાકીએ રજુ કરેલા પૂરાવા જ્યારે લીટન કમિશને માનવાની ના પાડી ત્યારે એ રડયો હતો.

અને એક જાણવા જેવો મીતસુરા ટોયામા નામનો છે. એને જાપાનની વિભૂતિ કહેવાય છે. એ વિભૂતિ એશિયાને ગળી જવાના જાપાનના દૈવી ઈરાદામાં સંપૂર્ણ માને છે. ટોયામા દિવસો સુધી ધ્યાનમાં બેસી શકે છે. થોડોક કાળ તો એણે ઘાસ અને પાંદડાં ખાઇને ચલાવ્યું. ભર શિયાળામાં પણ એ પોતાનું ઘર તપાવવાની ના પાડે છે અને રીંછના ચામડા પર આસન જમાવે છે. એક વખત ગમ્મત બનેલી. એક રાજકીય બોંબ કેસમાં ટોયામા ગિરફતાર થયો અને એના ઘરની ઝડતી લેવાઈ. તેમાં ઘણા બધા પ્રેમપત્રો સિવાય બીજું કશું જ હાથ લાગ્યું નહિ. એવો ટોયામા જાપાનનો મહાત્મા છે અને સાચે જ જોવા જેવા છે. એક વખત એ ડૉ. સુન યાટ સેનનો મિત્ર હતો. એક વખત એણે રાસબિહારી ઘોષને આશરો આપેલો ને એક વખત એણે ફિલિપાઈન્સના લોકોનો

છૂટકારો થવો જોઇએ એવી ઇચ્છા કરેલી. પછી ટોયામા રાષ્ટ્રવાદ તરફ ફર્યો અને બ્લેક ડ્રેગુન સોસાયટીનો નેતા બની ચૂકયો.

ટોયામાની જેમ એક નાકાનો નામનો ફાસીસ્ટ જમાતનો નેતા પણ ફુકાકો ઇલાકાનો વતની છે. શરૂઆતમાં નાકાનો છાપાનો ખબરપત્રી બનીને યુરોપ ગયો અને ત્યાં હિટલર અને મુસોલીનીનો સત્સંગ કરીને પાછા આવી એણે ડાયટમાં ટોહોકાઇ પક્ષ જમાવ્યો. એ પક્ષ પોતે ફાસીસ્ટ છે એમ જાહેર રીતે કબૂલ કરે છે, અને જાપાનની સરકાર તે જાહેરાતને ધન્ય સમજે છે. નાકાનો ચીનમાં જોરદાર લડાઈ ઇચ્છે છે તથા જાપાનમાં જોરદાર ઉદ્યોગીકરણ માગે છે.

નાકાનોના બગલબચ્ચા જેવો ફાસીસ્ટ જમાનતનો છોટો-સરદાર એક આડાશી નામનો છે. આડાશી ૧૮૬૪માં જનમ્યો. આડાશી, કોકુમીન-ડોમી (લોક મહાજન) નામના એક ફાસીસ્ટ સંઘનો સરદાર છે અને સ્વદેશ ભક્ત છે, તથા સીધા ગામનામાં માને છે. કોરિયામાં એ કાવતરાંનો સરદાર હતો. કોરિયાની રાણીના ગળા પર એની છરી ફરી હતી. પણ પછી એણે લોકમહાજનને બનાવવા એક મોટો ખંડ ચણાવ્યો, અને તેમાં સાત સાધુઓની મૂર્તિઓની સ્થાપના કરી. એ સાધુઓ, ક્રાઇસ્ટ, બુદ્ધ, કનફ્યુશીઅસ, સોક્રેટીસ, મહમદ, લાઓ-સી, કોબી-ડીશી અને નીશીરેન છે.

પણ એને તો સાંભળવો જ પડશે. એ કહે છે કે રાજકીય પક્ષોની સુધરવાની રાહ જોયા કરવી તે ડુક્કર માટે ઉડવાની રાહ જોવા બરાબર છે. એમ બોલનાર અને રાજકીય પક્ષોને ભૂસી નાખી એક કટ્ટર રાષ્ટ્રવાદી પક્ષ બનાવવાની બૂમ પાડનાર એનું નામ યોસુકે માત્સોકા છે.

*સીટલ હોટેલમાં એક વખત એ 'બોય' હતો. આજે દક્ષિણ મંચુરિયા રેલ્વેનો પ્રમુખ છે. જાપાનના સામ્રાજ્યમાં એ રેલ્વે મોટામાં મોટી વેપારી પેઢી છે. મંચુરિયા વેળાની વખતે એ જાપાનનો મુરલીધર જીનેવામાં જાપાનના પ્રતિનિધિ તરીકે બેઠો હતો

ચીનના વિગ્રહ વિષે એ બોલે છે, સાંભળો !

"જાપાનનો એ નિર્ણય છે. જાપાન વીરતાભર્યું નસ્તર મૂકવા માગે છે, અને કોઈ પણ પરદેશી દરમ્યાનગીરીને વચમાં આવવા દેશે નહિ. આખા એશિયા માટે ઈતિહાસ એક હકીકત બોલે છે. તેમાં એમ છે કે જાપાન વિનાના ચીનની હસ્તી નથી. હા, અમે કબૂલ કરીએ છીએ કે અમારા પડોશી ચીનને અમે ખૂબ ખૂંચીએ છીએ; પણ વિસ્તાર માગતો કયો રાષ્ટ્ર એના પડોશીને ખૂંચ્યો નથી ? અમેરિકન ઈન્ડિયનને પૂછો, એમને અમેરિકા આળોટતું હતું ત્યારે ન હોતું ખૂંચ્યું ? તો અમે ય ખૂંચીએ છીએ. ભલે ખૂંચીએ. જાપાન વિસ્તાર માગે છે. જાપાનનો વિકાસ વિસ્તાર માગે છે. એ વિકાસ બાળકના વિકાસ જેવો છે. બાળકનું મરણ જ એ વિકાસને અટકાવી શકે છે. જાપાન શું કામ લડે છે એમ પૂછો છો ? એશિયામાં જાપાન પથરાવા માગે છે તેથી. બસ એ જ એક અમારો જવાબ છે."

જાપાનના મહાશ્રીમંતનો એ અવાજ આજે જાપાનના એકેએક મુરલીધરનો અવાજ છે, જાપાનની સરકારનો અવાજ છે, જાપાનનું એ સામ્રાજ્યવાદી બાળકનું મરણ જ તે અટકાવી શકશે.

જાપાનનો સામ્રાજ્યવાદ મરણ પામશે ? રાબેતા મુજબ જાપાન હારાકીરી કરશે ?

૨૧

જાપાનના મુરલીધરો

જાપાનના લોકો વામનજીઓ છે પણ શ્રીમંતાઈ ને ઉદ્યોગની દ્રષ્ટિએ જાપાનમાં રાક્ષસો ય વસે છે. એવા સૌથી મોટા પાંચ છે. એ પંચાયતન કુલીન નામો મીનસુઈ, મીતસુબીશી, સુમીટોમો, યાસુડા અને ઓકુરા છે. એ પાંચેને ત્યાં જાપાનની બધી લક્ષ્મી દુનિયામાં અજોડ રીતે જામી ગઈ છે. આ પાંચ શ્રીમંત કુટુંબો જાપાનની બધી સંપત્તિના બાસઠ ટકા પોતાની અંગત બનાવીને બેઠા છે. જાપાનની કાપડ મીલોના સીત્તેર ટકા, અને બેંકોની કુલ જમાવટના ચાલીસ ટકા એમના છે. એ પાંચમાં પણ મીતસુઈ, મીતસુબીશી અને સુમીટોમોની ત્રિપુટી પાસે આખા જાપાનના વેપાર ઉદ્યોગનો ચોથો ભાગ છે, અને તેમાં ૧૬.૫૪ ટકા જાપાનીસ મૂડી એકલી મીતસુઈ પેઢીમાં જમા છે. દુનિયાના કોઇપણ દેશમાં દેશની સંપત્તિનો આટલો મોટો ભાગ એક પેઢીના નામ પર જમા નથી.

આંકડાઓ એ વાત ટૂંકમાં બોલે છે. મીતસુઈ પેઢી પાસે કાપડ ઉદ્યોગનો ૧૪ ટકા છે, રેયોનના (Rayan) ૧૫ ટકા છે, કાગળના ૭૮ ટકા છે, સીમેન્ટ ૧૭ ટકા છે, ખાણો ૧૭ ટકા છે, એન્જીનીઅરીંગ ૫ ટકા છે, કોલસો અને વહાણવટું ૧૧ ટકા છે, ઇલેકટ્રોકેમીકલસ ૧૧ ટકા છે, અને મીતસુબીશીની પેઢી પાસે બેંકીંગ ૫ ટકા છે, ટ્રસ્ટ બીઝીનેસ ૧૦ ટકા છે, વહાણવટું અને અગ્નિનો વીમો ૩૯ ટકા, શીપીંગ ૩૭ ટકા, વેરહાઉસીંગ ૨૨ ટકા, જીંદગીનો વીમો ૬ ટકા, કાચનો ઉદ્યોગ ૪૭ ટકા, ખાંડ ૧૯ ટકા, બીર ૧૬ ટકા, ઘઊં ૪૭ ટકા. આવી જાતના મૂડીવાદી ઈજારા ખરેખર અસાધારણ છે.

વાત એમ બની કે ર૦૮વાડાશાહીમાંથી અચનાક :એક રાતમાંજ ઉદ્યોગીકરણ ઉતરી પડયું અને આ કુટુંબોએ બધી દોલત પર કબજો મેળવી, ઉદ્યોગ પર અને ઉત્પાદન પર અંગત માલિકીની સીલ મારી દીધી.

મીતસુઇ કુટુંબ જાપાનની બીજી બધી બાબતોની જેમ મધ્યયુગના મૂળવાળું અને અર્વાચીન સપાટીવાળું છે. ઈ. સ ૯૬૭થી ૧૦૨૮ સુધી એક કાનપાકા મીશીનાગો નામના આદમીએ પોતે જે મીતસુઈ નામના ગામમાં જીવ્યો હતો તે ગામના નામ પરથી પોતાનું નામ રાખ્યા, કયોટોમાં નમ્ર જીવન જીવવા લાગ્યો. પછી ઘણાં વરસે મીતસુઈ કુટુંબમાં વારસદારની ખોટ પડતાં ટાકાહીસા નામના એકને દત્તક લેવામાં આવ્યો અને પછી વેલો વધતો ચાલ્યો. એ કુટુંબમાંના એક ટાકાટોશીને સત્તરમા શતકમાં અગીઆર :દીકરા હતા. એમાંના આદની એણે એક સમિતિ નીમી. વડો દીકરો પ્રમુખ બન્યો. બસો વરસ પહેલાં કુટુંબનો કાયદો ઘડાયો અને તેમાં વખતો

વખત સુધારા થતા ગયા. મીતસુઈ કુટુંબ આજે એમ પોતે જ રચેલા કાયદાઓ પ્રમાણે વ્યવહાર કરે છે. જ્યારે મીતસુઇ દીકરો ઉમર લાયક થાય છે ત્યારે તે મીતસુઈ કુટુંબના કાયદાઓ તરફ વફાદાર રહેવાના શપથ લે છે અને સરકારી તંત્રમાં નાણાં કોથળીનું નાડું પોતાના હાથે વીંટી રાખે છે. જેવું જાપાનમાં મીતસુઈ કુટુંબ તેવું તે જ અરસામાં યુરોપમાં રોથશીલ્ડનું કુટુંબ ચાલ્યું આવ્યું છે. એ કુટુંબે પણ પોતાને માટે કાયદાઓ ઘડયા છે, સરકારની તિજોરીની વ્યવસ્થામાં શાસન કર્યું છે, અને બન્ને કુટુંબ જાણે રાષ્ટ્રવાદની રણકાર કરતી સંસ્થાઓ બની રહી છે. એક બીજા સાથે કેવળ અજાણ છતાં, અને એક બીજા વચ્ચે હજારો માઇલનાં અંતર છતાં, એ બન્ને કુટુંબોએ એક જ જાતના વ્યવહાર કર્યા છે, કાયદાઓ ઘડયા છે, સરકારી કરામતો અજમાવી છે, અને આર્થિક વ્યવહારોમાં ગોરો કે પીળો રંગ કેવું સામ્ય ધરાવતો હોય છે તથા નાણાંના નિયમો કેવા એક સરખા ગતિમાન થતા હોય છે તથા અંગત મૂડીનાં હિતો કેવાં સરખી રીતે ક્રિયા કરતાં હોય છે તે જોવા મળે છે.

૧૮૬૮ સુધી મીતસુઈ મોટા વેપારીઓ જ માત્ર હતા. પછી તેમણે ખખડી પડતા ડીમીઓસને અને નવી ઉગતી શાહીવાદી સરકારને નાણાંની મદદ કરી. સરકારને શોગુનેક ટૂકડીઓને કચડી નાખવા માટે નાણાંની જરૂર પડી અને મીતસુઇએ મદદ કરી. પછી કેટલાંએ વરસો સુધી ઢીંગલા જેવા રાજાને રમાડતા મીતસુઈ કુટુંબે મહેસુલની વ્યવસ્થા રાખી અને વસુલાત કરી. આથી તેમના ખાસ હક્કો ફૂલ્યા ફાલ્યા ને વધી પડયા. મીતસુઈ સરકારનો બધો નાણા વિષયક વ્યવહાર કરતા થઈ ગયા અને સરકારી તિજોરીમાંથી વગર વ્યાજે કે વગર જામીને ગંજાવર રકમો વેપાર ધંધામાં રોકવા લાગ્યા.

આ ત્રીસ વરસ સુધીનો મીતસુઇનો ઇતિહાસ બરાબર એટલી સરખી રીતે રોથશીલ્ડને મળતો છે કે બન્નેના સામ્યમાં તફાવત જોવા આંખો ચોળવી પડે. તિજોરીના વ્યવસ્થાપક તરીકે મીતસુઈ મહાશ્રીમંતો બની ગયા અને વધતા જતા ઉદ્યોગોમાં નફાના ઢગલા રોકતા ગયા. મીતસુઈ અસાધારણ ઝડપથી મહાન વેપારીઓ, ઉત્પાદકો તથા બેંકરો બનતા ચાલ્યા. ઈ. સ. ૧૮૭૪માં કાગળનું નાણું ગબડવા લાગ્યું અને મીતસુઈ પેઢીએ રોકડ કાઢી તેને અટકાવ્યું અને સરકારને બચાવી લીધી. સરકાર આખીને અહેશાનમંદ કરી નાખીને તેમણે જુદા જુદા રાજકીય પક્ષો સાથે મુજરા કરવા માંડયા, હરીફોને હાંકી કાઢયા, રાજકારણમાં ચાલાક જણાતાઓને ખરીદી લીધા અને લડાઇઓને લોનો આપી; અને પછી મીતસુઇએ અદ્ધર ઉચકેલી તિજોરીમાં જાણે સોનું ધોધમાર વરસી પડયું.

એ મીતસુઈ પેઢીનો કારભાર આજે જાપાનીસ રીતે ચાલે છે. અંગ્રેજ રાજાઓની જેમ મીતસુઇનું શાસન ચાલે છે પણ તેઓ રાજ કરતા નથી. મીતસુઈની પેઢીની કાર્યવાહીનો વડો મીતસુઈ કુટુંબનો નથી પણ બહારનો પગારદાર છે. એ બેનટો (ચોકિયાત) નામથી ઓળખાય છે. આખી પેઢીના માલિક મીતસુઈ છે પણ તેને ચલાવનાર ખરીદાયલો નોકર છે. આ રીતે પોતાના હાથ નીચેના નોકર વડે પોતા પર કાબુ રખાવવાની પદ્ધતિ જાપાનની જૂની છે. ૧૮૬૮ સુધી સરકાર પર શોગુન ચોકિયાત હતો, અને આજે પણ જાપાનના મુરલીધરોની માલિકીવાળા સરકારી તંત્રનો ચોકીદાર ત્યાંનો લશ્કરવાદ છે.

એવા મીતસુઈ કુટુંબનો વડો ઈ. સ. ૧૯૩૩ સુધી માનવંતો ટાકામીન મીતસુઇ હતો અને તેને શ્રીમંત હોવાના સદ્‌ગુણ માટે

જાપાનની શ્રીમંત સરકારે ૧૮૯૬માં બેરન બનાવ્યો હતો. ત્યારપછી બેરન ટાકાકીમી કુટુંબનો વડો બન્યો.

અને જે બેન્ટો મીતસુઈ પેઢીઓનો કારભાર ચલાવતો તે શીહીનઇકેડા નામનો હતો અને તે સરકારનો નાણાં પ્રધાન પણ હતો. આજે ત્યાં એવું થઇ પડયું છે કે દેશનાં ભારે ભેજાંઓ કાં તો સરકારમાં જાય છે કે કાં તો મીતસુઇ પેઢીના ડાયરેકટરોના બોર્ડમાં નિમાય છે. ઇકેડા શરૂઆતમાં જાપાનની બેંકનો ગવર્નર હતો અને નાણાં બજારનો વાઘ કહેવાતો હતો.

પણ મીતસુબીશી એ કંઈ કુટુંબનું નામ નથી. એ તો એક ટ્રેડ માર્ક છે. જે કુટુંબ આખા વિશાળ મીતસુબીશી પેઢીનું માલિક છે તેનું નામ તો ઈવાસાકી છે, અને જે ૧૮૮૫માં મરણ પામ્યો તે યાટારો ઇવાસાકીએ થોડાં જ વરસોમાં આખી પેઢી જમાવી છે. જો મીતસુઈ કુટુંબે પોતાની પેઢીમાં ૩૦૦,૦૦૦,૦૦૦ યેન રોકેલા રાખ્યા છે તો મીતસુબીશીની મૂડીનું રોકાણ, ૧૨૦,૦૦૦,૦૦૦ યેન છે. પણ બન્નેનાં રોકાણનું ક્ષેત્ર જુદું હોવાથી તે બંનેને ફાયદો કરતા નીવડયું છે.

એ પેઢીનો સર્જક યાટારો ઈવાસાકીનો બાપ રોનીન નામનો શેઠ વિનાનો અને કામ વિનાનો સેમુરાઇ હતો. ઇવાસાકીએ પહેલું પરાક્રમ પોતાના બાપને કેદખાનેથી છોડાવવાનું કર્યું. યાટારો એની જુવાનીમાંથી જ જોરદાર, નિર્દય, ગણતરીબાજ અને સોએ સો ટકા સ્વાર્થી દેખાતો હતો. એને શરૂઆતથી જ વહાણોમાં રસ પેદા થયો અને એણે થોડાક દૂરના ટાપુઓ શોધી કાઢયા. પછી એણે વહાણવટાની કંપની કાઢી અને એનાં વહાણો શોગુનો સામે લડતી સરકારની ટૂકડીઓને લાવવા–લઈ જવામાં સર્વોત્તમ મનાયાં. ૧૮૮૦ સુધીમાં એણે ધંધો વધારવા માંડયો અને અત્યંત શ્રીમંત

બની ગયો. જોન. ડી. રોકફેલરની જેમ એણે હરીફોને જો તેમનો નાશ બીજી કોઈ રીતે ન કરી શકાય તો ખરીદી ખરીદીને ઠેકાણે પાડવા માંડયા. ૧૮૮૫ની સાલમાં બાવન વરસની ઉંમરે વારસા માટે વિશાળ સંપાદન મૂકીને એ મરણ પામ્યો.

ઈવાસાકી પછી યાનોસુકી આવ્યો. યાનોસુકીએ આંખો મીંચીને સટ્ટા ખેલવા માંડયા અને એણે ટોકયોના ધંધા ૧,૫૦૦,૦૦૦ યેનમાં ખરીદી લીધા. ૧૮૯૬માં સરકારે એની કદર કરી એને બેરન બનાવ્યો. એના પછી હીસાયા આવ્યો જે આજે કુટુંબનો વડો છે, જો કે આખો કારભારતો બીજા બે જુવાન ઈવાસાકી તથા બેનટોના હાથમાં છે.

ત્રીજા મુરલીધર કુટુંબનું નામ સુમીટોમો છે. એનો પણ એક મોહક એવો ઇતિહાસ છે. પણ લક્ષ્મીનંદનોના ઈતિહાસની વિગતોની આ સ્થળે જોગવાઈ નથી, સંક્ષિપ્તમાં એ સ્પષ્ટ થાય કે સરકારી તંત્રો શ્રીમંતશાહીઓ હોય છે અને મૂડીની મુરલી પર તાંડવ ખેલે છે તો બસ છે.

તો શું જાપાન ફાસીસ્ટ છે?

હા, આપણે એ વાત તો જાણીએ છીએ કે એન્ટી–કોમીન્ટર્ન પેકટમાં જર્મની અને ઇટાલી એનાં દોસ્તો છે, અને બીજા સામ્યવાદ વિરોધી દેશોની જેમ જાપાન પણ સામ્યવાદનું કટ્ટર દુશ્મન છે. પણ જાપાનીસ વામનીઆઓની સરકારે બીજા શા ફાસીસ્ટ સદ્ગુણો સંપાદન કર્યા છે?

ફાસીઝમમાં તો હિટલર કે મુસોલીનીની સરમુખત્યારી હોય છે. જાપાનમાં એવી કોઈ સરમુખત્યારી નથી. ફાસીસ્ટ રાજમાં નાઝીપક્ષ જેવા કોઈ પક્ષનું વર્ચસ્વ હોય છે. જાપાનમાં કોઈ એવો નાઝીપક્ષ

પણ નથી. અને ઇટાલીની કાળી ડગલીઓ જેવી ખાનગી લશ્કરી ટૂકડીઓ ફાસીઝમમાં હોય છે પણ જાપાનમાં એવી ડગલીઓની સંસ્થા નથી.

તો જાપાન ફાસીસ્ટ નથી શું?

માકર્સવાદે ફાસીઝમની વ્યાખ્યા બાંધી છે કે ફાસીઝમ એ ખાનગી ઇજારાવાળી મૂડીનો છેલ્લો કિલ્લો છે અને સામાજિક ક્રાન્તિની સામે ખડો થએલો છે. એ કિલ્લાએ માકર્સવાદ પાસેથી પણ ઘણું લીધું છે, અને તેથી જૂના પાયા પર નવી સમાજ-ઘટનાનો મિથ્યા દેખાવ પણ કરી શકે છે. ફાસીઝમમાં મૂડીવાદની કેટલીક ઉડાઉ રીતો પર કાપ પડે છે. ફાસીઝમમાં મૂડીવાદી લશ્કર-વાદ મૂડી અને મજૂરી બન્ને પર કાબુ ધરાવે છે. એ રીતે જોતાં જાપાન ફાસીસ્ટ રાજ છે જ.

ફાસીઝમની બીજી વાત જાતની છે. તે રીતે પણ જાપાન ફાસીસ્ટ છે કારણ તે જાપાનીસ જાતની સર્વોપરિતામાં માને છે. ફાસીઝમ રાષ્ટ્રવાદી, આક્રમણકારી અને લશ્કરવાદી હોય છે. જાપા-નીસ ફાસીઝમ એ ત્રણે તત્ત્વોથી યુકત છે. ફાસીઝમ યુધ્ધે ચઢે છે, અને જાપાન પણ જુધ્ધે ચઢે છે. ફાસીઝમ નાગરિક સ્વાતંત્ર્યને કચડે છે અને જાપાન પણ તેના પર જ કાતર ચલાવે છે. વાત એવી છે ખરી કે હજુ જાપાનને જાપાનમાંજ, હિટલર–મુસોલીનીએ ઘરઆંગણે ચલાવેલા હત્યાકાંડમાં ઉતારવાની જરૂર નથી પડી. તેથી જ જાપાનીસ રાજકીય વ્યક્તિઓ હજુ ચમકતા જોતા છતાં ચર્ચા ચલાવી શકે છે, ટ્રેડ યુનિયનો જૂની ઘરેડમાં પણ જીવી શકે છે, હડતાલો પર ભલાં સંકોચાતાં છતાં હજુ કાયદેસર કહેવાય છે, અને છાપાંઓ બૂમ પાડી ન શકતાં છતાં સીસકારામાં શમી જાય તેવા ધીમા અવાજે બોલી શકે છે. બાકી બધું તો શાન્તં પાપં છે.

૨૨

જાપાન યુદ્ધે ચડે છે?

જાપાન યુદ્ધે ચડે છે?

"શા માટે નહિ?" જાપાન જવાબ આપે છે, "કારણ કે અમારે આંગણે આર્થિક તંગીઓ છે, કારણ કે અમારા સંસારમાં સંતતિનાં ઘોડાપૂર ઉમટે છે, અને કારણ કે...........કારણ કે દુનિયાભરમાં દેવની દીધેલી જગત પર રાજ કરવાને યોગ્ય એવી કોઇ બીજી માનવ જાત તો બતાવો."

સ્વીટ્ઝરલેન્ડ ને સ્વીડન કહે છે કે, "આર્થિક તંગી તો અમારે ત્યાં પણ છે, પણ તેથી શું ચઢાઇઓ કરાય છે, લૂંટ ચલાવવા સંહાર મચાવાય છે? બીજા દેશો પાસેથી ખરીદો ને. તમને વેચવાની કોઈ ના પાડે છે? તેલ અને લોખંડના ઢગલા, લડાઇઓ લડવા તમે અમેરિકા પાસેથી કેમ ખરીદો છો? તો બીજું ફાવે ત્યાંથી ખરીદો. મોટી દુનિયા પડી છે."

"અને તમારા સંસારમાં વસ્તી ઉભરાતી જાય છે એમને? વાત તો સાચી છે. દર ચોરસ માઈલ પર ૨૭૫૦ નો આંક દુનિયાભરમાં અજોડ છે. પણ જાપાનની એ વાત ક્યાં નવી છે! ઈટાલી અને જર્મની પણ રાડ નાખે છે કે, 'વસ્તી વધારે છે માટે પથરાવા દો.' પણ એ વાત તો ગલત છે. જાપાનીસ લોકોને પોતાને જ બીજે વસવું ના પસંદ છે. હોકીડોનો ટાપુ તો હજુ અરધો અરધ ખાલી પડ્યો છે. જાપાન પાસે ૧૮૯૫થી ફોરમોસા છે અને ૧૯૦૫ થી કોરિયા છે. પણ તે બન્નેમાં જાપાનીસ તો જૂજ વસ્યા છે. ફોરમોસામાં તો જેપ માલિકો ચીની મજૂરો ઉતારે છે. જાપાન પાસે ૧૯૩૧થી મંચુકો છે અને ત્યાં બધાં મળીને ૧૦,૦૦૦ જેપ વસે છે.

પણ જાપાનને યુદ્ધ જોઈએ છે. કારણ કે, જાપાનનું અર્થકરણ અને રાજકરણ એવું છે. કારણ કે માલિકોને લૂંટના નફા કરવા છે, કારણ કે માલિકશાહીને એશિયાભરમાં સામ્રાજ્યવાદ ખેલવો છે. કારણ કે જાપાનને સોવિયટ યુનિયન કરતાં વધારે જોરાવર થવું છે, બ્રિટન પાસેથી ચીન પડાવવું છે, અને એશિયા અને પાસિફિક પર રાજ કરવું છે. જાપાનને લૂંટ ચલાવવાની રાજકીય સત્તા જોઈએ છે.

પણ એશિયાના શરીરના ટૂકડા ચાવી ખાવા નીકળેલું જાપાન એકલું જ છે શું? લાંબા સૂતેલા ચીનના દેહને તો સૌએ ચુંથ્યો છે. ફ્રાન્સે ઈન્ડો—ચીનને ચાવી નાખ્યો અને પછી એણે જ કોચીન ચાઈના અને કંબોડીઆને ૧૮૬૩ માં અને ત્યાર પછી તરત જ આ નામને ખાવા માંડયા. ૧૮૬૦ની સાલમાં રશિયાના ઝારે આમુર નદીનો પ્રદેશ અને સાયબીરિયામાં મેરી ટાઈમ ઈલાકાઓ

શાંતિથી ચોરી લીધા. એ બધા શાહીવાદીઓનું ભાઈગંધ બ્રિટન ચીનમાં આડાઅવળા આંટા દેવા લાગ્યું અને હોંગકોંગને ગટકાવી ગયું તથા એક વખત જે ચીનનો ભાગ હતો તેવા બ્રહ્મદેશને કબજે કરી લીધું, તથા તે ઉપરાંત ચીનના નેપાળ અને ભૂતાન જેવા ઇલાકાઓ પણ લઈ લીધા.

આ બધી શાહીવાદીઓની મીજબાનીમાં જાપાન જરાક મોડું આવ્યું, અને એણે વધારે ઘાતકી અને વધારે સીધી રીતે ચરવા માંડયું. પણ ફ્રાન્સ અને બ્રિટને જે નથી કર્યું તેવું એણે પણ કશું જ નથી કર્યું. જાપાને પણ એ લૂંટના વ્યવહારમાં યુરોપના મહાજનોનો માર્ગ સ્વીકાર્યો છે.

એક વખત બ્રિટન બેલ્જિયમ અને હોલેન્ડ પર જોતું હતું. એક વખત જર્મની પોતાના જ અંગ જેવા ઓસ્ટ્રિયા પર દેખતું હતું. ચીન પણ જાપાનને એવું જ કહેવાય. નાઝી જર્મનીએ ઓસ્ટ્રિયા ઝડપ્યું. જોરદાર થઇને જાપાને પણ ચીનને ઉતરડી ખાવા માંડયું. અને એક જાપાનીસ રાજકીય વિભૂતિ બોલી કે, "તમારે કદી ભૂલવું ન જોઇએ કે ચીન સ્ત્રી છે, અને અમે પુરૂપ છીએ. અમે તેણીને શિક્ષા કરવા માગીએ છીએ. એશિયાની રીત વિરૂદ્ધ જો તેણી સામનો કરશે તો અમે તેનાં નાક કાન અને હાથ પગ કાપી નાખશું "

આર્થિક વાત એવી છે કે જાપાનની મૂડીના દરિયાપારના રોકાણના ૮૦ ટકા એકલા ચીનમાં છે. એ મૂડી, ૧૨૦,૦૦૦,૦૦૦ પૌંડ જેટલી થાય છે. મજૂરોની ભયંકર ચાલીઓવાળી શાંગહાઇની મીલોમાં ચોવીસ ટકા જાપાનની માલિકીની છે. જાપાનની ઇચ્છા ચીનમાં એક હથ્થુ હાટ ખોલવાની છે કારણ કે ચીન વિશાળ

બજાર છે. દુનિયાનાં સૌથી મોટા બજાર એવા ચીન પર જાપાન પોતાનો જ કાબુ માગે છે. અને તેથી જ જાપાન ચીનને કચડવા માગે છે. અને ખરીદ કરવા માગે છે. તેથી જ જાપાન ચીન પર લડાઈ કરવા માગે છે, પણ ચીનની સંપૂર્ણ કતલ કરવા નથી માગતું; માત્ર તેના સામનો કરતા હાથપગ કાપી નાખીને તેનું બાકીનું બધું શરીર ચુંથીચુંથીને ખાવા માગે છે. ૧૯૩૮માં જાપાને એ ઇરાદો સાફસાફ સંભળાવી દીધો કે "જાપાન, મંચુકો અને ચીન રાજકીય અને આર્થિક રીતે એક બ્લોક બની જશે."

એટલે ચીન–જાપાન સંબંધો આપણે ટૂંકામાં જોઈ જવા જોઈશે. ૧૮૯૪ની સાલમાં ચીન–જાપાન યુદ્ધ થયું અને ચીનને ફોરમોસાનો ટાપુ જાપાનને આપવાની તથા કોરિયા પરથી પોતાનો હક્ક ઉઠાવી લેવાની ફરજ પડી. પછી ૧૯૦૪ માં રશિયા અને જાપાન ઝઘડયાં અને તેમાં જાપાન જીત્યું અને ૧૯૧૦ થી કોરિયા જાપાનનું સંસ્થાન બની ગયું. રાજકીય રીતે જાપાને કોરિયાને, ૨૦,૦૦૦,૦૦૦ ગુલામોનો પ્રદેશ બનાવી દીધો, અને આગળ નજર નાખી. કોરિયા પછી ચીન દેખાયું.

૧૯૧૫ ની સાલમાં જાપાને ચીન પાસે એકવીસ માગણીઓ મૂકી દીધી. અને પછી તરત જ 'આપો નહિ તો લઈએ છીએ' બોલતા જાપાને સંગીનની અણી બતાવી અડતાલીસ કલાકનું અલ્ટીમેટમ આપ્યું. એ માગણીઓ આવી હતી, "જાપાન શાનટુંગ પર કાબુ રાખશે, મંચુરિયા પર લાગવગ જમાવશે, ફુકીન પર ખાસ હક્કો ધારણ કરશે, ચીનના બીજા પ્રદેશો પર, ખાણો અને રેલ્વે માટે ખાસ પરવાનગીઓ મેળવશે, ચીનને પોતાનો દારૂગોળો જાપાન પાસેથી જ ખરીદવો પડશે, અને ચીનના રાજકારણમાં

જાપાનનો કાબુ રહેશે તથા જાપાનીસ રાજકીય સલાહકારોની નિમણુક કરવી પડશે."

આ માગણીઓ પર અમેરિકાનો પુણ્ય પ્રકોપ પ્રજળી ઉઠયો, કારણ કે એની દાઢ પણ ચીન પર ચોંટી હતી જ. એણે કહ્યું કે, "ચીનનાં કમાડ બધી પ્રજાઓ માટે સરખાં ખુલ્લાં રાખવાં જોઈશે." જાપાન જક્કી તો ન થયું પણ અમેરિકાને જાપાનમાં જલતી થએલી લાલ બત્તી દેખાઈ ગઈ.

પછી ૧૯૨૭માં જાપાનના વડા પ્રધાન જનરલ ટાનાકાએ પોતાના દેશની મુરાદોને જાહેર કરતાં જણાવી દીધું કે;

"પૂર્વ એશિયામાં મુશ્કેલીઓ પતાવવા માટે જાપાને લોહી અને લોખંડ વરસાવવાની રીત અખત્યાર કરવી જોઇશે. આખું જગત જીતવા માટે જાપાને યુરોપ અને એશિયા જીતવા જોઈશે; યુરોપ અને એશિયા જીતવા માટે જાપાને સૌથી પહેલાં ચીન જીતવું જોઈશે, ને ચીન જીતવા માટે જાપાને મંચુરિયા અને મોંગોલિયા જીતવાં જોઈશે."

આ કાર્યક્રમ જાપાન દશ વરસમાં પૂરો પાડવા માગે છે.

એટલે જાપાનનો બીજો કાર્યક્રમ મંચુરિયાનો થયો અને ૧૯૩૧ના સપ્ટેંબરના ૧૮મા દિવસે મુકડેન બનાવ બન્યો, અને મંચુરિયા મંચુકો થઇ ગયો.

એ મંચુરિયા શી ચીજ છે તે જાણવી છે ના? મંચુરિયા જે આજે મંચુકોના નામથી મશહૂર છે તે દુનિયાનો અજબ જેવો મોહક પ્રદેશ છે ને જર્મની કરતાં ત્રણ ગણો વધારે મોટો, ૫૦૩,૦૦૦

ચોરસ માઈલના વિસ્તારવાળો છે, અને તે પર ૩૫,૦૦૦,૦૦૦ લોકોનો વસવાટ છે. આજ સુધી એ મંચુકો બે મહાન રેલ્વેઓ માટે, એક મોટા વોરલોર્ડ માટે પ્રખ્યાત હતો, અને ભૂગોળના ઈતિહાસના, ભાષાના રીતરિવાજના ને જીવન વ્યવહારના બધા સંબંધોથી મંચુરિયા ચીનનો ભાગ હતો. એ ભાગ ચીનની જગ-મશહૂર દિવાલ ઉપરનો પ્રદેશ છે. એની હદ રશિયા સાથે એક થાય છે. એનું ભૌગોલિક સ્થાન અત્યંત અગત્યનું છે તેથી એની ધરતી પર આજ સુધીમાં અનેક ધીંગાણા ખેલાઈ ગયાં છે. આજે એની એ અગત્ય અનેકગણી વધી પડી છે કારણ કે, આજે મંચુ-રિયા–મંચુકો ચીન, જાપાન અને સોવિયટ યુનિયન વચ્ચેનું બફર છે. જ્યારે જાપાને તે લીધું ત્યારે જાપાનના સામ્રાજ્યવાદે પહેલું પગલું માંડયું.

જરાક પાછા હઠી જાવ. ૧૮૯૪ના ચીન–જાપાન યુદ્ધને યાદ કરો. એ લડાઈમાં ચીન હાર્યું, હારેલા ચીન પર જાપાને જ પંજો ઉગામ્યો એમ નહિ પણ પડેલા શિકાર પર બીજી સત્તાઓ પણ બેસી પડી. રશિયાએ મંચુરિયામાં માથું માર્યું, જર્મનીએ કીઆશો કબજે કર્યો, બ્રિટને બી–હાઈ–બીનું બંદર અને કાઉલુનનો પ્રદેશ પડખી લીધાં, ફ્રાન્સે દક્ષિણમાં કવાંગચાઉ ઝડપી લીધું ને અમેરિકાએ ચીનનાં કપાડ સૌને માટે સરખાં ખોલી દેવાની નીતિ પુકારી કરી.

હારેલા ચીને ફોરમોસા આપ્યો પણ તેથી પત્યું નહિ. તે જ વખતે વિજેતા જાપાને મંચુરિયામાં કવાંગટુંગ નામનો ખૂબ અગત્યનો અને કોરિયા તરફ ખંજરની જેમ અણીદાર પડેલો પ્રદેશ પણ કબજે કર્યો.

પણ તેથી મોટા શિકારીઓની આંખો ફાટી ગઈ. ફ્રાન્સ, રશિયા અને જર્મનીએ ક્વાનટુંગ પ્રદેશ જાપાને પાછો સોંપી દેવો તેવી ચળવળ ચલાવી. જાપાને તે પ્રદેશ પાછો સોંપવો પડયો, પણ રશિયાને જાપાનીસ માકડું તે વખતના ઝારીસ્ટ રીંછ તરફ ઘૂરકી ઘૂરકીને ઠેંકવા માંડયું અને ગોરા શાહીવાદની આવી રીતભાત તરફ ધુંધવાવા માંડયું.

એ ઉપરાંત હારેલા ચીન પર જબરો મોટો યુદ્ધ દંડ નાખવામાં આવ્યો હતો અને ચીન તે ભરી શકે તેમ હતું નહિ, એટલે ફ્રાંકો—રશિયન લોન ઉભી કરવામાં આવી અને ચીને તે રીતે જાપાનનો દંડ ભરવાનું ચાલુ રાખ્યું. પણ સાથે સાથે રશિયાની લાગવગ ચીનમાં વધતી ચાલી. ચીને રશિયા સાથે જાપાનીસ આક્રમણ સામે ખાનગી કરાર કર્યા અને જાપાનને ચીનમાં હવે વધારે લૂંટ ન મળે તેવી સમજૂતી કરી. પરિણામે રશિયાએ કોરિયા તરફની મંચુરિયાની અણી પર અધિકાર જમાવ્યો અને તેને પરિણામે ૧૯૦૪માં જાપાન અને રશિયા વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું.

યુદ્ધમાં જાપાન રશિયાને ચાટી ગયું, અને ૧૯૦૫માં પોર્ટસમાઉથ પર થએલી સલાહ પ્રમાણે જાપાને દશ વરસ પર ખોયેલો ક્વાનટુંગ પ્રદેશ પડાવી લીધો. મંચુરિયામાં પેસતા પહેલાંની મંચુરિયામાં ઘોંચાતી જાપાનીસ ભાલાની અણી જેવો એ પ્રદેશ હતો. જાપાને દક્ષિણમાં એક મોટી રેલ્વે લાઈન નાખી. જે આજે દુનિયામાં સૌથી મોટી દક્ષિણ મંચુરિયન રેલ્વે નામે જાણીતી છે. એ લાઈન દ્વારા જાપાન આજે લોહી, લોખંડ અને સુવર્ણની અખંડ ધારા વહાવે છે. મંચુરિયાની એ ધોરી નસ છે.

પણ મંચુરિયામાં જ રશિયાની એવી બીજી મહાન રેલ્વે લાઈન હતી જે આજે ચાઈનીઝ ઈસ્ટર્ન રેલ્વે નામે મશહૂર છે. એ લાઇન

મંચોલીથી લાડીવોસ્ટોક જે પેસિફિક પર રશિયન બંદર છે ત્યાં સુધી દોડે છે. એ લાઈને રશિયાને મંચુરિયામાં જવાનો સમય ખૂબ ટૂંકો કરી નાખ્યો. પણ ૧૯૧૯ના વિશ્વયુદ્ધ પછી ઝારનો શાહીવાદ દફનાઈ ગયો અને મજૂર સરકારનું શાસન રશિયામાં શરૂ થઈ ગયું. મજૂર સરકારે ૧૯૨૪માં એ લાઈન ચીનને પાછી આપવાની વાત કરી, પણ જાપાને ત્યાં ધાંગાણું મચાવ્યું. એ રેલ્વે પર રેલ્વે અમલદારોનાં ખૂન વધી પડયાં અને ધીમે ધીમે જાપાને એ રેલ્વેની આસપાસનો ચીની પ્રદેશ પડાવવા માંડયો. છેવટે ૧૯૩૯માં રશિયાને એ રેલ્વે જાપાનને વેચી દેવાની ફરજ પડી ત્યાં સુધીમાં જાપાને તે પ્રદેશમાંથી ચીનની હકૂમત હાંકી કાઢી હતી.

પાછા વાત પર આવી જાવ.

અને પછી મુકડેન બનાવ બન્યો.

ઈ. સ. ૧૯૧૬માં મંચુરિયા પર શાંગ–સો–લીન નામના એક વોરલોર્ડની હકુમત હતી. ચાઈનીઝ સ્વરાજ માગતા કયોમીનટાંગ ક્રાન્તિકારીઓ સાથે એણે શરૂઆતમાં વફાદારી જાહેર કરી પણ ઈ. સ. ૧૯૨૯માં એને મંચુરિયા ઘણો નાનો પ્રદેશ લાગ્યો તથા એણે આખા ચીનનો બાદશાહ બનવા પેકીંગ પર ચઢાઈ કરી. પેકીંગ લીધું અને ત્યાં પોતાની રાજધાની જાહેર કરી અને દબદબા સાથે પોતાની નવી શહેનશાહત શરૂ કરી દીધી. પરન્તુ દક્ષિણમાંથી ચાંગ–કાઇ–શેકે એ નવી શહેનશાહતને પડકારી. ચાંગ–કાઈ–શેકને આખા ચીનને એક સંયુક્ત સ્વરાજ બનાવવું હતું અને શહેન-શાહતનો નાશ કરવો હતો. ચાંગ-કાઈ-શેકનાં લશ્કર પેકીંગ સુધી આવી પહોંચ્યાં અને શાંગના સાથીદારો વિખરાઈ ગયા તથા પોતે પણ નાઠો અને નાસીને મંચુરિયાના પોતાના પાટનગર મુકડેનમાં

પહોંચવાનો નિશ્ચય કર્યો. પણ શાંગ મુકડેન પહોંચે તે પહેલાં, ૧૯૨૮ ના જુનની ૪થી તારીખે જ્યારે એની સ્પેશિયલ ગાડી, જાપાનીસ રેલ્વે લાઈન પર દોડતી હતી ત્યારે એક બોંબ ફૂટયો. એ બોંબ જાપાને ફોડયો કે ચીને તેની વિગત બહાર આવી શકી નથી પણ તે જાપાને જ ફોડયો હતો તે હકીકત પૂરવાર થઈ ગઈ. જાપાન શાંગને કોઈપણ રીતે દૂર કરવા માગતું હતું. કારણ કે તે મંચુરિયામાં ઘણો જબરો હતો અને તેથી મંચુરિયામાં જાપાનીસ મુરાદોની આડે આવ્યા કરતો હતો, એટલે આ અચાનક બોંબ ફાટી ઊઠયો અને જાપાને એ જંગબહાદૂરના નાના નાજુક રૂપાળા શરીરને એના પોતાના લોહીના ખાબડામાં તરતું કરી દીધું.

પછી શાંગની જગા પર તેનો જુવાન દીકરો શાંગ-શુ-લીઆંગ આવ્યો અને જાપાને એમાં પણ નિરાશા દેખી. જુવાન શાંગ-શુ-લીઆંગે, ચાંગ-કાઈ-શેક સાથે સમજૂતી શરૂ કરી દીધી તથા મુકડેનમાં કયોમીનટાંગ વાવટો ફરકતો કર્યો અને એ રીતે નવા રાષ્ટ્રવાદી સ્વરાજ તરફ પોતાની વફાદારી જાહેર કરી અને પહેલાં હતું તેના કરતું ઘણું નજદીક મંચુરિયા ચીન પાસે આવી ગયું. જુવાન શાંગે કયોમીનટાંગ સરકારમાં એક ઉચ્ચ પદવી સ્વીકારી લીધી અને જાણે એમ દેખાયું કે મહાન દીવાલની ઉપરનો અને નીચેનો બધો પ્રદેશ એક સંયુક્ત રાષ્ટ્રવાદી ચીની બનતો હતો.

જાપાનથી આ દેખ્યું ન ગયું. ત્રણત્રણ વરસ સુધી જાપાને યોજનાઓ ઘડી ને ઉથલાવ્યા કરી અને પછી પાછો એક બીજો બોંબ પહેલો ફાટયો હતો તેની પાસે જ એક જગા પર ફૂટયો. એ બોંબની તારીખ ૧૯૩૧ના સપ્ટેંબરની ત્રીજી હતી. એ બોંબ ફાટયો અને તેણે મંચુરિયાની કતલ કરી. એ બોંબના પાશવી

પડઘા દુનિયાભરમાં સંભળાઈ ગયા. એ બોંબના ઘોર અવાજો હજુ આજે ય શમ્યા નથી.

વાત તો એમ હતી કે ચાંગશુનથી મુકડેન તરફ એક એક્સપ્રેસ ગાડી દોડતી આવતી હતી ત્યારે મુકડેનમાં રાતના સાડા દશ વાગ્યા હતા. પણ જાપાને જાહેર કર્યું'તું કે બોંબ ફૂટી ગયો છે ને ચીનાઓએ ફોડયો છે. તો ટ્રેન કેવી રીતે આવી પહોંચી? એ તો જાપાનીસ રેલ્વે પર મુકડેન પાસે બોંબ ફાટતાં એક વાર જેટલો પાટો ઉડી ગયો હતો પણ એક્સપ્રેસ એમને એમ ચાલી આવી એવી હસવા જેવી વાત જાપાને હસ્યા વિના કરી નાખી. પણ ટ્રેનમાંથી કોઇએ ધડાકો સાંભળ્યો નહોતો તેનું શું? તેનું શું હોય? પણ બોંબ તો ફાટયો જ હતો, એટલામાં જ ગમે ત્યાં......એવી વાત નાઝીએ સળગાવેલી જર્મન રીસ્ટાગની આગની જેમ ગૂઢ બની ગઈ. સાચી રીતે એ બોંબ મંચુરિયાને ગટ કરી જવાના એક સીગનલ બની ગયો અને એમ લાગ્યું કે કદાચ જાપાની લશ્કરે જ ભૂલથી કોઈ પણ જાપાનીસ જાન ન જોખમાય તેમ કંઈક ફોડી દીધું હશે.

એવું કંઈક ફૂટી ગયું અને તે ફૂટયું તેની આગલી રાતે જ તે ફૂટવાનું છે અને ચીનાઓ ફોડવાના છે એવી સમજપૂર્વક મંચૂરિયા પર જેપ લશ્કરો પથરાવા માંડયાં. મધરાતે તો કોરિયાથી કૂચ કરી ચૂકેલાં જાપાનીસ લશ્કરો મંચુરિયામાં પેસી ચૂકયાં હતાં. બીજે દિવસે એટલે સપ્ટેંબરની ૧૯મી તારીખે સવાર પડે તે પહેલાં જાપાનીસ લશ્કરોએ મુકડેનમાં ચાઇનીઝ લશ્કરી છાવણીઓ તથા દારૂગોળો કબજે કર્યાં હતાં, અને પછીના ચાર દિવસમાં જ દક્ષિણ મંચૂરિયા પૂરેપૂરું જીતાઈ ગયું હતું.

મંચૂરિયા જીતાયા પછી રાષ્ટ્રસંઘે લોર્ડ લીટનની સરદારી નીચે તપાસ પંચ નીમ્યું. તપાસપંચે ઠરાવ્યું કે જાપાન ગુનેગાર છે. પણ તે પહેલાં જ જાપાને જીતાયલા મંચુરિયાને નવું સાંપડેલું બાળક ધારી જાપાનીસ જંજીરોમાં ઝૂલાવી તેનું નવું નામ મંચુકો પાડી દીધું હતું, તથા મંચુકો જાપાનની લાગવગ અને અધિકાર નીચે જીવતું સ્વતંત્ર નવું રાજ્ય છે તેવી વાત જાહેર કરી દઈને રાષ્ટ્ર-સંઘની જમાતમાંથી નીકળી ગયું હતું.

પછી તરત જ જાપાને ઉત્તર મંચુરિયામાં પોતાનો વિજય આગળ વધારવા માંડયો, અને ચીનાઓએ તેનો સામનો કર્યો. ચીનાઓ પર જાપાનની હેવાનિયતની બધી કલાઓ છૂટી મૂકાઈ ગઈ. ઇ. સ. ૧૯૩૨ માં શાંગહાઈની આસપાસ ચીનાઓએ દેહના ઢગલા વાળી દીધા. ૧૯ રૂટ લશ્કરે વીરતાની પરાકાષ્ટા જેવા જંગ ખેલ્યા. આ ચીન–જાપાનનો બીજો વિગ્રહ હતો. બીજા વિગ્રહને અંતે કામચલાઉ સલાહ થઇ. જાપાને પોતાની લાગવગ શાંગહાઈ માં પણ લીધી અને પછી ઈ. સ. ૧૯૩૭ સુધી જાપાને ઉત્તર મંચુરિયા આખો પડાવી લેવાનાં અનેક કાવતરાં રચ્યાં કર્યાં.

પછી જાપાને જેહોલ જીતીને મંચુકોની હદ વધારવા માંડી. મંચુરિયાની જેમ જેહોલનો ગિરિપ્રદેશ પડયો અને ત્યાંનો ટાંગ–યુ–લીન નાસી ગયો. જેહોલ ૧૯૩૩ના ફેબ્રુઆરીમાં પડયું અને ૬૫,૦૦૦ ચોરસ માઈલ પર જાપાનનો અધિકાર પથરાઈ ગયો અને ઇનર માંગોલિયામાં પેસવાનું કમાડ ખુલી ગયું.

પછી ડોઈહારા દાવ ખેલતો બેઠો. પહેલું મંચુરિયા. પછી જેહોલ, અને હવે ઉત્તર-ચીન. એણે એ માટે ચીનના ઉત્તર તરફના

પાંચ ઈલાકાને આખા ચીનથી જુદા પાડી દઈ પછી ગળી જવાની યોજના મૂકવા માંડી.

ટીનસીનમાંનું જાપાનીસ લશ્કર વધારવામાં આવ્યું અને જનરલ ટાડાએ જાહેર કર્યું કે, 'ઉત્તર તરફના પાંચ ઈલાકાઓમાં ચીનની રાષ્ટ્રીય સરકારથી નોખી અને સ્વતંત્ર એવી તે ઇલાકાઓની જ સરકાર સ્થપાવી જોઇએ.' આ જાહેરાત તરફ ચાંગ-કાઈ-શેકે વાંધો લીધો નહિ કારણ કે, તે દક્ષિણમાં કોમ્યુનિસ્ટોનો સંહાર કરવા તેમની પાછળ પડયો હતો. પાંચ ઈલાકાઓને જુદા પડવાની ફરજ પડી. પછી પાંચે ઇલાકાઓમાં જાપાને જકાત ભર્યા વિનાના માલ ઉતારવા માંડયા, અને ત્યાંની ચીની સરકારને, ૧૦,૦૦૦,૦૦૦ પૌંડની ખોટમાં ઉતારી દીધી અને પછી તરતજ જાપાને ૧૯૩૬ ના અંતમાં પાંચમાંના એક ઈલાકા પર આક્રમણ શરૂ કર્યું અને એ આક્રમણ મંચુકો કરે છે તેમ જાહેર કર્યું; તથા જાહેર કર્યું કે સોવિયટ યુનિયન સામે બચાવ કરવા અમારે ઈનર-મોંગોલિયા કબજે કરવું જ પડશે.

પણ એ ચઢાઈ નિષ્ફળ નીવડી. ચાઇનીઝ કોમ્યુનિસ્ટોએ સીઆન આગળ ચાંગ-કાઇ-શેકને કેદ કર્યો તથા જાપાનની શરતો કબૂલ ન કરવાની તેને ફરજ પાડી. જાપાનના આક્રમણ સામે વિદ્યાર્થીઓએ ભારે ચળવળ જગવી, અને પછી જાપાનના શાહીવાદ સામે ચીને સંયુક્ત મોરચો રચી સામનો કર્યો. ચીન-જાપાનનું ત્રીજુ યુદ્ધ મંડાઈ ગયું જે આજે પણ પૂરું થયું નથી.

૨૩

કાળા ધાબાપર લાલછાંટા

સવાલ તો એ ઉઠયા જ કરે છે કે જાપાન જે ને તે વસ્તુ પરદેશના બજારમાં આટલી સસ્તી કિંમતે કેવી રીતે આપી શકે છે? જાપાન ન્યૂયોર્ક નગરમાં ફાઉન્ટપેન દશ સેન્ટની કિંમત પર કેવી રીતે મૂકી શકે છે?

અને જાપાનીસ બ્રિટિશની જેમ ટાપુઓમાં રહે છે અને બહારથી કાચો માલ લાવીને તેને પાકો બનાવી વેચવા કાઢે છે તો ય આવડો સોંઘો વેચી શકે છે શી રીતે?

એનું એક કારણ તો એ છે કે જાપાનમાં મજૂરીના દર ખૂબ નીચા હોય છે, અને મજૂરી ખૂબ સોંઘી ને શિસ્તબદ્ધ હોય છે. કારખાનાની અંદર જઈને જુવો. ૮૦૦ છોકરીઓ અને એકસો પુરૂષો કામે લાગી ગયાં છે. અવળસવળ ફરતી લુમ પાસે છોકરીઓની ત્રીસત્રીસની કતાર લાગી ગઈ છે. એ સૌ ઉત્પાદનની ટૂકડીઓ એક

સરખો પોષાક પહેરે છે ને એક સરખાં ટટાર ઉભે છે. બેસવાની મનાઈ છે. એક એક હરોળના છેડા પર રંગબેરંગી પોપટોથી ભરેલાં પાંજરાં લટકે છે, અને કહે છે કે તેથી રંગનું ભાન તાજું રહેતું હોય છે. પણ કામદારોના મન પર પાંજરામાં પુરાયલાં પંખીઓ પોતાની જેમ કેદીઓ છે તેવું ભાન તાજું રહે છે જ.

આ છોકરીઓ દિવસના દશ કલાક કામ કરે છે. કામની વચમાં અરધા કલાકનો આરામ મેળવે છે. કામ પછી ફરજિયાત કસરત કરે છે, અને રવિવારે રજા પાળે છે. પણ રજાના દિવસમાં ટોકયોમાં ફરવા જવાની કે રંગરાગ જોવાની તેમને મનાઈ હોય છે. છોકરીઓ સૂઈ જાય છે તે પહેલાં તેમને સંસ્કૃતિની વાતો કહેવાય છે, ફૂલોની ગોઠવણી અને ચાની મિજબાની વિષે પાઠ અપાય છે અને નીતિનાં પ્રવચન કરાય છે.

છોકરી કામદારોને રોકવાની એવી જાપાનીસ પદ્ધતિ છે અને કહે છે કે એ સારી પદ્ધતિ છે. એ છોકરીઓ ભૂખમરામાં ભડકે બળતાં, ચોખા પકવવા કાદવ ચૂંથતાં અને તો ય માંડમાંડ પેટનો ખાડો પૂરતાં કિસાન માબાપને સાંપડી હોય છે અને ત્યાંથી બાપાનું દેવું ઓછું કરવા તથા પરણવા માટે થોડીક રકમ બચાવવા પોતાની જાતને અમુક રકમ વરસો માટે વેચતી હોય છે. એવી છોકરીઓને કોન્ટ્રાકટર ખરીદે છે અને પછી કારખાનાંમાં પૂરી પાડે છે. કોન્ટ્રાકટરનો સમય ખતમ થાય તેટલાં વરસ છોકરી કારખાનું છોડી શકતી નથી. સાધારણ રીતે સોળ વરસની ઉંમર પછીની છોકરીઓ આવે છે અને એકવીસ બાવીસની ઉમર થાય ત્યાંસુધી કારખાનામાં જીવે છે અને એટલાં વરસો સુધીમાં પોતાનો ખરચ જતાં પંદર પૌંડ જેટલી રકમ બચાવી શકે છે ને કારખાનામાંથી છૂટીને પરણવા જાય છે. પરણીને જાપાનીસ સંસાર માંડે છે અને તરત જ કારખાનામાં

જાય તેવાં બાળકોને સારી સંખ્યામાં જણવા માંડે છે. એવી જાપાનીસ માતા પોતે પરણી હોય ત્યારે બાપા પાસેથી કન્યાદાનમાં મળેલું ખંજર સાચવી રાખે છે અને પામરતાની પરાકાષ્ટા જેવી મગરૂરીથી કહે છે કે મારા ધણીને બેવફા જેવું કોઈ કૃત્ય થઇ જશે કે આ ખંજર મારા પેટમાં ભોંકાઈ જશે.

આવી પદ્ધતિઓમાં ભયાનકતાના ઘાતકી રંગો છે ખરા, પણ ... એમાં જો કોઈ ને ગુલામીની ગંધ આવતી હોય, મોહક અને મનરંજન એવાં જાપાનીસ કારખાનામાંથી લોહીની ગટરો છૂપી વહેતી દેખાતી હોય તો...તો આઘાત પામવાની જરૂર નથી. યુરોપનાં મૂડીવાદી કમઠાણોમાં શું થાય છે ? જેમ મૂડીવાદી વ્યવહારમાં શાંતિ ને સ્થિરતાનું શિસ્ત સર્વ સામાન્ય હોય છે તેમ જાપાનમાં પણ એવી વાતોની શાંતિ અને સ્થિરતાના નામમાં મનાઈ હોય છે.

જાપાનમાં નવા વડાપ્રધાન, જ્યાં અહોનિશ બોંબ ફાટે છે ને શરીરો છિન્નવિછિન્ન થઈ જાય છે, જ્યાં તોપો એકધારી ચીનાઇ લોહીની છોળો ઉછાળે છે, જ્યાં જાપાની રાજકારણ નિત્યનૂતન કાતરાંની હારમાળા ઉપજાવે છે ત્યાં પણ શાંતિ ને સ્થિરતાની વાતો આત્મવિડંબનાનો દોષ વહોરીને પણ ઉચ્ચારી શકે છે કે :

" આપણા દેશ પાસે રજુ થતા એકેએક સવાલમાં શાંતિમય રીતો અખત્યાર કરી છે. શરૂઆતના ચીન—જાપાન યુદ્ધમાં, પછીના રૂસો—જાપાન વિગ્રહમાં અને અત્યારે ચાલતી મંચુરિયાની લડાઇમાં તેવી રીતો આપણી પ્રજાની દૂર પૂર્વમાં શાંતિ અને સ્થિરતા સ્થાપવા માટેની મુરાદોની સાક્ષી પૂરે છે. "

અને તો ય જાપાનની લોહીની તરસ જાણીતી છે જ. 'જાપાન ટાઇમ્સ'માં હમણાં જ સમાચાર છપાયા હતા કે ત્રણ લાખ ચીનાઓ ઘેરાઈ ગયા છે. જાપાનીસ લશ્કરનો એવો મત છે કે એ ત્રણે લાખની એકધારી કતલ કરવી. અને ઉઘાડી આંખો રાખી ફરનાર કોઈ પણ જાપાનમાં ચાઈની સ્ત્રીઓને ગાળો દેતા, ધોલ-ધપાટ કરતા અને લાતો મારતા સિપાઈઓ દેખી શકે છે. કામ કરતા ઘરડા ચીનાઓને લાતો મારવાનો ત્યાં સામાન્ય ક્રમ છે તથા ચીના કુલીઓને પીઠ પર વાંસથી ફટકા મારવામાં કશું જ અજુગતું નથી હોતું. જ્યારે જાપાને નાનકીંગ લીધું ત્યારે ચાલીસ હજાર ચીનાઓ, જેમાં મોટો ભાગ નાગરિકોનો હતો તેમની કતલ કરવામાં આવી તથા હજારો સ્ત્રીઓ પર અત્યાચાર કરવામાં આવ્યા હતા.

એથી અરેરાટી ઉપજાવવાની જરૂર નથી. જાપાનનો એક મોટો સદ્‌ગુણ શંકા લાવવાનો છે અને તેથી તો આખા દેશ પર જાસુસોની અખંડ જાળ અવિરત ચોકી પહેરો કરે છે. આજે તમે ટોકયોમાં જાપાનનો કે ટોકયોનો નકશો ન ખરીદી શકો. હજુ હમણાં જ અઢારમી સદીના દોરાયલા કેટલાક નકશાઓ જપ્ત કરવા થોડીક દુકાનોની ઝડતી લેવાઈ હતી; કારણ કે, તેમાંના એકમાં નાગાસાકી બંદરનો નકશો હતો. થોડાં જ વરસો પહેલાં ટોકયોમાંની નેશનલ સીટી બેંક ઓફ ન્યૂયોર્ક બચી ગઈ. નહિ તો એના પર ઓસાકા છાપરા પરથી થોડાક ફોટોગ્રાફ લેવાનો ગંભીર આરોપ હતો; જો કે એવા ફોટાઓ કેવળ બેંકનો પ્રચાર કરવા જ લેવાયા હતા.

. સાકરના ટૂકડા જેવા મીઠા અને લચી પડે તેવા વિનમ્ર જાસુસો ત્યાં એકેએક બહારના મુસાફરની તપાસ રાખતા હોય છે.

મંચુકો અને કોરિયામાં તો આખા પ્રદેશ પર પથરાયલા ભોમીઆઓ જાસુસો હોય છે. હમણાં જ એક ડેનીશ શહેરી પકડાયો હતો કારણ કે, તેની પાસે થોડાક શક પડે તેવા ફોટોગ્રાફ હતા પણ પોલીસ ચોકી પર તપાસ કરતાં તે ફોટોગ્રાફ તો ભાગી ગએલી એક પાંસળીના એકસ–રે–ફોટો નીકળ્યા.

પણ શાંતિ ને સ્થિરતામાં માનવાનું એટલે બહારની બગડી ગએલી વિશાળ દુનિયામાંથી કંઇ ન ઇચ્છવા જેવું ઘૂસી જાય તો ? ફિલિપાઈન્સ અને ચીનના સમાચારો લઈ આવતો શોર્ટવેવ રેડિયો જાપાનમાં સખત રીતે નિષેધાયલો છે. જાપાનના પોલીસો જેને વિચારકાળુના નામથી ઓળખે છે તેવા કાળુ માટે આઠે પહોર ફરતા હોય છે, અને આજ સુધીમાં હજારો સ્ત્રી પુરૂષો દારૂગોળો કે ક્રાન્તિકારી સાહિત્ય રાખવા માટે જ નહિ પણ ભયંકર વિચારો ધારણ કરવા માટે ગિરફતાર થઈ ચૂકયાં છે. પણ જાપાનની એ તો જૂની પ્રથા છે. ઘણાં વરસો પહેલાં તો પરદેશીનો સંગ જ નિષેધાયલો હતો. અને આજે તો તેમાં પાછી રાજકીય પરિસ્થિતિ જ એવી ગુંચવાયલી રહે છે.

અને તોય જાપાનના એવા કાળા ધાબા પર લાલ છાંટા ઊડ્યા વિના રહ્યા નથી. હજુ હમણાંજ જાપાનની નામદાર શહેનશાહની સરકારનો વફાદાર સામનો ડાયટમાં છત્રીસ પ્રતિનિધિઓવાળી એક 'સોશીયલ માસ પાર્ટી' કરતી હતી. એ પક્ષને દોરનાર પ્રોફેસર ઈસો એબ હતા. આ પક્ષ ફેબીઅન સમાજવાદમાં માનનારો હતો. પણ યુદ્ધ વેળાએ સરકારને ટેકો આપી તેણે પોતાની જાતનો અર્થ મિટાવી દીધો, અને પછી જાપાનમાં બને છે તેવી સ્વાભાવિક રીતે પ્રોફેસર એબનો એ પક્ષ ૧૯૩૯ના ફેબ્રુઆરીમાં સીગો-નાકાનોના ફાસીસ્ટ પક્ષમાં ઓગળી ગયો.

૭૩ વરસની ઉમરે પહોંચેલા બિચારા પ્રોફેસર એબના કપાળ પર કાળી ટીલી લાગી ગઈ. અત્યંત નમ્ર એવા પ્રોફેસર સમાજવાદી વિચારના છે, પણ હિંદના કેટલાક મહાસભાવાદી સમાજવાદી જુવાનો જેવા ઘરડા પ્રોફેસર છડે ચોક કહી શકે છે કે તેમનું ધ્યેય માકર્સવાદમાંથી હિંસકક્રાન્તિ બાદ કરે ને જે બાકી રહે તે છે. પ્રોફેસરે આજ સુધી સમાજવાદી વિચારોને શીખવવા ડાયટમાં ઘણો પ્રયત્ન કર્યો. વિદ્યાપીઠના વિદ્વાન એવા પ્રોફેસરની ઉમેદ ડાયટને એક શાળા બનાવી સમાજવાદ શીખવી દેવાની હતી. પણ એમની એવી ઉમેદ બર આવી નહિ અને ૧૯૩૮ માં નેશનલ મોબીલીઝેશન બીલનો સામનો કરવા માટે કેટલાક રાષ્ટ્રવાદીઓએ એમને સારા પ્રમાણમાં માર માર્યો.

પણ કેટોએ આજ સુધીમાં ચાલીસ વરસની ઉમરમાં ડાયટમાં એક અતિ ઉદ્દામ તરીકે તથા ટ્રેડ યુનિયનોમાં અખિલ જાપાન સમિતિના આગ્રણી તરીકે ખ્યાતિ મેળવી લીધી છે. કેટો કોમ્યુનિસ્ટ નથી પણ કોમ્યુનિસ્ટ વિચારો સાથે સંપૂર્ણ રીતે સંમત છે. જો કે ખાનગી વાત તો એવી હોય છે કે જાપાનમાં કોઇપણ કોમ્યુનિસ્ટ પોતાની જાતને કોમ્યુનિસ્ટ તરીકે જાહેર કરી ઝડપાઈ જવાની મૂરખાઈ નથી કરતું. કેટોને જાપાનની ફાસીસ્ટ સરકારે ૧૯૩૮ માં ગિરફતાર કર્યો અને ત્યાં સુધી ભાગતા ફરતા બીજા ત્રણસો ઉદ્દામોને કારાગાર પાછળ ધકેલી દીધા. જાપાનના સરકારના સરકારી વાજીંત્ર 'જાપાન ટાઇમ્સ'ની યાદી પ્રમાણે મૂડીવાદી લૂંટ માટેની શાંતિમાં માનતી સરકારે ૧૯૩૩ થી ૧૯૩૬ સુધીમાં બધાં મળીને ૫૯૦૧૩ લોકોને ભયંકર વિચારો ધરાવવા માટે જેલમાં જકડી દીધાં. જાપાનમાં તો ગિરફતારી પછી અદાલતમાં કામ ચલાવાય ત્યાં સુધી મહિનાઓ ને વરસો સુધી કોઈપણ વ્યક્તિને જેલમાં જકડી રાખી શકાય છે.

અને તો પણ સામાજિક ક્રાન્તિની આશા એટલી ઉજળી નથી દેખાતી; કારણ, જાપાનના કાળા ધાબા પર જરાપણ લાલ છાંટો દેખાઇ જાય તો તેને નાબૂદ કરી નાખવામાં આવે છે. પણ જો જાપાન ચીનનો જંગ ગુમાવી બેસે તો અથવા તો જાપાનની પડખે ઘૂરઘૂર કરતું લાલ રીંછ જાપાન પર પંજો ઉંચકે તો જાપાન આખાને આવરી લે ખરા.

જાપાનની પડખે અખંડ ભય જેવું સામાજિક ક્રાન્તિના લાલ મંગળ સમું સોવિયટ યુનિયન જાપાનની ફાસીસ્ટ સરકારને ભયાનક લાલ બત્તી સમું છે. સરકાર હાથ કર્યાં પછી ક્રેમલિન નેતઓને સાઇબીરિયન પ્રદેશની રાજકીય મહત્તા તરતજ સમજાઇ ગઈ અને ઝારશાહી નીચે અવગણાયલા એ પ્રદેશ પર પંચવાર્ષિક યોજના કરી ત્યાંથી આખા સોવિયટ યુનિયનના પાંચ ટકા જેટલો કોલસો, ૮૭ ટકા તાંબુ, અને ૮૫ ટકા જેટલી જલશક્તિ અને ૬૦ ટકા ઘઉં તથા ૨૮થી ૪૦ ટકા જેટલું લોખંડ મેળવવા માંડયાં. દેશ-નિકાલની દારૂણ કથનીથી અંકાતો સાઇબીરિયા સોવિયટ યુનિયનને અઢળક સંપત્તિ આપતો થઈ ગયો, એટલું જ નહિ પણ, યુદ્ધના વ્યૂહની દષ્ટિએ, બૈકલ સરોવર અને યુરલ પર્વતોને લીધે એક અભેદ્ય દૂર્ગ પણ બની રહ્યો. બૈકલ અને યાકુટ પ્રદેશમાંની સોનાની ખાણો સોવિયટ પ્રદેશ પર દર વરસે, ૧૦,૦૦૦,૦૦૦ ઔંસ સુવર્ણ વરસાવી રહી. દૂરની ઉત્તર દિશાનાં કમાડ ઉઘડી ગયાં તથા તેમાંથી દુનિયામાં સૌથી મોટી એવી ટીંબરની ઉપજ શરૂ થઈ ગઈ. મધ્ય એશિયામાં ઔદ્યોગિક ઉત્પાદન એક જ ડેકડે ૨૭૭ ટકા જેટલું વધી ગયું, અને ૨૮૫ ટકા જેટલું એકલા સાઇબીરિયામાં જ વધી ગયું. સ્ટેલિનની સરકારે મૂડીવાદી દુનિયાની આંખ અજાયબીમાં ફાડી નાખી. સ્ટેલિસ્ક નામનું એક લોખંડનું નગર ત્યાં વસી ગયું, અને કુઝનેસ્ક બેસીન ૪૦૦ બિલિયન ટન કોલસાથી ઉભરાઈ ગઈ.

અને સોવિયટ સરકારના ૧૯૩૬ના નવા રાજ્યબંધારણે આખા યુનિયનને અગીઆર રિપબ્લીકમાં વહેંચી નાખ્યું. એ અગીઆરમાં આઠ રિપબ્લીક જે એશિયામાં છે તેમાં વસતી પ્રજાઓ, જાત, ભાષા અને સંસ્કારની દૃષ્ટિએ આત્મનિર્ણયની સંપૂર્ણ સ્વતંત્રતા ભોગવતી થઈ ગઈ.

પણ જાપાને મંચુકોમાં આમુર નદી સુધી રશિયન સરહદને પહોંચતી જે રેલ્વે બાંધી દીધી છે તે સોવિયટ યુનિયનની સલામતીને ભયરૂપ છે; કારણ કે, આમૂર નદીની અડોઅડ સોવિયટ સરકારની ટ્રાન્સ સાઇબીરિયન રેલ્વે વિગ્રહના સમયમાં જાપાન કાપી નાખી શકે તેવી છે તથા તે રીતે રશિયાના બે કટકા થઈ જઈ શકે અને પેસિફિક ઝોન આખો વિખૂટો પડી જાય તેમ છે. એ ભયની સોવિયટ સરકારને ખબર છે અને તેથી તેણે ગંજાવર ખર્ચ કરીને ૧૯૩૯ના એપ્રિલથી ટ્રાન્સ સાઇબીરિયન રેલ્વેની ઉત્તરે એક સમાંતર દોડતી નવી જ રેલ્વે લાઈન શરૂ કરી દીધી છે. એ લાઇન પેસિફિક ઉપર એક નવાજ બાંધેલા કોનસોમોલ્સ્ક નગર સુધી પહોંચી છે અને તેની અણી ખાબારોવસ્કને અડે છે, જે સોવિયટના દૂર પૂર્વનાં લશ્કરોની વિશાળ છાવણી છે. ટ્રાન્સ સાઇબીરિયન રેલ્વે ભયમાં આવી પડશે તે પળોમાં આ નવી રેલ્વે લશ્કરોનાં પૂર વહાવશે. આ ઉપરાંત ટ્રાન્સ સાઇબીરિયન રેલ્વેને પણ ત્રણ પાટાવાળી બનાવી દેવામાં આવી છે.

અને એક દી રશિયા સાથે રણમેદાન તો રચાશે જ એમ એકેએક જાપાની માને છે. વ્લાડીવોસ્ટોક અને ખાબારોવસ્ક જ્યાં રશિયાનાં વિમાની મથકો છે તે ટોકિયોથી અને જાપાનનાં બીજાં ઔદ્યોગિક મથકોથી સાતસો માઈલના જ અંતર પર છે અને તેથી જાપાન જ્યાં સુધી ઐકલ સુધી રશિયાની સરહદને પાછી હઠાવી ન

દે ત્યાં સુધી જાપાનનું બહુમૂલ્ય પાટનગર ટોકયો ધરાશાયી થઈ જવાના ભયમાં રહે છે.

અને આજે તો ચીનમાં ગૂંચવાયલું જાપાન રશિયા પર આક્રમણ કરવાનો વિચાર કરી શકે તેમ નથી, તથા વખત સાથે વાતાવરણ વધારે ને વધારે ધુંધવાતું જાય છે. ચીન સાથે ચાલતા જાપાનના વિગ્રહમાં રશિયા ચીનને મદદ કરે છે. જ્યારે જાપાનીસ સરકારે તેની ફરિયાદ નોંધાવી ત્યારે લિટવીનોવે ગલોફાંમાં જીભ હલાવી જાપાનની પોતાની જ પરિભાષામાં જવાબ વાળ્યો કે, "પણ ચીનમાં વિગ્રહ ચાલે છે તેમ જાપાનીસ સરકારે સ્વીકાર્યું જ નથી તેથી અમે મોકલેલાં વિમાનો વિગ્રહમાં ભાગ લે છે એમ બોલવું અસંગત છે." ચીનને મદદ કરવાના માર્ગની રશિયાની મુશ્કેલી મોટી છે કારણ કે, મોંગોલિયાનો માર્ગ બંધ થઈ ગયો છે એટલે હવે રશિયાએ ટર્ક-સીબ રેલ્વે બાંધવાની વિગ્રહની દષ્ટિએ ઘણી અગત્યની એવી શરૂઆત કરી દીધી છે. એ લાઇન યુરૂશાથી લકાઉ જાય છે. આ રસ્તે ચીન પહોંચતાં ૧૮ દિવસ લાગે છે. એ ઉપરાંત રશિયા અવળી રીતે ચીનને મદદ કરે છે. એ રીત રશિયા સાથેના વિગ્રહની જાપાનની પરિસ્થિતિ તંગ રાખવાની છે. સોવિયટ સરહદ પર જાપાનને એક વિશાળ લશ્કર તૈયાર રાખી મૂકવું પડે છે. એ રીતે સાડા ત્રણ લાખનું લશ્કર જે ચીનમાં કામ આવી શકે તેણે રશિયન સરહદ પર જ આલબેલ પૂકાર્યા કરવી પડે છે.

રશિયા અને જાપાન વચ્ચેના ઝઘડાની એક બીજી બાબત દરિયામાં માછલાં મારવા વિષેની છે. આજ સુધી જાપાનીસ માછીઓએ રશિયન દરિયામાં મચ્છીઓના શિકાર કર્યા છે, અને તેમ કરવાનો તે લોકોએ રૂઢિજન્મ અધિકાર પ્રાપ્ત કર્યો છે. જાપાનીસ

માછી–સ્લોકને એવો હક્ક ૧૯૨૪થી ૧૯૩૬ સુધી ખત કરીને આપવામાં આવ્યો હતો. પછી તરતજ જાપાને જર્મની સાથે એન્ટી કોમીન્ટર્ન પેકટ કર્યો અને રશિયનો ચિડાયા. આ અને બીજાં કારણોને લીધે સોવિયટ યુનિયને પછીથી એ અધિકારપત્રને એક વરસની મુદતનું જ લંબાવ્યું છે. જાપાનનું કહેવું છે કે રશિયા જાપાનના માછીઓને ભૂખે મારવા માગે છે અને રશિયાનું એમ કહેવું છે કે જાપાનની મુરાદ અમારા દરિયામાં દરમ્યાનગીરી કરવાની છે.

એ ઉપરાંત રશિયાને જાપાનના કજિયાનું સળગતું કારણ તો મંચુકો અને સોવિયટ યુનિયન વચ્ચેની સરહદ છે. એ સરહદ ૩૨૦૦ માઇલ જેટલી લાંબી છે અને આમૂર તથા ઉસુરી નદી સાથે દોડે છે. દુનિયાની બીજી સરહદો કરતાં એ સરહદ પર કજિયાના બનાવો વધારેમાં વધારે બન્યા જ કરે છે. છેલ્લાં દશ વરસમાં બે હજાર બનાવો તો બન્ને સરકારના ચોપાડા પર નોંધાઈ ગએલા છે. એ બનાવોને કારણ આપનાર આમૂર નદી તો છે જ, કારણ કે ચીનની નદીઓની ટેવ પ્રમાણે એ નદી પોતાના રસ્તા બદલ્યા કરતી હોય છે, વરસનો અમુક વખત ઠરેલી રહેતી વહે છે, સ્વચ્છંદ રીતે વહેતી હોય છે, અને નાના મોટા ટાપુઓથી ભરેલી હોય છે.

એટલે આવા સંજોગોમાં જાપાનની જેમ સોવિયટ સરકારે પણ ઇસારામાં ઉપડી જાય એવું લાલ લશ્કર સરહદ પર જમા રાખવું પડે છે. એ બાજુનું લશ્કર એક ખૂબ કુશળ એવા માર્શલ વાસીલી–કે–બ્લુશર નામના સેનાનીની સરદારી નીચે હતું. પણ મ્યુનિચ કટોકટી પછી તરત જ ૧૯૩૮ના ઓકટોબરમાં સોવિયટ યુદ્ધ ખાતાનો પ્રધાન વોરોશીલોવ ખાબારોવસ્કની લશ્કરી છાવણીની

મુલાકાતે આવ્યો અને એણે જાહેર કર્યું કે, 'બ્લુશરને સેનાપતિની જગા પરથી બરતરફ કરવામાં આવે છે.' પછી બ્લુશરને વિંધી નાખવામાં આવ્યો છે એવી અફવા ફેલાઇ. પરન્તુ ચીનમાં ફેલાયલી બીજી અફવા એમ બોલે છે કે બ્લુશર વિંધાઈ ગયો નથી પણ એને મોંગોલિયામાં કયાંક રાખવામાં આવ્યો છે. કદાચ ત્યાં કારાગારમાં પણ હોય અને કદાચ મોંગોલિયામાં લશ્કરને કેળવતો પણ હોય, પરન્તુ એ અલોપ થઇ ગયો છે તે વાત ચોક્કસ છે.

પણ એશિયાના ચહેરામાં શાંતિ લાવવા જાપાન તો મોંગલિયામાં પણ પહોંચ્યું છે. એવું મોંગોલિયા શી ચીજ છે, અને શાંતિના ફિરસ્તા જાપાનીસ નટખટ સામે લાલ બત્તી જેવું ઝગકતું રશિયા ત્યાં શો સંબંધ ધરાવે છે તે જાણવું જરૂરી છે જ. વાત એમ છે કે મોંગોલિયા એક નથી પણ બે છે, બહારનું મોંગોલિયા અને અંદરનું. આઉટર—મોંગોલિયા રશિયન પ્રદેશ છે જ્યારે આંતરમોંગોલિયા જાપાનીસ અધિકારવાળો પ્રદેશ છે.

મોંગોલિયામાં મોંગોલ લોક વસે છે, જેમનો દેશ તેમની દુનિયા છે. એ લોક આખા એશિયા પર પથરાયલા છતાં અને અનેક જાતો સાથે લગ્ન કર્યાં છતાં તેઓ પોતાના રૂપરંગ અને રીતરિવાજ જાળવી રહેલા છે. ઈતિહાસમાં એ પ્રજાએ પણ નામના નોંધાવી છે. એ નામના રખડુ અને વિનાશ કરતી ભટકતી ટોળીઓ તરીકેની છે. કેટલાક ઇતિહાસકારો કહે છે કે હૂણ લોકો જેમણે રોમન સામ્રાજ્યાના વિનાશમાં મદદ કરી તે પણ મોંગોલ હતા. આપણે જાણીએ છીએ કે એશિયા અને યુરોપમાં વિજયી અને લોહીઆળ કૂચ કરનાર જંગીઝખાન તથા તૈમૂર મોંગોલ હતા. આપણને ખબર છે કે હિંદના ભીતરમાં શહેનશાહત માંડનાર ને મુસલમાન ગનનાર મોગલ મોંગોલ હતા.

એવી મોંગોલી જાતનો કિલ્લો આઉટર મોંગોલિયા છે. એ પ્રદેશ દશલાખ ચોરસ માઈલના વિસ્તારવાળો છે, પણ તેમાં મોટો ભાગ ગોબીનું રણ છે. એ પ્રદેશની વસ્તી આઠ લાખથી વધારે નથી. નકશામાં આઉટર માંગોલિયા ચીનના એક ભાગ તરીકે ચીતરવામાં આવે છે.

પરન્તુ તે ખોટી વાત છે. આઉટર મોંગોલિયા તો ૧૯૨૪થી મોંગોલિયન પ્રજાસત્તાક છે, અને સંપૂર્ણ રીતે સોવિયટની અસરવાળો છે. ૧૯૩૬માં સ્ટેલિને કહ્યું કે, સોવિયટ સરકાર આઉટર મોંગોલિયા પર બહારનું આક્રમણ અટકાવવા કોઈપણ વિગ્રહ કરવા તૈયાર છે ત્યારથી જાપાને મંચુકો—મોંગોલિયા સરહદ પર અડપલાં કરવાનું બંધ કર્યું છે.

ત્યાં મહાન હુરલડન નામની એક લોકસભા રાજકારભાર ચલાવે છે તથા જેન—ડુન નામનો લોકસભાનો વડો પ્રધાન છે. એ આખા પ્રદેશમાં રેલ્વે નથી તથા ચામડાં અને ઊનની ત્યાંની મુખ્ય પેદાશ સોવિયટ યુનિયનમાં વેચાય છે.

ઈનર મોંગોલિયા ચીનની વધારે નજીક છે તથા તે બધો પ્રદેશ જાપાને જીતી લીધેલો કે જાપાનના અધિકાર નીચે આવેલો છે. કવાનટુંગની લશ્કરી છાવણીના પડછાયા એ પ્રદેશ પર આવેલાં બધાં રાજ્યોને મોંગોલિયન ફેડરેશનમાં એક કરી જાપાન મંચુકોની જેમ મોંગોકો નામનો પોતાને આધીન એવો દેશ ઉપજાવી કાઢવા માગે છે તથા સોવિયટ યુનિયન સામે એક બીજો બફર પ્રદેશ ઊભો કરવા માગે છે.

જંઘીસખાનનો વારસદાર એવો ટેહ—વાંગ નામનો એક ઈનર મોંગોલિયાનો નેતા છે. ટેહ—વાંગની ઉમર આજે ૩૭

વરસની છે તથા તે ઈનર-મોંગોલિયાની ફિડરલ સરકારનો પ્રમુખ છે. ૧૯૩૮માં તે ટોકયો ગયો હતો અને જાપાનના શહેનશાહે તેનું સ્વાગત કર્યું હતું. પણ તો ય એ રાષ્ટ્રવાદી છે અને બીજો કોઈ માર્ગ ન રહેતાં તેને જાપાનની હકૂમત સ્વીકારવી પડી છે.

તો સવાલ એ છે કે જાપાન કરશે શું ? હારાકીરી કરશે ? રશિયનો વાસ્તવવાદી હોઈ બરાબર સમજે છે કે જાપન સાથે આજે નહિ તો આવતી કાલે પણ મુકાબલો કર્યા વિના તેમનો છૂટકો થવાનો નથી. જો આવતી કાલે તે અનિવાર્ય હોય તો આજે જ જ્યારે જાપાન ચીનમાં ગૂંચવાયું છે ત્યારે જ કેમ નહિ ? પણ રશિયાની રીત બચાવ કરવાની હોઈ જાપાન પર આક્રમણ કરવાને બદલે ઠંડી બચાવની લડાઈના વ્યૂહમાં વધારે માને છે. અને અત્યારના સંજોગોમાં સુલેહથી રશિયાનાં રાષ્ટ્રહિતો વધારે જોર ધારણ કરે છે, જ્યારે લડાઈ જાપાનનાં હિતો માટે જરૂરી છે, એટલે એ લડાઈની આવતી કાલને લંબાવાય તેટલી લંબાવી તેટલા કાળમાં પૂર્વમાં અસાધારણ બળવાન બની જવું એવી સોવિયટ સરકારની મુરાદ છે. એથી એ સરકારે આમૂર નદી પરની સરહદ પર કિલ્લેબંધી કરી દીધી છે. લાડીવોસ્ટોકના બંદરને મનવારોથી ભરી દીધું છે અને ખાબારોવસ્ક પર લાલ લશ્કરની વિશાળ છાવણી જમાવી દીધી છે અને બૈકલ પ્રદેશ પર જાપાનનો પહેલો ફટાકડો ફૂટે તેની રાહ જોવાય છે.

ચીન

૨૪

વિરાટ ચીન

જીવનમરણના કોયડાઓના ધ્યેનમાં ચિંતનનો નશો સેવતું ચારચાર હજાર વરસથી એક સરખું આસનવાળી ગહારથી અબુધ જેવું દેખાતું છતાં સંસ્કૃતિને આલેખી એનાં અવિચળ વહેણ અચળ રહીને અવલોકતું ચીન દુનિયાના ઇતિહાસમાં અજોડ સરખું છે. જ્યારે પુરાણું ગ્રીસ જુવાન હતું ત્યારે ચીન ઇતિહાસનું પુરાણું હતું. મહાન કહેવાતા સિકંદર અને મહાન કહેવાતા સીઝર પહેલાં ક્યારનો ય એને કનફયુશીયસ સાંપડયો હતો અને યુરોપ જ્યારે મધ્યકાળનું કતલખાનું હતું, જ્યારે જંગલી યુરોપની હેવાનિયત દાખવતા તેના ઉંબરા પરથી માનવીની ખોપરીઓ ખસેડાઈ નહોતી, જ્યારે એના આંગણામાંથી લોહીનાં ખાબડાં ઉલેચાયાં નહોતાં ત્યારે ય ચીન જેવું ને તેવું જાજરમાન હતું અને જોતું હતું: એની આંખ સામે સોલોમન જનમ્યો, સોક્રેટીસે ઝેર પીધું, કુમારિકાને ઈસુ અવતર્યો, શાર્લમને સોડતાણી, ન્યૂટને નવો પ્રકાશ ફેંકયો

અને બિસ્માર્કે મારણમંત્ર ફૂંક્યો. એ બધું એણે પીઠની જેમ જોયું છે. એવો ચીનનો આદિ ઉકેલવાની જરૂર નથી. ચીન વિરાટ છે. ચીનના ખડકોમાં આલેખાયલા જીવન્ત ઇતિહાસ કરતાં ય ચીન જૂનો ને જાણીતો છે. એવો ચીન ક્યારે નહોતો? આજે છે અને ત્યારે પણ હશે જ હશે.

ચીનની ભૂગોળ ભાળવી છે? અવકાશમાં એનું અંતર દેખવું હોય તો એને આખાને ઉત્તર અમેરિકાના નકશા ઉપર મૂકી દો. ચુંગકીંગને ચીકાગો પર ગોઠવો. પેકીંગ ક્યુબેક પાસે પડશે. મંચુરિયાની પૂર્વ તરફની ધાર લેબ્રાડોર પર આવશે. ચીનની દક્ષિણ તરફની સરહદ ટેકસસમાં થઈને ટેનેસી પર લંબાશે, એની સીંકીઆંગ તરફની પશ્ચિમની અણી બરાબર પગેટસાઉન્ડને અડશે. ટિબેટ, સીંકીઆંગ અને બન્ને માંગલિયાને પોતાનામાં શમાવતા વિરાટ ચીનનો વિસ્તાર ૪,૦૦૦,૦૦૦ ચોરસ માઈલ છે. ચીના લોક ચીનને શુંગ-કુઓ (મધ્ય પ્રદેશ) કહે છે. એ પ્રદેશ પર શું બબર માનવતાની સંખ્યા કેટલી હશે? ૧૯૩૮ની વસ્તી ગણતરી કહે છે કે ચીન પર ૪૨૬,૬૦૩,૨૫૮ લોક વસે છે. આખી માનવ જાતનો ચોથો કે પાંચમો ભાગ ચીનાઈ છે તે વાત સાચી છે.

એવા ચીનના કેટલાક ચીનાઈ ગુણો છે, અને તેમાં સૌથી પહેલો ચીનાઈ ગુણ સકારણતાનો છે. અત્યંત ઉદાત્ત રીતે ચીની જનતા સકારણ (reasonable) છે. એમનાં સ્વભાવમાં શાંતિ અને સુમેળનો સદ્દભાવ છે, અને એમને સોનેરી મધ્યમ માર્ગ ગમે છે. તેથી ચીનમાં સત્યને સાબિત કરવાનું નથી હોતું, માત્ર સૂચવવાનું હોય છે. તેથી તો સાબિત કર્યા વિનાનું અતિ પુરાણું એવું એક, પૂર્વના આદર્શવાદને અનુરૂપ એવું એક સૂચન છે કે

પૃથ્વી ને આકાશની પણ પહેલાં માનવી સરજાયું. માનવી માલિક સરજાયું, ને માલિકમાનવીના માથામાં મનના જીવનને જીવન્ત કરતી બુદ્ધિ સરજાઇ.

અને તો પણ એવા ચીનાઓ જાપાનીસો જેવા ગૂઢ નથી પણ સાવ સીધા ને સરળ વ્યવહાર–બુદ્ધિવાળા છે. તરંગો પર રાચવા કરતાં તેમને વાસ્તવતા વધારે પસંદ પડે છે. એવી વાત છે કે એક ગરમ દિવસે બે ચીનાઓ એક અંગ્રેજ કલબ પાસેથી પસાર થતા હતા. કલબના આંગણામાં રમતા ખેલાડીઓના દિલ પરથી પરસેવો નિતરતો હતો. તે જોઈને એક ચીનાએ બીજાને પૂછયું, " આ લોક છે તો શ્રીમંતો અને તો પણ પોતાને માટે રમવાની મજૂરી કરવા કૂલીઓ કેમ ખરીદતા નહિ હોય ?"

એવા સકારણ હોઈ ચીના લોક વિશાળને ઉદાર મનના છે. એમની ધિરજ અને સહિષ્ણુતા જગમશહૂર છે. એમના સ્વભાવમાં જ વ્યવસ્થાનું શિસ્ત છે. યુરોપના સુધરેલાઓ આવ્યા પહેલાં ચીનમાં પોલીસ રાખવાનો રિવાજ નહોતો. અને ચિંતનશીલ હોઈ એકલા રહેવામાં આનંદ માણનારા એ લોકને પરદેશીઓનો પરિચય પસંદ નહોતો અને તેથી તો ચીનાઈ લોકવાયકા પ્રમાણે પશ્ચિમના ગોરાઓને મોટાં નસ્કોરાં હોવાથી તે સેતાન જેવા મનાયા હતા તથા ગોરાઓને ગોરા રાક્ષસો કહેવાની આદત પડી ગઇ હતી.

એવી સકારણતા અને ચિંતનશીલતા નિષ્ક્રિયતાનો દુર્ગુણ બની ગઈ ત્યાં સુધી ચીની ધરતી પર ફાલ્યા કરી. જાપાન સાથે લડવામાં એ લક્ષણ આડું આવ્યું અને સાથે સાથે તેમને પોતાના વધારે પડતા સદ્દભાવ તથા સંસ્કૃત વેગો સાથે પણ આંતર કલહ યોજવાની ફરજ પડી. આજે ચીનાઈ માટી એ બન્ને વિગ્રહો ખેલી રહી છે, બંને સામે ટકી રહી છે અને આજે જાપાનના વિગ્રહ સામે જે

સંયુક્ત ને સંગઠિત રીતે મજબૂત અને ઘટ્ટ રીતે ખડી છે તેવી કદી નહોતી. આજે ચાઈનીઝ ગોરીલા વ્યૂહ જાપાનીસ આક્રમણ સામે જગમશહૂર બની ચૂકયો છે. ચાઈનીઝ ગોરીલાઓએ વિગ્રહના સ્થાપિત નિયમોને પોતાના લડાયક આચારમાં બરખાસ્ત કરી દઈ જાપાનીસોને ગાંડાતૂર બનાવી મૂકયા. જાપાનીસો પછીથી યુદ્ધમાં પકડાયલા બધા ચીનાઓને વિંધી નાખવા માંડ્યા એટલે ચીનાઓએ યુદ્ધનો ખાસ પોશાક ત્યજી દરરોજના કપડાં પહેરવા માંડયાં અને ખાસ પોશાક વિના લડવા માંડયું, પણ પરિણામે જાપાનીસોએ દરેક ચીનાને વિંધવા માંડયા.

ચીનનાં અનેક જૂનાં લક્ષણોમાં થોડાંક જીવનશકિત, અજબ ધારણશકિત છે અને ચીનની જીવનશકિત ને આજસુધી કટોકટીમાં કસતા સંજોગો, ચીનનું સડેલું તંત્ર, જળપ્રલયો, રોગચાળા, દુષ્કાળ, ભયાનક ગરીબાઈ, બહારનાં આક્રમણો, ભયંકર આંતરકલહો ભારે કરધારા, જીવવાની અગવડો, કારમી મજૂરી તથા અજબ પ્રજોત્પાદનશકિત વિગેરે આજે પણ જગતમાં અજોડ જેવાં છે.

પછી ચીને થોડાંક જૂનાં સ્વરૂપો ધીમે ધીમે છોડવા માંડયાં. એણે ૧૯૧૧માં મંચુઓનો ત્યાગ કર્યો પણ જાપાને તો ૧૮૬૮માં એના શોગુનોને ખેરવી પાડી અર્વાચીનતા તરફ પગલાં માંડી દીધાં હતાં. એવી બીજી વાત પગ બાંધવાની હતી. સ્ત્રીઓના પગ બાંધવાની પ્રથાનું મૂળ જાતીય હતું. ચીના પુરૂષોએ ધાર્યું કે નાનકડા, નાજુક બેડોળ પગવાળી ચીની સ્ત્રી વધારે સુંદર લાગતી હતી અને ચાલતી હતી ત્યારે મોહક ઠમકો પામતી હતી એટલે ચીની નારીના પગ બંધાઈ ગયા. એમ કચડાઈ ગએલા પગવાળી ચીની સ્ત્રી પટડાઈ પડે તેવી બીબેલી ચાલથી ચાલતી થઈ ગઈ.

ચીનની બીજી વાત ચીનમાં ચાલતી ચૂસ (squeeze) ની છે. જગતભરમાં અજોડ એવી ભયંકર રીતે ચીનનું ખૂન ચૂસાઈ રહ્યું છે. ચીનનો એકેએક મજૂર ભૂખ ભેગો થઈ ગએલો છે, ચીનના ખેડૂત પર જીવવા માટેના દેવાનો બોજ દારૂણ બની ગયો છે. ચીનમાં દરેક વરસે, ૨૦૦૦,૦૦૦ લોક કેવળ ભૂખમરાના જ ભોગ બનીને મરણ પામે છે. ૧૯૩૫માં એકલા શાંગહાઈ નગરમાં જ ૨૯૦૦૦ મડદાંની દડ બાઝી ગઈ હતી. ભૂખમરામાં ભરખાઈ ગએલાં એ હજારો બાળકો, સ્ત્રીઓ અને પુરૂષોનાં શબ પર શાંગ-હાઇની માલિકશાહી રાચતી હતી. એ ઉપરાંત શાંગહાઈના રસ્તાપર મરવા માટે ત્યજાયલી અનેક ચીની બાળકીઓ ભડકે બળતી ભૂખમાં સળગતી પડી હતી.

એવા ચીનના સ્વભાવ દોષો પણ અનેક છે. પરન્તુ સુધરેલા-ઓના સંગમાં સપડાયલા તેઓના સદ્દગુણો અનેકગણા વધારે ને વિશાળ છે. ચીનાઈ જનતા કરકસર જાણે છે અને 'waste' ને ધિક્કારે છે. ચીનાઈ લોક સ્વભાવથી સુશીલ છે, ખુશમિજાજી અને સહિષ્ણુ છે. જીવનની ભાવનાથી ભરેલા અને સંયમશીલ સ્ત્રી પુરૂષો છે. એવા ચીનના પાટનગરમાં એકવાર કોઈ ચીની સંસ્કૃતિનું સ્વરૂપ શોધતું હતું. ચીને જગતની સંસ્કૃતિમાં પુરાણા કાળથી રેશમ તો આપ્યું હતું, કાગળ ને કપાસ આપ્યાં હતાં તથા સૌથી પ્રથમ છાપવાની કળા આપી હતી. પણ એથી વિશેષ ચીનાઈ સંસ્કૃતિમાં, ચિત્રકળા કવિતા અને શિલ્પનું શું હતું? આજે ચીનની સંસ્કૃતિ ક્યાં ઉભી છે એવી કોઈ ખોજ ચલાવતું હતું અને ચીનને માટે પૂછતું હતું કે, 'પુરાણી સંસ્કૃતિના ધામ એવા ચીનમાં કોઈ નોબેલ પ્રાઈઝ જીતનાર કેમ નથી નીકળતું? જો ચીન સંસ્કૃત છે તો તેના જગમશહૂર એવા સંગીતીઓ કોણ છે? એના ચિંતકો કલાકારો, કવિઓ અને વૈજ્ઞાનિકો કોણ છે?'

એવી પૃચ્છાને પડકારતો ચીની સંસ્કૃતિમાં નવા ઉગમ જેવો એક અવાજ આંખમાં નૂતન રચનાનાં તોફાન ચમકાવતો જવાબ આપે છે કે, 'ચીનની સંસ્કૃતિ દેખવી હોય તો ત્યાં દેખો, ચીનાઈ રસ્તાના પેલા ખૂણા પર, જ્યાં બે ચીનાઓ સાથીદારીની સમાનતામાં એક બીજાના હાથ હલાવે છે. ત્યાં......ત્યાં નૂતન સંસ્કૃતિનો ઉગમ ઉજવાય છે.'

૨૫

પરાધીન ચીન

યાંગઝી અને પીળી નદી પરના પ્રદેશમાંની મોંગોલ જાતિઓ ઈ. સ. પૂર્વે ૨૮૦૦ વરસ પર ધીમે ધીમે ચીન પર લશ્કરી આક્રમણો વિના શાંતિથી પથરાતી જતી હતી અને ધીમે ધીમે ચીનનું એક જાતનું મહારાજ્ય બનતું જતું હતું. એ પહેલાં પણ ચીનના ઈતિહાસની તવારીખો મળતી છતાં ચીનના ઈતિહાસનો એ પ્રારંભકાળ કહેવાય છે. પછી ઈ. સ. પૂર્વે ૧૭૫૦માં ચીનનો શાંગ નામનો પહેલો રાજવંશ પ્રખ્યાતિ પામ્યો અને એ સમયમાં તે સમયનો અજોડ એવો સંસ્કૃતિ-વિકાસ થવા પામ્યો. પછી ચાઉ વંશ પણ એટલો જ ઉજ્જવળ નીવડયો. એ કાળમાં કનફ્યુશીયસ અને વાઓઝી જીવ્યા તથા ચીનના સાહિત્યનો અને અદ્દભૂત કલાનો યુગ મંડાયો.

પછી ઈ. સ. પૂર્વે ૨૦૧ થી ૨૦૬ સુધી ચીનના ઇતિહાસના એક અતિ મહાન પુરુષ શી-હુઆંગ-ટી એ રાજ કર્યું, અને એનો

વંશ ચીન વંશ તરીકે મશહૂર થયો, જે પરથી ચીન દેશે પોતાનું નામ મેળવ્યું. એ શહેનશાહે સંયુક્ત ચીનની રચના કરી. એ શહેનશાહે ચીનના રક્ષણ માટે મહાન દીવાલ બંધાવી અને કલ્પનાને પણ આવરી દેતી એ મહાન દીવાલે આક્રમણ કરતા મોંગોલ લોકોને ખાળી રાખ્યા. આજે મોંગોલિયાથી દરિયા સુધી ૨૫૦૦ માઈલ પર આડી પડેલી એ દીવાલ જગતને અહોભાવથી અકળાવી રહી છે. એની પાસે ઈજીપ્તના પિરામિડો પણ નાનકડા રાફડા જેવા લાગે છે. આપણી પૃથ્વી પરની એ જ દીવાલ મંગળના ગ્રહમાંથી પણ દેખી શકાતી હશે. એ દીવાલની રચના કરાવનાર એ શહેનશાહ ચીનનો પૂર્વગામી છે. ત્યારપછી બીજા બે પ્રખ્યાત રાજવંશ થયા. એક હાન અને બીજો ટાંગ. એ બે વંશ ચીનના વિકાસમાં ખૂબ મહત્ત્વના લેખાય છે. ત્યારપછી ઓછા મહત્ત્વનો એવો સુંગ વંશ ઈ. સ. ૯૬૦ થી ૧૨૮૦ સુધી ચાલ્યો.

ત્યારપછી ઈસુના તેરમા શતકમાં જ્યારે યુરોપે એશિયાના બીજા ખૂણા પર ક્રુઝેડનાં—આક્રમણમાં લોહી ઉલેચવા માંડયાં હતાં ત્યારે મોંગોલ લોકોએ મહાન દીવાલ પર અથડાવા માંડયું, ચીનમાં પ્રવેશ કર્યો અને ચીનનો મોટો ભાગ કબજે કર્યો. એ મોંગોલ આક્રમણનો સરદાર જંઘીસખાન હતો. જંગીઝખાન પછી એનો ભયાનક વારસદાર કુબલાઇખાન ચીનનો માલિક બન્યો અને પંદર વરસમાં પેકીંગ સુધી પહોંચી ગયો. પણ ચીને પોતાની સંસ્કૃતિ જેવી ને તેવી જાળવી રાખી. એક વિશાળ વાદળીની જેમ વિજેતા મોંગોલ જાતિને પોતાની અંદર શમાવી દીધી. પછી મંચુ વંશનું રાજ મંડાયું અને તે ૧૯૧૧ સુધી પહોંચ્યું. એ કાળે ચીન પાસે ડૉ. સુન–યાટ–સેનની ભેટ ધરી. એ કાળ ચીનના ક્રાન્તિકાળનો આરંભ કાળ બન્યો, અને એ જ કાળથી અથડામણમાં ઊગવા

મથતું ચીનાઈ સ્વરાજ સપાટી પર આવ્યું. એ કાળ ચીનનો અર્વાચીન કાળ છે.

એ કાળ પર એક કારમો એવો અવાજ ઊતર્યો છે, એ કાળ પર એક કરપીણ એવી જલ્લાદી કુહાડીની ધાર ઘસાઈ છે, એ કાળે ચીનના ઈતિહાસમાં ચીન પર શાહીવાદી આક્રમણ નોંધ્યું છે. એ કાળમાં જાપાન અને યુરોપના શાહીવાદે ચીનનાં બજારો અને ચીનની મહેનત લૂંટવા લશ્કરી તાલ દેતાં આક્રમણ કર્યાં છે.

માકર્સવાદ કહે છે કે એવો આક્રમણકારી શાહીવાદ મૂડીવાદનો મારકણો ફણગો છે. મૂડીવાદના એ શાહીવાદી વિકાસમાં મૂડીને અખંડ વિસ્તાર પામતાં ચરી ખાવાનાં બજારો જોઈએ છે, અખંડ લૂંટવા કાચા માલના ભંડારો જોઈએ છે. એવો શાહીવાદ એશિયા પર કોતરાઈ ગયો છે, એવા યુરોપિયન શાહીવાદે એશિયા આખાને ચુંથી ચુંથીને ખાઈ જવાનું એક સંસ્થાન બનાવ્યું છે. આજે એશિયા ભરમાં જાપાન, ચીન, સીઆમ અને અફગાનિસ્તાન એટલા જ સ્વતંત્ર દેશો છે. જેમાંના ફૂલેલા ફાલેલા શાહીવાદોને લલચાવનારા ચીન દેશની વાત એવી છે કે, મૂડીવાદને વરેલા સૌને ચીનમાં રસ પડવા માંડયો. વેપારીઓ અને પાદરીઓએ ચીનના દરિયાકિનારા પર વસવાટ કરવા માંડયો. સૌથી પહેલા ફિરંગીઓ આવ્યા.

પણ મંચુ શહેનશાહત સાથે રાજકીય વાટાઘાટ વસમી પડી, કારણ કે ચીનના શાહને મળવાના એવાં કંટાળો આવે તેવાં અને કપરાં વિધિવિધાનો હતાં. કાંગ–શીના શાસન કાળમાં (૧૬૬૨–૧૭૨૩) આવેલા ડચ અને રશિયન દૂતો રાહ જોઈ જોઈને શહેનશાહને મળ્યા વિનાના પેકીંગથી પાછા ગયા. કારણ કે, તેમને

શહેનશાહ પાસે ઘૂંટણીએ પડીને નાકલીટી તાણવામાં નાનમ દેખાઈ, પણ જ્યાં સ્વાર્થ સાધવાનો હોય ત્યાં કોઇ નાનમ નથી એમ માનનાર બ્રિટને ખંધી ખાંધ નમાવીને સાષ્ટાંગ કર્યા. એમને તો વેપાર કરવો હતો ને તેથી ઉભા આડી સલામી ભરવી પડે તો તેમાં જરા જેટલી પણ નાનમ નહોતી.

૧૮૦૮માં બ્રિટનના શાહીવાદે કેન્ટનમાં મુકામ નાખી દીધો, કારણ કે ત્યાં જ પડવાની એમને પરવાનગી હતી. એમણે પરવાનગીને પિછાણી પડાવ નાખ્યો. અને આખા ઈતિહાસમાં માનવતાની શરમ જેવો, દુનિયાની દારૂણ કથાઓમાં શાહીવાદી લૂંટ ને ખૂના મરકીઓમાં અજોડ એવો અફીણ વિગ્રહ ચાનની ધરતી પર ઊતરી પડયો.

કારણ કે બ્રિટનનો વેપાર અફીણનો હતો. ઇસ્ટ ઈન્ડિયા કંપની હિંદમાંથી અફીણનાં વહાણો ભરીને લાવતી હતી અને સાટે ચાંદી લઈ ને અફીણના ઢગલા ચીનમાં ઠાલવતી હતી. નફાના જંગી ઢગલા બ્રિટનને બારણે ખડકાતા હતા.

પણ એને એ શું સૂઝયું ? બ્રિટનના વેપારીઓનાં હિતો એમાં તો જોખમાતાં હતાં. બ્રિટનના શાહીવાદે ચીનની મંચુ–સરકાર સામે છણકો કર્યો; કારણ કે, એ ચીનાઈ સરકારે ચીનના વતનીઓને અફીણનું ઝેર પીતાં અટકાવી અફીણના વેપારને ઉખેડી નાખવાનો નિરધાર કર્યો હતો. તેથી કેન્ટનના એક ચીન સરકારના અમલદારે બ્રિટનના અફીણનો એક મોટો ભંડાર સળગાવી મૂકયો અને બ્રિટને ચીન પાસે લડાઈ માગી. ચીનને અફીણનું ઝેર પીવડાવી ચીનનું સોનું રૂપું ઉપાડી જવાના પરવાના મેળવવા બ્રિટને ચીનનું ખૂન રેડવા માંડયું. ચીન પર ચડાઇ થઈ. કેન્ટન અને ઉત્તર ચીનની ચીનાઇ ધરતી પોતાનાં વતનીઓને અફીણનું ઝેર પીવડાવવા

ના પાડતી ચીનાઇ સરકારનાં લોહીથી ખરડાઇ ગઇ. એવી લડાઇ ત્રણ વરસ સુધી ચાલી. મંચુ–સરકાર હાર પામી; બ્રિટનનો વિજય થયો. વિજેતા શાહીવાદે ચીન પાસે કરારોના ખત પર સહી માગી. આખું ચીન પશ્ચિમના વેપાર માટે ખુલ્લું મૂકાયું. કેન્ટન, એમોય, ફુકો, નીંગપો અને શાંગહાઇ બંદરો યુરોપના વેપારીઓ માટે ખુલ્લાં મૂકાયાં. પાંચ ટકાથી વધારે કોઈ પણ જકાત પર પ્રતિબંધ મૂકાયો અને એ બધા ઉપરાંત બ્રિટને હોંગ–કોંગ ટાપુ ઝડપી લીધો.

એ રીતે ૧૮૪૨માં ચીનને વ્યવસ્થિત અને કાયદેસર રીતે ખાવા માંડવાનું ખાતમુહૂર્ત સૌથી વધારે બળવાન શાહીવાદી બ્રિટનને હાથે થઇ ગયું, અને એની હરોળમાં યુરોપના જુદા જુદા દેશના મૂડીવાદોએ ચીન પર હલ્લાખાનાં માંડી દીધાં. લશ્કરો દોડાવી ને વિજય કરવાના ખરચ કર્યાં વિના યુરોપના શાહીવાદોએ ચીનનાં બંદર પકડી લીધાં, નદીઓ પરનાં વેપારી મથકો કબજે કર્યાં, અને અંદરના અનંત વિસ્તાર પર વેપારી લૂંટ શરૂ કરી દીધી. જકાતો પર પોતાનો કાબૂ જમાવ્યો અને ચીનને ચરી ખાવા માટે 'એકસ્ટ્રા ટેરીટોરીઆલીટી'નો સિદ્ધાંત ચીનને લાગુ પાડયો.

ચીનમાં યુરોપિયન શાહીવાદને માટે ખુલ્લાં મૂકાયલાં બંદરો (Treaty Port) પર પરદેશીઓ પોતાના જ કાયદા નીચે રહીને વ્યાપારી કામકાજ કરી શકે છે. પહેલાં એવાં પાંચ બંદરો હતાં. હવે ચીનમાં એવાં આડત્રીસ બંદરો છે. આજે ચીન પર છેવટની હકૂમત ચીની છે એવો દંભ જાળવી રાખવામાં આવતો છતાં એ બધાં બંદરો પર પરદેશી વિસ્તારોમાં અને પરદેશીઓ પર ચીનની કશી જ હકૂમત નથી. ત્યાં તો ગોરૂં લશ્કર જ પોલીસ છે, ગોરા

અમલદારો સરકાર છે. ચીનમાં છતાં એ બંદરો માંચેસ્ટર અને મેનચેસ્ટર બની ગયાં છે.

બીજી એક વાત જકાતી હકૂમતની છે. જકાતી હકૂમત (Customs Control)ની વાત ૧૮૪૨માં શરૂ થઇ અને ૧૮૫૪માં સાબિત થઇ કે ચીન પરદેશી અમલદારોની નિમણૂક જકાતી હકૂમત માટે કરે પણ છેવટની બધી સત્તા ત્યાંની પરદેશી વેપારી ટોળકીઓના હાથમાં રહે. ૧૮૬૧ થી આજ સુધી એ જકાતી-ખાતાનો વડો અંગ્રેજ છે, અને તે જકાતી વસુલાત પણ પરદેશી દેવા પેટે ચીન પાસેથી વસુલ લઇ લેવામાં આવે છે.

અને ત્રીજી વાત એકસ્ટ્રા ટેરીટોરીઆલીટીની છે. હનુમાનના પૂંછડા જેવા આ લાંબા શબ્દને ટૂંકાવવાના પ્રયત્નો થયા છે અને કેટલાંક ચીનાઇ છાપાંઓ તેને એકસ્ટ્રાલીટીના નામથી ઓળખે છે. એ લંબાણુ શબ્દનો અર્થ એવો થાય છે કે, ચીનના કોઇપણ પ્રદેશમાં કોઇ પરદેશી ચીનના કાયદાને આધીન નથી, પણ પોતે જે દેશનો હોય તે જ દેશના કાયદાને આધીન છે. એટલે દાખલા તરીકે કોઇ અમેરિકન જો ફુકીન કે શાંગહામાં ખૂન કરે તો તેનો ચીનનો કાયદો ન્યાય તોળી શકતો નથી પણ તેના પર તેને પોતાને ત્યાંથી આવેલો કોનસલ કામ ચલાવી શકે છે. આ પ્રથાનાં મૂળ પુરાણા રોમન કાળમાં છે. તે સમયે કોઇપણ રોમન દુનિયાના જે વિભાગમાં જતો અને જે કરતો તેને રોમન કાયદો જ લાગુ પડતો. જ્યાં રોમન જતો ત્યાં તેની પાછળ રોમન કાયદો પણ તેનું રક્ષણ કરવા સહ-ચારમાં ફરતો. ફ્રાન્સે પણ ન્યુ ઓરલીઅન્સમાં પોતાનો એવો હક્ક પુરવાર કર્યો હતો, અને આજે તે ચીનમાં ચાલે છે.

આ પ્રથાએ ચીનના મોઢા પર તેનું ઘોર અપમાન કર્યું છે. ૧૯૨૫માં કેન્ટન અને શાંગહાઇમાં બ્રિટિશ પોલીસે ચીના કામદારોને

વિંધી નાખ્યાં, ૧૯૨૭માં બ્રિટિશ અને અમેરિકાનાં લશ્કરી જહાજો એ નાનકીંગને બોંબાર્ડ કર્યું. પેકીંગમાં, પેકીંગના સારામાં સારા ભાગમાં ચીનાઓને જ પેસવા દેવામાં નથી આવતા. એમ પરદેશીઓ ચીનમાં રહીને ચીનના કાયદાનો ખુલ્લો ઉપહાસ કરી શકે છે અને ચીનમાં રહીને જ ચીનાઓ પર પોતાના કાયદા લાદી શકે છે. ચીની ગુનાઓને પોતાના કાયદા પ્રમાણે દંડી શકે છે. ઇ. સ. ૧૯૩૦માં ગોરી પોલીસે ચીનના ઉદ્દામ જુવાનોને ગિરફતાર કર્યાં હતા અને ઇન્ટરનેશનલ સેટલમેન્ટમાં જકડયા હતા. એવા પરદેશી કાવાદાવાના કાનૂની અમલથી જાપાન પણ ચીનની ધરતી પર રહીને સલામત રીતે ચીન પર યુદ્ધ ખેલવાના વ્યૂહ રચી શકતું હતું.

આજે એમ ચીનની ધરતી પર ચીનને નિરકુંશ ખૂંદતા ને અપમાન પમાડતા પરદેશી વેપારીઓના ચીનાઈ પ્રદેશ પર મીશન શાળાઓ છે, વિદ્યાપીઠો છે, દવાખાનાં છે, આરોગ્યખાતાં છે, રસ્તાઓ છે, રેલ્વે છે, પૂલો છે, વીજળીખાતાં છે, મોવી છે, અને જીવનનાં ઊંચાં ધોરણો છે. જાણે પરદેશીઓએ ચીની ધરતી પર પશ્ચિમની સંસ્કૃતિનું પ્રદર્શન ભર્યું છે અને એ પ્રદર્શનના પ્રણેતાઓ ચીનના પ્રાણ પર પંજો રાખી તેની પાસે નફો અને પોતાની સલામતી માગે છે. એવા ચીન પર પાંગરેલા પરદેશીઓએ ચીનમાં જંગી મૂડીનું રોકાણ કરી દીધું છે. બ્રિટિશ મૂડી ૨૫૦,૦૦૦,૦૦૦ પૌંડ જેટલી છે, અને મંચુકોને ગણવામાં આવે તો એટલી જ ગંજાવર મૂડીનું રોકાણ જાપાને કર્યું છે. અમેરિકા અને ફ્રાન્સ દરેકનું રોકાણ ૫૦,૦૦૦,૦૦૦ પૌંડનું છે.

એવા ચીન પર 'ખુલ્લાં કમાડ'ની નીતિ લાદવામાં આવી છે. એ નીતિ અમેરિકાને સૂઝી છે. ૧૮૯૯માં એની

શરૂઆત થઈ. એ રીતે એકેએક પ્રજાને ચીનમાં વેપાર કરી નફા મેળવવા ચીનનાં કમાડ ખુલ્લાં મૂકી દેવામાં આવ્યાં. એ ખુલ્લાં કમાડની વાત બ્રિટને સૂચવી અને અમેરિકાએ ઘડી કાઢી. પણ ચીનનાં ખુલ્લાં કમાડમાં સૌને પેસવાનો ને લૂંટવાનો સરખો હક્ક જાપાનને રૂચે તેમ નહોતો. સોનાનાં ઇંડાં મૂકતી એ મુરઘીને ગટકાવવાનો પોતાને એકલાને જ હક્ક છે, કારણ કે પોતે એશિયન, ને ચીન પણ એશિયાનો એક દેશ છે એવી વાત જાપાને જોરથી રજૂ કરી. જાપાને પોતાને માટે, ચીનનાં કમાડ બીજા બધાની સામે સજ્જડ વાસી દેવાની પોતાની મુરાદ જાહેર કરી. મી. હલે તે સામે વાંધો નોંધાવ્યો, પણ જાપાને તે તરફ ધ્યાન દીધું નહિ અને બમણા વેગથી ચીનનાં બજારો પર પોતાના ઇજારા ઠોકી દેવા, પોતાના જ શિકાર પર પડેલા બીજાઓને હાંકી કાઢવા અને આખો કોળિયો બંધબારણે હડપી જવાની જાપાને શરૂઆત કરી દીધી. જાપાને કેન્ટન લીધું, અને પછી પોતાના જેવા બીજા ધંટીચોર ભાઈઓને કેન્ટન ખાલી કરીને ચાલી જવા ખબર આપી દીધી.

૨૬

ચીનાઈ પાટનગરમાં

ચિનાઈ પાટનગરમાં ડોકિયું કરવું છે? તો દેખો. એમાં ૪,૦૦૦,૦૦૦ લોકો વસે છે, ચીનના વેપારનું એ મોટું મથક છે, પરદેશીઓનું એ પ્રચંડ બજાર છે, એમાં દુનિયામાં ખરાબમાં ખરાબ એવી કામદારો માટેની ચાલીઓ છે, એમાં કતલખાનાં જેવાં કારખાનાં છે, અને એમાં જ દર વરસે ૨૯૦૦૦ સડતાં શબોને નામઠામ વિનામાં ભૂલાં પડેલાંઓને કશી જ કિંમત લીધા વિના દફનાવી દેવાય છે; પણ એમાં જ માલિકલોકની નિશાક્રીડાઓ અનેકવિધ વિલાસોનાં ઘોડાપૂર ઊછળતાં કરી દે છે. રાત તો શાંગહાઇની જ. અને ત્યાં એક અમીરી રેસ્ટોરાં છે જેમાં એક ખાણાના ૧૨૦ પૌંડ કિંમત પડે છે. દુનિયાનાં મહાન નગરોમાં એનો નંબર છઠ્ઠો આવે છે.

એ પાટનગર શાંગહાઈમાં પરદેશી પ્રદેશ છે. તેની હકૂમત કોઈ અદ્‌ભૂત છે. એ ભાગના વળી બે ભાગ છે. એક ઇન્ટરનેશનલ

સેટલમેન્ટ અને બીજો ભાગ ફ્રેંચ કનસેશન છે. બંને ભાગ મળીને, ૧૨ માઈલ રોકાય છે. એ પરદેશી પરાની પેલી પાર અને તેની બહાર અર્ધ વર્તુળમાં ૩૨૦ ચોરસ માઈલ પર ચીનની હકૂમતવાળું શાંગહાઈ છે, પણ આજે તો તેને જાપાનીસ આક્રમણે જીતી લીધું છે. શાંગહાઈના ઇન્ટરનેશનલ સેટલમેન્ટ પર મ્યુનિસિપલ કાઉન્સિલની આણ વર્તે છે. એ કાઉન્સિલ પરદેશી વેપારી સરકારોની મહાન સત્તાઓ—કોનસલ જનરલોને જવાબદાર છે. એ કાઉન્સિલમાં બ્રિટનનો અવાજ વધારે મોટો છે. એમાં જાપાનીસો પણ છે જે પથરા નાખ્યા કરે છે ને થોડાક ચીનાઓ પણ છે, જેમના અવાજ દીવાલો પર પડઘા પાડી તેમના ચહેરામાં જ પાછા વાગ્યા કરે છે. ફ્રેંચ કનસેશન પર ફ્રાન્સની જ હકૂમત છે. જાણે ફ્રાન્સના જ એક ભાગ જેવો તે વિભાગ છે. એ વિભાગ પર ફ્રેંચ કોનસલ જનરલની હકૂમત છે. પરદેશી શ્રીમંત મહાશયોમાંના ઘણા ફ્રેંચ વિભાગમાં જ વાસ કરે છે.

ઇન્ટરનેશનલ સેટલમેન્ટ પર બ્રિટિશ, અમેરિકન, ઇટાલિયન અને જાપાનીસ પહેરેગીરો પોતપોતાના સેક્ટર પર પહેરા ભરે છે. ઇ. સ. ૧૯૩૨માં જાપાને પોતાના સેક્ટર પર જાપાનીસ મુલકની મહોર મારી દીધી અને તે જ સાલમાં તેમણે તે પ્રદેશનો ઉપયોગ ચીન સામે લડવા માટે કર્યો. એ પ્રદેશનો જાપાને યાંગઝેપુ એવો નામકરણવિધિ પણ કરી નાખ્યો. યાંગઝેપુ જાણે કે ટોકયો હોય તેમ તેને બગલમાં દબાવી રાખી જાપાને ઇન્ટરનેશનલ સેટલમેન્ટના તંત્રમાં પણ પોતાનો ભાગ માગ્યો. પણ જાપાન એ બાકીના વિભાગનો કબજો લઈ લે તે પહેલાં કર્નલ પ્રાઇસ નામના એક અમેરિકન અમલદારે તેને બચાવી લીધો. પછી ૧૯૩૮–૩૯માં ચીનાઓએ જાપાનીસ અફસરોને મારી નાખ્યા ત્યારે પણ વેરના નામમાં

જાપાનને આખો ઈન્ટરનેશનલ વિભાગ બથાવી પડવાનું મન થયું. પણ જાપાને તેમ કર્યું નહિ, કારણકે, બ્રિટન અને અમેરિકા તેથી તોફાન કરી ઊઠે એવો તેને ભય લાગ્યો.

એવું ચીનનું પાટનગર શ્રીમંત લોકોનું સ્વર્ગ છે. ત્યાં પરદેશીઓ પર એક પણ કર નથી. ત્યાં એક પણ કરભાર વિના દેશ-પરદેશના શ્રીમંતો વસી શકે છે, વેપાર ખેડી શકે છે, નફો લૂંટી શકે છે ને મોજ માણી શકે છે. એવા શ્રીમંતોના એ સ્વર્ગમાં કેટલાએ લક્ષ્મીનંદનોનાં નસીબ અફીણના વેપારમાં જામી ગયાં છે. પછી જમીનદારીમાં, કાપડનાં કારખાનામાં અને બીજા ઉદ્યોગોમાં ગબ્બર થએલા ગર્ભશ્રીમંતો ત્યાં સુખચેનથી વસી શકે છે અને જેવું સ્વર્ગમાં છે તેવું જ અહિ છે એવા ધાર્મિક પવિત્ર બોલને સંભારી શકે છે. એ શ્રીમંત સ્વર્ગમાં ગેસ, વોટરવર્ક્સ, અને વાહન-વ્યવહાર બ્રિટિશ માલિકીનાં છે, વીજળી અને ટેલીફોન અમેરિકન છે, ને ચીનના આત્માનો ઉદ્ધાર કરવા આવેલી ધર્મસંસ્થાઓ એ જમીનદારી કબજે કરી છે. આજે વેપારી પેઢીઓ છે ત્યાં આસપાસની જમીનની કિંમત એકરના ૩૦૦,૦૦૦ પૌંડ અંકાય છે.

એવા ચીનના પાટનગર પર રોમન વિજેતા જેવો યુરોપનો અસુર (white devil) ધરતીને ચગદી નાખતો સ્વર્ગના જમરાજ જેવો વેપારી રાજા ચાલી શકે છે અને કાયદેસર રીતે જ ચીના મનુષ્યપ્રાણીને ધિક્કારી શકે છે. એણે ચીનની સંપત્તિ ચૂસી છે. ચીન એને માફ કરી શકશે નહિ.

શાંગહાઈના એક જાહેર બાગમાં એક મોટી મનાઈ આજ સુધી ચોંટેલી હતી, "કૂતરાં અને ચીનાઓને આવવાની મનાઇ છે"* કેટલાંક વરસ પહેલાં એક અમેરિકન છાપાએ, આજના વડાપ્રધાન

* "No dogs or Chinese allowed"

કુંગની મુલાકાત લેવાની ના પાડી હતી, કારણકે તે ચીનો હતો. એક જમીનદારે પોતાને ત્યાં લીફ્ટ પર ચઢવાની ડૉ. કુંગને ના પાડી દીધી હતી, કારણ કે કુંગનું શરીર ચીનાઇ હતું. હજુ હમણાં જ એક બ્રિટિશ અફસરને ગોરાઓની પોલોની રમત જોવા શાંગહાઇના મેયરને (ચીનાને) આમંત્રણ આપવા માટે મોટી મુસ્કેલી વેઠવી પડી હતી.

એવા ચીનના પાટનગર—શ્રીમંતોના નંદનવન શાંગહાઇને સરજનાર ચીની મજૂરને જીવવાની પણ શાંગહાઇમાં જ દોજખની સગવડ છે. ચીનનો કામદાર સંઘ ત્યાં ચાલીઓમાં જીવે છે, બાર કલાકનો દિવસ ભરી મજૂરી કરે છે અને છૂટક કામકાજમાં પંદરથી સોળ કલાકની વેઠ ભરે છે, અને સામાન્ય રીતે મહિનાના દશ શિલિંગ જેટલો પગાર પામે છે.

એ કામદારોનાં બાળકોને પણ પાંચ વરસની કુમળી વયથી જ ભયાનક એવા જીવનકલહમાં—પેટનો ખાડો પૂરવા કમાણી કરવાની, મજૂરી કરવાની સ્વતંત્રતા હોય છે. ઘણીખરી મોટી મિલો જાપાનીસ છે અને ત્યાં મજૂરો મેળવવાના ઇજારા અપાય છે. મજૂરો મેળવનાર કૉન્ટ્રાક્ટર ગામડાંમાં જાય છે. માબાપો પાસેથી છોકરીઓના કાફલા ત્રણ વરસ સુધી એકધારું કામ કરવાની શરતે ખરીદ કરે છે અને પછી તેમને કારખાનામાં વેચી દે છે. એવી દરેક છોકરી પર કૉન્ટ્રાક્ટરને એક પૌંડ દલાલી મળે છે, અને છેવટ સુધી છોકરીઓ એને હવાલે રહે છે. આ એક પદ્ધતિ તો છે જ. એ પદ્ધતિમાં અધ:પાત પામતી છોકરીઓ ગુલામો પણ છે જ, એ પદ્ધતિને રોમેરોમ સળવળતી પૈશાચિકતાને લીધે એ પ્રખ્યાત છે.

બ્રિટિશ અને ચીની માલિકીની મિલોમાં એવી કૉન્ટ્રાક્ટ પદ્ધતિ નથી પણ તેથી મજૂરોની દશા ત્યાં વધારે સારી છે એમ માનવાને

કશું જ કારણ નથી. ત્યાં નામની ટ્રેડ યુનિયન પદ્ધતિનું પણ અસ્તિત્વ છે. ૧૯૨૭માં એવાં મંડળોને કચડી નાખવામાં આવ્યાં હતાં, અને તે રાતાં હોવાથી સરકારે કામદારોનાં પીળાં મહાજનો ઊભાં કર્યાં હતાં; પણ પીળાની નીચેથી પાછો લાલ રંગ જ નીકળ્યો અને લાલપીળાનું મિશ્રણ એકલા રાતા રંગ કરતાં ઓછું ઉદ્દામ નથી નીવડ્યું. ૧૯૩૭ અને ૧૯૩૮માં એ કારખાનાઓમાં અનેકવાર હડતાલો પડી ચૂકી.


એવી ચીનાઈ મજૂરી શાંગહાઇની બધી સ્વર્ગીય રચનાના પાયામાં પૂરાઈ છે અને એ મજૂરીનો પ્રભવ, ચીનની આર્થિક ઘટનાનો પાયો ચીનની ખેતીવાડી કે ચીનનો કિસાન છે. ચીનાઈ જીવન ચીનની માટીનું જીવન છે. ચીનની વસ્તીનો ૮૫ ટકા જેટલો ભાગ ખેડુતોનો છે. ઘઉં અને બાજરીનો પાક ઉત્તરમાં છે અને દક્ષિણમાં ચોખા પાકે છે. ચીના ખેડુતના એક કુટુંબ માટે સરાસરી આવક વરસના ૪૫ રૂપિયા જેટલી હોય છે. ચીનના ખેડૂતની મહેનતના પાકમાંથી જમીનદાર અરધો ભાગ પડાવે છે. ચીનના ખેડૂતને માથે રાક્ષસી એવો કરભાર છે, એના દેવાનો બોજો એવડો તો મોટો છે કે તેની ગણતરી પણ થઇ શકે તેમ નથી. ચીનના ખેડૂતનું જીવન એક જીવલેણ બોજો છે. એ બોજા નીચે ચગદાયલો ખેડૂત ધૂળ ભેગો એવો તો થઇ ગયો છે કે એની ચામડીનો રંગ માટીના રંગ જેવો જ છે.

૨૭

મહા સેનાની ચાંગ-કાઇ-શેક

ચાંગ-કાઇ-શેક જે ચીનના ૪૫૦,૦૦૦,૦૦૦ લોકોનો નેતા બન્યો છે, જે આજે લશ્કર, નૌકાદળ અને વિમાની ફોજનો મહા સેનાની (Generalissimo) છે, જે સુપ્રિમ વોર કાઉન્સિલ, નેશનલ મિલિટરી કાઉન્સિલનો અને નેશનલ એવીએશન કમિશનનો પ્રમુખ છે, જે કમીનટાંગનો ડાયરેકટર જનરલ છે ને આજે ચીનનો મહા પુરૂષ છે. અનેક યુગો પછી એવો ભવ્ય આદમી ઇતિહાસનાં પરિબળો ઉપજાવી કાઢતાં હોય છે.

ચાંગ-કાઇ-શેક એક અજ્ઞાત એવા ગામડાના એક અજાણ્યા એવા વેપારીનો દીકરો છે. એ કહે છે કે એનું એક જ કામ ચીનને સંગઠિત અને સંયુક્ત કરવાનું છે, અને છતાં પણ દશ દશ વરસ સુધી ચીનના ઇન્કિલાબી અંગારા જેવા ચીનના લાલ રંગી સામ્યવાદીઓનો શિકાર કરવા આંતર વિગ્રહનો અગ્નિ વરસાવતો



મહાસેનાની ચાંગ-કાઇ-શેક, મેડમ ચાંગ-કાઇ-શેક
ને પંડિત જવાહરલાલ.

એ વકરેલા વાઘ જેવો ચીનની ધરતી પર ઘૂમ્યો છે અને એ રીતે એણે ચીનની એકતાનું રટણ કરતાં જ ચીનના પ્રચંડ પ્રાણના જ બન્યા હોય એવા સામ્યવાદીઓનો સંહાર કર્યો છે. તો ય એ મુસોલિની અને સ્ટૅલિનના કદનો લોકપ્રિય નેતા છે જ. અગવડ એક જ છે કે એ સમર્થ સેનાની છતાં ખોટો રાજકારણી પુરૂષ છે.

એવા વિરાટ ચીનના મહાસેનાનીનું કુળનું નામ ચાંગ છે. એ ચાંગ જ્યારે નાનકડો છોકરો હતો અને નિશાળે ભણતો હતો ત્યારે તો એનાં બા બાપા એને જુઈ-ટાઈ એવા ટચૂકડા નામથી સંબોધતાં. પછી જુઈ-ટાઈ મોટો થયો અને એ મોટાને પેલું નામ ઠીક ન લાગ્યું. એણે પોતાનું જૂનું નામ બદલીને, કાઈ શેક એવું નામ રાખ્યું. કાઈ-શેકનો અર્થ સરહદનો પત્થર એવો થાય છે. માનસિક રીતે એ સાર્થક પસંદગી કહેવાય. કાઈ-શેકને પણ ચીનની ચુંથાઇ જતી અને ખવાઈ જતી સરહદ પર ન ચસે તેવો પથ્થર નાખવો હતો. સામાન્ય વાતચીતમાં એને વીયુશાંગ (મિ. પ્રેસિડેન્ટ) અથવા શુંગશેલીંગ (જનરાલીસીમો) કહેવામાં આવે છે. એના જૂના સૈનિકો એને મિ. પ્રિન્સિપાલ પણ કહે છે. કોઈવાર એના ભાવિકો એને 'લાઓ' કહીને સંબોધે છે. મેડમ ચાંગ-કાઈ-શેક એને કાઈ કહે છે અને એનો દોસ્ત ડોનાલ્ડ જેને જનરાલીસીમો જેવું લાંબુ નામ લેવાનો સમય નથી હોતો તે એને જીસીમો કહીને બૂમ મારે છે.

હલકા ને નાજુક રેખાઓવાળાને, એક પ્રકારના વિચિત્ર પણ સખત અભિનયવાળાને, સીધા સોટા જેવાને—એને જુવો તો ઓળખી કાઢજો. એના પગ ટૂંકા હોવાથી બેસીને ફોટો પડાવવાનું એને ગમે છે. સાદા ખાકી પોશાકમાં ને મોટા ટોપમાં એ સજ્જ

થએલો હોય છે, એની આંખોમાં ઊંડું, ભૂખરું ને અંધારું તેજ આરપાર ઊતરી જાય તેવું ચળકાટ મારે છે અને એ તેજથી એનો ફિક્કો ચહેરો ચમકી ઉઠે છે. સીઆનમાં એનું અપહરણ થયું ત્યારે એ પડી ગયો હતો અને એને સારા પ્રમાણમાં ઇજા થઇ હતી, પણ હવે એનું આરોગ્ય ઉત્તમ પ્રકારનું છે.

એ સવારમાં વહેલો ઊઠે છે, અને રાત સુધી સખત કામ કરે છે. વચમાં ખાઈને ગ્રામોફોનમાં એની માનીતી આવા મેરીઆની રેકર્ડ સાંભળતો ઊંઘવા પડે છે અને એ રેકર્ડ બંધ પડે છે ત્યારે પાસેના રૂમના એના સાથીદારો સમજે છે કે ભાઈ સાહેબે ઊંઘવા માંડયું છે. પછી ચા લીધા પછી એ અડધો કલાક પ્રાર્થના કરે છે અને રાતના સૂવા ગયા પછી ઊંઘ આવે ત્યાં સુધી સોફા પર પડયો પડયો કામ કરે છે. એને પીવાની કે ફૂંકવાની ટેવ નથી. એને બનતા સુધી કોફી કે ચા લેવાની પણ આદત નથી. એ રોજની નોંધ રાખે છે. સીઆનમાં એને અપહરણ કરીને લાવવામાં આવ્યો ત્યારે એની રોજનીશીએ એને બચાવી લીધો. એના પ્રતિ-પક્ષીઓને એ નોંધ અને એની સ્ત્રી પરના ખાનગી પત્રો વાંચવાના મળ્યા અને તેમને લાગ્યું કે કાઇ-શેકને જીવતો રાખવો જોઇશે.

એને કવિતા, પર્વતો અને એની પોતાની સ્ત્રી મેડમ ચાંગ-કાઈ-શેક એટલી ત્રણ વસ્તુઓ ખૂબ ગમે છે. એ ચાલે છે ત્યારે કવિતા ગણગણે છે. એને પર્વતો નજીકના કુલીંગના આવાસમાં રહેવું ખૂબ ગમે છે પણ જાપાન સાથેના જંગની શરૂઆત પછી એ ત્યાં એક પણ વખત જઈ શકયો નથી. એનું કુટુંબજીવન સુખી છે. મેડમ ચાંગ, એની પ્રિય એવી સાથીદાર છે અને તોય એ એકલવાયો આદમી છે. એને એકાંત ગમે છે. એનો ખાસ

અંગત મિત્ર ઓસ્ટ્રેલિયન છાપાનો પ્રતિનિધિ ડોનાલ્ડ નામનો છે. અને એનો બીજો મિત્ર ડો. જ્યોર્જ શેફર્ડ નામનો એક અમેરિકન મિશનરી છે. એને સામાજિક વેગ ઘણો ઓછો છે તેથી એને લોક કે જનતાની ભાવના પણ પસંદ નથી અને લોક કે જનતાનો સંસર્ગ પણ પસંદ નથી. સમાન સાથીદારીમાં એ માનતો નથી, એટલે એ કડોર છે, સખત છે. નાજુક બાંધાનો એ ચીનો સૈનિક 'બૂલડૉગ' જેવો છે. એ ઘાતકી પણ છે. સામ્યવાદીઓ સામેનો એનો વર્તાવ કેવળ ઘાતકી કે નૃશંસ કહી શકાય. એની સાથે સંમત નહિ થવાના એક જ અપરાધ માટે એણે રુવાડું પણ ફરકવા દીધા વિના હજારોનો સંહાર કર્યો છે. એવો એ ચીનનો મહાસેનાની છે.

કેટલી યે વાર એ યુઆન કાર્યવાહીનો પ્રમુખ એટલે ચીનની સરકારનો વડો પ્રધાન બન્યો છે. થોડા સમય સુધી એ ચીન સરકારનો પ્રમુખ હતો. પણ એના સ્વભાવના મુખ્ય લક્ષણને અનુરૂપ એવું એનું મુખ્ય કામ તો લશ્કરી સરદારીનું જ રહ્યું છે. ૧૯૨૬માં એ લશ્કરનો વડો હતો. ૧૯૩૮માં એ કયોમીનટાંગ પક્ષનો જનરલ ડાયરેકટર થયો. એના અંગ રક્ષકોની ટુકડીઓનો સરદાર એક કેપ્ટન સ્ટીન્સ નામનો જર્મન છે. એ ડૉ. ગોબેલ્સ સત્તા પર આવ્યો તે પહેલાં હિટલરની કાળી ડગલીઓનો મુખ્ય અમલદાર હતો. પછી એણે હિટલર સાથે કજિયો કર્યો, હિટલરના કારાગારમાં પડયો અને નાસીને ચીન પહોંચ્યો. કાઈ–શેકનો પોતાનો વિમાની લીઓનાર્ડ નામનો એક અમેરિકન છે. પહેલાં એ જ અમેરિકન, કાઇ–શેકનું અપહરણ કરનાર માર્શલ શાંગ-શુ-લીઆંગનો વિમાની હતો.

૨૮

ચીની ઇન્કિલાબ

ચીનની પીળી ચામડીમાં લાલ રંગ છે. ચીનની પીળી ધરતીમાં લાલ ખમીર ખુલ્લું થયું છે. ચીનના ચીનાઈ પ્રદેશ પર લાલ જગત જાગી ઊઠયું છે. જ્યાં લાલ છે ત્યાં જીવનનું જોમ ત્યાંથી ચીની દુનિયાને નવી દુનિયા બનાવી રહ્યું છે, ન્યાયી દુનિયા બનાવી રહ્યું છે, 'જીવો ને જીવવા દો' નો માનુષિક આચાર એ નવા જગત પર આર્થિક સમાનતાના પાયા ખોદી સાચી સાથીદારીના રાહ દાખવી રહ્યું છે. જગત જીવતું હોય તો ત્યાં જ જીવે છે. જીવનમાં પ્રાણ હોય તો ત્યાં જ ... જયાં રાષ્ટ્રના સામ્યવાદીઓ વસે છે, જ્યાં ચીને સોવિયટ પુકાર્યું છે, જ્યાં આઠમા રસ્તાનું લાલ લશ્કર મૂડીવાદના પાશવી કાયદાને 'અપ રૂફ જાવ'ની આલબેલ પુકારે છે. ... ત્યાં જ ચીન જીવે છે ને ચીનનો પ્રાણ જીવનના શ્વાસ-પ્રશ્વાસ લે છે-મૂકે છે. ૧૯૩૮થી એ લાલ લશ્કર

જાપાનના આક્રમણુ સામે ઝૂઝતા રાષ્ટ્રવાદ સાથે સંયુક્ત મોરચો રચી સમરાંગણુ પર ખડું થઇ ગયું છે. અને ઉત્તરમાં જાપાનના ઘા સામે ઘા ધરતું અને ઘા ઝીલતું, માનવતાનાં લાલ લોહીમાં તરબોળ છે. ચીન ત્યાં જીવે છે. જો ચીનના આઠમા રસ્તાના લશ્કર તરીકે જગવિખ્યાત બનેલું લાલ લશ્કર છે તો ચીન સમરાંગણુપર જીવતું છતાં, સ્મશાનલીલા કરતું છતાં, મરણુના ઢગલાઓમાં મહાલતું છતાં, રોટી વિનાના હાડપિંજર દેહે હસતું છતાં, વેરાનમાં વાસ કરતું છતાં, ચીન જીવતું છે. ચીન જીવશે તો જીવનવિકાસના પરિપાક જેવા ચીનની લાલ (સામ્યવાદી) માનવતામાં જ.

જાપાની માંકડાએ ચીનની માનવતા પર અત્યાચાર કરવા, ચીનની મહેનત ને ચીનના પાક લૂંટવા, ચીનનું જીવન ભેલવવા કૂદકારો માર્યો અને ચીનના રાષ્ટ્રવાદે માથું અદ્ધર કરીને તેનો જવાબ વાળ્યો. તેમાં ચીનના સામ્યવાદીઓનો, ચીનના લાલ લશ્કરનો સૌથી મોટો ફાળો છે. ચીનનું લાલ લશ્કર—ચીનના આઠમા રસ્તાનું લશ્કર જાપાનની લશ્કરી યંત્રોની જીવલેણ જમાવટ સામે ગેરીલા વ્યૂહથી ઝૂઝે છે. એ મરણુ સાથેની મસ્તી પાછળ ચીનના લાલ લશ્કર પાસે નૂતન ચીનનો ખ્યાલ છે. એ માનવતાના લાલ લશ્કરે જ છેલ્લાં થોડાં વરસમાં નૂતન ચીનના ઘડતર, શિક્ષણુ અને સામાજિક સુધારાઓમાં પણુ અદ્ભૂત કામ કરી બતાવ્યું છે; જે તમે જોઈ શકો તો તમારી અંજાયલી આંખો જરૂર પલકાર્યા કરે.

આઠમાં રસ્તાનું લાલ લશ્કર શેશીમાં અભેદ્ય છે, અને હોપી તથા હોનાન તરફ ધસે છે. ચીનના સોવિયટ પ્રદેશની સરકારનો પ્રમુખ માઓ-સી-ટુંગ નામનો છે. માનવતાના નિયમવાળી નવી દુનિયા માઓ-સી-ટુંગને મૂર્તિમાન દેખાય છે, અને તેથી તો એ

દુનિયાના પાયામાં કોઈ પણ ભોગ ચીનના સામ્યવાદીઓને મન મોટો નથી. "નૂતન ચીન કેવું કલ્પો છો?" એવો સવાલ 'લંડન ટાઈમ્સ'ના પ્રતિનિધિએ માઓ-સી-તુંગને કર્યો હતો અને અહોનિશ આંખ સામે નૂતન ચીનના આકાર પર આંખ ઠેરવતા માઓ-સી-તુંગે જવાબ દીધો હતો :

"એકેએક મનુષ્યને પહેરણ, રોટલી ને રહેઠાણ પૂરતાં મળે, એકેએક માનવીને જીવવાના હક્કનું ભાન થાય અને જવાબદારી સમજાય તેવું શિક્ષણ અને આનંદ મળે, કુટુંબજીવન સમાન સાથીદારીવાળું બને, ચીનની ધરતી પર અનેક રસ્તાઓ અને મનુષ્યની જરૂરિયાતો માટેનાં કારખાનાં બંધાઈ જાય, ચીનમાં છ કલાકની મજૂરીનો દિવસ બંધાય, ચીન પર પરદેશી આક્રમણ અશક્ય બની જાય, ચીનમાં માનવીથી માનવીનું શોષણ થંભી જાય, ચીનનો સંબંધ, સમાનતા, ભાઈચારો અને સ્નેહાળ સાથીદારીથી તરબોળ બની જાય અને આખી દુનિયા સાથે એકમેક થઈને જગતની શાંતિ ઘડી શકાય તેવું નૂતન ચીન અમારે ઘડવું જ છે."

ચીનમાં જીવતો, ચીનના જીવનનો એ જ એક ઇન્કિલાબી અવાજ છે. લાલ લશ્કરમાં એ અવાજ યુદ્ધનાદ ગરજે છે, સમરાંગણમાં એ જ નાદ રણખંજરી ખખડાવે છે. ચીનના એ જીવન્ત પ્રદેશ પર વસતો એકેએક સામ્યવાદી લાલ લશ્કરનો સૈનિક છે. નૂતન ચીનની રચનામાં એણે જીવનનો બલિ ધરી દીધો છે. એની માગ ક્યારે આવે તેની એને પરવા નથી....ત્યાં જીવનને જુવે છે તે થંભી જાય છે, ત્યાં જીવનની ગતિને ભાળી રહેવાનું મન થાય છે. ત્યાં સૂતાં શબોથી પણ સમસમી ઊઠાય છે. ત્યાં કોઈ દફનાતું નથી.

ત્યાંનું જીવન જોવું છે? પ્રસંગે પ્રસંગે પુસ્તક લખાય એવું ત્યાંનું જીવન ચાંગ-કાઈ-શેકે છંછેડયું હતું. એને મૂડીવાદી સદ્‌ગુણો

પર જ નવું ચીન, રાષ્ટ્રવાદી ચીન રચવું હતું. પણ ચીનના સામ્યવાદીઓએ આડા હાથ દીધા અને ચાંગ-કાઈ-શેક છેડાઈ પડયો. એણે કયોમીનટાંગમાંના ઉદ્દામ સામ્યવાદી પક્ષને નિર્મૂળ કરવા ૧૯૨૭માં મૂડીવાદી સદ્ગુણોમાં છુપાયલી સંહારનીતિ શરૂ કરી દીધી.

એ સંહારમાંથી જે લાલ લોક નાઠા તેમણે કીઆંગસીમાં ઇન્કિલાબ પુકાર્યો અને ત્યાં સોવિયેટ સરકાર સ્થાપી. એ લાલ પ્રદેશની આણ ચારે કોર પથરાવા લાગી. એની માનવતાના ખમીરથી છલોછલ ભરેલી ભાવનાએ ચાંગ-કાઈ-શેકનો સામનો કરતાં કરતાં પોતાની હદ વધારવા માંડી.

ચાંગ-કાઈ-શેકે આ સામ્યવાદીઓનું કાસળ કાઢી નાખવા નવ લાખ લડવયાઓનું લશ્કર જમાવ્યું અને પાંચ લડાઈઓ લડયો. સાત વરસ સુધી કીઆંગસી સોવિયેટે કેસરિયાં કર્યાં. ચાંગ-કાઈ-શેકે લાલ ચીનાનું લોહી રેડવા થએલા ખરચનો હિસાબ ગણ્યો. દર એક સામ્યવાદીનું ખૂન પાડવા ૧૬,૦૦૦ પૌંડનો સરાસરી ખરચ થયો હતો. તો ય એની રૂઠ શમી નહોતી, તો ય ચીનની જમીનદારી, શાહુકારી અને માલિકીને મન એટલો ખરચ વધારે નહોતો, તો ય ગરીબીનાં ખૂન ટપકતાં કરીને ભરાયલા એમના ભંડારો ખૂટયા નહોતા, તો ય ચીનની માલિકશાહીના માંધાતા ચાંગ-કાઈ-શેકનો તોર તૂટયો ન હોતો. એણે વધારે માગ મૂકી, એણે તોપોને છૂટી મૂકી દીધી. એણે એક જ અવાજ ઉચ્ચાર્યો, 'સામ્યવાદીઓનો શિકાર.'

એણે શિકારને સફળ બનાવવાનો વ્યૂહ રચ્યો. એણે ત્રણ બાજુ લોખંડી લશ્કરો ગોઠવી દીધાં. એણે સોવિયેટના આખા

પ્રદેશને ઘેરો ઘાલ્યો. એને હાશ વળી. હવે તો શિકાર થશે જ એમ એને લાગ્યું. સામ્યવાદીઓ બધા જ ઘેરાઈ ગયા. ચારે પાસ ચાંગ–કાઈ–શેકના શિકારીઓ ધસતા હતા. એક જ રસ્તો હતો, પણ ત્યાં ય ચાંગ–કાઈ–શેકના તોપચીઓ ગોઠવાઇ ગયા હતા અને વધારામાં અઘોર જંગલો, અભેદ્ય પર્વતો, દુર્ગમ નદીઓ હેવાન કુદરતનાં બધાં સંહારબળો વિકરાળ હસતાં હતાં. એવા છ હજાર માઈલ અફાટ પડયા હતા.

" જો એટલી કૂચ કરી જવાય તો જીવી જવાય ... ! " કીઆંગસીની સોવિયટ સરકાર જોખમાતા જીવનની ઘડીઓ ગણતી હતી.

" કરો કૂચ. " મરણના મૂખમાંથી ય પાછા નીકળવાની હામ સામ્યવાદીઓના બનેલા લાલ લશ્કરે ભીડી દીધી અને પછી લાંબા કૂચ શરૂ થઈ. જુના જગતે કદી એવી કૂચકદમ દીઠી નહોતી. માનવી જીવને જીવનનું નવું સ્વરૂપ ગતિમાન કર્યું. દુનિયાના ઇતિહાસોએ આવી વાત નોંધી નહોતી. ઇતિહાસનાં પાન માનવતાના નવા જ પરાક્રમના અક્ષરોથી અંકાઈ ગયાં.

શાંગહાઈથી દક્ષિણ પશ્ચિમે કીઆંગસી પ્રદેશ પરની ૧૯૩૪ના ઓકટોબરમાં એ કૂચ શરૂ થઈ, અને શેંશી ઈલાકાના યેનાનમાં પેકીંગની પશ્ચિમે ખતમ થઈ. એ કૂચ શરૂ કરનારાં એક લાખ સામ્યવાદીઓ હતાં. એ કૂચ પૂરી થઈ ગઇ ત્યારે પચાસ હજાર પહોંચનારાં હતાં.

એ કૂચ છ હજાર માઇલ જેટલી લાંબી થઈ. એ કૂચમાં બાર ઈલાકાઓ અટવાયા. એ કૂચે ચાંગ–કાઈ–શેકનો વ્યૂહ માથાં મૂકી મૂકીને તોડયો, એ કૂચે પાંચે ઈલાકામાં લાલ ધ્વજ ફરકતો કર્યો,

એ કૂચે દરેકે દરેક માઈલ લોહી રેડીને લીધો. એ કૂચે ચીન પરના છ હજાર માઇલ પર જીવનનાં પગલાં પથરાતાં કર્યાં.

એ કૂચમાં પંદર મોટી લડાઈઓ લડાઈ, ત્રણુસો નાની લડાઈઓ થઈ. એ કૂચમાં સો દિવસ આરામના અંકાયા, ૨૬૮ દિવસ ગતિમાન થયા. એ કૂચમાં મરણુ સાથે મસ્તી ખેલતાં માનવીઓએ રોજના પંદર માઇલ પર દોટ દીધી. એ કૂચમાં અઘોર જંગલો અટવાઇ પડયા, અભેદ્ય અઢાર પર્વતોએ માર્ગ દીધા, અગોચર છ નદીઓ ઓળંગાઇ ગઇ. માનવભક્ષી જંગલી વસ્તીઓ પણ પસાર થઈ ગઈ.

એ કૂચમાં નર હતા, નારીઓ હતી. એ કૂચમાં સાથે રેડિયો પણ હતા ને છાપવાનાં યંત્રો ય હતાં, રાચરચીલાં હતાં, તંબુઓ ને મોટરકારો હતી, તોપ ને તમંચા હતાં. જીવન સાથે બધાં જીવતાં થઈ ગયાં હતાં.

એક વખત એ કૂચમાં એવી કટોકટી ઉભી થઈ કે કદી લાગણી વશ ન થઇ જતા ચાંગ–કાઈ–શેકથી પણ હરખની બૂમ પડાઈ ગઈ, "આપણે એમને ઘેરી લીધા છે ... હવે શિકાર પૂરો થશે."

લાલ સેના સામે મરણુના વિકરાળ ફાંસા જેવી તાતુ નદી ભયંકર વહેતી હતી. ચારે બાજુ તોપો ચરતી હતી. તાતુનાં ઘોડાપૂર પર ચાંગ–કાઈ–શેકે ઉડાવી દીધેલા ઝૂલતા પૂલનાં લોખંડી દોરડાં બન્ને કિનારાને બાંધતાં લટકી રહ્યાં હતાં.

"લટકી જાવ!" લાલ સેનાનીનો હૂકમ આવ્યો અને લટકી ગયા. લોખંડી દોરડાં પર લટકતી લાલ હરોળો સામા કિનારા તરફ સરતી થઈ ગઇ. સરતા ટપોટપ વીંધાતા તાતુમાં પડતા હતા ને

પડે તેવા તાતુના ઘોડાપૂર તેમને પલાણી જતા હતા. તાતુ પર ચીની ઇન્કિલાબ કિલ્લોળે ચઢયો હતો. જીવન અટ્ટહાસ્ય કરતું હતું, મરણ શરમાઈ પડયું હતું, પણ તાતુને કિનારે કૂચ અટકી નહિ.

બિચારા ચાંગ–કાઈ–શેકે જોરથી હાથ ઘસ્યા. શિકાર સફળ થયો નહિ.

કૂચ અટકી નહિ.

આઠમા રસ્તાનું લાલ લશ્કર શેર્શી પહોંચ્યું.

"મેં ધાર્યું 'તું, આ લાંબી કૂચ રાતાંઓની સ્મશાન–કૂચ થશે પણ આ તો મારી જ સ્મશાન–યાત્રા બની......" ચાંગ–કાઈ–શેકે લાંબો શ્વાસ ખેંચ્યો. મેડમ ચાંગ–કાઈ–શેકે દિલાસો દીધો.

પચાસ હજાર જીવતા સાથે શેર્શીના સામ્યવાદીઓએ સાથીદારીના હાથ હલાવ્યા.

શેર્શીમાં નવી સોવિયટ સરકારની સ્થાપના થઈ.

અને પછી? ચીનના રાષ્ટ્રવાદના મહાસેનાની ચાંગ–કાઈ–શેકે સામ્યવાદીઓ પર ફરીવાર હુમલો કરવાની હિંમત ભીડી નથી.

અને પછી જાપાને ચીન આખાને ખાઈ જવાનું આક્રમણ કર્યું.

પણ પછી શેર્શી પ્રાંતની સોવિયટ સરકારે જાપાન સામે વિગ્રહ જાહેર કર્યો, ચાંગ–કાઈ–શેકનું અપહરણ કર્યું. ચાંગ–કાઇ–શેકનો પ્રાણ માગ્યો નહિ, પણ એની પાસે ચીન આખાના દારુણ દુશ્મન જાપાનને મારી હટાવવા એકતા માગી, સંગઠન માગ્યું, જાપાનનો સામનો કરવા સામ્યવાદીઓની સાથીદારીનો સ્વીકાર માગ્યો. આ સંજોગે ચીનને સાચી રીતે એક બનાવ્યો. આ પ્રસંગથી ચીનનો ઉજ્જવળ ઈતિહાસ આલેખાયો. જાપાનની મુરાદ તો ચીનમાં

આંતર વિગ્રહને જલતો રાખી બધા ચીનને ખાઈ જવાની હતી. પણ સામ્યવાદીઓની કુનેહે જાપાનની મુરાદને ધૂળ ભેગી કરી, ચાંગ–કાઇ–શેકનું અપહરણ કરી તેને તેની સાન ઠેકાણે લાવવાની અને જાપાન સામે સંયુક્ત મોરચેથી લડવાની ફરજ પાડી.

વાત એમ બની કે ચાંગ–કાઈ–શેકે જૂના જોડીદાર ને ચપળ સેનાપતિ ચાંગ–શુ–લીઆંગને શેશીંમાં પહોંચતા લાંબી કૂચ કરીને આવતા સામ્યવાદીઓને રોકવા મોકલ્યો હતો અને પોતે કંટાળીને પચાસ હજારની વિજેતા લાલ ટુકડીઓને વિખેરતો તેમનું નિકંદન કાઢવાની નવી રીતની ચિંતા કરતો માથું ખંજવાળતો બેઠો હતો. યંગ માર્શલ ચાંગ–લી–આંગ ટુંગની સેના તરીકે પ્રખ્યાતિ પામેલા મંચુરિયન લશ્કરને લઈને પડયો હતો અને પડયો પડયો પહેલી વાર લાલ બનેલી સામ્યવાદી છોકરાંઓમાં દેખાયલી અજોડ હિંમત, વીરતા અને અસાધારણ ડહાપણના વિચાર કરતો ઝોકતો હતો, ને લાલ લશ્કર સાથે લડવાને બદલે તેની સાથે ભાઈચારાની વાતો કરતો હતો. જાણે ઘડીભર ચાંગ–કાઇ–શેકનો એ વીર સેનાની સામ્યવાદી વીરતા સાથે પ્રેમમાં પડયો હતો. એને સામ્યવાદીઓ ગમી ગયા હતા અને તેનાં વખાણ ખુદ ચાંગ–કાઇ–શેકની સમક્ષ પણ કરવાનો એણે નિરધાર કર્યો હતો. એને મહાસેનાની ચાંગ–કાઈ–શેકે દશ દશ વરસથી માંડેલા સામ્યવાદીઓનો શિકાર કરવાના ખૂનખાર આંતર વિગ્રહ તરફ કંટાળો ઊપજ્યો હતો. એને પહેલી જ વાર પોતાના દેવના દીધેલા કાઈ–શેક તરફ અણગમો ઊપજતો હતો. એના દિમાકમાં ઝઝૂમી રહેલા જાપાન સામે ચીનને એક બનીને ખડું કરી દેવાનું ડહાપણ દેખાવા માંડયું હતું. એણે સામ્યવાદીઓ સાથે હાથ હલાવ્યા, મુખ મલકાવ્યું અને સંયુક્ત મોરચાની વાતચીતો શરૂ કરી દીધી.

દૂધમાં કંઇ કાળું છે એમ ચાંગ–કાઇ–શેકને વહેમ ગયો. ઉત્તર પશ્ચિમની સરહદ પર કંઈ ભંગાણુ પડયું છે એવો એને ભાસ થયો અને એ જાતે તપાસ :કરવા સીઆન તરફ ઊડયો. યંગ માર્શલ ચાંગ–લી–આંગ જેનામાં પ્રચંડ પ્રાણ હંમેશાં ઊછળતો રહેતો હતો, જેણે અનેકવાર ચાંગ–કાઈ–શેકના પ્રાણનું રક્ષણ કર્યું હતું, જે વીરતાનો ઘડેલો હોય તેવો શૂરો હતો તેને કોઈની બીક લાગતી નહોતી, કાઈ–શેક કે એની મડમની પણ નહિ. એણે ઊડીને આવતા મહાસેનાનીને નજરકેદ કરવાનો, સામ્યવાદીઓ સાથે સંયુક્ત મોરચો સમજાવવાનો અને તે સંગીનની અણી પર સ્વીકારાવવાનો નિશ્ચય કર્યો, કારણ કે એટલી બાબતમાં એના માથામાં સામ્યવાદીઓની સચ્ચાઈ પુરવાર થઇ ચૂકી હતી.

૧૯૩૬ના ડિસેંબરના ૭મા દિવસે આવ્યો તેવો ચાંગ–કાઇ–શેક સીધો એના સેનાપતિ ચાંગ–લીઆંગ પાસે પહોંચ્યો. બન્ને વચ્ચે બંધબંધારણે ગરમાગરમ બોલાબોલી તપી ઊઠી. જુવાન ચાંગે સાફસાફ સંભળાવી દીધું કે તેની ટુકડીઓ રાતાઓ સાથે લડવાને તૈયાર નથી. ચીનાઓ હવે ચીનાઓનું લોહી રેડશે નહિ, સામ્યવાદીઓનું તો નહિ જ, ઊલટાની તેની ટુકડીઓ તો લાલ થઇ જવાની તરફેણમાં છે.

"હવે આંતર વિગ્રહ સમેટી લો." જુવાન ચાંગનો અવાજ ચડભડી ઉઠયો, "હવે જાપાન સાથે જંગ ખેલવાની તક ચીનને આપો. આજસુધીમાં તમે જ ચીનનો છઠ્ઠો ભાગ સામનો કર્યા વિના જ ભરખાઇ જવા દીધો છે. આજસુધી તમે ખેડૂત મજૂરોને, સામ્યવાદીઓને પકડી પકડીને વીંધી નાખવામાં જ બધી શક્તિનો દુરૂપયોગ કર્યો છે. હવે તમારી એ નીતિ લાંબો કાળ નહિ ચાલશે, ચાલવા દેવામાં નહિ આવશે. મારા બાપનું શબ હજુ ચીની ધરતીની

બહાર સડતું પડયું છે. જ્યાં એ શબ છે ત્યાં મારે ફરીવાર ચીન રચવો છે."

"હેં !" મહાસેનાનીને સામ્યવાદી અસર ઘરમાં પેસી ગયેલી લાગી.

"હા" જુવાન ચાંગે હથોડા જેવા અવાજનો ઘા કર્યો.

ચાંગ–કાઇ–શેક લાલપીળો થઇ ગયો. એની અંદરનો મહાસેનાની માંધાતાની જેમ ગરજ્યો.

"તું તારૂં મોઢું બંધ કરી દે. મારાં ફરમાન માથે ચડાવ"

"જી, ના" ચાંગ–હીઆંગે મહાસેનાનીને કારી ઘા કરતો જવાબ દીધો.

"તો તમારી જગાનું રાજીનામું ..."

"તે પણ નહિ"

બન્નેની વચમાં એક ભયંકર શાંત પળ પસાર થઈ ગઈ.

"હું મારા મુકામ પર જાઉં છું" મહાસેનાની સળગી ઊઠેલો ઊભો થઇ ગયો. ચાંગ કાંઈ બોલ્યો નહિ.

સૌની પાછળ પણ નવા સમયના સૂત્રધારો સામ્યવાદીઓ હતા. સીઆનનું વાતવરણ ખળભળી ઊઠયું હતું. જાપાન સામે ઝૂઝવાનું ફરમાન મેળવવા વિદ્યાર્થીઓ અધીરા બન્યા હતા. લશ્કરી ટુકડીઓ આવેશ ને આવેગથી ઊછળી ઊઠી હતી.

ત્યારે મહાસેનાની ચાંગ–કાઇ–શેક શહેરની બહાર પડયો હતો અને શહેરના દરવાજા બંધ કરવાના હુકમ આપતો હતો.

ફરીવાર મહાસેનાની સાથેની મુલાકાતો ગોઠવાઈ. ફરીવાર ગરમાગરમ ચર્ચાઓ ચાલી, ફરીવાર છેવટની વાટાઘાટો થઇ ને પડી ભાંગી.

પછી યંગ માર્શલ એના અધિકારી યાંગ–હુ–શેંગ સાથે ઉતાવળો આવ્યો. એણે કદી નહિ ધારેલું એવું કામ સામ્યવાદીઓ સાથેની મસલત પછી એના માથે આવી પડયું. ચાંગ–લીઆંગ આવ્યો અને છેવટની વાત કરી જોઇ. પછી એણે ફરજ બજાવતાં આવેલો ઉશ્કેરાટ શમાવ્યો, કપાળ પર બાઝેલા પરસેવાનાં ટીપાં લુછી નાખ્યાં. પછી એણે ફરમાન આપતાં ચડેલો વાંક દબાવી દેતાં ત્રાડ દીધી, " એને માથાફોડને–અજડને ગિરફતાર કરી દો "*

૧૯૩૬ના ડિસેંબરના ૧૨ મા દિવસની સવારના સાડા પાંચ વાગે તોપનો એક ધડાકો થયો અને ચાંગ–કાઇ–શેકનો અંગ–રક્ષક અંદર ધસી આવ્યો. " બળવો " એણે બૂમ પાડી.

ચાંગ–કાઈ–શેક પણ બેઠો હતો ત્યાંથી કૂદી ઊઠયો ને કપડાં સંભાળ્યાં. મહાસેનાની ઉતાવળમાં એના ખોટા દાંત લેવાનું ભૂલીને પાછલે બારણે દોડયો, અને દોડતો એક દીવાલ પર ચડી ગયો, અને ખાઇમાં કૂદી પડયો ને ડુંગરાઓ તરફ દોડવા માંડયો.

પણ એ મહાસેનાની અને એના સાથીદારો ઘેરાઇ ગયા હતા. એનો ભત્રીજો મરેલો પડયો હતો. યંગ માર્શલ ચાંગ–લી–આંગના એક અમલદારે મહાસેનાનીને ગિરફતાર કરી દીધો. ચાંગ–કાઇ–શેકને ગિરફતાર કરવાના હુકમનો અમલ કરનાર કેપ્ટન સુન પોતે જે કરતો હતો તેનાથી ઘડીભર તો થંભી ગયો પણ યંગ માર્શલનું ફરમાન હતું એટલે એણે મહાસેનાનીને ગિરફતાર કરીને તેની સામે ઘૂંટણીએ પડયો અને તેની માફી માગી.

---

* " Let us arrest the stubborn son of a blank. "

"જીભ બંધ કર, બળવાખોર ફિતૂરી!......" મહાસેનાનીનો કોપ કંપી ઊઠ્યો, "મને મારી નાખવો હોય તો હમણાં જ મારી નાખો."

પછી કેદી બનેલા ચાંગ–કાઇ–શેકને કારાગારની કોટડીમાં લાવવામાં આવ્યો અને ત્યાં પોતાના કેદીની મુલાકાત લેવા યંગ માર્શલ ચાંગ–લી–આંગ આવી પહોંચ્યો. બન્નેએ તોફાની તેજનો વિનિમય કર્યો.

કેદી બનેલા મહાસેનાનીએ ખોરાક લેવાની, વાત કરવાની કે સાંભળવાની ના પાડી દીધી. પણ ચાંગ–લી–આંગે ચાલુ રાખ્યું.

"આપ નામદાર જો મારી સૂચનાઓ સ્વીકારતા હો તો હું આપનાં ફરમાન માથે ચડાવીશ"*

અને ફણા પર ટકોરાયલા ફણીધરની જેમ ચાંગ–કાઇ–શેકે ફૂંફાડો માર્યો.

"તું કોણ છે? મારો સેનાપતિ કે મારો દુશ્મન? જો મારો સેનાની હોય તો તારે મારાં ફરમાનને વશ વર્તવું જોઇએ અને જો મારો દુશ્મન હો તો ઢીલ કર્યા વિના મને મારી નાખ. વધારે કશી જ દલીલ કર્યા વિના એ બે વાતમાંથી એકનો સ્વીકાર કર."

અને પછી યંગ માર્શલ ચાંગ–લી–આંગ બોલ્યો. વાતચીત વિનય ભરી ચાલી પણ છેવટે કાઈ–શેકે કશું જ વધારે સાંભળવાની ના પાડી દીધી.

---

* "If your excellency accepts my suggestions I shall obey your orders."

પછી ચાંગ–લીઆંગે પોતાના મહાન કેદીની રોજનીશી કબજે કરી અને વાંચી જોઈ. એમાં કેદીએ એક ઠેકાણે લખ્યું હતું તે ચાંગ-લીઆંગે મોટેથી વાંચી સંભળાવ્યું, "મારું કશું જ ચારિત્ર્ય નથી" અને પછી ભયંકર હસતો બોલ્યો,

"હું આપ નામદારે લખેલી આપ નામદારની એ વાત સાથે સંમત થાઉ છું." કેદી બનેલો મહાસેનાની ભયંકર કોપી ઊઠયો. પણ ડરવાને બદલે ચાંગે કહ્યું, "મેં પોતે સામ્યવાદીઓ સાથે સંયુક્ત મોરચાની સ્વીકારેલી આઠ માગણીઓ સાથે સંમત થઈ જાવ અને પછી હુકમ આપો." એ આઠ માગણીઓ મહાસેનાની પાસે જોર-શોરથી માગી રહીઃ

"રાષ્ટ્રીય સરકારની નવેસરથી રચના કરો."

"આંતરવિગ્રહ બંધ કરીને જાપાનનો પ્રતિકાર કરો."

"શાંગહાઈમાં પકડેલા ક્રાન્તિકારીઓને છોડી દો."

"તમામ રાજકીય કેદીઓનો છૂટકારો કરો."

"તમામ સભાઓ ભરવાની સ્વતંત્રતા જાહેર કરો."

"લોકોને રાષ્ટ્રભક્તિના આવિષ્કારની છૂટ આપો."

"ડો. સુન-યાટ-સેનની ઇચ્છાનો અમલ કરો."

"રાષ્ટ્રની મુકિતને માટે તમામ પક્ષો અને વર્ગોની પરિષદ બોલાવો."

મહાસેનાની નજર ફેરવી રહ્યો ને ઠરી ગયો.

"લશ્કરી અમલદારોની સહીવાળી આ માગણીઓ સામ્યવાદીઓએ મૂકેલી છે અને આપણે સ્વીકારવાની છે" ચાંગ-લીઆંગે વિનંતીનું ફરમાન રજૂ કર્યું.

અને દરમ્યાન મહાસેનાનીનો પરમ મિત્ર ડોનાલ્ડ ઊડીને આવી પહોંચ્યો. એણે પોતે હતો ત્યાં સમાચાર સાંભળ્યા હતા અને મેડમ-ચાંગ-કાઈ-શેક પાસે દોડી જઈને, ચીસ પાડી બોલ્યો હતો, "પેલા જુવાન માર્શલે કાઈને ગિરફતાર કર્યો છે."

અને પછી બન્ને સફાળાં ઊડીને સીઆન પહોંચ્યાં હતાં. સીઆન પહોંચીને ડોનાલ્ડે યંગ માર્શલ-ચાંગ-લીઆંગને ખુશ-મિજાજથી સલામ ભરી અને પછી મહાસેનાનીની મુલાકાત માગી. ડોનાલ્ડ ચાંગ-કાઈ-શેકને મળ્યો ત્યારે તે ગિરફતારીમાં એક ઠંડા ઓરડામાં શાંત થઈને જમીન પર પડ્યો હતો. ચાંગ-કાઈ-શેકે ધીમેથી ઊંચું જોયું અને ડોનાલ્ડને દેખ્યો. એને એની પરાધીન દશાની પીડા થઈ. મહાસેનાનીની ધારદાર આંખોમાંથી ધીમેધીમે આંસુ ટપક્યાં ને એના લાંબડી ગાલ પરથી ગબડવા લાગ્યાં. "મારી પાસે એક યુક્તિ છે," ડોનાલ્ડે ધીમેથી કહેવા માડ્યું. "ચાંગ-લીઆંગને હું પિછાણું છું. એના સ્વભાવની કળ મારી પાસે છે. એને સામ્યવાદી-ઓની અસરમાંથી છોડાવી શકાશે અને તેમની લાગવગની બહાર આપણે સલામત રથજો ઊડી જઈ શકશું......"

"પણ......પણ......" નિરાશાની મૂર્તિ જેવો કાઈ-શેક હતાશ જોઈ રહ્યો—એનો માનભંગ થયો હતો. એને મરવું પસંદ હતું. ડોનલ્ડે ચિંતાથી જોયું. ચાંગ-કાઈ-શેક આપઘાત કરી બેસશે એવી એને ધાક લાગી. એ ખૂબ ધીમેથી બબડ્યો, "એ બધી શરમ તો જોતજોતામાં ભૂલાઈ જશે. એક સો મરેલા સિંહ કરતાં એક જીવતા વાઘની જેમ જીવવું સારૂં."

"અને......તમારા બીજા સેનાપતિઓ તમારા સમાચારની જ રાહ જોઈ રહ્યા છે. આ બળવાને સખત હાથે દાબી દેવાને

તેઓ તૈયાર છે. સીઆન પાસે લોવાંગ પર તો તેમણે બોંબ પણ ફેંકયા. મેડમે જ સૌને સમાલી રાખ્યા છે."

"મેડમ......" મહાસેનાનીની આંખોમાં નવું તેજ આવ્યું.

"હા, મેડમ ચાંગ–કાઈ–શેક પોતે તથા આપના સાળા ટી. વી. સુંગ બન્ને આવી લાગ્યાં છે."

પછી મેડમ ચાંગે સીઆનમાં આવી યંગ માર્શલ સાથે મુખ મલકાવ્યું ને હાથ હલાવ્યો. યંગ માર્શલ હસતી શિલા જેવી આ પહોંચેલી બાઈને અહોભાવથી આવકારી રહ્યો.

"મારો સામાન તમારાં માણસો ન તપાસે તેમ કરશો? કારણ કે, મારી વસ્તુઓ કોઈ એમ જુવે તે મને પસંદ નથી." મેડમ ચાંગ–કાઈ–શેકે સ્વમાનમાં ચાંગ–લીઆંગ પર નજર ચોંટાડી દીધી.

"જી." યંગ માર્શલ ચૂપ રહ્યો. પછી મેડમે જનરલ યાંગ સાથે હાથ હલાવ્યો અને મુખ મલકાવી બોલી, "હું આપની બન્નેની સાથે ચા લઈશ."

"મહેરબાની." બન્ને એ મુજરો કર્યો.

"અને ડોનાલ્ડ!" મહાસેનાનીને મળીને આવેલા ડોનાલ્ડને એણે બાજુ પર ખેંચ્યો અને પડખેથી રીવોલ્વર કાઢીને સોંપતી ધીમેથી બોલી, "આપણી યુક્તિ બર ન આવે અને હું ય સપડાઈ જાઉં તો તમે જ મને આનાથી વીંધી નાખજો."

પગથી માથા સુધી કંપ અનુભવતા ડોનાલ્ડે ચૂપચાપ રીવોલ્વર લઈ લીધી.

પછી મહાસેનાનીને એની સાથીદાર મળી. ત્યાર પછી ચાંગ-કાઇ-શેકે પોતાની રોજનીશીમાં નીચે પ્રમાણે નોંધ લખી.

"હું એને જોઈને અજાયબી પામ્યો ને મને લાગ્યું, જાણે હું સ્વપ્નમાં જ છું. હું સીઆન જવા ઊડયો તે પહેલાંથી જ મેં સુંગને કહી રાખ્યું હતું કે મેડમ ત્યાં ન આવે તે ધ્યાન રાખજો. પણ એણે બધાં જોખમ ખેડીને સિંહોની ગુફામાં પ્રવેશ કરવાની હિંમત કરી છે...મને ખૂબ લાગી આવ્યું અને રડવાનું મન થયું. દશ દિવસ સુધી મારી સલામતીના બધા ખ્યાલ છોડીને મેં એની જ ચિંતા કર્યા કરી, કેવી હિંમતવાન, શાણી, માયાળુ ને પ્રેમાળ !"

પછી છેવટે સમાધાન થયું,—પણ તે ચાંગ-લીઆંગનાં માણસોને પસંદ ન પડયું. પાંખો ફફડાવતું મહાસેનાનીને લઇને નાનકીંગ ઊડવા અધીરું વિમાન થંભી ગયું. કટોકટી ગંભીર બની ગઈ. પછી પડદા પાછળ રહેલા સામ્યવાદી નેતાઓ ખુલ્લી રીતે બહાર આવ્યા. સીઆન ખાતે નિમાયલો કોમ્યુનિસ્ટ ચાઉ-એન-લી-હતો.

"આપ નામદાર અને આપ મેડમ, ચાઉ-એન-લી ને મળશો? નહિ તો બાજી બગડશે."

ડોનાલ્ડ મહાન દંપતીને વિનવી રહ્યો. બન્ને આ માગણીથી ચીડાઈ ગયાં. બન્નેએ કોમ્યુનિસ્ટોની કતલ કરવાનો જ આજે દશ વરસથી વિકરાળ વેપલો માંડયો હતો. છેવટે બન્ને તેમનાં મહાન દુશ્મનોના પ્રતિનિધિની મુલાકાત લેવા કબૂલ થયાં. ત્રણે એ મળીને એક નવી સરકારની વાત ધડી કાઢી. ત્રણે સંમત થયાં, અને ત્રણેને નિરાંત વળી.

"આપ દંપતી મુકત છો." ચાઉ-એન-લીએ છેવટનો છૂટકારો દીધો. બન્નેએ પ્રચંડ વ્યકિતત્વને ચપટીમાં દબાવી રાખ્યું. નાતાલના

દિવસે મહસેનાની મુક્ત થયો. પછીની ભયંકર શાંતિ પથરાઈ ગઈ. જનરલ ચાંગ અને ચાઉ-એન-લીના હાથમાં બધી વાતો આવી પડી. ચાંગ-કાઈ-શેક અને મેડમ કોમ્યુનિસ્ટની સાથે હલાવેલા હાથમાં કંઈ ચોટી ગયું છે એમ માનતાં ને હાથ ઘસતાં ઊડી ગયાં.

અને દંપતીને સાચું જ્ઞાન સાંપડયું કે આંતરવિગ્રહ અશક્ય છે, સામ્યવાદીઓનો સંહાર શક્ય નથી. યંગ માર્શલ ચાંગ-લીઆંગે રજૂ કરેલી આઠ શરતો સ્વીકાર્યા વિના છૂટકો નથી.



માઓ – સી

સોવિયટ ચીનનો પ્રમુખ.

૨૯

ચીની લાલ

"ખેડે તેની જમીન હો ! જમીનદારી બરબાદ હો !"
ડૉ. સુન-યાટ-સેન

જાણે ગતિનો બન્યો હોય, જાણે એકલો પ્રાણ પૂરી પૂરીને જીવનનો ઘડયો હોય એવો ચીની લાલ પ્રદેશ ચીનનું નૂતન જગત છે. ત્યાં જ ચીની લાલ લોક—ચીનના સામ્યવાદીઓ વસવાટ કરે છે.

એવા ચીનાઈ સોવિયટ પ્રદેશના બે નેતાઓ છે, એક માઓ-સી-ટુંગ અને બીજો ચુ-ટેહ. એ બન્નેની સાથીદારી એવી એક જેવી છે કે લાંબો વખત લોકો એ બે જૂદી વ્યકિતઓને બે નામવાળી એક જ વ્યકિત ધારતા હતા. ચીનનાં ખેતરોમાં, ચીનની દૂરની પર્વતમાળાઓમાં, ચીનની તોફાની નદીઓના કિનારા પરના પ્રદેશમાં, ચીનના લાલ સેનાનીનું નામ અહોભાવથી ઉચ્ચારાતું ત્યારે લોક કલ્પનાની લોકવાયકા એ બેનું એક નામ, માઓ-ચુ કે ચુ-માઓ

ઉચ્ચારતા. ડૉ. સુન–યાટ–સેને આપેલું વચન મૂર્તિમાન બનતું. એ લાલ સેનાનીની નેમ હતી કે, "ખેડે તેની જમીન હો!"

માઓ-સી-તુંગ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીની મધ્યસ્થ કાર્યવાહીના પ્રમુખ છે અને જનરલ ચુ–ટેહ ચીનના લાલ લશ્કરનો વડો છે. ચુ-ટેહનો ચીનાઈ અર્થ લાલ સદ્‌ગુણ એવો થાય છે.

બન્ને નજદીકના મિત્રો છે, અને બન્ને એક બીજાના પૂરક છે. માઓ, બુદ્ધિમાન ચિંતક છે, ચુ-ટેહ ચિંતનનો અમલ કરનાર સેનાની છે, સૈનિક છે. કહેવાય છે કે માઓ, લાલ મન છે, અને ચુ-ટેહ રાતું હૃદય છે.

સમર્થ શાંતિ જેવો માઓ કિસાન ઓલાદનો મજબૂત બાંધાનો છે. એની આંખમાં નૂતન રચનાનાં સર્જન મૂર્તિમાન બને છે. એને ચીનની બહાર જવાનું બહુ પસંદ નથી, કારણ ચીનમાં ઘણું કરવાનું છે.

અને ચુ-ટેહનું ખુશમિજાજવાળું ગરમ માથું છે. ખૂબ મળતાવડો ને રખડુ છે. જે એને જુવે છે તે એને ભૂલી શકતું નથી. જે એની સાથે વાત કરે છે તે એનું બની જાય છે. લોહ-ચુંબકનો ઘડયો હોય એવો ચુ ચીની જનતાનો લિંકન જેવો મનાય છે.

અને ચીનના બુદ્ધિમાનોમાં માઓનું સ્થાન, માઓની લાગવગ અને માઓનું માન અજોડ છે. કદાચ માઓ–સી, ચુ–ટેહ કરતાં વધારે મહાન છે. પણ બન્ને જુદા જોઇ શકાય તેમજ નથી ત્યાં! ચુ–ટેહે ચીનનાં કિસાનોમાંથી અજોડ એવું આકરા રસ્તાનું લાલ લશ્કર ન નિપજાવ્યું હોત તો લેનિન જેવો મહાન ગણાતો માઓ–સી આજે કયાં હોત?

૧૮૯૩માં હુનાનના એક ગામડામાં માઓ–સી–ટુંગનો જન્મ થયો. માઓનો બાપ ગરીબ ખેડૂત હતો અને માઓને છ વરસની ઉમરે ખેતર પર કામ કરવા જવાની ફરજ પડી. માઓની મા પ્રેમાળ માતા હતી, માઓનો બાપ સખત પિતા હતો, કારણ કે જીવન સૌથી વધારે સખત હતું. માઓના બાળપણે દૂધ કે ઇંડાનો ખોરાક દીઠો ન હોતો, નિશાળ ભાળી નહોતી. ખેતર પરની મજૂરીમાં માઓ મોટો થતો હતો અને ભણવાનું ઝંખતો હતો. છેવટે સત્તર વરસના માઓને પાસેના ચાંગશા નામના શહેરમાં ભણવા જવું હોય તો ભણવાની રજા મળી. માઓ ચાંગશા તરફ ચાલી નીકળ્યો ને રોજ ચોખાની બે ભાખરીઓ ખરીદીને ખાઇ લેતો. એ સત્તર વરસનો ભૂખ્યો હોય તેમ ભણવા પર તૂટી પડયો. માઓ રોજના નવરાશના વખતમાં પુસ્તકાલયમાં બેસી રહેતો, ને ઊંધું ઘાલીને વાંચ્યા કરતો. ત્યાં એણે દુનિયાનો નકશો દીઠો અને જાણે આખી દુનિયાને દેખતો હોય તેમ આનંદી ઊઠયો. એણે એક પછી એક આડમ–સ્મિથ, ડારવિન, સ્પેન્સર અને મીલને વાંચી નાખ્યા. એણે અમેરિકાનું સ્વાતંત્ર્ય યુદ્ધ વાંચ્યું. એમાં એક વાકયે એનામાં પ્રચંડ પ્રાણ જાગતો કર્યો: "After eight years of difficult war, Washington won victory and built up his Nation."

પછી માઓએ લખવા માંડયું ને રાજકારણમાં ભાગ લેવા માંડયો. એક દિવસે એણે છાપામાં જાહેર ખબર આપી "સખત અને નિર્ણયાત્મક જુવાનો, જેમને ચીનમાં અને રાજકારણમાં રસ હોય તે, માઓ–સી–ટુંગને મળો." એણે જુવાનોનું જૂથ બાંધ્યું અને પછી ચીનાઇ દુનિયા દેખવા નીકળી પડયો ત્યારે એની પાસે એક છત્રી અને જોડા ખરીદવા જેટલા જ પૈસા હતા.

માઓનો શરૂઆતનો ખ્યાલ ચીનને પરદેશી ઝૂંસરીમાંથી મુક્ત કરવા જેટલો સ્વદેશાભિમાની હતો પણ પછી એણે શાહીવાદને અનિવાર્ય રીતે મૂડીવાદ સાથે જોડાયલો જોયો અને એ સામ્યવાદી થયો.

૧૯૨૭માં ચીનાઈ કિસાન સભાનો માઓ પ્રમુખ બન્યો અને ૧૯૩૦માં એ કિસાન–કામદાર ક્રાન્તિકારી સમિતિનો પ્રમુખ થયો. પછી લાંબી કૂચનો ભયંકર કાળ આવ્યો અને મહાન વરસો શરૂ થયાં. રાષ્ટ્રવાદના હડકવામાં હાલી ઊઠેલો ચીનાઈ મૂડીવાદનો માનીતો સરદાર ચાંગ--કાઈ--શેક–એનું જીવતું કે મરેલું માથું મેળવવા ચીનની ધરતીને ખૂંદી વળ્યો. માઓની પહેલી સ્ત્રી પકડાઇ ગઇ ને ઝબ્બે થઇ. માઓની બેન ગિરફતાર થઈ ને વીંધાઈ ગઈ. માઓએ ફરીથી લગ્ન કર્યું. એની સ્ત્રી સાથે એ છ હજાર માઈલની લાંબી કૂચમાં આગળ વધતો હતો ત્યારે એની સ્ત્રી સખત ઘવાઇ પણ ચીનના સામ્યવાદીઓનો એ લોખંડી લાલ નાયક ચીનના પ્રાણ સમો જીવે છે.

આજે એકાવન વરસની ઉમરનો, રાષ્ટ્રવાદમાંથી સામ્યવાદી થએલો લાલ લશ્કરનો સેનાની ચુ–ટેહ ઝેશવાનમાં જમીનદારને ઘેર શ્રીમંતાઈમાં જનમ્યો છે. અને શ્રીમંતાઇને શોભે એવી નિશાળોમાં ભણ્યો છે, વિલાસમાં આળોટયો છે અને પરદેશની સફર પણ કરી આવ્યો છે.

૧૯૨૭માં એ એક લશ્કરી અમલદાર હતો ત્યારે ક્રાન્તિ એના કપાળમાં અથડાઈ ને એણે અમલદારી ફગાવી દીધી. ચુ–ટેહ સીધો મોસ્કો ગયો તથા માર્કસવાદનો અભ્યાસ કરીને પાછો આવી તરત જ સામ્યવાદી સંઘમાં દાખલ થયો અને ૧૯૩૧માં એને

સામ્યવાદી પક્ષે લાલ લશ્કરના મહાસેનાની તરીકે સર્વાનુમતે ચૂંટી કાઢયો. એને ત્યારથી બે જ વેગ લાગ્યા છે, એક લાલ લશ્કર અને બીજી લાલ ક્રાન્તિ. પશ્ચિમના અનુભવી લશ્કરી વડાઓ પણ કહે છે કે ચુ–ટેહ ચીનનો સર્વોત્તમ સેનાપતિ છે, લી જેવો ઉદાર છે, ગ્રાન્ટ જેવો સખત છે ને વેલિંગટન જેવો શકિતશાળી છે.

સામાન્ય રીતે ચીનાઓને હસતા કહેવાય છે, પણ એ તો ચીનાઓમાં સૌથી વધારે હસતો છે કારણ કે, એનામાં સાથીદારીનો સમાનભાવ સ્વભાવમાં જ ગોઠવાઈ ગયો છે. એનું જીગર માનવતા તરફના પ્રેમભાવથી ભરાઈ ગએલું છે એટલે એ સખત કે શાંત હોય તોય હસતો લાગે છે. એના ચહેરા પરની સખ્તાઈ ને નમ્રતા બન્નેમાંથી હાસ્ય ફૂટયા જ કરે છે. તેજધારા વરસાવતા દાંતની હરોળો દેખાય તેવા હસતા ચહેરા વિનાનો એનો એકે ફોટોગ્રાફ પણ નથી. અને તોપણ, ચાંગ–કાઈ–શેકે એના અને માઓના દરેકના મરેલા કે જીવતા માથાની કિંમત પચાસ હજાર પૌંડની મૂકી હતી. પણ ચાંગ–કાઇ–શેકના બજારુ ભાવને બન્ને ટપી ગયા છે.

પણ એ બે તો અનેકોમાંના એક છે. આઠમા રસ્તાના લશ્કરના બીજા સરદારો–દરેકને માટે મોટાં પ્રકરણો લખી શકાય તેમ છે. લાલ લશ્કર પર નજર નાખતાં એવા ચાલાક ચબરાક અને મહાન કહી શકાય તેવા અનેક આકારો નજરે ચડે છે. ચાઉ–એન–લી માઓ–સી–ટુંગના જ જેવો એક જબરો કોમ્યુનિસ્ટ છે. સીઆન ખાતે કેદ કરાયલા ચાંગ–કાઈ–શેક સાથે વાટાઘાટ કરવા એને મોકલવામાં આવ્યો હતો અને કોમ્યુનિસ્ટોનો સતત શિકારી કાઈ–શેક એના જ રાજકીય ડહાપણથી સીઆનમાં જીવતો રહી શકયો હતો. જ્યારે એને પૂછવામાં આવ્યું કે એણે ચાંગનો

જાન કેમ લીધો નહિ ત્યારે એણે જણાવ્યું હતું કે સંયુક્ત ચીનને હજુ ચાંગ–કાઈ શેકની જરૂર પડવાની છે.

ચાઉ–એન–લી એક ચીનાઈ અમલદારનો દીકરો છે, અને ફ્રાન્સ જઈ આવ્યો છે. એણે પરદેશમાં ચીની જુવાનોનાં સામ્યવાદી જૂથ સ્થાપ્યાં હતાં. શરૂઆતની ક્રાન્તિમાં એ કેન્ટનમાં વામ્પોઆ લશ્કરી શાળાનો મંત્રી હતો. પછીથી ચાંગ–કાઇ–શેકે એના માથાનું ૨૦,૦૦૦ પૌંડનું ઈનામ કાઢયું હતું પણ એણે જ ચાંગ–કાઈ–શેકના માથાને જાળવી રાખ્યું હતું. આજે એની ઉંમર ૪૧ વરસની છે અને આજે એની ગણના મા–ઓ–સીટુંગની હરોળમાં થાય છે.

અને ચુ–ટેહ જેવા લાલ લશ્કરના સેનાની પછી તરત જ જનરલ પેંગ–ટેહ–હુઆઈનું નામ બોલાય છે. આજે એની ઉંમર સાડત્રીસ વરસ જેટલી જ છે. એણે નવ વરસની ઉંમરે એની દાદીમાનો કસૂંબો લાત મારીને ઢોળી નાખ્યો હતો. પછી એ શેરીમાં રખડતો ને રવડતો થઈ ગયો હતો ત્યારે એના શરીર પર એક કોટ અને પગ પર એક માત્ર પાયજામો હતો. પછી એ કોમ્યુનિસ્ટ થયો. લાલ લશ્કરનો માનીતો બન્યો. એણે લાંબી કૂચ આખી વિતાવી છે. એણે ક્રાન્તિની હાડમારીઓમાં ૧૯૨૮માં પોતાની સ્ત્રીને મરતી દેખી છે.

પણ જનરલ હો–લુંગ જરાક ભયંકર લાગે એવો, રોબીનહૂડ જેવો છે. લાલ લશ્કરને યોજનાર એ સૌથી શરૂઆતનો પુરુષ છે. એણે લાલ લોકોને જોડવા પોતાની, ૧,૦૦૦,૦૦૦ પૌંડની મિલકત ફગાવી દીધી હતી. બીજો એક જનરલ, સુ–હાઈ–ટુંગ કૂલી બાપાને ઘેર જનમ્યો હતો અને છતાં પણ ચાંગ–કાઇ–શેકે એનું માથું લાવી આપનારને માટે ૨૦,૦૦૦ પૌંડનું ઈનામ કાઢયું હતું. જનરલ સુની

હાક એવી તો ગજગનાક વાગતી હતી કે ચાંગ-કાઈ-શેકે એના કુટુંબના બધાં માણસોને કબજે કર્યાં હતાં, એના મિત્રોને પણ ગિરફતાર કર્યા હતા અને પછી એ સૌને-કુલ ૬૩ માણસોને-માતાની કૂખ પર ધાવતાં બાળકોને પણ વીંધી નાખ્યાં હતાં. તેથી જનરલ સુ એના મોટા કુટુંબમાં એકલો જ છે, ને એકલો લાલ લશ્કરની હરોળો સાથે ઘૂમે છે, અને આજ સુધીમાં આઠ વાર ઘવાયા પછી પણ જેવો ને તેવો જોરદાર છે.

બીજો એક, સુ-ટેહ-લી આજે સોવિયટ ચીનમાં શિક્ષણ ખાતાનો પ્રધાન છે. એણે સામ્યવાદ તરફની પોતાની વફાદારીની ચિઠ્ઠી પોતાની જ આંગળીનું લોહી કાઢીને લખી હતી. અને બીજો જનરલ-સેન-કેન આજે બત્રીસ વરસનો જ થયો છે. તે પહેલાં તદ્દન જુવાનને-એને ચાંગ-કાઈ-શેકે પોતાના અંગરક્ષક તરીકે રોકયો હતો. આજે એ સામ્યવાદી છે અને લાલ લશ્કરનો એક સરદાર છે. એ શાંગહાઈમાં કેદ પકડાયો હતો પણ ભૂતકાળનો એ પોતાનો જીવનરક્ષક હોવાથી ચાંગ-કાઈ-શેકે, પોતાના જીવનમાં પહેલી જ વાર એને સામ્યવાદીને જીવતો છોડી મૂકયો.

એમ ગણાવે ગણી શકાય તેમ નથી. ચીની લાલ લશ્કર એક વ્યક્તિ જેવું અજોડ એવી શિસ્તથી કૂચ કરે છે. આઠમા રસ્તાનું લાલ લશ્કર લોક-લશ્કર કે લોકસેના છે. એ સેનાનો એકએક સૈનિક ચીન ખાતર અને પોતાના સિદ્ધાંત ખાતર લડે છે, પગાર ખાતર નહિ. પગારમાં તો મહાસેનાની ચુ-ટેહને પણ ચાર શિલિંગ જ મળતા હોય છે. લશ્કરના અમલદારો નેતાઓ કહેવાય છે; એ વિના બીજી કોઈ પદવી એમની પાસે નથી. અને સૈનિકો બધા સ્વયંસેવકો હોય છે એ સમસ્ત લશ્કરના ત્રણ ભાગ હોય છે. મોખરાનો ભાગ શિસ્તબદ્ધ ટુકડીઓ છે, પછી સ્વયંસેવકો હોય છે અને છેલ્લી હરોળ નવા

ઉમેરાતા જતા સામાન્ય લોકોની હોય છે. લાલ લશ્કરના અમલદારો–નેતાઓ સૈનિકો સાથે જ બેસીને એક જ જાતનો ખોરાક ખાય છે. કોઈ પણ સૈનિક ચુ–ટેહની ખાનગી મુલાકાત ગમે ત્યારે લઈ શકે છે. શિસ્ત સખત હોય છે પણ સંગીનની અણી વડે નહિ, સાથીદારીની સમજાવટથી. શિસ્ત ભંગની શિક્ષામાં લડાઇમાં ભાગ ન લેવા દેવાની અને છાવણીમાં જ ફરજિયાત રહેવાની, તથા ઠપકો આપવાની કે આત્મદર્શન કરાવવાની અને છેવટે લાલ લશ્કરમાંથી રવાનગી આપવાની હોય છે. લાલ લશ્કરમાં કોઇ નોકરો નથી ને લાલ લશ્કરના ઉપભોગ માટે કોઇ સ્ત્રીઓ નથી. તે રીતે લાલ લશ્કર દુનિયાભરમાં અજોડ છે.

આ જ લેખકનાં પુસ્તકો

કૉમરેડ લેનિન (જીવનકથા)
ચિંતનની વેદીપર (મૂનોની જીવનકથા)
નરવીર (ગેરીબાલ્ડીની જીવનકથા)
દરિયે દવ લાગ્યો (જપ્ત)
કકળતું કોંગો
એક હતો છોકરો
રાતું રુસ ભા. ૧-૨-૩
(રશિયન ક્રાન્તિનો ઈતિહાસ)
માનસ વિજ્ઞાનનો દૃષ્ટિકોણ
વૈજ્ઞાનિક જગત
એક હતું માનવી
માનવીનું ઘર
રશિયન નારી
ડોકિયું
શહીદી (વાર્તાઓ)
ભઠ્ઠી (નવલકથા-જપ્ત)
સંસ્કૃતિના વહેણ
યુરોપની ભીતરમાં
એબિસિનિયા પર આથાર
એશિયાના ભીતરમાં

આ જ લેખકનું —

આવું જ બીજું પુસ્તક !

‘યુરોપની ભીતરમાં’

— આપે જોયું અને વાંચ્યું ?

☆ આંતરરાષ્ટ્રીય શેતરંજ પર ગોઠવાયલી આજની લશ્કરી જમાવટનું રહસ્ય જાણવું છે ?

☆ આંતરરાષ્ટ્રીય રાજકારણમાં અગ્રભાગ ભજવતા યુરોપિય રાજકારણીઓને પિછાનવા છે ?

☆ દિનપ્રતિદિન બદલાતા જતા યુરોપના નકશાને નવા સ્વરૂપે નિહાળવો છે ?

તો તે સાચી પરિસ્થિતિ જાણવા માટે વાંચો —

જોન ગન્થરનું જગવિખ્યાત – Inside Europe – નું

રૂપાન્તર

‘ યુરોપની ભીતરમાં ’

કિં. રૂા ૨–૦–૦

પ્રાપ્તિસ્થાન :— પ્રસ્થાન કાર્યાલય
ચાર રસ્તા અમદાવાદ

નોંધી લો !

અમારી ‘ યુગધર્મ ગ્રંથમાળા ’ ના ગ્રાહકોને પોણી કિંમતે મળશે. — આજે જ મંગાવી લો.

વિગ્રહમાં સંડોવાયેલા છે. અલબત્ત, એ ત્રણે દેશોના વિગ્રહોનાં ગુણાત્મક લક્ષણો નોખાં નોખાં છે. પણ એ વિગ્રહો તો છે જ. અને જેટલે અંશે એ વિગ્રહો છે તેટલે અંશે તેની પ્રજાના સામુદાયિક ને માનસિક પલટાના વ્યાપ, ઊંડાણ ને ઝડપને એ વિદ્યુત્વેગ અર્પી રહ્યા છે.

એશિયાની પ્રજાઓનો માનસપલટો જગતની પ્રજાઓમાં દૂરગામી પડઘા પેદા કરી રહ્યો છે. એની અસર આ સદીમાં ધરતીની પ્રજાઓમાં અકલ્પ્ય સંબંધપલટો લાવી દેશે. માનવતા નવી ભૂમિકાએ પહોંચશે. એ ભૂમિકાનું સ્વરૂપ અનુકૂળ, ને મંગલકારી કે પ્રતિકૂળ ને સંતાપકારી હશે તે કહી શકાય એમ નથી. પણ પરિવર્તનનો વેગ વધી રહ્યો છે એ સ્પષ્ટપણે દેખાય છે. આ પરિવર્તન આણવામાં એશિયાના ઉપલા ત્રણ વિરાટ રાષ્ટ્રોની કઈ વિભૂતિઓ ને પરિસ્થિતિઓ ભાગ ભજવી રહી છે એનું આછું ચિત્રણ ગંથરના મૂળ ગ્રંથના આ રૂપાંતરમાંથી જોવા મળે છે. આપણે આપણા પોતાના વાતાવરણને જે રીતે સમજીએ ને નિહાળીએ છીએ એના કરતાં એક પાશ્ચાત્ય નિરીક્ષક કેવી નિરાળી રીતે એને નિહાળે છે ને સમજે છે તે પણ આમાં સારી રીતે જોવા મળે છે.

પ્રકાશક:—

રતિલાલ એચ. શાહ
'યુગધર્મ' કાર્યાલય
ચાર રસ્તા : અમદાવાદ.

અમારાં આગામી પ્રકાશનો

જીવનનાં વહેણો :

લેખક: **શ્રી. રસિકલાલ પરીખ**

'સંજય' ઉપનામ હેઠળ 'પ્રસ્થાન'માં એમણે લખેલી **'શોભનકુમાર'** **'રસ્તામાં'** **'કડવો ઘંટો'** વગેરે અત્યંત સુંદર વાર્તાઓનો એમનો સંગ્રહ પુસ્તકાકારે પહેલી જ વાર તૈયાર થાય છે

[એપ્રિલની આખરે બહાર પડશે.]

લીઝા

[illegible]: **શ્રી. ભોગીલાલ ગાંધી**

[illegible]મી સદીના મહાન રશિયન નવલકથાકાર તુરગેનેવની સર્વોત્કૃષ્ટ કૃતિ. [illegible]તી નવલકથા તરીકે રશિયામાં [illegible]કાયેલ નવલ ગુજરાતીમાં.

[જુનમાં પ્રગટ થશે.]

માનવતાના મૂલ

લેખક. **રામનારાયણ ના. પાઠક**

મનોપ્રી ભાત પાડતી ક્રાન્તિકારી નવલ **થા પચાસ વર્ષ પછીના લેખકની** કલમે લખાયેલી મૌલિક નવલકથા.

[જુલાઈમાં પ્રગટ થશે.]

'યુગધર્મ' ગ્રંથમાળા

સંસ્કાર, સાહિત્ય, જ્ઞાન રાજકારણીય માહિતી પીરસતી આ એક અનોખી ગ્રંથમાળાના આજે જ ગ્રાહક બનો.

વાર્ષિક લવાજમ [illegible]

રૂ. ૪-૦-૦	**રૂ. ૩-૦-૦**
પાકું પૂઠું	કાચું પૂઠું

ને બદલામાં

સુંદર ને શિષ્ટ એવાં ૮૦૦ ઉપર પાનાનું વાચન.

૧૯૪૦ નાં પુસ્તકો

1. **એશિયાના ભીતરમાં**
2. **જીવનનાં વહેણો**
3. **લીઝા**
4. **માનવતાના મૂલ**



અશોક પ્રિન્ટરી : અમદાવાદ